પુસ્તક ૨૫-૨૬

ચરિત્રમાલા.

વર્ષ ૩ જું. સં ૧૯૭૦

પ્રસિદ્ધકર્તા:

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય.

જગવિખ્યાત પુરુષો

ભાગ ૨ જો.

(કાર્લાઇલ, જૉનસન અને બ્રૅડલો.)

મુખ્ય સ્થળ: મુંબઈ.

શાખા—અમદાવાદ.

વાર્ષિક રૂ. ૨ પાકાં પૂઠાં ૩ પો. માફ.

ચરિત્રમાળા: પુસ્તક ૩૫, ૩૬-વર્ષ ત્રીજું.

જગવિખ્યાત પુરુષો

ભાગ ૨ જો.

(કાર્લાઇલ, ડૉ. સેમ્યુઅલ જૉનસન અને ચાર્લ્સ બ્રૅડલો.)

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી

અનુવાદક:
રત્નસિંહ દીપસિંહ પરમાર, ડભોલી (સુરત)
તથા વ્રજલાલ જાદવજી ઠક્કર, અમદાવાદ.

સંપાદક અને પ્રકાશક: ભિક્ષુ-અખંડાનંદ.
સ્થળ: કાલબાદેવી-મુંબઈ.

આવૃત્તિ ૧ લી-પ્રત ૨૩૦૦ વિ. સ ૧૯૭૦-ઈ સ ૧૯૧૪.

અમદાવાદમા ધી "ડાયમંડ જ્યુબિલિ" પ્રિન્ટીંગ પ્રેસમા
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યુ.

મૂલ્ય—વાર્ષિક ફાળે રૂ. ૦ા= પાકુ પૂઠું ૦ાા=
છૂટક. ૦ા= પાકું પૂઠું ૦ાાા=. પોસ્ટેજ માફ.

નવીન હસ્તપત્રો.

આ ખાતા તરફથી નીકળેલાં તથા નીકળનારાં પુસ્તકો અને ગ્રંથમાળાઓની વિગતવાળાં નવિન હસ્તપત્રો હવે છપાઇને તૈયાર થયા છે, જેથી તેનો પ્રચાર કરી આ ખાતાના કાર્યમાં સહાય આપવા સારૂ જે જે સજ્જનો તરફથી તે મગાવવામાં આવશે, તેમને તે તરતજ મોકલી આપવામાં આવશે.

એમા આ વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે કે વાંચવાની દરકાર વિનાના ગમે તે માણસોમાં આ હસ્તપત્રો મ્હોટી સંખ્યામાં વહેચવા છતા તે બરબાદ જઈ ખર્ચ અને મહેનત વૃથાજ થાય છે, માટે તેમ ન કરતા આવી બાબતમા કંઇક સ્હમજી શકે તેવાઓમાજ વહેચવા વિનતિ છે.

કેટલાં હેંડબીલ મોકલવા તે વાત તથા નજીકમાં કોઈ સ્ટેશન હોય તો તેનુ નામ લખવા તસ્દી લેવી.

જે સજ્જનોના આવા યત્નવડે આ ખાતાના ગ્રંથપ્રચારના કાર્યમા વિશેષતા આવેલી જણાશે, તેમનાં નામ 'વિવિધગ્રંથમાળા' માં યથાવકાશ પ્રસિદ્ધ થશે.

અનુક્રમણિકા.

વિષયાંક.	પ્રકીર્ણ વિષય.	શરૂનાં પૃષ્ઠ.
૧.	નવીન હસ્તપત્રો	૨
૨.	આવતા ૧૯૭૧ના વર્ષનાં પુસ્તકો	૫
૩.	ચરિત્રમાળાનુ ચાલુ ત્રીજું વર્ષ	૫
૪.	આ સાથેનુ છુટું કાર્ડ તથા જોડકું	૬
૫.	મહાભારતનુ શાતિપર્વ	૮
૬.	સપૂર્ણ મહાભારત	૯
૭.	ભારતના ચારે ભાગની વિગત	૧૦
૮.	આવતા વર્ષના લવાજમ વિષે	૧૧
૯.	દેશાવરનાં ગ્રાહકો માટે	૧૨
૧૦.	નિવેદન	૧૪

કાર્લાઈલ.

પ્રકરણ.	વિષય.	પૃષ્ઠ.
૧	કેટલીક મુખ્ય ઘટનાઓ (પૂર્વાર્ધ)	૧
૨	કેટલીક મુખ્ય ઘટનાઓ (ઉત્તરાર્ધ)	૧૮
૩	કાર્લાઈલના ધર્મ સંબંધી વિચારો	૫૦
૪	વિભૂતિ અને વિભૂતિ પૂજા	૮૫
૫	ગતકાળ અને વર્તમાનકાળ	૧૧૭

ડૉક્ટર સૅમ્યુઅલ જૉન્સન.

(પ્રથમ ખડ.)

૧	જૉન્સનનો જન્મ અને બાલ્યાવસ્થા	૧૩૪
૨	અભ્યાસ અને તેના પ્રકાર	૧૩૫

(દ્વિતિય ખંડ.)

આવતા ૧૯૭૧ના વર્ષનાં પુસ્તકો.

આવતા ૧૯૭૧ના વર્ષમાં ચરિત્રમાળાદ્વારા નીચલામાંનાં તેમજ બીજા પસંદ થશે તેમાંનાં ચરિત્રો નીકળશે.

મ્હોટાં ચરિત્રોમાં અશોક, ચંદ્રગુપ્ત, કરનલ સુરેશ વિશ્વાસ, ગારફીલ્ડ, લીંકન, વૉશિંગ્ટન, ગ્લૅડસ્ટન, બિસ્માર્ક, મીલ, ટોલ્સટોય, ડિમૉસ્થનીસ, શ્રીમતિ ભગવતીદેવી, મહારાણી અહલ્યાબાઇ હોલ્કર, આઇજીબાઈ સિંદે, રાણી ભવાની, અઘોરકામિની, સીતા, ઝાંશીની મહારાણી લક્ષ્મીબાઈ, નિવેદિતા, કવિ મયૂર ઈ૦

ટુંકાં ચરિત્રોમાં—વિદેશી સ્ત્રીરત્નો, વિદેશી વીર પુરૂષો, દેશ વિખ્યાત પુરૂષો, મુસલમાન મહાત્માઓ ઈ૦

ચરિત્રમાળાનું ચાલુ ત્રીજું વર્ષ.

ચાલુ ત્રીજા વર્ષનાં બાર પુસ્તકો નીચેની વિગતે ચાર પૂઠાંમાં બંધાઇને નીકળ્યાં છે

પુસ્તકાંક.	પુસ્તકનું નામ.	પૃષ્ઠ.	ચિત્ર.
૨૫થી ૨૮	**ભારતનાં સ્ત્રીરત્નો,** ગ્રંથ ત્રીજો.	૪૬૪	૦
૨૯થી ૩૧	**બુકર ટી. વૉશિંગ્ટન.**	૩૬૮	૨ હાફટોન.
૩૨થી ૩૪	**ભારતના મહાન પુરૂષો,** ભા. ૨જો.	૩૨૦	૨ સાદા.
૩૫થી ૩૬	**જગવિખ્યાત પુરૂષો,** ભા. ૨ જો.	૩૨૦	૦

ઉપર પ્રમાણે કુલ પૃ૪ ૧૪૭૨ એમાં ચાલુ ધોરણને અનુસરીને ચિત્રો બદલ પૃ૪ ૪૮ ઉમેરાતાં તથા મૂલ્યથી લેવાયલી જા૦ ખ૦નાં પૃ૪ ૬ તેમાંથી બાદ જતાં નક્કી પૃ૪ ૧૫૧૪ રહ્યાં, જેમા સસ્થાની, બદલા વગેરેની વિના મૂલ્યે લેવાયલી જા૦ ખ૦ નાં પૃ૪ ૧૪ આવી જાય છે.

ચાલુ વર્ષે આખરે ચરિત્રમાળાની ગ્રાહક સંખ્યા સુમારે ૧૩૦૦ ની થઈ છે. ચરિત્ર જેવું અતિઉપકારક વાચન આવું સસ્તું મળવા છતાં તેનો આવો જૂજ પ્રચાર રહે એ દિલગીરી ભરેલુ છે.

આ સાથેનું છૂટું કાર્ડ તથા જોડકું.

નીચેની સૂચનાઓ પુરેપૂરી વાચી ધ્યાનમાં લઇને તેમાંની જે જે બાબતો વિષે જેમને કાંઇપણ લખવાનુ હોય, તેમણે **આ પુસ્તક પહોંચેથી પંદર દિવસ સુધીમાં** આ સાથે વહેચાયલા છૂટા કાર્ડમાં ખાલી રાખેલી જગ્યામા, અથવા લખવાનુ વધુ હોય તો જૂદા કાગળ પર સાફ અક્ષરે લખી મોકલવા તસ્દી લેવી.

૧–આવતું પુસ્તક વી. પી. થવા વિષે:-

ચાલુ રીતિ મુજબ "**ચરિત્રમાળા**" નુ આવતા વર્ષનું પહેલું પુસ્તક આવતા કાર્તિક આખરે પ્રત્યેક ગ્રાહકપર વી પી પોસ્ટથી રવાના થશે. વી. પી. ખર્ચ સહિત રૂ ૨–૧–૦ અને પાકા પૂઠાનાં ગ્રાહકોએ રૂ. ૩–૧–૦ ભરીને તે સ્વીકારવા તસ્દી લેવી.

૨–સાદાં પૂઠાંને બદલે પાકાં પૂઠાંમાં ગ્રાહક થવા વિષે:-

સાદા અને પાકા પૂઠાંના મૂલ્ય વચ્ચે માત્ર એક રૂા નોજ તફાવત રહેતો હોવાથી અને પાકા પૂઠાવાળાં પુસ્તકોનુ આયુષ્ય અનેક ગણું વધારે હોવાથી ઇચ્છા હોય તેમણે નવા વર્ષથી સાદાને બદલે પાકા પૂઠાવાળા પુસ્તકો મોકલવા લખવુ.

૩–નવા વર્ષથી ગ્રાહકમાંથી બંધ પડવા વિષે:-

જેમને કોઈપણ કારણસર ગ્રાહકમાંથી બંધ પડવુ હોય તેમણે કૃપા કરીને તે વિષે પણ અવશ્ય લખી જણાવવું. જેઓ તેમ ન કરતાં પાછળથી વી પી. આવ્યેથી પાછું વાળે છે, તેઓ વિનાકારણ બે આના પોસ્ટેજનુ અને તેટલુજ બીજી મહેનતનું અયોગ્ય નુકશાન આ સંસ્થાને કરીને પોતે પણ વિનાકારણ પાપના ભાગી બને છે. આમ થાય એ બહુજ ભૂલભરેલુ તેમ લજ્જાસ્પદ છે.

૪–રાજસ્થાનનો ઇતિહાસ કીફાયતે ખરીદવા વિષે:–

આ પુસ્તકની કિંમતમાં ચાલુ ૧૯૭૦ ની આખર સુધીને માટે દર પ્રતે ચાર આના કમી રાખેલા છે, તે મુદ્દત પૂરી થવા આવેલી હોવાથી જોઇએ તેમણે તે વિષે લખવુ.

૫–ચાલુ વર્ષનાં પુસ્તકો વિષે અભિપ્રાય:-

આ ખાતાની "વિવિધ તથા ચરિત્ર ગ્રંથમાળા" દ્વારા ચાલુ વર્ષમાં નીકળેલાં પુસ્તકોમાથી કયા ગ્રાહકને કયાં પુસ્તકો વધુ ગમ્યાં, કયાં મધ્યમ ગમ્યાં, કયા ઓછાં ગમ્યાં ને કયાં છેકજ ન ગમ્યાં એ વિષે વાચકે પોતાનો અભિપ્રાય કાર્ડના પાછલા ભાગમા દરેક પુસ્તકના છાપેલા નામની સામેની ખાલી લાઇનમાં લખી મોકલવો, જેથી ભવિષ્યત્ પસંદગી કરવામાં તેપર બનતું ધ્યાન અપાય.

૬–ઠેકાણું બદલાવવું હોય તો તે વિષે:–

જેમનુ ઠેકાણું બદલાયુ હોય અથવા દિવાળી પછી બદલાનાર હોય તેમણે તે વિષે જણાવવુ, જેથી વી. પી. મોકલાનારૂ પુસ્તક રખડે નહિ અથવા પાછુ આવે નહિ.

આ સિવાય કાર્ડનું એક જોડકુ પણ આ પુસ્તક સાથે વહેચાયું છે. જેમાના એક કાર્ડમા સમગ્ર મહાભારત ચાર મ્હોટા ભાગમાં આઠપેજી ૩૭૫૦ પૃષ્ઠના કદનુ માત્ર રૂ. ૧૨)માં અને પ્રથમથી ગ્રાહક થનારને રૂ. ૧૦)માં આપવાની યોજના આપેલી છે; અને બીજા કાર્ડમાં **મહાભારતનું શાન્તિપર્વ** જે છપાઇને તૈયાર થઈ ચૂક્યુ છે તે એકલુજ ખરીદ કરવુ હોય તેની હકીકત આપેલી છે. તે વાંચી વાકેફ થઈ ઇચ્છા હોય તેમણે તે વિષે તેજ કાર્ડની પાછળ લખી મોકલવું.

ઉપર જણાવેલી હરકોઇ બાબત વિષે કાઇપણ લખવા ઇચ્છનારે **આ પુસ્તક મળ્યા પછીના પંદર દિવસ સુધીમાં** અને વધુમાં વધુ **૧૯૭૧ના કાર્તિક સુદી ૧૫ સુધીમાં તો અવશ્ય લખી મોકલવું જોઇયે.**

રૂ. ૮)નો ગ્રંથ માત્ર ૨ામાં! તરતમાં લેવાથી એથી એ ૦ાા કમી!

સર્વ તાપની શાન્તિ કરી ચારે પદાર્થને પમાડનાર

મહાભારતનું શાન્તિપર્વ.

(રાજધર્મ, આપદ્ધર્મ અને મોક્ષધર્મ.)

આખુ મહાભારત ચાર ભાગમાં માત્ર દસ રૂ. માં આપવાની જે યોજના આ પછીના પૃષ્ઠોપર આપી છે, તેમાં "શાન્તિપર્વ" એ સર્વોત્તમ ધાર્મિક વિભાગ હોવાથી તે સર્વથી પ્રથમ પ્રકટ કરવામાં આવ્યુ છે, તે એકલુ લેનારને પણ નીચલી વિગતે મળશે.

એમાં ભીષ્મપિતામહ, શ્રીકૃષ્ણ ભગવાન તેમજ અન્ય અનેક મહર્ષિઓના અતિ ઉત્તમ ઉપદેશોનો સમાવેશ છે.

એમાં કુલ ૩૬૬ અધ્યાય, દરેક અધ્યાયના આદિ અંતમાં એકેક શ્લોક; **દસ્કત**—આ લાઇનમાં છે તેવડા મ્હોટા; **કાગળ**—મજબૂત એન્ટીક ૫૦ રતલી, **પૃષ્ઠ**—વિવિધ ગ્રંથમાળાથી ડબલ કદનાં ૮૫૦; **છાપ**—ઉત્તમ સફાઇદાર અને **ભાષાંતર**—ફરીથી સંશોધન કરાવેલુ ઉત્તમ છે.

આ પ્રમાણે અગાઉ રૂ. ૮)થી નીકળેલા શાન્તિપર્વ કરતાં આમાં દરેક પ્રકારે વિશેષતા ઉમેરાયા છતાં આ સંસ્થાના ધોરણને અનુસરીને તેનુ **મૂલ્ય માત્ર ૨ાા અને ૨૬ કાગળની આવૃત્તિનું ૨, જ રાખ્યું છે.** **દેવદીવાળી સુધી**—એથી પણ ૦ાા (મુંબઈમાં ૦ાા=) કમી પો.૦ાા-

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય.

ઠે. કાલબાદેવી, હાથીબિલ્ડીંગ—**મુંબઈ** અને **અમદાવાદ.**

પ્રથમથી નામ નોંધાવી હપતે નાણાં ભરી ગરીબો પણ ખરીદો!
'ઉત્તમ ગ્રંથો' એ સુવર્ણ કરતાં પણ અતિ ઉત્કૃષ્ટ સંપત્તિ છે.

ભારતવાસીઓનો સર્વથી મહાન, પ્રિય, પૂજ્ય ગ્રંથ

સંપૂર્ણ મહાભારત

અઢારે પર્વનું ઉત્તમ સરલ ભાષાન્તર.

ચાર મ્હોટા ભાગમાં-પૃષ્ઠ ૩૭૫૦

જેમાં–સુંદર પચરંગી ૨૦ ચિત્રો, મજબૂત એન્ટીક કાગળ, સુશોભિત સોનેરી પૂઠાં, મજબૂત બંધાઈ, સફાઈદાર છપાઇ, પ્રત્યેક શ્લોકના અંક તથા પ્રત્યેક અધ્યાયના આદિ અંતમાં એકેક શ્લોક આવશે.

આ પ્રમાણે આ મહાભારત બીજાંઓ કરતાં અનેક બાબતોમાં ચ્હડીયાતું થવા સાથે તેમાં ભાષાંતર પણ અન્ય ગુ૦ મહાભારતોથી ઉતરે નહિ એવું ઉત્તમ અને સરલ આવશે. આમ છતાં તેનું મૂલ્ય બીજે રૂ. ૨૫–૩૦ છે, તેને બદલે આ ખાતા તરફથી તેના પડતર કિંમતના ધોરણને અનુસરીને

માત્ર રૂ. ૧૨, અને પ્રથમથી ગ્રાહક થનાર માટે માત્ર **૧૦, જ છે.**

(પાછળ વાંચો.)

મહાભારતના ચારે ભાગની વિગત.

૧ શાન્તિપર્વ–પૂર્વાર્ધ, ઉત્તરાર્ધ તૈયાર છે–પૃષ્ઠ ૮૫૦ મૂલ્ય રૂ. રાા
૨ આદિ, સભા, વન અને વિરાટપર્વ–પૃષ્ઠ ૧૦૦૦ ,, રૂ. ૩ા
૩ ઉદ્યોગ, ભીષ્મ અને દ્રોણપર્વ.......પૃષ્ઠ ૧૦૦૦ ,, રૂ. ૩ા
૪ બાકીનાં છેવટસુધીનાં મળી ૧૦ પર્વ–પૃષ્ઠ ૯૦૦ ,, રૂ. ૩)

પાછલા ત્રણ ભાગો–વર્ષ વર્ષને અંતરે નીકળશે તેમ મૂલ્ય લેવાશે, જેથી ગરીબમાં ગરીબ માણસ પણ મહીને ૦ા બચાવી ખરીદી શકશે. પોતાની જાત, કુટુંબ અને વંશજોના હિતાર્થે આવો મહાન ગ્રંથ આટલા સસ્તામા સંગ્રહ કરવાની તક ફરીફરીને નહિ મળે

પ્રથમથી ગ્રાહક થનારે–શાન્તિપર્વ તૈયાર છે તે તરતમા રૂ. ૨)થી અમદાવાદમાંથી ખરીદવા ઉપરાત રૂ. ૧) અનામત આપવો પડશે. વી. પી. થી મંગાવનારે શાન્તિપર્વનું પોસ્ટેજ ૦ાા– મળી ૩ાા–ભરવા પડશે, અને પછી દરેક ભાગ નીકળ્યાની ખબર અપાયેથી એક માસમાં તે પોતાને ખર્ચે **અમદાવાદથી** મંગાવી લેવો જોઇશે અનામતનો રૂ ૧) છેલ્લા ગ્રંથમા મજરે આપી કુલ રૂ. ૧૦) લેવાશે.

છૂટક–શાન્તિપર્વ સિવાયના ભાગો નીકળેથી સગવડ હશે તો છુટક લેનારને દોઢી કિંમતે અપાશે.

અમુક ભાગો લીધા પછી બાકીના ભાગ લેવા ના પાડનાર અથવા તો ટપાલ માર્ગે આવેલા વી. પી. ને પાછુ વાળનારનો અનામતવાળા રૂ. ૧) પર હક્ક રહેશે નહિ.

ઇચ્છા હોય તેમણે આ સાથેના ‘ મહાભારત ’ના કાર્ડ પાછળ લખી મોકલવુ.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
કાલબાદેવી–**મુંબઇ.** શાખા–**અમદાવાદ.**

આવતા વર્ષના લવાજમ વિષે.

'ચરિત્રમાળા'નુ વાર્ષિક મૂલ્ય તથા બીજા નિયમો કે જે ભારતના મહાન પુરૂષો ભાગ ૧ લાની છેવટે પ્રકટ થએલા છે તેજ મુજબ –તેમાં ફેરફાર થયાનુ ન જણાવવામાં આવે ત્યાંસુધી–ચાલુ સમજવા.

ચરિત્રમાળાનું આવતા વર્ષનુ પહેલુ પુસ્તક કાર્તિક વદમાં દરેક ગ્રાહકપર વી. પી. થી મોકલાનાર હોવાથી જણાવવાનુ કેઃ—

૧. **વી. પી. ખર્ચમાં બચાવ** કરવા માટે જેઓ એકથી વધુ ગ્રાહકોનું લવાજમ ભેગુ મોકલી આપવા ઇચ્છતા હોય અથવા પોતાના કોઇ ઓળખીતા મારફતે ભરાવવા ઇચ્છિતા હોય; તેમણે કારતક સુદી ૧૫ તા. ૨–૧૧–૧૪ ની અગાઉ આ ખાતાના **અમદાવાદના** કાર્યાલયમાં પહોચાડવા તસ્દી લેવી.

૨. **મુંબઈનાં ગ્રાહકો**માંથી જેમને વી. પી. ખર્ચ બચાવવું હોય તેમણે પણ એજ સમય સુધીમાં **"સસ્તુ' સાહિત્ય વર્ધક કાર્યાલય, ઠે. કાલબાદેવીરોડ, ભાંગવાડીને નાકે, હાથી બિલ્ડીંગ, ત્રીજે માળે"** એ ઠેકાણે પોતાનુ લવાજમ ભરી પાવતી મેળવવી.

૩. **અમદાવાદ, ભાવનગર, બોરસદ, ફોર્ટ સોનગઢ** આ સ્થળોનાં ગ્રાહકોનુ લવાજમ આ ખાતાના માણસ અથવા અન્ય સહાયકજનોદ્વારા વસુલ થઇ આવતું હતું, પરતુ એ પ્રકારમાં અત્યાર સુધીમાં જે અગવડ અનુભવાઇ છે તે પોસ્ટેજ ખર્ચના બચાવ કરતાં વધુ હોવાથી તેમજ ભાવનગરનું કામ જે બે સજ્જનો કરતા તેમાંથી એકનુ અન્ય સ્થળે જવું થવાથી હવેથી ઉપલાં તમામ સ્થળોનાં ગ્રાહકોને પહેલું પુસ્તક વી. પી. થીજ મોકલાશે.

૪. **નડીયાદનાં** જે ગ્રાહકોનો દરેક પ્રકારનો સંબંધ ત્યાંના કાર્યકર્ત્તા સાથે રહેતો આવ્યો છે, તેઓ તેજ પ્રકાર ચાલુ રાખી શકશે.

૫. જે **લાયબ્રેરીઓ** વડોદરાના સરકારી લાયબ્રેરી ખાતા મારફતે ગ્રાહક હશે તેમના તરફથી નવા વર્ષ માટે ઑર્ડર વી. પી. નો મળ્યેથી અથવા તો મ. ઓ. થી નાણાં આવ્યેથીજ પુસ્તકો મોકલાશે. એ સિવાયની જે લાયબ્રેરીઓ સાથે વી. પી. થી મોકલવાની રીત જારી છે તેમને તો સર્વ ગ્રાહકોની સાથે વી. પી. થીજ મોકલાશે.

૬. **ગ્રાહકમાંથી બંધ પડવાની** જેમની ઈચ્છા હરકોઇ કારણસર હોય તેમણે આ પુસ્તક પહોંચ્યેથી તરતમાજ લખી મોકલવા તસ્દી લેવી, જેથી ખાતાને નાહક ટપાલ ખર્ચ વગેરેનું નુકશાન થાય નહિ.

દેશાવરનાં ગ્રાહકો માટે

૭. **આફ્રિકા ઈ.** જે સ્થળોએ વી. પી. જઇ શકતા નથી, ત્યાંના ગ્રાહકોએ પોતાનુ લવાજમ વધારાના પોસ્ટેજ સાથે રૂ. ૨ાઽ અને પાકાં પૂઠા બદલ રૂ. ૩–૧૨–૦ પોસ્ટલ ઑર્ડરથી નીચલે શિરોનામે સત્વર મોકલી આપવુ. તે મળ્યાથીજ પુસ્તકો મોકલવાનુ શરૂ થશે.

એ સિવાય–જેમને નીચે જણાવેલા સૅટ અથવા પુસ્તકોમાથી જે કાંઈ જોઇતુ હોય તેમણે તે બદલ મૂલ્ય તથા પોસ્ટેજ નીચેની વિગતે ભેગાભેગું મોકલી આપવું.

૧. **વિવિધગ્રંથમાળાના**–સં. ૧૯૬૭–૬૮–૬૯ તથા ૭૦ ના દરેક ૧૫૦૦ પૃષ્ઠના સૅટ દીઠ પોસ્ટેજ સાથે રૂ. ૧–૧૪–૦ અને પાકાં પૂઠાંના સૅટ દીઠ રૂ. ૩–૧૨–૦.

૨. **ચરિત્રમાળાના**–સં. ૧૯૬૮–૬૯ અને ૭૦ ના પ્રત્યેક સૅટના રૂ. ૨–૬–૦ અને પાકાં પૂઠાંવાળાના રૂ. ૩–૧૨–૦

નિવેદન.

ચરિત્રમાળાના ૩૫, ૩૬ મા અંકરૂપ આ પુસ્તક સાથે તેનું ત્રીજું વર્ષ પૂરૂં થાય છે. આ પુસ્તકમા ઈંગ્લંડના જે ત્રણ પુરૂષોનાં ચરિત્ર આવ્યાં છે, તેમનાં નામ તે દેશમાં ઘણાજ પ્રસિદ્ધ અને લોકપ્રિય છે. એમાંનું પ્રથમ ચરિત્ર "કાર્લાઇલ"નું છે. જે મરાઠી પુસ્તકપરથી તે લેવામાં આવ્યુ છે, તેમાના ઉપોદ્‌ઘાત પ્રકરણમાં 'કાર્લાઇલ' વિષે જણાવલી હકીકતનો સારાંશ આ પ્રમાણેઃ–

"અસંખ્ય અંગ્રેજ ગ્રંથકારો મધ્યે કાર્લાઇલ જેવી વ્યક્તિ બીજી કોઇ નથી. '**गगनं गगनाकारं सागरः सागरोपमः**' એ વાક્યાનુસાર કાર્લાઇલ સમાન કાર્લાઇલ એકજ હતો. તેના સમાન બીજો કોઇજ થયો નથી. ગ્રંથકાર તરિકે તેની કયા વર્ગમાં ગણના કરવી એ એક મ્હોટો પ્રશ્ન છે. સામાન્ય અંગ્રેજ જનસમૂહને તે Chelsea Philosopher અર્થાત્ ચેલ્સીનિવાસી તત્ત્વવેત્તા તરીકે જ્ઞાત છે, પરંતુ સામાન્ય રીતે જેમને 'તત્ત્વવેત્તા'ની ઉપાધિ આપવામા આવે છે તે વર્ગનો તે ખાસ નહોતો. ઍરિસ્ટોટલ, પ્લૅટો, રામાનુજ કિંવા શંકરાચાર્યને જેમ 'તત્ત્વવેત્તા'ની ઉપાધિ આપી શકાય છે, તેમ કાર્લાઇલને તે આપી શકાતી નથી. એક ઋષીના જેવા તેના સાદા જીવનને લીધે અને જગતની સ્તુતિ નિંદા પ્રત્યે તેના મનમાં રહેલી સંપૂર્ણ નિસ્પૃહતાને લીધે લોકોએ તેને તત્ત્વવેત્તાની ઉપાધિ આપી હશે. અંગ્રેજ ગ્રંથકારોમાં જો તેને ઇતિહાસકાર અને ટીકાકાર ગણવામાં આવે તો તે અનુચિત ગણાશે નહિ; પરંતુ અન્ય ઇતિહાસકાર અને કાર્લાઇલ મધ્યે મહદ્ અંતર છે એ પણ ભુલવું ન જોઇએ. ઇતિહાસ લખવાની તેની પદ્ધતિ બીજાઓની પદ્ધતિ કરતાં અતિ વિલક્ષણ અને ભિન્ન છે. તેના ઐતિહાસિક લેખોને ઇતિહાસ નહિ કહેતાં ઘણા લોકો તેને 'વીર પ્રધાન કાવ્યો'જ કહે છે, અને

તેથીજ ઘણા લોકો તેને 'ગદ્ય કવિ' કહે છે. તેજ પ્રમાણે લોકોને નીતિજ્ઞાન કિંવા નીતિમાર્ગ શિખવનાર (Moralist) તરિકેની કાર્લાઇલની યોગ્યતા પણ કાંઈ ઓછી નથી. અઢારમી શતાબ્દિમાં ઇંગ્લાંડમાં ડૉ૦ જૉન્સન મહાન નીતિમાર્ગદર્શક ગ્રંથકાર થઇ ગયો; તેજ પ્રમાણે ઓગણીસમી શતાબ્દિમાં બહુધા તેવાજ ગુણોથી કાર્લાઇલ પ્રસિદ્ધિમાં આવ્યો છે."

* * * * *

* * * * *

* * * * *

"કાર્લાઇલ સમાન શ્વેતદ્વીપવાસી વિભૂતિનું ચરિત્ર લખવાનું કામ અમે શા માટે હાથ ધર્યું, તે સમજાવવાને માટે આ વાત કહેવાની પણ આવશ્યકતા છે કે, 'કાર્લાઇલ' માત્ર નામ અને રાષ્ટ્રીયત્વની દૃષ્ટીથીજ પરદેશી છે. તેના નામને ઉલ્લંઘી જઇ તેની આંતરિક–માનસિક સ્થિતિ પ્રત્યે આપણે દૃષ્ટિ ફેકીશુ તો 'કાર્લાઇલ' આપણને યત્કિંચિત્ પણ પરદેશી નહિ ભાસતાં આપણા પ્રાચીન ઋષી–મુનિ સમાનજ ભાસશે."

ઉપર જણાવેલા મરાઠી પુસ્તકના લેખક રા. રા. સીતારામ કેશવ દામલે, બી. એ. અને પ્રકાશક વિષ્ણુ ગોવિંદ વિજાપુરકર, એમ. એ. એઓ છે. શ્રીયુત વિજાપૂરકર તરફથી આ પુસ્તક તેમજ તેમના તરફથી "ગ્રંથમાળા માસિક પુસ્તક" દ્વારા પ્રકટ થયેલા અન્ય સર્વ પુસ્તકોમાંથી જે જે પસંદ પડે તેનો અનુવાદ પ્રકટ કરવાની પરવાનગી પૂર્ણ નિસ્કામ ભાવે આપવામાં આવી છે; તે બદલ આ સંસ્થા તરફથી તેમજ ચરિત્રમાળાના વાચકવર્ગ તરફથી તેઓનો પ્રેમપૂર્વક આભાર માનવામાં આવે છે. આ ચરિત્ર ગુજરાતીમાં રા. રત્નસિંહ દીપસિંહ પરમાર પાસે અનુવાદિત કરાવેલું છે.

આમાંનું બીજું ચરિત્ર ડૉ. સૅમ્યુઅલ જૉન્સનનું હોઇ તે ગુજ-રાતીમાં રા. વ્રજલાલ જાદવજી ઠક્કરને હાથે તૈયાર કરાવેલુ છે. સ્વ૦ નારાયણ હેમચંદ્રે અગાઉ પ્રકટ કરેલુ ચરિત્ર તેમજ શ્રીયુત વિનાયક કોંડદેવ ઓક મરાઠીમાં લખેલા " સામ્યુઅલ જાન્સન યાચે ચરિત્ર " આ બને પુસ્તકો ઉપરથી આ ચરિત્ર યોજવામાં આવ્યુ છે.

મહારાષ્ટ્રીય સાક્ષર શ્રીયુત ઓક મહાશયે આ ગ્રથ તેમજ તેમના બીજા મરાઠી ગ્રથોનો ઉપયોગ ભાષાતર અથવા સારાંશ માટે કરવાની પરવાનગી જે ઉત્સાહ અને નિષ્કામતાથી આપી છે તે બદલ તેમનો પણ આ સ્થળે આભાર માનવામા આવે છે

ત્રીજું ચરિત્ર ઈંગ્લૈંડમાં થોડાં વર્ષપર થઇ ગયેલા વિખ્યાત પરોપકારી પુરૂષ ' ચાર્લ્સ બ્રૅડલો ' સાહેબનુ છે. મરાઠીમા આર્યભૂષણ પ્રેસ તરફથી પ્રકટ થયેલા પુસ્તક ઉપરથી ગુજરાતીમાં ઉપલાજ લેખ-કને હાથે તે અનુવાદિત કરાવેલુ હોવાથી તેમના પણ ઉપકૃત છીએ

ઉપલા મૂળ પુસ્તકોમાનો પ્રત્યેક અશ આમા જેમનો તેમ ન લેતા કોઇ પણ ઉપયોગી અશ રહી ન જાય અને સક્ષેપથી ચાલી શકે એવી બાબતો સક્ષેપમાં અપાય તેમ કરવા માટે યથામતિ-શક્તિ યત્ન કરવામાં આવ્યો છે; છતા એથી એમા કોઇને કાઇ દોષ આવેલો જણાય, તો તેની સુધારણા તૈયાર કરી મોકલી અન્ય આવૃત્તિ માટે તેનો બનતો લાભ લેવાનો યોગ આપવા એવા સજ્જનોને સપ્રેમ પ્રાર્થના છે.

અગાઉ આવી ગયેલા પ્રકિર્ણ વિષયો તરફ વાચકોનુ ખાસ લક્ષ ખેંચી ૐ **તત્સત્**

શરદ્પૂર્ણિમા—સં. ૧૯૭૦.
ઑકટૉમ્બર—૧૯૧૪. } મંત્રી.

કાર્લાઇલ.

પ્રકરણ ૧ લું.

કેટલીક મુખ્ય ઘટનાઓ. (પૂર્વાર્ધ)

પાછળનાં બે પ્રકરણોમાં કાર્લાઇલનું જીવનચરિત્ર સંક્ષેપમાં લખવામાં આવશે. આ લેખનો મોટો ભાગ કાર્લાઇલના મતના સ્પષ્ટીકરણમા અને ચર્ચામાં ખર્ચાવાનો હોવાથી તેના જીવનની ઘટનાઓ બને તેટલી સંક્ષેપમાં લખવાની હોવાથી તેને ક્રમસર ગોઠવીને એક બે પ્રકરણમાજ સમાવી દેવી જોઇએ. આ પ્રકરણમાંની પ્રાયઃ સમસ્ત હકિકત 'Fronde's Life of Carlyle' નામક ગ્રંથમાથી લીધી છે.

કાર્લાઇલ ઇ. સ. ૧૭૯૬ ના ડિસેમ્બર માસની ચોથી તારિખે સ્કૉટલેડમાં એક્લેફેચન ગ્રામમાં જન્મ્યો; અને ૧૮૮૧ ના ફેબ્રુઆરીની ૫ મી તારિખે લંડનમાં ૮૫ વર્ષની વયે મરણ પામ્યો. આ ૮૫ વર્ષની હકિકત અમે સંક્ષેપમાં વર્ણવીશુ. કાર્લાઇલનાં માતપિતા રંક હતા, પરંતુ સ્કૉચ લોકોની સદાની રીતિ પ્રમાણે તેમણે તેને સારૂં શિક્ષણ આપ્યુ. ઍનનની શાળા અને એડિનબરોના વિશ્વવિદ્યાલયમાં તેણે વિદ્યાભ્યાસ કર્યો. તે જ્યારે વિશ્વવિદ્યાલયમાં હતો ત્યારે ગણિતના વિષયમાં તેની બુદ્ધિ ઘણી તીવ્ર હતી. ઇતર વિષયોમાં તેની પ્રગતિ જેવી તેવીજ હતી. કાર્લાઇલનો વિદ્યાલયમાંનો અભ્યાસ તેના ઓગણીસમા વર્ષે સમાપ્ત થયો અને તત્પશ્ચાત્ તે ધર્માચાર્યની નોકરી

લેવાને માટે ખ્રિસ્તી ધર્મશાસ્ત્રનો અભ્યાસ કરવા લાગ્યો, પરંતુ આ અભ્યાસ તે કાંઇ પ્રેમથી કરતો નહોતો. કોઇ પણ કાર્ય નોકરીને માટે કરવા પ્રત્યે તેને તિરસ્કાર હતો. તે સ્વભાવનો આત તીક્ષ્ણ હોવાથી તેને આસપાસની સર્વ વસ્તુઓ ત્રાસદાયકજ લાગતી. પોતાના વિશ્વવિદ્યાલય સંબંધે તેણે અતિ ચમત્કારિક ઉદ્ગાર કાઢ્યા છે. તે કહે છે કે "મને જે વિશ્વવિદ્યાલયમાં શિક્ષણ પ્રાપ્ત થયું તે ઇંગ્લાંડ અને સ્પેન એ ઉભય દેશોમાનાં સર્વ વિદ્યાલયોમાં હલકું હતું. "એક અધને બીજો અંધ મનુષ્યજ જો માર્ગ દર્શાવવા લાગે તો ઉભય ખાડામાં પડે" એવી અહીંઆં સ્થિતિ હતી. એમ સમજો કે તાર્તરીમાં એકાદ મોટા વાડામાં ૧૧૦૦ છોકરા છોડી મૂકીએ, એકાદ નાનું સરખું પરચુરણ પુસ્તકોથી ભરેલું પુસ્તકાલય સ્થાપિત કરીએ અને તેના દરવાજા પર 'પ્રોફેસર' ની ઉપાધિવાળા અધિકારીઓને મૂકીને તેમને 'આ વિશ્વ-વિદ્યાલય છે' એવો પોકાર વારંવાર કરવાને કહીએ, અને આમ કરવાથી જેવું વિશ્વવિદ્યાલય તૈયાર થાય તે પ્રકારનું અમારૂં વિશ્વ-વિદ્યાલય હતું ઇત્યાદિ." આ વિશ્વવિદ્યાલયના શિક્ષણથી કાર્લાઇલને ઘણોજ થોડો ફાયદો થયો. તે દ્વારા બેન જોન્સનની પેઠે કાર્લાઇલને પણ 'Little Latin and Less Greek' અર્થાત્ 'થોડુ લૅટિન અને તેથી પણ વધારે થોડુંક ગ્રીક' સમજાવા લાગ્યું. વિશ્વ વિદ્યાલયનો ત્યાગ કર્યા પછી ધર્મ ગ્રંથોનો અભ્યાસ કરતાં જે અવકાશ મળતો તેમાં કેટલાક વિદ્યાર્થીઓને ખાનગી શિક્ષણ આપી કાર્લાઇલ પોતાનો નિર્વાહ ચલાવવા લાગ્યો. જર્મન ભાષાનો અભ્યાસ પણ તેણે મોટા ઉત્સાહ સાથે શરૂ કર્યો. કેટલાક દિવસ પછી તેણે કરકહ્ડીમાં શિક્ષકની જગ્યા સ્વીકારી, પરંતુ આ પંતોજીનું કામ તેને અતિ ત્રાસદાયક લાગ્યું. તેણે જેમ તેમ કરીને તે શાળામાં બે વર્ષ કાઢ્યા. આ સ્થળે કાર્લાઇલને મોટો લાભ એ થયો કે એડવર્ડ

આયર્વિંગ નામના ગૃહસ્થની સાથે તેને ઘાડી મૈત્રી થઇ આયર્વિંગ તેજ શાળામાં મુખ્ય અધ્યાપક હતો. તે પણ શિક્ષકની નોકરીથી કંટાળ્યો હતો તેથી તે ઉભયે ઇ. સ. ૧૮૧૮ ના ડિસેમ્બર માસમાં એકદમ શિક્ષકના ધંધાને તિલાંજાલ આપી. કાર્લાઇલ તો શિક્ષકના ધંધાથી એટલો બધો કંટાળી ગયો હતો કે 'પેટ ભરવાને માટે શાળામાં છોકરાંના ગોવાળ બનવા કરતાં આપઘાત કરવો ઠીક '* એમ તે બોલતો. આ પછી આયર્વિંગ લંડનના એક દેવળમાં ધર્માધિકારી થયો અને ધાર્મિક વ્યાખ્યાતા તરિકે લંડનમાં તેની પુષ્કળ ખ્યાતિ થઇ. એ પછી કાર્લાઇલ કાયદાનો અભ્યાસ કરવા અને ખાનગી શિક્ષણ આપી નિર્વાહ ચલાવવા લાગ્યો. કાયદાનો અભ્યાસ પણ તેને ઘણો પ્રિય નહોતો, પરંતુ બીજું શું કરવું તેનો કાંઇ નિર્ણય નહિ થયાથી તે થોડા વખત સુધી કાયદાનેજ નાદે લાગ્યો. વકીલાતના ધંધા સંબધે તો કાર્લાઇલનો મત છેકજ ખરાબ હતો. "આહા ! વકીલાતનો ધંધો તો જુઓ ! કેવો ચમત્કારિક છે ! દુકાનમાં વેચવાને માટે મૂકેલી રિવોલ્વરની પેઠે તમારી બુદ્ધિ વેચવાને માટે ટાંગી રાખવાની અને કોઇએ રૂપીઓ આઠ આના આપ્યા કે તેનું કામ કરવાને તૈયાર ! પછી તે કામ એકાદ દુરાચારીને મુક્ત કરવાનું હો કે એકાદ ઉત્તમ મનુષ્યને શૂળીએ ચઢાવવાનું હો."× (આ ભાષાંતર શબ્દશઃ કર્યું નથી. માત્ર તેનો ભાવાર્થ

---

*Better die than be a school master for one's living.

+ It is a strange thought, that of advocacy. Your genius hung up in a show-window like a revolver ready to shoot the highway man or the sheriff's officer for a shilling.

આપણી ભાષામા ઉત્તમ રીતે સમજી શકાય તેવી રીતે શબ્દોની યોજના કરી છે.) પછી કાયદાનો અભ્યાસ પણ કાર્લાઇલે સર્વથૈવ છોડી દીધો અને તે આયર્વિંગના પરિચય અને ભલામણથી બુલર નામના એક શ્રીમંત ગૃહસ્થના છોકરાના ખાનગી શિક્ષક તરિકે રહ્યો. ત્યાં તેને સારૂં વેતન મળતું હતું. વર્ષના ૨૦૦ પાઉંડનો તેનો પગાર ઠર્યો હતો અને તે સિવાય ખાવા પીવાની સગવડ પણ મહાશય બુલરને ઘેરજ હતી. આપણા દેશના પ્રમાણમાં આ પગાર ઘણોજ મોટો છે. ૨૦૦ પાઉંડ એટલે હાલમા ૩૦૦૦ રૂપિયા થયા. અર્થાત્ ભોજન ખર્ચ ઉપરાંત કાર્લાઇલને ૨૫૦) રૂપિઆ દર માસે મળવા લાગ્યા. આપણા દેશની કૉલેજોમા સરકાર પ્રોફેસરોને દોઢસો બસેનોજ માસિક પગાર આપે છે, પરંતુ ઇંગ્લાંડના પ્રમાણમા તો આ પગાર ઇ. સ. ૧૮૨૨ મા પણ ક્ષુલ્લક ગણાતો હતો. કાર્લાઇલ સર્વથા રંક સ્થિતિમા હોવાથી તેણે આ જગા મહા આનંદપૂર્વક સ્વીકારી હતી. પ્રથમ તો તેણે થોડી મુદતને માટેજ તે જગા સ્વીકારી હતી, પરંતુ બુલરના કુટુંબની સાથે તેને સારો બનાવ રહ્યાથી દીર્ઘકાળ પર્યંત તે તેના ઘરમા રહ્યો. છોકરાને શીખવવામાં બે ત્રણ કલાકજ વ્યતીત થતા હતા, શેષ કાળ કાર્લાઇલ જર્મન ભાષાના પુસ્તકો વાચવામા ગાળતો. કાર્લાઇલના મનપર જર્મન ગ્રંથકારોનીજ ઘણી છાપ પડી અને જર્મન ભાષાના વિખ્યાત કવિ 'ગૅટે' (Goethe)નો તો તે શિષ્યજ હતો એમ કહીશું તો ચાલશે. ઇ. સ. ૧૮૨૨ માં તે કવિ ગૅટેના 'વિલ્હેલ્મ મિસ્ટર' નામક પુસ્તકનુ ભાષાંતર કરતો હતો અને જર્મન ગ્રંથકાર શિલર વિષે એક લેખ લખવામાં પણ ગુંથાયો હતો. ઈ. સ. ૧૮૨૨ માં કેટલાક માસ પર્યંત તેણે મહાશય બુલરની નોકરી છોડી દીધી. ઇ. સ. ૧૮૨૪ માં તે બુલરના કુટુંબના માણસોની સાથે લંડન ગયો. આ સમયે કાર્લાઇલની વય ૨૯ વર્ષની

હતી, પરતુ હજી તેણે સ્કૅાટલેડની સરહદ બહાર પગ મુકયો નહોતો. આ સબધે ફ્રુડ લખે છે કે "કાર્લાઇલ આટલો વિદ્વાન થયો હતો, તો પણ તેણે જગત ઘણુંજ થોડુ જોયું હતુ તેનું વાંચન અગાધ હતું. અગ્રેજી, જર્મન અને ફ્રેચ ભાષાના અર્વાચીન વાઙ્મયનો તો ઇજારોજ તેણે રાખી લીધો હતો, પરંતુ ગ્લાસગો નગર કરતાં મોટું કોઇ પણ શહેર અદ્યાપિ તેણે જોયું નહોતું અર્થાત્ જગતનો અનુભવ આ સમયે તેની વિદ્વત્તાના પ્રમાણમા ઘણોજ થોડો હતો." તેનો મિત્ર આયર્વિંગ પૂર્વથીજ લંડનમાં પ્રસિદ્ધિ પામેલો હતો. તેને કાર્લાઇલની યોગ્યતા સપૂર્ણ રીતે વિદિત હતી તેથી તેને લાગતું હતું કે આવા વિદ્વાન અને બુદ્ધિમાન મનુષ્યની લંડન શહેરમાં એકદમ વાહવા થશે. પરંતુ કાર્લાઇલને એટલો બધો ભરોસો નહોતો. બાયરનના જેવું, અર્ધ ક્ષણમા લોકોને આજી નાખવા સરખુ પ્રખર તેજ મારા અંગમાં નથી એમ તેને સપૂર્ણ વિદિત હતું જો મારી પ્રસિદ્ધિ થવાની હશે તો તે ક્રમે ક્રમે ધીમે ધીમેજ થશે, કાઇ એકદમ થવાની નથી એમ તે પૂર્ણ રીતે સમજતો હતો લંડનમાં કેટલાક દિવસ ગાળ્યા પછી તેણે બુલરના કુટુંબની નોકરી છોડી અને પોતાની બુદ્ધિમત્તા અને લેખન-કૌશલ્ય પરજ સઘળો આધાર રાખી નિર્વાહ ચલાવવાનો સંકલ્પ કર્યો. પ્રથમજ તેને ઘણાં સકટો નડયા નહિ શિલરના ચરિત્રના જે ભાગો તેણે પ્રસિદ્ધ કર્યા હતા તે વિષે લોકમત ઘણો સારો બંધાયો હતો. આ ચરિત્રની જર્મનીમાં પણ ઘણી પ્રશંસા થઇ અને ગૅટેની દેખરેખ નીચે જર્મન ભાષામા તેનું ભાષાંતર પણ થયું. આ ઉપરાંત કાર્લાઇલના જીવનની મુખ્ય ઘટના તેનું લગ્ન છે. ડૅાકટર વેલ્શ નામના એક સ્કૅાચની જેનવેલ્શ નામની એક પુત્રી હતી. તેનું મૂળ નિવાસસ્થાન હૅડ્ડિંગ્ટન હતું. કાર્લાઇલના મિત્ર આયર્વિંગને તેની સાથે મૈત્રી હતી અને તેની સાથેજ લગ્ન કરવું

એવી તે યુવતિની ઇચ્છા હતી, પરંતુ આયાર્વંગે પ્રથમથીજ મિસ માર્ટિન નામની છોકરીને અભિવચન આપેલું હોવાથી તેનું લગ્ન મિસ વેલ્શની સાથે થવું શક્ય નહોતું. આયર્વિંગ મિસ વેલ્શને વિવિધ વિષયો શીખવતો હતો. પાછળથી આયર્વિંગને જ્યારે લંડન જવું પડયું ત્યારે તેણે કાર્લાઇલની સાથે મિસ વેલ્શને પરિચય કરાવી આપ્યો, અને આયર્વિંગને બદલે કાર્લાઇલ તેને જર્મન શીખવવા લાગ્યો. આ રીતે તેમની વચ્ચે ગુરુ–શિષ્યનો સબંધ જોડાયો. પાછળથી કાર્લાઇલ જ્યારે લંડન ગયો ત્યારે તેમની વચ્ચે પત્રવ્યવહાર ચાલુ રહેતો હતો. આયર્વિંગની સાથે લગ્ન કરવું સર્વથા અશક્ય થઇ પડયાથી તેને કાર્લાઇલની સાથે લગ્ન કરવાની ઇચ્છા થવા લાગી. તેની બુદ્ધિમત્તા વિષે તેની ખાત્રી થઇ હતી અને તે સ્વતઃ પણ મહા બુદ્ધિવાન હોવાથી આવા બુદ્ધિવાન અને વિદ્વાન પુરૂષની સાથે લગ્ન કરવું તેને ઇષ્ટ લાગે એમાં આશ્ચર્ય નથી, પરંતુ **કાર્લાઇલ પડયો કડક બંગાલી, અને બડેમીયાંનો મીજાજ જોઇએ તો તીખો અને ચમત્કારિક!** તેના આવા સ્વભાવ અને પૈસાની તંગીને લીધે તેની સાથે લગ્ન કરવાનું સાહસ તે એકદમ કરી શકતી નહોતી. પરંતુ તેના પિતાએ તેને એક ઘર, તેની આસપાસ થોડી જમીન અને બીજી કેટલીક સંપત્તિ આપી હતી. તે જો ખેતીપર સ્વતઃ દેખરેખ રાખે અને કરકસરથી રહે તો તેની ઉપજમાંથી ઉભયનો નિર્વાહ ચાલે એમ હતું. આ ઉપજના આધારપરજ તેણે તેની સાથે લગ્ન કરવાનો નિશ્ચય કરી ઇ. સ. ૧૮૨૫ માં વિવાહ કરી તેની પત્ની તરિકે રહેવાનો પ્રારંભ કર્યો. લગ્ન થતાંની સાથેજ કાર્લાઇલ ક્રેજનપટૉકમાં રહેવા ગયો. શીઘ્ર તેને 'એડિનબરો રિવ્યુ'ના સંપાદક જેફ્રી સાથે ઓળખાણ થઇ, અને તે તે પત્રમાં નિબંધ લખવા લાગ્યો. પ્રથમ નિબંધ તેણે 'જીનપોલ' નામક જર્મન ગ્રંથકાર વિષે લખ્યો અને

તેનો બીજો નિબંધ 'જર્મન વાઙ્‌મયની સદ્યઃ સ્થિતિ' એ વિષય પર હતો. આ બીજા નિબંધની ગૅટેએ ઘણીજ પ્રશંસા કરી. ક્રેજનપટૅાકમાં રહેવું કાંઇ અતિ સુખાવહ નહોતું. સમસ્ત બ્રિટનમાં તેના જેવી ભયાનક જગ્યા બીજી ક્વચિત્‌જ હશે. કાર્લાઇલના ઘરથી એક માઇલના અંતર પર્યંત કાંઇ પણ વસ્તી નહોતી. કાર્લાઇલનો આ સ્થળનો નિવાસ એ એક પ્રકારનો વનવાસજ હતો, પરંતુ રંકતાને લીધે તેને આ વનવાસ સહન કરવો પડયો. તેની સ્ત્રીને તો આ સ્થળે રહેવું અત્યંત ત્રાસદાયક લાગ્યું. તેને પોતાને હાથે ઘરમાંનું સર્વ કામ કરવું પડતું, અને કાર્લાઇલનો સ્વભાવ ઉગ્ર હોવાથી તેનો મિજાજ સાચવવાને તેને સદા તત્પર રહેવું પડતું હતું. ઘણા લોકો એમ માને છે કે હિંદુ સ્ત્રીઓની સહનશીલતા, તેમની પોતાના પતિની મરજી સાચવવાની કળા, પોતાને ગમે તેવું દુઃખ પડો, પરતુ પોતાના પતિને સુખ થાય એટલે બસ એમ માનવાનો તેમનો સ્વભાવ, એનો જોડો દુનિયાના બીજા કોઇ પણ દેશની સ્ત્રીઓમાં મળી શકનાર નથી. જેમની આવી માન્યતા હોય તેમણે કાર્લાઇલના ચરિત્રમાંની આ ગૃહસ્થાશ્રમની પ્રારંભિક હકિકત સંપૂર્ણ રીતે વાંચવી એવી અમારી ભલામણ છે. આથી હિંદુ સમાજની સ્ત્રીઓ સમાન અંગ્રેજ સમાજમાં પણ કોઇ કોઇ સ્ત્રીઓ છે એમ તેમના લક્ષમાં આવશે.

ક્રેજનપટૅાકમાં રહેવા ગયા પછી તેણે એડિનબરો રિવ્યુને માટે બર્ન્સ કવિ વિષે એક નિબંધ લખ્યો. આ નિબંધ કાર્લાઇલના ઉત્તમોત્તમ નિબંધોમાંનો એક ગણાય છે, પરંતુ કાર્લાઇલની લેખનશૈલી વિલક્ષણ અને તેના મતો વિચિત્ર હોવાથી પહેલવહેલાં જેફ્રેને તે પસંદ પડયો નહિ. પ્રત્યેક અદ્વિતીય પુરુષના લેખના સંબંધમાં એમજ બને છે. તેના મત અને તેની લેખનપદ્ધતિ લોકોને રુચવાને માટે થોડો કાળ વ્યતીત થવાની જરૂર છે કારણ કે તે જે જે લખે છે તે વિલક્ષણ પ્રકારનુંજ હોય

છે. તેના ગ્રંથ પ્રત્યેની લોકરુચિ તેને નવીન ઉત્પન્ન કરવી પડે છે. આવી રુચિ ઉત્પન્ન થયા પછી તે જે જે લખે છે તે લોકોને ઉત્તમજ લાગે છે, પરંતુ આ રુચિ ઉત્પન્ન થયા પૂર્વે તેને ઘણું સંકટ સહન કરવું પડે છે. લોકો કહે છે કે 'એતો ગાંડો છે, એને જગતની વિરુદ્ધ કાંઇ ને કાંઇ બડબડવામાંજ મોજ લાગે છે. જેને જે ફાવે તે તે ચમત્કારિક નવીન નામ તેને આપે છે.' આવીજ સ્થિતિ કાર્લાઇલની પણ થઈ. જેફ્રે કાર્લાઇલની વિદ્વત્તા જાણતો હતો. એનું જ્ઞાન અગાધ છે એ વાત તેને પરિચિત હતી, પરંતુ ઇતર લોકોના જેવા નિબંધો તે લખે તો ઠીક એવી તેની મનોવાચ્છના હતી. ભાષાની વિચિત્રતા, ગૂઢાર્થ, ક્લિષ્ટ કલ્પના, અંગ્રેજી વ્યાકરણની અવજ્ઞા, આવા આવા દોષો તેને કાર્લાઇલના લેખોમાં ભાસતા હતા અને તે તેણે છોડી દેવા જોઇએ એવો તેનો મત હતો. 'ઇતર ચાર સમજુ માણસો લખે તેવાજ નિબંધો કાર્લાઇલે શા માટે નહિ લખવા જોઇએ? ઇતર શિષ્ટ લોકોની રીતિ છોડી જર્મન લોકોના વિચાર અને જર્મન લોકોની ભાષા–પદ્ધતિ એણે શામાટે ગ્રહણ કરવી જોઇએ? આપણે કાંઇક મહત્કાર્ય કરવાને જન્મ્યા છીએ અને આપણે લોકોને કોઇ ત્રીજીજ દિશા દર્શાવવી જોઇએ એમ ધારી ધૃષ્ટતાપૂર્વક પોતાના મનમા આવેલી લ્હેર પ્રમાણે ચિતરી કાઢી એણે લોકોમા પોતાની હાંસી શા માટે કરાવવી જોઇએ.' આવા વિચારો જેફ્રે ધરાવતો હતો અને તેણે પોતાના તે વિચારો એક પત્રમાં કાર્લાઇલને જણાવ્યા પણ હતા. પરંતુ જેફ્રેએ જે આટલી ખટપટ કરી તે વ્યર્થ ગઇ. તેના બર્ન્સ વિષેના નિબંધમાં તેણે પુષ્કળ કાપકૂપ કરી અને તેનાં પ્રૂફ કાર્લાઇલ પર મોકલી આપ્યાં, પરંતુ છેકી નાખેલો ભાગ પુનઃ છાપવો એવો કાર્લાઇલે આગ્રહ કર્યો અને જો તેમ નહિ કરો તો ભલે આખો નિબંધજ છાપશો નહિ એમ સ્પષ્ટ રીતે જણાવ્યું. આવા આશયનો

પત્ર પ્રાપ્ત થયા પછી જેફ્રેએ વિશેષ આગ્રહ નહિ કરતાં નિબંધ જેવો ને તેવો છાપી કાઢ્યો. તેના આ કાર્યથી કાર્લાઇલને લાગ્યું કે તેણે મનની મહાન ઉદારતા દર્શાવી છે અને તેથી તેણે પોતાના **આગ્રહી સ્વભાવને માટે એક ખેદપ્રદર્શક પત્ર તેના પર લખી મોકલ્યો.**

આ ઘટના બન્યા પછી થોડા દિવસમાં કાર્લાઇલની સાંપત્તિક સ્થિતિ અત્યંત નિકૃષ્ટ બની ગઇ. જેફ્રેને તેની આ સ્થિતિ સંપૂર્ણ રીતે વિદિત હતી તેથી તેણે તેને ૧૦૦ પૌંડ મદદ તરિકે આપવાની ઇચ્છા દર્શાવી. આ ૧૦૦ પૌંડ માત્ર એકજ વાર નહિ, પરંતુ પ્રતિવર્ષે આપવાને તે તૈયાર હતો પણ કાર્લાઇલે તેનો સ્વીકાર કર્યો નહિ. આના સંબંધમાં કાર્લાઇલ સ્વતઃ જણાવે છે કે "જો આ ૧૦૦ પૌંડ આકાશમાંથી મારા ઘરમાં પડયા હોત તો તેથી મારી દરિદ્રતા ઘણી ઓછી થઇ હોત, પરંતુ **બીજા માનવ પ્રાણીની પાસેથી તે દાન તરિકે લેવાને તો હું મરતાં પણ તૈયાર થાઉં નહિ."** *કાર્લાઇલ **રંક હતો, પરંતુ તે ટેકવાળો હતો.** આપણા જીવમાં જીવ છે ત્યાં સુધી **પારકે પૈસે પેટ ભરવું એ કૂતરાની પંકિતમાં ભળવા સમાન છે એમ તેને લાગતું હતું. અન્યની પાસેથી દ્રવ્ય લેતાં તેને કંઠે પ્રાણ આવતા હતા તે છતાં પણ તે ઇતરને પૈસા અપાવાને સદા તયાર હતો.** તેના બે કનિષ્ઠ બંધુઓ તેના આધારેજ હતા, અને તેમાંના એકને વિદ્યાભ્યાસ કરાવવાને માટે તે ક્યારનોયે ૨૦૦ પૌંડ ખર્ચી ચૂકયો હતો. તેનો બીજો ભ્રાતા ક્રેજનપટૉકમા થોડી ખેતી કરતો હતો, પરંતુ તેમાં તેને

---

* આ હકિકત વાંચતાં ડૅા. જૉન્સને તેની ઓરડીમાં બીજા વિદ્યાર્થીએ ગુપ્ત રીતે મૂકેલા જોડા બહાર ફેંકી દીધા હતા એ વાતનું સ્મરણ થાય છે.

નોહ્તા નહિ થતાં ઉલટી ખોટ ગઇ હતી. આથી નિબંધના લેખનથી જે થોડા પૈસા મળતા તે પરજ આ ત્રણ ચાર માણસોનો ઉદર-નિર્વાહ ચલાવવાનો હતો. નિબંધ-લેખનથી મળતું દ્રવ્ય પણ શાશ્વત નહોતું, તેથી કાર્લાઇલ સદા અગવડમાંજ રહેતો હતો. લોકોના કહેવા પ્રમાણે અને લોકપ્રિય નિવડે એવા નિબંધો જો તેણે લખ્યા હોત તો નિબંધલેખન પરજ તે અચ્છી રીતે વ્યવહાર ચલાવી શકત, પરંતુ કાર્લાઇલ લોકોની પસંદગી નાપસંદગીની ભીતિ રાખતો નહોતો તેથી તેના નિબંધો છાપવાને પુષ્કળ માસિકોના સંપાદકો અનાકાની કરતા હતા. આથી કાર્લાઇલને પણ લાગ્યું કે નિબંધ-લેખનનો નિરૂપયોગી અને કષ્ટપ્રદ ધંધો છોડી એકાદ મોટો ગ્રંથ લખવો. આવો એકાદ ગ્રંથ લખીશ તો તે ઉત્તમજ ઠરશે એવી તેના મનની ખાત્રી હતી. તેને નિરંતર લાગતું હતું કે જો હું મારા મસ્તિ-ષ્કમાં રહેલી કલ્પના ઉત્તમ રીતે શબ્દદ્વારા વ્યક્ત કરી શકીશ તો હું એક વિલક્ષણ અને ઉત્તમ પુસ્તક લખી શકીશ, અને તે ઘણીવાર બોલતો કે "મારા મનમાં એક એવું પુસ્તક છે કે જો તે બહાર પડશે તો સર્વ લોકોની કર્ણેંદ્રિય બહેર મારી જશે." + નિબંધલેખન છોડી ગ્રંથલેખનનો નિશ્ચય કર્યો. પૂર્વે તેણે 'જર્મન વાઙ્મયનો ઇતિહાસ' એ નામનું એક પુસ્તક લખીને પૂર્ણ કર્યું હતું. આ પુસ્તક તેણે અનેક ગ્રંથપ્રકાશકોને દર્શાવ્યું, પરંતુ કોઇને પણ તે પસંદ પડતું નહોતું, અને અંતે તેના પૃથક્ પૃથક્ ભાગ કરી ભિન્ન ભિન્ન સમયે માસિક પુસ્તકમાંજ તે છાપવું પડયું. ત્યાર પછી માસિકોમાં લખવા પ્રત્યે કાર્લાઇલને સંપૂર્ણતઃ તિરસ્કાર છૂટયો. તેનો જૉન નામક ભ્રાતા લંડનમાં વૈદકનો ધંધો ચલાવવાનો

+ He had a book in him which would cause ears to tingle.

૫૧૮૫

પ્રયત્ન કરતો હતો; પરંતુ તેને ક્યાંયથી પણ પૈસા મળતા નહોતા ત્યારે તે માસિકોમાં લખીને પૈસા કૂટી કાઢવાની ખટપટ કરવા લાગ્યો. પરંતુ તેના નિબંધોનો કોઇ ભાવ પૂછતું નહોતું. આ સમયમાં કાર્લાઇલે તેનાપર એક પત્ર લખ્યો (૧૮૩૧). તેમાં તે જણાવે છે કે "તમે વૈદકના ધંધા માટેજ જોશભેર પ્રયત્ન કરો. માસિકોને માટે નિબંધ લખવાના નાદે ચઢશો નહિ. કારણ કે ધંધાની દૃષ્ટિથી જોતાં નિબંધલેખકનો ધંધો રસ્તાપરના ઝાડુ વાળનારના ધંધા કરતાં પણ ક્ષુદ્ર છે, એમ અનુભવ પરથી મને જણાઇ ચૂક્યું છે, અને હું પણ તે ધંધો છોડી દેવાના વિચારમાં છું."

આ તરફ ક્રેજનપટૉકમાં કાર્લાઇલની સ્થિતિ કાલે શું થશે એવી ભૂમિકાપર આવી પડી હતી. કૃષિ-કર્મમાં ઉપયુક્ત એવા બે ઘોડા તેને વેચી દેવા પડયા. જોકે લંડનમાં તેને માટે એકાદ નોકરી મેળવવાની ખટપટમાં હતો, પરંતુ આ પ્રયાસથી પોતાને કાંઇ નોકરી મળશે એવી કાર્લાઇલને આશા નહોતી. આ ઉદ્વેગકારક સ્થિતિમાં પ્રાચીન સાધુ પુરૂષોનાં ચરિત્રોનું મનન કરીને તે પોતાના મનનું સાંત્વન કરતો હતો. પોતાના બંધુપર લખેલા એક પત્રમાં તે જણાવે છે કે "આપણે ઈશ્વરપર સંપૂર્ણ શ્રદ્ધા રાખતા નથી, તેનાપર આપણે સર્વ બોજો નાંખતા નથી એજ આપણી ભૂલ છે. ઈશ્વરજ આપણને શુભ દિવસો દેખાડશે એવી આપણે આશા રાખવી જોઇએ. નાઝરેથના જીસસને મસ્તક ટેકવાને પણ જગ્યા નહોતી, તે છતાં પણ તેને રંકતાની ભીતિ લાગી નહોતી, તો પછી આપણને શા માટે લાગવી જોઇએ. સૉક્રેટિસ પણ દરિદ્રી હતો, પરંતુ સંતોષથી તે શ્રીમંત સમાન સુખી હતો તો પછી આપણે શા માટે આટલો બધો મનઃસંતાપ વેઠવો?"

ત્યાર પછી ક્રેજનપટૉકમાં રહેવામાં માલ નથી એમ જાણી કાર્લાઇલે લંડન જવાનો નિશ્ચય કર્યો. લંડન પહોચવા પૂરતા પણ તેની પાસે પૈસા નહોતા. ત્યારે તેણે પરમ સંતમ થઇને જેફ્રેની પાસેથી ૫૦ પૌંડ ઉછીના લીધા. લંડન જતી વખત તેણે તરતનું પૂર્ણ કરેલું એક પુસ્તક પણ પોતાની સાથે લીધુ. આ પુસ્તક તે કાર્લાઇલનુ સુપ્રસિદ્ધ 'સાર્ટર રિઝાર્ટસ્' છે. જર્મન વાઙ્મયનો અપ્રસિદ્ધ ભાગ પણ તેણે પોતાની સાથે લઇ લીધો જે ગ્રંથથી જગતના કાન બહેર મારી જવાના હતા તે આ 'સાર્ટર' જ છે. માટે જો તે કામ પ્રસિદ્ધ કરશે તો આપણને પુષ્કળ પૈસા મળશે એવી કાર્લાઇલને દ્રઢ આશા હતી. આ ગ્રંથ અત્યુત્તમ થયો છે એવો તેનો એકલાનોજ મત નહોતો, પરંતુ તેની સ્ત્રીએ પણ તેને વાંચીને કહ્યુ કે+ "આ ખરેખર અપૂર્વ પુસ્તક છે. અદ્વિતીય બુદ્ધિમત્તા સિવાય આવો ગ્રંથ લખાવો શક્ય નથી." બુદ્ધિમત્તાનુ પુસ્તક તો તે ખરૂંજ, પરંતુ તે બુદ્ધિમત્તા એટલી અપૂર્વ હતી કે લોકોની પરતંત્ર બુદ્ધિ તેને અલૌકિક બુદ્ધિમત્તા કહેવી કે ગાંડપણ કહેવું એ સમજી શકતી નહોતી.

ગમે તેમ હો; પરંતુ કાર્લાઇલ પોતાના ગ્રંથ લઇને એક વાર લંડન તો પહોચ્યો. તેજ સાલમાં અર્થાત્ ઇ. સ. ૧૮૩૧ માં જેફ્રે એમ પી. અને લૉર્ડ ઍડવોકેટ થયો હતો. તેના વશીલાથી 'સાર્ટર' છપા

+ It is a work of genius, dear, Mrs Carlyle said to him, as she finished the last page. She whose judgement was unerring, who flattered no one, and least of all her husband. A work of genius! yes, but of genius so original that a conventional world m asuring by established rules, could not fail to regard it as a monster.
Fronde Carlyle's Early Life Vol. II P. 164.

વવાનો કાર્લાઇલે પ્રયત્ન કર્યો. સાત વર્ષ પૂર્વે જ્યારે તેણે ' શિલર ' કવિનું ચરિત્ર છપાવ્યું ત્યારે તેને ઝાઝી ખટપટ નહિ કર્યા છતા પણ તે પુસ્તકને માટે ૧૦૦ પૌંડ પ્રાપ્ત થયા હતા. ' શિલર ' નાં ચરિત્ર કરતા ' સાર્ટર ' ત્રણગણું અધિક ઉત્તમ છે એમ તેને લાગતું હતું પરતુ કોઇ તેના તરફ ઝાંખીને જોતું પણ નહોતું. (No one seemed inclined to look at it) ભરે નામક ગ્રથપ્રકાશકે એકવાર તે છાપીને પ્રકટ કરવાનો સ્વીકાર કર્યો અને એક બે પૃષ્ઠ છપાવ્યા પણ ખરાં, પરંતુ ' લૉંગ્મૅને ' પણ એ પુસ્તક પ્રસિદ્ધ કરવાની ના પાડી હતી એમ જ્યારે તેના જાણવામાં આવ્યું ત્યારે તેણે છાપવાનુ કામ એકદમ બધ પાડયું. આ પ્રકારે લંડન જવાનો મુખ્ય ઉદ્દેશ જે ' સાર્ટર ' છપાવીને બહાર પાડવાના હતો તે સિદ્ધ થવાનું કઠિન થઇ પડયુ, પરતુ લંડનમાં આવવાથી કાર્લાઇલને એક ફાયદો થયો. મોટા મોટા ગ્રથકારો અને ઇતર મોટા લોકોની ઓળખાણ થયાથી તેને પુષ્કળ લોકો લેખન કાર્ય સોંપવા લાગ્યા. તેણે લખેલો ' જર્મન વિદ્વાનોનો ઇતિહાસ ' ડૉ લૉર્ડનરે પોતાના ' એન્સાઇક્લોપીડિયા 'માં છાપવાનો સ્વીકાર કર્યો અને તે બદલ તેણે કાર્લાઇલને ૩૦૦ પૌંડ આપ્યા. આજ સમયે એડીનબરોરિવ્યુના નવીન સપાદક નેપીયરે પણ તેને નિબંધ લખવાની વિનંતિ કર્યાથી તેણે ' Characteristics ' નામનો એક નિબધ લખ્યો. આ પ્રકારે તેને હવે થોડા ઘણા પૈસા મળવા લાગ્યા. તેનો કનિષ્ઠ ભ્રાતા જૉન પણ હવે સ્વતત્ર થયો અને તેને માટે દ્રવ્ય ખર્ચવાને કાર્લાઇલને હવે પ્રયોજન રહ્યું નહિ. જેફ્રેના વશીલાથી તે કાઉંટેસ ક્લેઅર નામની શ્રીમત બાઈના ખાનગી વૈદ્ય તરીકે નિયુક્ત થયો અને તેને સારો પગાર મળવા લાગ્યો. એકંદરે લંડન આવ્યા પૂર્વે કાર્લાઇલને જે દરિદ્રતા સતત સતાવતી હતી તે હવે પરિસમાપ્ત થઇ

એમ કહેવાને હરકત નથી. કાર્લાઇલ હવે પછી લંડનમાંજ રહ્યો હોત, પરંતુ તેનો પિતા ઈ. સ. ૧૮૩૨ માં મરણ પામ્યો તેથી તેને પોતાના ગામમાં પાછું જવું પડયું. પોતાની પાસે થોડા પૈસા સિલક હોવાથી તેણે થોડા દિવસ ક્રેજનપટૉકમાંજ વ્યતીત કરવાનો નિશ્ચય કર્યો અને તે પ્રમાણે કાર્લાઇલ તે સાલના મે માસમાં તે ગામમાંજ રહ્યો; પરંતુ આ સ્થળ ભયાનક હોવાથી ત્યાં ઘણા દિવસ સુધી સતત રહેવું અશક્ય હતું તેથી તે શીઘ્ર એડિનબરો ગયો. ત્યાં તેને જેફ્રી પુસ્તકાલયમાં જોઇએ તેટલાં પુસ્તકો વાચવાને મળ્યાં. 'ફ્રેંચ રેવોલ્યુશન' સંબધે કાંઇ લખવું એવો વિચાર તેના મનમા ઘોળાયા કરતો હતો. મિલની સાથે કાર્લાઇલને લંડનમાં સારો પરિચય થયો હતો અને મિલે ફ્રાન્સની રાજ્યક્રાંતિ વિષે ઘણી માહિતી મેળવી હતી. તેણે તે વિષયપર પોતે ખરીદેલાં સર્વ નાના મોટાં પુસ્તકો કાર્લાઇલને વાંચવાને આપ્યા. એડિનબરોમા રહીને કાર્લાઇલે આ સર્વ પુસ્તકો વાંચી કાઢવાનો સપાટો ચલાવ્યો. હવે એડિનબરોમાંજ સ્થાયી રહેવું કે લંડનમાં રહેવા જવું એ પ્રશ્ન તેના મનમાં ઘોળાવા લાગ્યો. કોઇ પણ મહા પુરૂષને પોતાના દેશમાં કિંવા શહેરમાં કવચિત્ જ માન મળે છે એ તત્ત્વ લક્ષમા આણી તેણે અને લંડનમાજ સ્થાયી નિવાસ કરવાનો નિશ્ચય કર્યો. ચાર માસના નિવાસથી તે એડિનબરોથી કંટાળી ગયો, તેથી તે પુન ક્રેજનપટૉકમા રહેવા ગયો. લંડનમાં જઇને સ્થાયી નિવાસ કર્યા પૂર્વે તે ક્રેજનપટૉકમા પ્રાયઃ એક વર્ષ સુધી રહ્યો. આ વર્ષમાં તેણે પુષ્કળ પુસ્તકો વાંચી કાઢયાં અને પોતાના મસ્તિષ્કમાં એક અગાધ જ્ઞાનભંડાર સંચિત કરી મૂકયો. આ જ્ઞાનસંચય તેને પાછળથી ગ્રંથલેખનના અવ્યાહત ઉદ્યોગમાં અસંત ઉપયોગી થઇ પડયો. ક્રેજનપટૉકમાંના આ અંતિમ અરણ્યવાસમાં માત્ર એકાદ બેજ કહેવા જેવી ઘટના

બની તેમાંની મુખ્ય ઘટના એ હતી કે પ્રસિદ્ધ અમેરિકન લેખક એમર્સન ખાસ તેને મળવાને માટે ક્રેજનપટૉકમાં આવ્યો. અહીંઆં અમે એમર્સનને " પ્રસિદ્ધ " વિશેષણ લગાડયું છે, પરંતુ તે કાર્લાઇલને મળવા આવ્યો તે સમયે સર્વથૈવ તરૂણ વયનો હોવાથી જરા પણ પ્રસિદ્ધ નહોતો એમ કહીશું તો ચાલશે. તેણે કાર્લાઇલના સમસ્ત લેખો અમેરિકામાં વાંચ્યા હતા, તેથી તેને કાર્લાઇલ વિષે પરમ પૂજ્યબુદ્ધિ ઉત્પન્ન થઇ હતી. તે યૂરોપમાં પ્રવાસ કરતો હતો તે સમયે તેણે એક વાર ખાસ કાર્લાઇલને મળવાનો નિશ્ચય કર્યો. અને જો કે કાર્લાઇલ સ્કૉટલૅંડના આ એક ભયાનક ખૂણામાં અજ્ઞાત વાસમાં રહેતો હતો, તો પણ તે તેને વિષે તપાસ કરતો કરતો તેને મળવાને ગયો. આ ઘટના ઇ. સ. ૧૮૩૩ માં બની. આ સમયે રેલ્વે જેવાં કાંઇ સાધનો નહોતાં અને સ્કૉટલૅંડના આ ઉત્તર ભાગમાં પ્રવાસ કરવાનું કામ અત્યંત ત્રાસદાયક અને જોખમભરેલું હતું. આવાં વિઘ્નો હોવા છતાં પણ એમર્સન તેની મુલાકાત લીધા શિવાય રહી શક્યો નહિ. તે કાર્લાઇલને ઘેર એક દિવસ રહ્યો અને તેણે કાર્લાઇલની સાથે અનેક વિષયો પર સંભાષણ કર્યું. આ સંભાષણદ્વારા તેનો કાર્લાઇલ પરનો પ્રેમ દ્રઢતર થયો અને તેથી અમેરિકામાં કાર્લાઇલના મતો અને અભિપ્રાયોનો પ્રસાર ઘણો થયો. એમર્સન પણ પાછળથી અમેરિકામાં મહાન ગ્રંથકાર અને નિબંધલેખક થયો અને આ ઉભય વ્યક્તિની મૈત્રી મરણપર્યંત સ્થાયી રહી.

બીજી ઘટના એ હતી કે કાર્લાઇલે એડિનબરોના વિશ્વવિદ્યાલયમાં જ્યોતિષના અધ્યાપકની જગ્યા મેળવવાને માટે પ્રાર્થના કરી. કાર્લાઇલને ગણિતશાસ્ત્ર ઉત્તમ રીતે આવડતું હતું અને તે જેફ્રેના વશીલાથી ઉક્ત જગ્યા મેળવવાની આશા રાખતો હતો, પરંતુ આ બાબતમાં જેફ્રેનું કોઇ માને એવો સંભવ નહોતો. કારણ કે તે વિશ્વ-

વિદ્યાલયને એવો નવીન અધ્યાપક જોઇતો હતો કે જે ઉત્તમ જ્યોતિર્વિદ્ હોવા ઉપરાત વેધ લેવાની કળા જાણતો હોય અને કાર્લાઇલના માત્ર ગણિતના જ્ઞાનથી જેફ્રે તેની ભલામણ કરી શકતો નહોતો; અને આખરે તે જગ્યા જેફ્રેના સેક્રેટરીને મળી, કે જે મહાન જ્યોતિષઃ શાસ્ત્રજ્ઞ હતો. તેને તે જગ્યા જેફ્રેના વશીલાથી નહિ, પરતુ તેની વિદ્વત્તાના જોરપરજ મળી હતી. પરતુ કાર્લાઇલ આ માટે જેફ્રે પર વિનાકારણ અત્યત ક્રુદ્ધ થયો અને પોતાના સેક્રેટરીને આ જગ્યા અપાવવી હતી તેથી તેણે મારી ભલામણ કરી નહિ એવો તેના પર આરોપ મૂકયો. આ આરોપ નિર્મૂલ હતો, તોપણ તે સમયે તેના પર અત્યત ક્રોધિત થયો અને તેથી તે ઉભયની વચ્ચે થોડુ વૈમનસ્ય ઉત્પન્ન થયુ, અને **કાર્લાઇલના આગ્રહી સ્વભાવને લીધે આ બે વિદ્વાન અને વિમલ અંતઃકરણના મનુષ્યોની વચ્ચે પાછળથી પણ ઝાઝો બનાવ થયો નહિ.**

આજ વર્ષે અર્થાત્ ૧૮૩૩ ની આખરે ‘સાર્ટર’ ‘ફ્રેઝર્સમૅગેઝીન’ મા કટકે કટકે છપાવા લાગ્યો. સર્વ પુસ્તક એકદમ છાપવાને કોઇ પણ માણસ તૈયાર થતો નહોતો, તેથી અતે તેના ટુકડા ટુકડા કરી તે ઉપર્યુક્ત માસિકના અકમા પ્રસિદ્ધ કરવા માડયુ. તે છપાતું હતુ ત્યારે તે **માસિકનો સ્વામિ ફ્રેઝર તેને વારંવાર જણાવતો હતો કે સર્વ લોકો આ પુસ્તકને ક્ષુદ્ર** ગણે છે, અને કેટલાક ગ્રાહકોએ તો એવી ધમકી આપી છે કે જો તમે હવે પછી ‘સાર્ટર’ છાપશો તો અમે તમારૂં માસિક બધ કરીશુ, પરતુ આખરે ગમે તેમ કરીને તે છપાઇને પૂર્ણ થયુ. આ એકજ પુસ્તકની આટલી બધી હકીકત આપવાનુ કારણ એ છે કે **પાછળથી કાર્લાઇલનાં સમસ્ત પુસ્તકોમાં એજ પુસ્તક અતિ ગહન અને ઉત્તમ ઠર્યું.** કાર્લાઇલના મતો અને અભિપ્રાયોનું પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવાને માટે આ પુસ્તકનું અધ્યયન બસ છે. આ પુસ્તકની આવી યોગ્યતા હોવા છતાં પ્રથમ કોઇ

તેને છાપવાને પણ અગ્રેસર થતું નહોતું એ જરા અસંગત હોવાથી આ પુસ્તકની આટલી અથ તે ઇતિ સુધી હકીકત આપી છે. તેમાંના વિષય સબધે કાર્લાઇલના ગ્રથોનુ નિરીક્ષણુ આગળ કરવામા આવે ત્યારે વિશેષ ચર્ચા કરવામાં આવશે.

લંડનમા જવાનો અગાઉથી નિશ્ચય કરવામા આવ્યો હતો. તે અનુસાર કાર્લાઇલ ૧૮૩૪ ના મે માસમા ત્યા રહેવાને ગયો, અને લંડનના એલ્સી નામના ભાગમા એનીરો નામક રસ્તાપર તેણે પોતાને માટે એક ઘર ભાડે લીધુ. તત્ત્વવેત્તા મિલ કાર્લાઇલનો અગાઉથીજ ઉત્તમ મિત્ર થયો હતો. લેહટ, લિટન, બલ્વર અને હેવર્ડ પણ કાર્લાઇલના મિત્રો હતા તેથી તેને હવે લંડન ઘણુ નવીન લાગ્યુ નહિ, પરતુ લંડનમા આવ્યા પછી પુનઃ તેને એકવાર નિરાશા મળી મિલ વગેરેએ 'રૅડિકલ રિવ્યુ' નામક એક માસિક કાઢ્યુ કાર્લાઇલને આશા હતી કે મિલ તેનુ સપાદકત્વ મને આપશે, પરતુ મિલે ફ્રૅક્ષ નામના મનુષ્યને તે અર્પણ કર્યું આનુ કારણ એ હતું કે 'સાર્ટર' છપાવા લાગ્યા પછી ઘણા લોકો કાર્લાઇલને ઉદ્ધત, ગાંડો, ઘેલો ગણવા લાગ્યા હતા, અને તેનેજ એકાદ નવીન માસિકનુ ચાલકત્વ સોપવુ એ તે માસિકના જન્મવેળાજ તેની ઉત્તરક્રિયાની તૈયારી કરવા સમાન હતુ એટલા માટે મિલનુ આ કાર્ય અયોગ્ય હતું એમ કહી શકાશે નહિ, પરતુ એથી કાર્લાઇલને પુન થોડા સમય સુધી નિરાશા સહન કરવી પડી. પરતુ ત્યાર પછી તે તે નિરાશાને તિલાંજલિ આપી સ્વસ્થતાપૂર્વક પોતાના ઉદ્યોગમા પ્રવૃત્ત થયો. આ ઉદ્યોગ ફ્રાન્સના રાજવિપ્લવનો ઇતિહાસ લખવાનો હતો. તેણે તે ક્રાતિ વિષે પુષ્કળ પુસ્તકો વાચી તેનો ઇતિહાસ લખવાની યોગ્યતા પ્રાપ્ત કરી હતી, અને લંડનમાં આવ્યા પછી તેણે તેજ કામ પરમ ઉત્સાહપૂર્વક હાથ ધર્યું.

પ્રકરણ ૨ જું.

કેટલીક મુખ્ય ઘટનાઓ. (ઉત્તરાર્ધ)

ઇ. સ. ૧૮૩૪ થી ૧૮૮૧.

કાર્લાઇલ લંડનમાં આવ્યો ખરો, પરંતુ ત્યાં પણ આવા નિસ્પૃહી અને જગતની ઉપેક્ષા કરનાર મનુષ્યનુ ગાડુ સરલતાથી શી રીતે ચાલે ? તેની બુદ્ધિમત્તા વિષે પુષ્કળ મોટા મોટા લોકોની પણ ખાત્રી થઇ હતી; પરંતુ તેની બુદ્ધિમત્તા બીજો એકાદ મોટો માણસ કહે તે કામમાં ઉપયોગી થઇ પડે એવી નહોતી. **પોતાના મનને સત્ય લાગે તેજ બોલવું અને સત્ય લાગે તેજ લખવું, પછી લોકોને તે રૂચે કિંવા નહિ તેની બિલકુલ પરવા કરવી નહિ** એવી કાર્લાઇલની પ્રતિજ્ઞા હતી. લોકોને અમુક પ્રકારના મતો રૂચે છે માટે તેજ પ્રદર્શિત કરવા કિંવા મોટા મોટા નામાંકિત વિદ્વાનોના અમુક અમુક મતો છે માટેજ તેમને માન આપવું એવી ગતાનુગતિક પરાવલંબી વૃત્તિ કાર્લાઇલની કલ્પનામાં પણ પ્રવેશી શકી નહોતી. **મોટા તો તેના ઘરના મ્હોટા** આપણે તેમને ખુશ કરી તેમની કૃપા સંપાદન કરીએ તેથી કદાચ આપણું આર્થિક કલ્યાણ થાય તેમ હોય તો પણ **હાજી હાજી કરવામાં આપણું શું મનુષ્યત્વ રહ્યું ?** આવો **નિર્ભય અને સ્વાવલંબી સ્વભાવ કાર્લાઇલનો હતો. આવા માણસને સાધારણ લોકોની સાથે શી રીતે બને ?** મૅકાલે વિગેરે અગાઉથી પ્રસિદ્ધિમા આવેલા વિદ્વાનો કહેતા કે કાર્લાઇલ બુદ્ધિમાન છે ખરો; પરંતુ તે પોતાના મતને માટે આટલો બધો દુરાગ્રહ કેમ સેવે છે ? જો તે અમારા મતો ગ્રહણ કરે અને તેના

સમર્થનાર્થે લેખો લખે તો અમે તેને અબધડી પ્રસિદ્ધિમા આણીએ; પરંતુ કાર્લાઇલનુ જોમ હજી તેમના જાણવામાં આવ્યું નહોતું. **દારિદ્રનું ઉગ્રરૂપ જોતાંની સાથેજ સ્વાભિમાનને તિલાંજલિ આપીને ગેંગેં ફેંફેં કરવા મંડી જાય એવો આ મનુષ્ય નહોતો.** પૈસા મળો વા નહિ, લોકો આપણું કથન સાભળે વા નહિ, પરતુ તેમની સમક્ષ કેટલાક દિવસ સુધી આપણે આપણું કથન રજુ કરીએ તો લોકોએ તે સાંભળવુંજ જોઇએ. **કાન ફુટી જાય અને કર્ણરંધ્રમાં થઈને મસ્તિષ્ક સુધી અવાજ પહોંચી જાય તો પછી જાઇએ વારૂ લોકો કયાં સુધી નહિ સાંભળે?** આવો મત કાર્લાઇલ ધરાવતો હતો અને તેની આ માન્યતા અનુસાર તેના લેખોની થોડી ઘણી અસર લોકોના મનમાં થવા પણ લાગી હતી. જે જે લોકોએ 'સાર્ટર' વાંચી તેને ઠઠ્ઠામાં ઉડાવી નહિ દેતા તેનુ મનન પૂર્વક એક બે વાર પારાયણ કર્યું હતું તેમને સમજાઇ ચૂકયું હતું કે આ પુસ્તક લખનાર મનુષ્ય કાંઈ સાધારણ નથી. આવા મનુષ્યોમાં જૉન **સ્ટર્લિંગ** નામનો એક મનુષ્ય હતો. તે તરતનોજ કૅમ્બ્રિજમાંથી બહાર પડયો હતો, અને તેણે સરકારી ધર્માધિકારી ખાતામાં નોકરી સ્વીકારી હતી. લંડનના સુપ્રસિદ્ધ વર્તમાનપત્ર 'ટાઇમ્સ' નો ચાલક તેનો પિના હતો. તેણે પોતાના પિતાની સાથે કાર્લાઇલનો પરિચય કરાવી આપ્યો અને કાર્લાઇલને 'ટાઇમ્સ' ની ઓફીસમાં નોકરી અપાવવાની ખટપટ કરી; અને તે નોકરી તેને ખાત્રીપૂર્વક મળતી હતી, પરંતુ **કોઇ પણ વર્તમાનપત્રના પગારદાર લેખક થવું એ પોતાનું વિચારસ્વાતંત્ર્ય ગુમાવી તેના વિચાર અને મતોનું પૂર્ણ દાસ્ય સ્વીકારવા સમાન હતું.** એકવાર એક વર્તમાનપત્રમા લખવાનુ કબુલ કર્યું કે તેના ચાલકની મરજી પ્રમાણે લખવું પડે છે. કાર્લાઇલે આ પરિસ્થિતિનું નિરીક્ષણ કરી એવી નોકરી

કરવાનો અસ્વીકાર કર્યો. નહિ તો તેને લેખકમંડળમાં ઉચ્ચપદ પ્રાપ્ત થઇ પૈસાની કાંઇ તાણુ રહી નહોત, પરંતુ **મતસ્વાતંત્ર્ય અને વિચારસ્વાતંત્ર્ય વેચવાને કાર્લાઇલ તૈયાર નહિ હોવાથી તેને દારિદ્રમાંજ અનેક સંકટો ભોગવીને રહેવું પડયું.**

ઉદરનિર્વાહની કાંઇ સ્થાયી વ્યવસ્થા નહિ થયાથી કાર્લાઇલે પોતાનો લેખનનો ઉદ્યોગ ચાલુજ રાખ્યો. આ સમયે તે પરમ ઉત્સાહથી 'ફ્રેંચ રેવોલ્યુશન' વિષે એક પુસ્તક લખતો હતો. તેનો પ્રથમ ભાગ તેણે લખીને સમાપ્ત કર્યો હતો. મિલ આ સમયે કાર્લાઇલનો પરમ સ્નેહી મિત્ર હતો, અને તેનાજ ઘરમા બેદરકારીને લીધે કાર્લાઇલનુ હસ્તલિખિત પુસ્તક બળીને ખાખ થઈ ગયુ. મિલે કાર્લાઇલને તરતજ આ વાતની ખબર કરી અને બળી ગયેલો ભાગ પુનઃ લખી કાઢવાને જેટલો વખત લાગે તેટલા વખતને માટે ઉદરનિર્વાહ સારૂ ૨૦૦ પૌંડ આપવાનુ કબુલ કર્યું, પરંતુ કાર્લાઇલ કાંઇ પણ લેવું કિવા નહિ તે વિષે વિચારમા પડયો. પછી તેણે બરાબર હિસાબ કરી બળી ગયેલો ભાગ લખવાને માટે લાગનારા વખતમાં ૧૦૦ પૌંડ મારા ઉદરનિર્વાહને માટે બસ છે એવો અંદાજ કરી તેટલીજ રકમ લીધી બળી ગયેલો ભાગ લખવાનુ કામ કાંઇ સરલ નહોતું. કાર્લાઇલ જે વખતે **લખવામાં ગુંથાયો હોય તે સમયે બહુધા તે કાર્યમાં જ તેની સમાધિ લાગી જતી હતી.** બળી ગયેલા ભાગમા તેણે શી રીતે ઘટનાઓ અને મહત્વના મુદ્દાઓની વ્યવસ્થા કરી હતી અને શેને માટે શુ લખ્યુ હતું તેનું તેને લેશ પણ સ્મરણ નહોતું. જેથી પુનઃ તેજ ભાગ લખવાને માટે તેને પહેલાંના જેટલોજ ત્રાસ સહન કરવો પડયો. પ્રાયઃ છ માસમાં કાર્લાઇલે તે બળી ગયેલો ભાગ પુનઃ લખી કાઢયો. (મે–સપ્ટેમ્બર ૧૮૩૫) આ પુસ્તકના કાર્લાઇલે બીજા બે ભાગ લખ્યા, અને આ સમગ્ર પુસ્તક ઇ. સ. ૧૮૩૭ માં તેણે

સંપૂર્ણ રીતે લખી કાઢયું. તે લખાઈને પૂર્ણ થતાં વેતજ તેણે તે પુસ્તક પોતાની સ્ત્રીને વાચવાને આપ્યુ, અને તે તેના પ્રતિ બોલ્યો "આ પુસ્તકમાં કાઇ અર્થ છે કિવા નહિ તે કાંઇ મારાથી કહી શકાતું નથી. લોકો આ ગ્રથને સારો કે નિકૃષ્ટ પક્તિનો ઠેરવશે તે આજે મ્હારાથી કાઇ કહી શકાતું નથી, પરતુ જગતને હુ એટલું ખાત્રીપૂર્વક કહી શકુ છુ કે **જેવું આ પુસ્તક મ્હારા અંતઃકરણમાંથી કેવળ બળતા ભડકા સાથે બહાર પડયું છે તેવું એક પણ પુસ્તક ગત સો વર્ષમાં કોઈ પણ મનુષ્યના હૃદયમાંથી બહાર પડયું નહિ હશે.** પછી તમારે ફાવે તેમ તેનુ કરો." આ પુસ્તક પણ એકદમ પ્રસિદ્ધ થવાનો રગ દિસતો નહોતો. કાર્લાઇલની સ્થિતિ પુન દ્રવ્યાભાવને લીધે નિકૃષ્ટ થતી ચાલી હતી અને તેની રકતા સમસ્ત લોકોને વિદિત થઇ ચૂકી હતી. ઇંગ્લાડ કરતા અમેરિકામા તેના લેખો વિશેષ લોકપ્રિય થઇ પડયા હતા અને અમેરિકાથી તેને વ્યાખ્યાન આપવાને માટે નિમત્રણ આવ્યુ હતું. મુફત વ્યાખ્યાનો આપવાના નહોતા, પરતુ તેને એક મોટી રકમ આપવાનુ કબૂલ નિમત્રણ કરનારાઓએ સ્વીકાર્યું હતું આ વાત પણ તેના મિત્રોને જાત થઇ હતી ત્યારે તેઓ વિચાર કરવા લાગ્યા કે ઇંગ્લાંડમા કાર્લાઇલન ઉદરનિર્વાહ પૂરતા પણ પૈસા મળે નહિ અને અમેરિકનો તેને અગાઉથી પૈસા આપવાન કહીને બોલાવે એ વાત ઇંગ્લાડના ઘણા લોકોને માટે લાછનાસ્પદ છે, અને જ્યારે અમેરિકન લોકો પૈસા આપીને તેનાં વ્યાખ્યાનો સાંભળવાને તૈયાર છે ત્યારે ઇંગ્લાડના લોકોએજ તેની પાસે વ્યાખ્યાનો કરાવી તેને થોડી પૈસાની મદદ શા માટે કરવી નહિ જોઇએ ? આ મિત્રો પોતપોતાના માત્ર વિચાર કરીને અટકયા નહિ, પરંતુ તેમણે તરતજ ટિકીટ કાઢી કાર્લાઇલની પાસે વ્યાખ્યાન કરાવવાની વ્યવસ્થા કરી. આ સર્વ

ઉદ્યોગમાં મિસ માર્ટિનો અને મિસ વિલ્સન નામની કાર્લાઇલના મિત્રમંડળ પૈકી બે સ્ત્રીઓએ ઘણો અગ્ર ભાગ લીધો હતો તેમણે પોતાના પરિચયના સમસ્ત માણસોની પાસે એક એક ટિકીટ લેવરાવી પ્રાયઃ દોઢસો પૌંડ ટિકીટદ્વારા ઉભા કર્યા, અને કાર્લાઇલે 'જર્મન વિદ્વાનો' પર છ વ્યાખ્યાનો આપવાનું કબૂલ કર્યું. આ સમય પૂર્વે કાર્લાઇલને સભામાં વ્યાખ્યાન આપવાનો પ્રસંગ મળ્યો નહોતો, પરંતુ વ્યાખ્યાનો એકંદરે સારા થયા અને પૈસા ખર્ચીને વ્યાખ્યાન સાંભળવા આવેલા બડેખાઓ ખુશ થયા તેમને પોતે ખર્ચેલા પૈસા વ્યર્થ ગયા એવો પશ્ચાત્તાપ થયો નહિ. થોડા પૈસા મળ્યાથી કાર્લાઇલને પણ કિંચિત્ માનસિક અને શારીરિક આરામ પ્રાપ્ત થયો અને લોકો પણ તેના મતોને અને લેખોને ત્યાર પછી થોડું માન આપવા લાગ્યા. સમાપ્ત થયા પછી અલ્પ સમયમાજ તેના ફ્રેંચ રાજ્યક્રાંતિ પરના પુસ્તકો પ્રસિદ્ધ થયા. પુષ્કળ મોટા મોટા લોકો પણ તેની વાહવા કરવા લાગ્યા. પ્રસિદ્ધ કાદંબરી–કર્તા ડિકન્સ આ પુસ્તકની એક પ્રત સદા પોતાની પાસે રાખવા લાગ્યો **મેકૉલે, હૅલમ, ગ્રુહામ પ્રભૃતિ, મોટા બ્રહ્મવાક્ય ઉચ્ચારનારા અને આકાશ સાથે વાત કરનારા લેખકો પણ છક થઈ ગયા,** અને માત્ર મુખ મરડી કાર્લાઇલને તુચ્છ ગણવાનું અશક્ય થઇ પડયું. શુભસૂચક ગણો કિંવા અશુભ સૂચક ગણો, પરંતુ કાર્લાઇલ એ એક નવીનજ તેજોગોલ* અગ્રેજ વિદ્વાનોના અગાધ વ્યોમપ્રદેશમાં ઉદય પામ્યો છે એમ તેમને સ્વીકારવું પડયુ. જેકે કે જે કાર્લાઇલના મતો અને વિચારોને

* They were obliged to admit that there had arisen a new star of baleful and ominous aspect, but a star of the first magnitude in English literature.

Fronde's Life of Carlyle. Vol III P. 99.

વૃદ્ધ અને અનુભવી ડોસાની પેઠે વિક્ષિપ્ત અને ઉદ્ધત ગણી કાઢીને તેને શીખામણ આપતો હતો તે પણ હવે ઘણો નરમ પડયો અને તેણે કાર્લાઇલને ઉપદેશ આપવાનુ માંડી વાળ્યુ.

'ફ્રેંચ રાજ્યક્રાંતિ' એ પુસ્તક છપાયા પછી ગ્રંથવિક્રેતા ધંધા-.રી લોકો પણ કાર્લાઇલની સાથે નમીને વાત કરવા લાગ્યા. અને આપના સર્વ લેખો છાપવાનુ કામ મને સોપો એમ જે તે માગણી કરવા લાગ્યા. 'સાર્ટર' જ્યારે પ્રથમ ફ્રેઝરના માસિકમાં પ્રસિદ્ધ થતું હતું ત્યારે તે નિરંતર બૂમાટો પાડતો હતો કે તમારૂં આ પુસ્તક છાપુ છુ ખરો, પરંતુ મને એથી નુકશાન સહન કરવુ પડશે પણ હવે 'સાર્ટર' પુનઃ છપાવવા આપો એવી માગણી ગ્રંથવિક્રેતાઓ કરવા લાગ્યા. ત્યારે કાર્લાઇલ સાહજિક રીતેજ કહેવા લાગ્યો કે હવે હુ તમારી આ ગ્રંથ વિષેની માગણી સાંભળનાર નથી અને મારૂં એ પુસ્તક છાપવાને માટે એક મોટી રકમ લઇશ.

એ પછી લેખન એજ કાર્લાઇલનો ધંધો નિશ્ચિત થયો. પુષ્કળ વાર તેણે આ ધંધો છોડી નોકરી જેવો સ્થાયી ઉપજનો ધંધો ખોળી કાઢવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ તેમાં તે સર્વથા નિષ્ફળ થયાથી લેખનકળા એજ તેનો ધંધો થઇ પડયો અને તેને પણ તે ધંધો છોડવાનુ મન થયું નહિ. ગત વર્ષની પેઠે ઈ. સ. ૧૮૩૮ માં પણ કાર્લાઇલે લંડનમાં કેટલાક વ્યાખ્યાન આપ્યાં. આ વ્યાખ્યાનો ગત વ્યાખ્યાનો કરતાં ઘણાજ સુંદર થયાં. કાર્લાઇલને પોતાને, મારાં વ્યાખ્યાનો ઉત્તમ થયાં એમ લાગતું નહોતુ; પરંતુ શ્રોતાઓને તે પરમ પ્રિય લાગી તેમને તલ્લીન કરી નાંખતાં હતા. કારણ કે કાર્લાઇલ જે કાંઇ બોલતો તે અંતઃકરણપૂર્વક અત્યંત લાગણીથી બોલતો હતો. તે પોતાનાં આ વ્યાખ્યાનોને 'નાટકીપણું અને તત્ત્વજ્ઞાનનું મિશ્રણ' કહેતો હતો. અર્થાત્ વ્યાખ્યાનમા તેને અતિ ઉદાત્ત અને ગૂઢ તત્ત્વો

પ્રતિપાદન કરવાનાં હતાં, પરંતુ તે નાટકીપણાથી કરવા પડયા હતા અને કાર્લાઇલને નાટકીપણા સહિત વ્યાખ્યાન આપતાં કંઠે પ્રાણ આવતા હતા, તથાપિ તેના વ્યાખ્યાનો અતિ ઉત્કૃષ્ટ થતા હતા ભાષણના અંતિમ ભાગમાં તો તે એવી લાગણીપૂર્વક બોલ્યો કે લોકો ખરેખરજ અશ્રુ ઢાળવા લાગ્યા. આ વ્યાખ્યાનોથી કાર્લાઇલને પૈસા ઘણા પ્રાપ્ત થયા ખર્ચ વગેરે બાદ કરતા તે ૩૦૦ પૌંડ ખીસામા નાખી શકયો, અને '**ભીખ માગવાનો પ્રસંગ પણ જેને કદાચિત્ આવી પડવાનો સંભવ એવા મારા જેવા મનુષ્યને ૩૦૦ પૌંડ તો જાણે કુબેરનો ભંડારજ** લાગે એમા આશ્ચર્ય નથી' એમ કાર્લાઇલ સ્વત બોલ્યો

કાર્લાઇલની હવે ઘણીજ ખ્યાતિ થયાથી પુષ્કળ માસિકપુસ્તકના ચાલકો તેને નિબંધ લખવા માટે આગ્રહ કરવા લાગ્યા મિલે પણ 'લંડન અને વેસ્ટ મિન્સ્ટર રિવ્યુ' ને માટે ક્રૉમ્વેલ વિષે કાંઈ લખ લખવા માટે તેને વિનતિ કરી અને તે તેણે માન્ય કરી, પરંતુ એટલામા મિલ કયાય દૂર પ્રવાસે ગયો અને તેને બદલે રૉબર્ટસન નામનો કોઇ એક ગૃહસ્થ ઉપર્યુક્ત માસિકનો સંપાદક થયો તેણે કાર્લાઇલને લખી જણાવ્યુ કે આપને ક્રૉમ્વેલ વિષે લેખ લખવાની આવશ્યક્તા નથી; કારણ કે હુ સ્વતજ તેવો એક લખ લખુ છુ આ પત્ર વાચી કાર્લાઇલને પરમ સતાપ અને ત્રાસ ઉત્પન્ન થયો અને તે બોલ્યો "**મૂર્ખની સાથે સંબંધ નહિ રાખવોજ ઉત્તમ.** રૉબર્ટસન અને મિલ મારા લેખ 'એડીટ' કરવામા શુ સમજે? તેમની શુ યોગ્યતા છે? છટ્, હુ એકવાર ગુલામગીરી સ્વીકારીશ, પરંતુ આવા લોકોને મારા લેખો 'એડીટ' કરવા દઇશ નહિ." અને આ ક્રોધના આવેશમા તેણે ક્રૉમ્વેલ વિષે એક પુસ્તક લખવાનો નિશ્ચય કર્યો; પરંતુ આ પુસ્તક પૂર્ણ થતાં ઘણાં વર્ષો લાગ્યાં. કારણ કે કાર્લાઇલને મૂળ વાંચ-

નથીજ આરંભ કરવાનો હતો. તેને પ્રથમ ક્રોમ્વેલ વિષે ઝાઝી માહિતી નહોતી.

ગત બે વર્ષોની પેઠે ઇ. સ. ૧૮૩૯ માં પણ કાર્લાઇલે લંડનમા ટિકીટ કાઢી કેટલાક વ્યાખ્યાનો આપ્યાં. આ વ્યાખ્યાનો વિભૂતિ અને વિભૂતિપૂજા એ વિષયપર હતાં. આ વ્યાખ્યાનો એકંદરે છ હતાં જે પાછળથી પુસ્તકાકારમા છપાયાથી અતિ પ્રસિદ્ધ થયાં છે. આ વ્યાખ્યાનોમા તેણે **મહમદ પેગંબરને પણ વિભૂતિપદપરજ સ્થાપિત કર્યો.** આ વ્યાખ્યાનો સાભળવાને ખ્રિસ્તી ધર્મના મોટા બિશપો પણ આવ્યા હતા. આ સબંધે કાર્લાઇલે પોતાની રોજનિશીમા એવો ઉલ્લેખ કર્યો છે કે "તે લોકો (ખ્રિસ્તી ધર્માચાર્યો) અત્યંત આશ્ચર્યચકિત થયા. તેમને લાગ્યુ કે આ માણસે આ ગામડીઆ આરબ મહમદને આવા મહાન પદ પર શા માટે ચઢાવ્યો ? તેમને આશ્ચર્ય લાગ્યુ તો પણ એકંદરે મારા વ્યાખ્યાનોથી શ્રોતૃસમાજ ખુશ થયેલો લાગ્યો."

આજ વર્ષમા કાર્લાઇલના મિત્ર સ્ટર્લિંગે તેને વિષે એક લેખ વેસ્ટમિન્સ્ટર રિવ્યુમા લખ્યો. તેમા તેણે કાર્લાઇલની ખૂબ સ્તુતિ કરી. મિલને પણ આ લેખ પસંદ પડયો. સ્ટર્લિંગે કરેલી સ્તુતિ વૃથા નહોતી તથાપિ કાર્લાઇલને સ્વતઃને તે જરા અતિશયોક્તિ ભરેલી લાગી અને તેણે સ્ટર્લિંગને પોતાનો આ મત સ્પષ્ટ રીતે જણાવ્યો. પરંતુ લોકો આ પ્રમાણે તેની સ્તુતિ કરવા લાગ્યા તોપણ તે સ્વતઃ કદિ પણ ગર્વિષ્ટ બન્યો નહિ.

આજ વર્ષમાં કાર્લાઇલે પ્રથમ આગગાડીદ્વારા પ્રવાસ કર્યો. આ પ્રવાસ તેણે રાત્રિએ કર્યો હતો. પોતાના પ્રથમ અનુભવ વિષે તે કહે છે કે "એકાદ પ્રચંડ ઘો ઘો શબ્દ કરીને ઉડતું પક્ષી જો આપણને પોતાની પીઠ પર લઇને ઉડે તો તે સમયે જેવી આપણા મનની

સ્થિતિ થાય તેવીજ સ્થિતિ આ અગ્નિરથમાં બેસવાથી થાય છે. તેને આજ વર્ષમાં જુરરના કામનો સારો અનુભવ મળ્યો. માન્ચેસ્ટરના બે વ્યાપારીઓનો એક દાવો હતો. એક નવીન યુક્તિ વિષે ઉભયની તકરાર હતી. એક કહે કે આ નવી યુક્તિ મ્હેં શોધી કાઢી છે અને બીજો કહે કે મ્હે શોધી છે. જુરીમાં બાર માણસો હતા. તેમાં કાર્લાઇલિ અને બીજા દશ એમ કરીને અગીઆર એકના પક્ષમાં હતા અને તેમણે તેના લાભમાં નિર્ણય થાય તો ઠીક એવો ઠરાવ કર્યો; પરંતુ પેલા બારમા જુરરને બીજા વ્યાપારીએ લાચ આપી હતી કે શું તેથી તે ઉક્ત અગીઆર જુરરોને સંમતિ આપતો નહોતો. બાર માણુસોએ એકજ નિર્ણય પર આવવાની જરૂર હતી, નહિ તો બીજી જુરી ભરવામાં આવી હોત. તે બારમો માણુસ કોઇનું પણ કહ્યું માનતો નહોતો. તે કહેતો કે મેં કેટલીક વખત અહીંઆં જુરરોને ઉપવાસ કરાવીને મારા મતને અનુકૂલ કર્યા છે. કારણ કે જુરરોને એક વાર ગોધવામા આવે તો તેમનો એક મત થયા સિવાય બીજા દિવસ સુધી તેમને બહાર કાઢવામાં આવતા નહોતા. કાર્લાઇલે જોયુ કે આ માણુસ દુરાગ્રહી, હઠીલો અને પાષાણુ જેવો છે તેથી તેણે તેની સાથે વાદ કરવાનુ છોડી દીધુ, અને તેને એક તરફ લઇ જઇ તેની થોડી ખુશામતજ કરવાનુ તેણે આરંભ્યું. તે બોલ્યો "આપ સ્વતંત્ર રીતે વિચાર કરો છે અને લોકોના મતને અનુસરતા નથી એ ઉત્તમજ છે, પરંતુ હાલમાં સ્વતંત્ર વિચારના માણુસો થોડા વસે છે. હવે જુઓ, શુ તમને એમ લાગે છે કે બીજી જુરી ભરવામા આવે તો તે બાર જણુનો એક મત તમારા જેવોજ થશે?" કાર્લાઇલના આ શબ્દો સાભળી પેલો દુરાગ્રહી જરા પીગળ્યો અને તેણે પણુ અંતે 'ઇતર અગીઆર જણુનો મત મને માન્ય છે' એમ કબૂલ કર્યું.

લંડનમાં રહેવાનો તેને અત્યંત કંટાળો આવેલો હોવાથી તેણે ઇ. સ. ૧૮૪૧ માં સ્કૉટલેંડમા સૉલ્વેના સમુદ્રના તટ પર ન્યૂબાય નામક ગામમા એક ઝુંપડી ભાડે લીધી અને ત્યાં તેણે પોતાની પત્ની તથા માતુશ્રી સહવર્તમાન બે ત્રણ મહિના ગાળ્યા અહીંઆના નિવાસ સબંધે તેણે સ્ટર્લિંગને જણાવ્યું હતું કે "અમારો અહીંઆંનો વસવાટ કેવળ જંગલી લોકોના જેવો છે. હું ફાવે ત્યાં ફાવે તેટલો વખત ફરૂં છું અને મને કોઇ પણ મળતું નથી. મને પોતાનેજ લાગે છે કે એકાદ ભૂતની પેઠે હું આ નિર્જન પ્રદેશમાં ક્યાં ભટકું છું! પરંતુ અહીંઆંના વસવાટથી પ્રકૃતિને નિઃસંશય ફાયદો થાય છે" વર્ષાંતે તે પુનઃ લંડનમાં આવ્યો. હવે તેનાપર એડિન્બરો યુનિવર્સિટિમાં ઇતિહાસના અધ્યાપક થવા માટે વિનતિ આવી. તેનાં વિભૂતિ પરનાં વ્યાખ્યાનો સાભળ્યા પછી લોકોના મનમાં તેના વિષે અત્યંત પૂજ્યભાવ ઉત્પન્ન થયો હતો. એડિન્બરો યુનિવાર્સિટીના વિદ્યાર્થીઓ કાર્લાઇલ સરખા પ્રૉફેસરનાં વ્યાખ્યાનો સાંભળવાને અત્યંત ઉત્સુક થયા હતા. ત્યાંના કેટલાક વજનદાર ગૃહસ્થો પણ તેને પ્રૉફેસર તરિકે નિયુક્ત કરવાને સમ્મત થયા. બધાએ મળી વિદ્યાપીઠની તરફથી કાર્લાઇલને અધ્યાપકની જગ્યા સ્વીકારવાને વિનતિ કરી, પરંતુ કાર્લાઇલે તે જગ્યાનો અસ્વીકાર કર્યો. આજ જગ્યા જો તેને પાંચ સાત વર્ષો પૂર્વે ખટપટ કરતાં પણ મળી હોત તો તે તેણે સ્વીકારી હોત, પરંતુ હવે તેની સ્થિતિ પરિવર્તિત થઇ હતી. તેણે પોતાના લેખથી નામ અને કીર્તિ મેળવી હતી, અને પૈસાની પણ હવે તેને ઝાઝી ફિકર રહી નહોતી તેથી તેણે સાહસિક રીતેજ નોકરી ગ્રહણ કરી બંધનમાં પડવાનો અસ્વીકાર કર્યો.

ઇ. સ. ૧૮૪૨ માં કાર્લાઇલ સ્કૉટલેડથી પાછા ફરતાં રૂગ્બી સ્કૂલના હેડ માસ્તર પ્રસિદ્ધ ડૉ. આર્નોલ્ડને ઘેર ઉતર્યો હતો. ક્રૉમ્વેલે

પ્રસિદ્ધ નેસ્બાયની રણભૂમિપર વિજય પ્રાપ્ત કર્યો હતો, તે કાર્લાઇલ અને આર્નોલ્ડ એ ઉભય સાથે જોવાને ગયા. કાર્લાઇલનો ક્રૉમ્વેલ વિષે પુસ્તક લખવાનો વિચાર હોવાથી તેણે તે રણાંગણનું સૂક્ષ્મ અવલોકન કર્યું વળી આ વર્ષમા કાર્લાઇલ બેલ્જીઅમમા પ્રવાસ કરવાને ગયો. ઇંગ્લાંડથી બેલ્જીઅમ પર્યંતના જલપર્યટનથી તેના મનને પરમ આલ્હાદ થયો, પરંતુ બેલ્જીઅમના કેટલાક શહેરોમા તેને રાત્રિના સમયે ઘણો ત્રાસ સહન કરવો પડયો કાર્લાઇલ નિદ્રાના અભાવથી સદા દુઃખિત રહેતો હતો પ્રવાસના થાકને લીધે માર્ગમા કોઇ સ્થળે શાંત નિદ્રા નહિ આવ્યાથી આ સમયે તેની પ્રકૃતિ ઘણી બગડી ગઇ અને તેની ઉંઘ સર્વથા ઉડી ગઇ. આથી તે એકાદ ગાંડા માણસની પેઠે સંતપ્ત થઇને જેને તેને શાપ દેવાને પ્રવૃત્ત થતો હતો આવો એક બનાવ ઘેંટ નગરમા બન્યો. એ એક હૉટલમા ઉતર્યો હતો. શહેરમા ચાલતી ગડબડને લીધે તેને યત્કિંચિત્ પણ નિદ્રા આવી નહિ ત્યારે તેણે સંતપ્ત થઈ નીચે જણાવ્યા પ્રમાણે ચમત્કારિક ઉદ્ગારો પોતાની રોજનીશીમા લખ્યા:—" આ પૃથ્વીતલપર મનુષ્યના કાનપર કેવા એક સરખા અવાજના ધડાકા થયા કરે છે? ગમે ત્યા જાઓ પરંતુ મરઘાંનો કલકલાટ, કૂતરાનું ભૂંકવુ, ગર્દભનું બગાડવુ, રસ્તામા ચાલતી બગીઓ અને ખટારાઓનો ખડખડાટ, એ કોઇ પણ માણસને કદિ સ્વસ્થ બેસવા દેશે નહિ અને આટલો બધો ઘોંઘાટ જાણે લોકોની નિદ્રાનો ભંગ કરવાને ઓછો પડતો હોય તેમ આપણા ધર્માચાર્યોએ સદા સર્વદા દેવળમા ઘંટાનાદ ચાલુ રાખવાની તજવીજ કરી રાખી છે. એટલુંજ નહિ, પરંતુ પેલી ખોલીમા પણ કોઇ નવરી સ્ત્રી પિયાના પર રાત્રિભર એકસરખી રીતે તુન્ તુન્ કરતી બેઠી છે. કપડાં શીવવાં, ભરવું, ગુંથવું, કિંવા રોટલી કરવી એવા સ્ત્રીઓને આવશ્યક અને ઉપયુક્ત કામ છોડી એને આ પિયાનાપર તુન્ તુન્

કરવાનું કોણે કહ્યું છે? અને તે પિયાનો પણ તે ઠીક વગાડે છે કે? ના, તે પણ નહિ. સર્વ બેસૂર. જો કોઇ આ બાઇનો આ પિયાનો ખુંચવી લઇ તેને ઇતર કાંઇ ઉપયુક્ત કળા શીખવશે તેનો તેનાપર અને સમસ્ત જગતપર મહાન ઉપકાર થશે.”

કાર્લાઇલ ઑગસ્ટની આખરે લંડનમાં પાછો આવ્યો. અને પછી તે ક્રૉમ્વેલની જન્મભૂમિમાં અશ્વારૂઢ થઇને જ્યાં ત્યાં ફર્યો અને ત્યાંના લોકોની પાસેથી ક્રૉમ્વેલ વિષે પ્રકીર્ણ દંતકથાની માહિતી મેળવી. પોતાના આ ભ્રમણમાં કાર્લાઇલના લક્ષમાં એક વાત આવી ને એ હતી કે ઇંગ્લાંડના નિકૃષ્ટ પંક્તિના લોકો અતિ અધમ દશાને પ્રાપ્ત થયા હતા તે સમયે ઇંગ્લાડ દેશ કાંઇ નિર્ધન નહોતો. દેશમાં સંપત્તિ અગાધ હતી, પરંતુ આ સર્વ સંપત્તિ માત્ર થોડા લોકોનાજ હાથમાં હતી. યંત્રોનો ઉપયોગ થવા માંડયો ત્યારથી આજ સ્થિતિ સર્વત્ર શરૂ થઇ. શ્રીમંત લોકો અતિ શ્રીમંત થતા ચાલ્યા અને ગરિબ લોકો અતિ ભિખારી થતા ચાલ્યા. **દેશમાં અગાધ સંપત્તિ હોવા છતાં નિકૃષ્ટ પંક્તિના લોકો આવી કનિષ્ઠ અવસ્થામાં આવી પડે એ દેશને માટે લાંછનાસ્પદ છે,** એમ કાર્લાઇલને લાગ્યુ. આ સ્થિતિ સંબંધે તેણે શીઘ્ર એક પુસ્તક પ્રસિદ્ધ કર્યું. તેનુ નામ ‘પૂર્વ કાળ અને પ્રસ્તુત કાળ’ એવું હતું. આ પુસ્તકમાં તેણે પૂર્વકાલીન સ્થિતિની અને પોતાના કાળની સ્થિતિની તુલના કરી, પ્રસ્તુત કાળની સર્વ બાબતોની તેણે ઘણી નિંદા કરી. ‘પૂર્વ કાળમા સર્વ લોકો કેવળ સંપત્તિ અને ઐહિક સુખના દાસ બન્યા નહોતા; શ્રીમંત લોકો પોતાની શક્તિ પ્રમાણે રંક લોકોને સર્વ પ્રકારે સાહાય કરતા હતા અને પૈસા મળતા તે સર્વ પોતાના મોજ શોખમાં ઉડાવતા નહોતા, પરંતુ **સાંપ્રતમાં લોકો પૈસા મળતાંની સાથે ઇતર લોકોનાં દુઃખ અને દારિદ્ર વિસરી જાય છે. હાલના લોકોને પૈસા શિવાય ઇતર**

કોઈ વસ્તુજ પૂજ્ય જણાતી નથી' ઇત્યાદિ આરોપો તેણે પોતાના સમયની લોકસ્થિતિપર મૂક્યા. તેથી ઘણા જણને આ પુસ્તક પસંદ પડયું નહિ, પરંતુ કેટલાક સુશિક્ષિત લોકોએ કાર્લાઇલે મૂકેલા આરોપો સત્ય છે એમ કબૂલ કર્યું.

આ પુસ્તક પ્રસિદ્ધ થયા પછી કાર્લાઇલે ગ્લુસ્ટર, વુર્સ્ટર, સાઉથ વેલ્સ વિગેરે પ્રભૃતિ સ્થળે ક્રોમ્વેલના ચરિત્રની સામગ્રી મેળવવાના ઉદ્દેશથી પ્રવાસ કર્યો. તદુપરાંત તેણે રણાંગણ 'ડનબાર' નુ પણ સ્વત જઇને સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું. આ રીતે તેણે ક્રોમ્વેલના પરાક્રમ અને ચરિત્ર વિષે ભિન્ન ભિન્ન માહિતી મેળવી. તે સિવાય તે વિષયપર તેનુ વાંચન પણ પુષ્કળ ચાલતુંજ હતું. કાર્લાઇલે ઉક્ત પુસ્તકને માટે પ્રાય પાંચ વર્ષો સુધી સતત મહેનત કરી હતી. આખરે ઇ. સ. ૧૮૪૫ માં તે પુસ્તક પ્રથમ છપાઇને બહાર પડયું. આ પુસ્તકથી કાર્લાઇલની ઘણી પ્રશસા થઇ. આ પુસ્તક પ્રસિદ્ધ થયા પૂર્વે ઘણા લોકો ક્રોમ્વેલને કપટી, નિર્દય, લુચ્ચો, લૂટારો ગણતા હતા; પરતુ કાર્લાઇલના પુસ્તકે આ સર્વ પ્રકાર પલટાવી નાખ્યો અને ક્રોમ્વેલને લૂટારામાંથી એકદમ અદ્વિતીય, પ્રતાપી, સ્વદેશભક્ત યોદ્ધો બનાવી દીધો. ક્રોમ્વેલ વિષેનો પૂર્વ મત બદલાઇ જતા થોડાજ દિવસમા ઉક્ત પુસ્તકની ત્રણ આવૃત્તિઓ ખપી ગઇ અને લોકો ક્રોમ્વેલનુ એકાદ પ્રચડ સ્મારક કરવા તથા તેનુ એક ભવ્ય બાવલુ ઉભુ કરવાને માટે સપાટાબધ ફંડ એકઠુ કરવા લાગ્યા. વળી તેમણે કાર્લાઇલને એવો પ્રશ્ન પૂછયો કે ક્રોમ્વેલનુ સ્મારક કરવામાં તમારી સમ્મતિ છે કે નહિ? ત્યારે તેણે જણાવ્યુ કે સ્મારકની કાઇ આવશ્યકતા નથી. **સર્વ લોકો ક્રોમ્વેલની પેઠે પ્રમાણિકતાથી માત્ર સ્વદેશસેવા કરશે તો તે ક્રોમ્વેલના સ્મારકવતજ થશે** કાર્લાઇલને સ્મારકો કરી જેનાં તેના પૂતળાં ઉભાં કરવા પ્રત્યે ચીડ હતી, અને આ ચીડ દ્રઢ થવાનું તે અરસામાંજ

એક કારણ પ્રાપ્ત થયુ હતુ. હુડસન નામક એક મનુષ્યનું સ્મારક કરવાને માટે લોકોએ ૨૫૦૦૦ પૌંડ એકત્રિત કર્યા હતા. આ હુડસનની મહત્તા માત્ર એટલીજ હતી કે તે અતિ અલ્પ સમયમાં અત્યંત ધનાઢ્ય બની બેઠો હતો. સ્મારકનુ ફંડ એકઠું થયું ન થયું એટલામાંજ તેનાં પોગળ બહાર આવ્યાં અને તેણે સર્વ દ્રવ્ય અનીતિ તથા ઠગાઇથી પ્રાપ્ત કર્યું હતુ એમ સાબીત થયું. પછી તો સ્મારક કોણ જાણે ક્યાય ઉઠી ગયુ! અને સ્મારકને માટે ખટપટ કરનારાઓનીજ ઉલટી લોકોમા ફજેતા થઇ. **લોકોએ કરેલાં સ્મારકોમાં સદા ખરી સમજણ હોતી નથી** એમ જાણી કાર્લાઇલે ક્રોમ્વેલનુ સ્મારક કરવામાં સમ્મતિ આપી નહિ, તે તેણે યોગ્યજ કર્યું આપણા દેશમાં સાપ્રતમાં જેનુ તેનુ સ્મારક ઉભુ કરવાનો દોષ લોકોમાં પેઠો છે, માટે અહીંઆં લોકોની આંખ ઉઘાડનાર કાર્લાઇલના જેવો કોઇ નીપજે તો ઠીક થાય.

ઇ. સ. ૧૮૪૯ અને ૫૦ ની સાલમાં કાર્લાઇલે આયર્લાંડમા થોડો પ્રવાસ કર્યો. આયર્લાંડની રાજ્યવ્યવસ્થા એ એક મોટો વિકટ પ્રશ્ન છે. સાપ્રતમા તે જેટલો વિકટ છે તેટલોજ તે કાર્લાઇલના સમયમા પણ હતો. આ પ્રશ્ન સબંધે કાંઈ લખ લખવાનો કાર્લાઇલના મનમાં વિચાર હતો. મુખ્યતઃ આજ ઉદ્દેશ મનમાં ધારણ કરી આયર્લાંડની સ્થિતિ પ્રત્યક્ષ જોવાને માટેજ તે તે દેશના પ્રવાસે ગયો હતો. આ પ્રવાસમાં કાર્લાઇલે પ્રાયઃ દોઢ માસ વ્યતીત કર્યો. તેણે સ્થળે સ્થળે ભ્રમણ કર્યું અને આયર્લાંડના લોકોની દુર્દશા પ્રત્યક્ષ સ્વદષ્ટિથી જોઇ કાર્લાઇલને આઇરિશ પ્રશ્ન જરા વિકટજ લાગ્યો અને તેણે પાછળથી તે વિષે કાંઇ પુસ્તક કિંવા લેખ લખ્યો નહિ. આજ વર્ષમાં કાર્લાઇલે 'લૅટર-ડે-પૅમ્ફ્લેટ્સ' આ નામનો નિબંધ લખવાની શરૂઆત કરી. આ નિબંધ ઇંગ્લાંડની તત્કાલીન રાજકીય

સ્થિતિ અને કેટલાક સામાજિક વિષયો પરત્વે હતો. આ નિબંધ સબંધે હિંદુસ્થાનવાસીઓને કહેવા સરખી ઝાઝી મહત્વની કોઇ વાત નહિ હોવાથી નામનિર્દેશન ઉપરાંત તેની માહિતી આપવામાં વિશેષ અર્થ નથી. આ રાજકીય વિષયનો નિબંધ પ્રસિદ્ધ થતો હતો તેજ અવધિમા કાર્લાઇલને ઇંગ્લાંડના પ્રસિદ્ધ મુત્સદ્દી સર રૉબર્ટ **પીલની** સાથે ઓળખાણ થઇ. મહાશય **પીલે** કાર્લાઇલના ગ્રંથો ઘણા લક્ષ્યપૂર્વક વાચ્યા હતા અને તે વિષે તેની સહાનુભૂતિ થઇ હતી. કાર્લાઇલની સાથે ઓળખાણ કરવાને મહાશય **પીલને** અતિ ઉત્કટ ઉત્કંઠા થઇ. તેણે ઇ. સ ૧૮૫૦ ના મે માસમા કાર્લાઇલને પોતાને ત્યા એક ખાણાના મેળાવડામા નિમંત્રણ કર્યું. આ પ્રસંગે તે ઉભયની વચ્ચે ઓળખાણ થઇ અને ઉભયને એક બીજાના સ્વભાવનો ઘણો સારો પરિચય થયો કાર્લાઇલનો પીલ વિષે ઘણો સારો અભિપ્રાય બધાયો અને તેણે તેને વિષે નીચે પ્રમાણે ઉદ્‌ગાર ‡કાઢ્યા –

'**પીલ** ખરેખર મહાન મુત્સદ્દી છે, તે સભ્ય, ખુલ્લા દીલનો, આનંદી નમ્ર, મૃદુ અંતઃકરણ ધરાવનાર છે બોલવામા ઘણી અસ્પષ્ટતા નથી. વળી પોતાનાજ તોરમા રહી કોઇની સાથે વાત નહિ કરે એવો નથી ઠઠ્ઠા મશ્કરી અને ચેષ્ટા તેને થોડી પસંદ છે અને તે કરતા આવડે છે પણ ખરી એકંદરે સહૃદય, નિર્મળ અંતઃકરણનો અને મોહક વાણી બોલનાર આ મનુષ્ય છે. એમા કાંઇ સંશય નથી "

આ વર્ષમા કાર્લાઇલે એક માસ પોતાની માતાની પાસે ગાળ્યો. તે સ્કૉટલેંડમા હતો તે સમયે તેના લંડનમાના નિવાસગૃહની મરામત ચાલતી હતી. સર્વ મરામત તેની પત્નીની દેખરેખ નીચે થઇ. મરા

' ‡ 'A real statesman Fresh, hearty with gentle yet frank manners, a kindly man &c."
Fronde's Life of Carlyle Vol IV P 47

મતનું કામ સમાપ્ત થયા પછી તેની પત્ની તેમના સ્નેહીમંડળ પૈકી લૉર્ડ અને લેડી ઍશબર્ટન નામનાં દંપતીની સાથે થોડા દિવસ રહેવા ગઈ. કાર્લાઇલ લંડનમાં પાછો આવ્યો તે સમયે તેના ઘરમાં ' નીરો નામના તેની સ્ત્રીએ પાળેલા એક કૂતરાએ અને એક બિલાડીએજ માત્ર તેનું સ્વાગત કર્યું.' કાર્લાઇલનો મિત્ર સ્ટર્લિંગ તરૂણ અવસ્થામાંજ મરણ પામ્યો. તેનું ચરિત્ર કાર્લાઇલે ઇ સ. ૧૮૬૧માં+ લખ્યું. આ પુસ્તકમાં માત્ર ચરિત્રલેખનનુંજ કામ હોવાથી કાર્લાઇલે કાઇને શાપ દીધા નહોતા. તેમજ આ પુસ્તક તેમણે સર્વથા શાંત રીતે લખ્યું હતું તેથી પુષ્કળ લોકોને તે તેનાં ઇતર પુસ્તકો કરતાં વધું પસંદ પડયું.

આ જ વર્ષમાં તે પોતાના મિત્ર લૉર્ડ એશબર્ટનની સાથે પારિસ શહેર જોવા ગયો. ત્યાં તે ફક્ત એકજ અઠવાડીઉં રહ્યો, કારણ કે પારિસ નગરનો નિવાસ તેને અત્યંત ત્રાસદાયક લાગવા માડયો. જ્યારે તે પારિસમાં હતો ત્યારે ટીઅર્સ નામનો ફ્રેંચ ઇતિહાસકાર તેની મુલાકાત લેવાને આવ્યો હતો. કાર્લાઇલના સાથે ઘણીવાર સુધી બેસીને તેણે વાત કરી, પરંતુ કાર્લાઇલને તેનું સર્વ બોલવું કેવળ વાગ્જાળ લાગ્યું—માત્ર શુષ્ક વાતપર પ્રચંડ શબ્દાડંબર સિવાય તેમાંથી કાઇ સારાંશ પ્રાપ્ત થયો નહિ. વળી મેરિમે નામનો એક ફ્રેંચ ગૃહસ્થ તેને મળવા આવ્યો અને તે બોલ્યો; " કેમ વારૂ, તમને ગટે÷ એ

+ A real statesman. Fresh, hearty with gentle yet frank manners, a kindly man &c.

Fronde's Life of Carlyle Vol. IV P. 47.

÷ 'Goethe' એ એક પ્રસિદ્ધ જર્મન કવિનું નામ છે મરાઠીમાં લોકો એને માટે ગેટી શબ્દ વાપરે છે, પરંતુ તે તેમની ભૂલ છે, એમ એક જર્મનભાષાભિજ્ઞ વિદ્વાને મને કહ્યું હતું. તેણે કહ્યું કે એનો વાસ્તવિક ઉચ્ચાર ગૅટે છે.

જ. વિ. પુ. ૩.

એક ફ્રેંચ ગ્રંથકારોનું અનુકરણ કરનાર નવશિક્ષિત લાગતો નથી?" કાર્લાઇલ તો ગટેને અતિ મહાન પુરૂષ ગણતો હતો, અને અદ્યાપિ જગતના અત્યુચ્ચ કવિઓમાં ગટેની ગણના સર્વ લોકો કરે છે. કાર્લાઇલે ઉક્ત ફ્રેંચ ગૃહસ્થનું કથન જેમ તેમ કરીને સાંભળી લીધુ, પરતુ મનમા તે અતિ સંતપ્ત થયો અને પારિસમાં અધિક દિવસ સુધી રહેવાથી હવે કાઇ ફાયદો નથી, એમ જાણીને લાગલોજ પાછો લંડનમા આવ્યો.

ત્યાર પછી ઇ. સ. ૧૮૫૧મા કાર્લાઇલે પ્રશિયાના પરાક્રમી રાજા ફ્રેડરિક ધી ગ્રેટનુ ચરિત્ર લખવાનો સંકલ્પ કર્યો ફ્રેડરિકનું ચરિત્ર લખવાનું કામ કાઇ સુગમ નહોતુ એ કાર્ય માટે પુસ્તકોના ઢગના ઢગ અને ડુગરના ડુંગર ઉથલાવવા જોઇતા હતા. તે સિવાય જર્મનીમાં પ્રવાસ કરી ભિન્ન ભિન્ન કાગળ પત્રો, નોંધ બુકો વગેરે તપાસવાની જરૂર હતી. કાર્લાઇલની વય આ વખતે ૫૬ વર્ષની થઇ ગઇ હતી. આવું પ્રચંડ કાર્ય હાથમાં લેતા એકાદ પચ્ચીસ ત્રીસ વર્ષનો મજબૂત અને સશક્ત જુવાન પણ અચકાયો હોત, પરંતુ કાર્લાઇલે તો **એકવાર નિશ્ચય કર્યા પછી ગમે તેટલો શ્રમ કરવો પડે તેની પરવાજ રાખી નહિ.** તેણે પ્રથમ જર્મનીમાં પ્રવાસ કરી સ્થળે સ્થળે જઇ ફ્રેડરિકનાં યુદ્ધથી પ્રસિદ્ધિમાં આવેલાં યુધ્ધસ્થળો અને ઇતર સ્થાનો પ્રત્યક્ષ જોવાનો નિશ્ચય કર્યો, અને તદનુસાર તે ઇંગ્લાડથી ઓગસ્ટની ૩૦ મી તારિખે જલમાર્ગે જર્મની તરફ જવાને નીકળ્યો. ન્યૂબર્ગ નામનો એક જર્મન ગૃહસ્થ લંડનમાં રહેતો હતો તે કાર્લાઇલને ઘણોજ ચાહતો હતો. તે પણ આ વખતે તેની સાથે હતો, અને જર્મનીમાં કાર્લાઇલની સાથે સ્થળે સ્થળે પ્રવાસ કરીને તેને મહત્વનાં સ્થળો વગેરેનું નિરીક્ષણ કરાવવામાં તથા કાગળ પત્ર મેળવી આપવામાં ઘણી સહાય્ય કરી. કાર્લાઇલ પ્રાયઃ દોઢ માસ

પર્યંત જર્મનીમાં ફર્યો. આ પ્રવાસમાં કાર્લાઇલે બૉન, બાર્લિન, પૉટ્સ્ડામ ઇત્યાદિ જર્મનીનાં મુખ્ય શહેરો જોયાં. આ પ્રવાસમા તેને શારીરિક કષ્ટ ઘણું સહન કરવું પડયું. સદા તે નિદ્રાના અભાવથી અને અપચાથી દુઃખી રહેતો હતો. તેમાં પણ તેને પ્રવાસ કરવો પડયો તેથી ઉક્ત વ્યાધિઓએ તેને અધિક કષ્ટ આપ્યું. કાર્લાઇલના જર્મન મિત્ર ન્યૂબર્ગે તેનો પ્રવાસ અતિ સુખકર કરવાને માટે ઘણો પરિશ્રમ કર્યો હતો.

આ પ્રવાસ સમાપ્ત કરીને કાર્લાઇલ ઑકટોબરમાં લંડનમાં પાછો આવ્યો. થોડાજ દિવસમાં ડયૂક ઑફ્ વેલિંગ્ટનની પ્રેતવિધિ કરવામાં આવનાર હતી. એ ડયૂક બહાદુર નેપોલિયનને જીતનાર તરિકે કીર્તિ પામેલા હોવાથી તેની પ્રેતવિધિ મોટા ભવ્ય ઠાઠમાઠ સહિત થવાની હતી. કાર્લાઇલને આવા આડંબર અને તમાશાની ઘણી ચીઢ હતી. યૂરોપમાં કોઇ મોટો માણસ મરણ પામે તો સાધારણતઃ તેના પ્રેતને સર્વે લોકો તેનું અંતિમ દર્શન કરી શકે એટલા માટે એકાદ ભવ્ય મંદિરમાં શૃંગારવિભૂષિત કરીને ભપકાબંધ રાખવામાં આવે છે.+ સર્વે લોકો તેનુ અંતિમવાર દર્શન કરવાને જાય છે અને તે સ્થળે ગીર્દી પણ પુષ્કળ થાય છે. લોકોનાં ઝુંડનાં ઝુંડ દર્શન કરવાને આવે છે. વેલિંગ્ટનનુ પ્રેત જ્યાં રાખવામા આવ્યું હતું ત્યાં સોયના જેટલી પણ જગ્યા ન રહે એવી ભીડ થઇ હતી. આ સ્થળે ભચડા કચડી એટલી થઇ કે બિચારી બે બાઇઓ છુંદાઇને મરણ પામી. કાર્લાઇલને આ સર્વ આડબર આ સર્વ તમાશા પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન થયો. તે બોલ્યો "આ સર્વ તમાશાનો શો ઉપયોગ? ઈંગ્લાંડના સર્વ મંદ બુદ્ધિના, નવરા ખુશાલચંદો પ્રેતનું દર્શન કરવાને ગયા, અને આ બિચારી બે બાઇઓના પ્રાણ ગયા. એ

+ એને અંગ્રેજીમા Lying in a State કહે છે.

સિવાય આ દર્શનથી બીજું શું ફળ પ્રાપ્ત થયું ? વેલિંગટન મુઓ. ઇંગ્લાંડને ઘણું નુકશાન થયુ, આવો મનુષ્ય પુનઃ જન્મનો અશક્યજ, એ સર્વ વાત ખરી; પરંતુ તેના મરણથી ઈંગ્લાંડને જે દુઃખ થાય છે તે તેણે ઘેર બેસી મૌનપૂર્વક શામાટે સહન કર્યું નહિ ? આ તમાશો કરી તેનુ આવું મોટું પ્રદર્શન શામાટે કરવું જોઇએ ? દુઃખી મનુષ્ય **તો મૌનપૂર્વક ઘરમાં બેસે છે. રસ્તામાં નાચતો કુદતો દુઃખનો આક્રોશ કરતો જતો નથી.** સમસ્ત રાષ્ટ્રને દુઃખ થાય ત્યારે પણ તેમજ કરવુ જોઇએ દર્શનાર્થે મેળા કરી સ્ત્રીઓના પ્રાણ લેવામાં શો લાભ ?"

આગળ ઘણીવાર જણાવવામાં આવ્યુંજ છે કે કાર્લાઇલને સદા ઉંઘ બરાબર આવતી નહોતી. તેમાં આસપાસના આડોશી પાડોશીઓના ઘોંઘાટથી તો ઘણોજ વિક્ષેપ પડતો. તે જર્મનીમાંથી પાછો ફર્યો ત્યાર પછી એવાજ કારણથી એકવાર તે અત્યંત દુઃખોન્મત્ત બની ગયો. તેના પાડોશી રેમિંગટનનાં મરઘાં રાતભર એક સરખી રીતે પોકાર કરતા. આથી કાર્લાઇલની નિદ્રાનો ભંગ થતો તેથી કાર્લાઇલે તેમના સ્વામિ પર તેમને ચૂપ રાખવાને માટે લખ્યુ, અને રેમિંગટન પણ સજ્જન હોવાથી તેણે તાબડતોબ મરઘાનો બંદોબસ્ત કર્યો; પરંતુ શીઘ્ર બીજા એક પાડોશીનાં મરઘાં પુનઃ તેને ત્રાસ આપવા લાગ્યાં. દરરોજ નિદ્રા ભંગ થવાથી ગાંડા સમાન બની કાર્લાઇલે મરઘાંના ઘોંઘાટ વિષે નીચે પ્રમાણે ઉદ્દગાર કાઢયા છેઃ—

"હું આ મરઘાને ખરેખર ગોળી બારથી મારી નાખીશ અને પછી જે દંડ ભરવો પડશે તે ભરીશ, પરંતુ મારી પાસે બંદુક નથી. ત્યારે સોમલ ખવરાવીને પણ એને ચૂપ રાખવાં જોઇએજ મારે આટલું બધું લખવાનું કામ છે, અને આ દોઢ દમડીનાં મરઘાંના ત્રાસને લીધે તે બંધ રાખવું પડે છે. છટ્, મારા આ ગ્રંથ કરતાં

આ મરઘાંની કાંઇ વિશેષ કિમ્મત નથી. તેમને ગમે તેમ કરીને પણ નષ્ટ કરી નાંખવાંજ જોઇએ." પછી મરઘાંએ એક બે રાત પોકાર કર્યો નહિ, પરંતુ તે મરઘાંનો માલિકજ રાત્રે ખાંશીને લીધે મોટેથી ખોખો કરવા લાગ્યો. આ વિષે કાર્લાઇલ લખે છેઃ–" ગરિબ બિચારો મનુષ્ય ખરેખર ખાશીથી ઘણો હેરાન છે. તેને તો દુઃખ થાય છે, તો શું મારે તેના ખોખો અવાજથી સંતપ્ત થવું ? છીઃ હું ઘણોજ સ્વાર્થી છુ. ખોખો કરવું એ કાંઇ અપરાધ નથી"+ પરંતુ આ સર્વ ઘોંઘાટથી પોતાને ત્રાસ થાય નહિ એટલા માટે કાર્લાઇલે પાછળથી પોતાના ઘરના ઉપલા મજલા પર એક ખાસ અવાજબંદ (Sound-proof) ખોલી બંધાવી, અને આ ખોલીમાં પાછળથી તે વાચવા લખવા, ઉંઘવા વગેરેનુ કામ કરતો હતો.

ઇ. સ. ૧૮૫૩ ના ડિસેમ્બરની ૨૫ મી તારિખે કાર્લાઇલની વૃદ્ધ માતુશ્રી પરલોકવાસી થઇ. તેના મરણની પૂર્વે ત્રણ ચાર દિવસ-પરજ કાર્લાઇલ તેની પાસે જઇ પહોંચ્યો હતો. માતુશ્રીના મરણથી કાર્લાઇલને ઘણું દુઃખ થયુ. તેની તેના પર ઘણી મમતા હતી અને તેમની વચ્ચે ઘણો પત્ર વ્યવહાર ચાલતો હતો. તેના મરણ પછી કાર્લાઇલ પાછો લંડનમાં આવ્યો, પરંતુ તે કોઇને ઝાઝો મળતો નહોતો. તે સદા એકલોજ બેસી રહેતો અને કાંઇ લખવાનો પ્રયત્ન કરતો. પરંતુ દુઃખાતિરેકને લીધે બે ચાર માસપર્યંત તેનું લેખન થોડું થોડુંજ થતું. ફ્રેડરિક ધી ગ્રેટ વિષે લખવાનું પુસ્તક હજી તેમજ પડેલુ હતું. આ વર્ષમાં તે પુસ્તકનો કાઇ પણ ભાગ લખાયો નહોતો. તે હજી ફ્રેડરિક ધી ગ્રેટ વિષેના જર્મન ગ્રંથોજ વાંચવાના ઉદ્યોગમાં નિમગ્ન હતો. ફ્રેડરિક વિષે ગ્રંથ લખવો એટલે સર્વ યૂરોપ ખંડની તત્કાલીન કથાજ સાંગોપાંગ કહેવાની હતી. તે કામ આટલું વિકટ

+ " Poor Devil A bad cough indeed, and I am to be annoyed at mere noise of it. Selfish mortal. ! "

હોવા છતાં પણ થોડું થોડુ સુલભ થતુ જતુ હતું. ઇ. સ. ૧૮૫૭ ના જુલાઇ માસમા કેટલાક અધ્યાયો છપાઇને બહાર પડયા, પરંતુ જર્મનીમાં એકવાર કરેલો પ્રવાસ કાર્લાઇલને પૂરતો લાગ્યો નહિ. તેને પુનઃ એકવાર જર્મનીમાં પ્રવાસ કરવો આવશ્યક લાગવા માડયો. તે પ્રમાણે ઇ. સ. ૧૮૫૮ ના ઑગસ્ટ માસમાં પુનઃ તે જર્મનીના પ્રવાસે ગયો. આ પ્રવાસ પણ પ્રાયઃ એક માસ પર્યંત પહોચ્યો હતો. આ પ્રવાસમાં કાર્લાઇલે વિશેષતઃ ફ્રેડરિકનાં રણાગણનુ અતિ સૂક્ષ્મતાપૂર્વક અવલોકન કર્યું. લંડનમાં પાછા આવ્યા પછી તેણે ફ્રેડરિકના ઇતિહાસનો કેટલોક તૈયાર થએલો ભાગ છપાવીને પ્રસિદ્ધ કર્યો. કાર્લાઇલના આ પુસ્તકની શીઘ્ર પુષ્કળ ખ્યાતિ થઇ. પ્રથમ આવૃત્તિની ૨૦૦૦ નકલો હાં હાં કહેતાં ઉડી ગઇ. બીજી આવૃત્તિની ૨૦૦૦ નકલો પણ તેજ પ્રકારે અલ્પ સમયમાં લોકોએ ખરીદ કરી લીધી અને ડિસેમ્બર માસમાં તૃતીયાવૃત્તિની આવશ્યકતા લાગવા માડી, પરતુ હજી આ પુસ્તકના બે ભાગ લખવાના રહ્યા હતા, તે માટે હવે કાર્લાઇલ પરિશ્રમ કરવા લાગ્યો. આખરે તે ગ્રંથ ઇ. સ. ૧૮૬૪ ના જાન્યુઆરી માસમા સંપૂર્ણ રીતે લખાઇને તૈયાર થયો. કાર્લાઇલ આ ગ્રથના સબધમાં જણાવે છે કે "આ **પુસ્તક લખતાં મારે એટલો બધો પરિશ્રમ કરવો પડયો હતો કે તેથી જાણે હું અધમુઓ થઇ ગયો.** અસ્તુ. આખરે મારો ત્રાસ છૂટયો." 'ફ્રેડરિક' એ કાર્લાઇલનુ લખેલું અન્તિમ મોટું પુસ્તક છે, અને કેટલાક લોકોના મત અનુસાર તેના સર્વ પુસ્તકોમા આ પુસ્તક ઉત્તમ છે. આ પુસ્તક અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયા પછી તેનું જર્મનીમાં ભાષાતર થયુ, એટલુંજ નહિ, પરતુ જર્મનીમાં લશ્કરી ખાતામાં નોકરી કરવા ઇચ્છતા સર્વ ઉમેદવારોને તે પુસ્તકમાથી ફ્રેડરિકનાં યુદ્ધોનુ અધ્યયન કરવું પડે છે. 'ફ્રેડરિક' પ્રસિદ્ધ થયા પછી ઇગ્લાંડમાં પણ સર્વ લોકો કાર્લાઇલને

ઉત્તમોત્તમ ઇંગ્લીશ ગ્રંથકારોની પંક્તિનો ગણવા લાગ્યા. તેની યોગ્યતા વિષે હવે કોઇને પણ શંકા રહી નહિ.

'ફ્રેડરિક' લખવામાં કાર્લાઇલને ઘણો ત્રાસ વેઠવો પડેલો હોવાથી તે સમાપ્ત થયા પછી તે સ્કૉટલાંડમાં પોતાના ઍનન્ડેલ પ્રાંતમાં વિશ્રાંતિ લેવાને માટે ગયો. તત્પશ્ચાત્ કેટલેક દિવસે તેને એડિન્બરો યુનિવર્સિટીના રેકટરની પદ્દી ગ્રહણ કરવાની વિનંતિ કરવામા આવી. આ દેશની યુનિવર્સિટીઓમાં જેમ વાઇસચાન્સેલર તરિકે કોઇ વિદ્વાન્ મોટા માણસને નિયુક્ત કરવામાં આવે છે તે પ્રમાણે એડિન્બરો યુનિવર્સિટીમા રેકટર નિમવામા આવે છે. રેકટરને મહાસમારંભ સહિત તે હોદ્દો આપવાની રૂઢી છે અને તે પ્રસંગે રેકટરને લાંબું ભાષણ કરવું પડે છે. એડિન્બરો યુનિવર્સિટીના રેકટરનું પદ સ્વીકારવાથી કાર્લાઇલને કાંઇ વિશેષ મહત્તા મળવાની હતી એમ નહોતું, તેમજ એ માનથી કાંઇ ઉચ્ચ પદ મળ્યુ એમ પણ કહેવાવાનું નહોતું; અને તે કારણથી તેણે રેકટરની પદ્દીનો અસ્વીકારજ કર્યો હોત. પરંતુ તેની તરુણાવસ્થામાં જ્યારે તે માત્ર લેખક તરિકેજ લોકોમાં પ્રસિદ્ધ થવા લાગ્યો હતો ત્યારે એડિન્બરોના લોકોએ તો તેનો ઉપહાસજ કરવા માંડયો હતો. જો એડિન્બરોના લોકો તેના નિર્વાહ જેટલો તેના લેખો કિંવા ગ્રંથોનો બદલો આપત તો તેને લંડનમાં ઘણા દિવસ કઠિન અવસ્થામાં કાઢવા પડત નહિ. પાછળથી પણ જ્યારે કાર્લાઇલ ઘણો પ્રસિદ્ધ થયો અને જર્મની તથા ઇંગ્લાંડના સર્વ સુશિક્ષિત લોકો તેને અતિ શાણો, વિદ્વાન, સાધુ પુરૂષ ગણવા લાગ્યા ત્યારે પણ સ્કૉટલેંડની રાજધાની એડિન્બરોના લોકોમાં તેને વિષે ઝાઝી પૂજ્યબુદ્ધિ ઉત્પન્ન થઈ નહોતી. આનું મોટું કારણ અતિ પરિચયજ છે. કોઈ પણ મનુષ્ય તેના કુટુંબી અને આડોશી પાડોશીઓને પૂજ્ય લાગતો

નથી. એડિન્બરોમાં કેટલાક દિવસ સુધી વસ્તુસ્થિતિ આવી હતી, તોપણુ તે શહેરની નવીન પેઢીને (યુવક વર્ગને) કાર્લાઇલ પરમ વંદનીય લાગવા માંડયો હતો, અને આ નવીન પેઢી તરફથીજ કાર્લાઇલપર રેકટર થવાને માટે વિનતિ આવી હતી. જે શહેર આટલા દિવસ સુધી મારો ઉપહાસ કરતું હતું તેજ શહેરે જ્યારે મારી ખરી યોગ્યતા પિછાની મને આ માન આપવા માંડયું છે ત્યારે તેનો સ્વીકાર કરવો જોઇએ એમ ધારી તેણે રેકટરની પદ્દી ગ્રહણ કરી.

રેકટરના સ્થાનપર વિરાજમાન થવાનો સમારંભ ૨૯ મી માર્ચ ૧૮૬૬ને રોજે થયો. આ સમયે કાર્લાઇલે જે ભાષણ કર્યું તે '**न भूतो न भाविष्यति**' તરિકે પ્રસિદ્ધ થયું. કાર્લાઇલ કાઇ મહાન વક્તા નહોતો. ગમે તે પ્રસંગ હોય, ગમે તે વિષય હોય, પરંતુ ગંભીર અવાજ અને અસ્ખલિત વાક્પ્રવાહથી અને અર્થવિહીન શબ્દમાધુર્યથી, વક્તૃત્વના અખાડામા તૈયાર થયેલા, કસાયેલા, ઉસ્તાદ વક્તાઓ શ્રોતાજનોને તત્કાળને માટે રસબોળ કરી દે છે. પાર્લામેંટમાં પ્રસિદ્ધિમાં આવનારા વક્તાઓ ઘણા ખરા આજ પ્રકારના હોય છે. મહાશય ગ્લૅડસ્ટન આવા વક્તાઓના અગ્રણી હતા. એકાદ બાબતની માહિતી હો કિંવા ન હો પરંતુ શબ્દાડંબરથી અર્થની ગરદન મરડી નાંખી કેવળ શાબ્દિક કુશળતાથી તેણે તે સમય જાળવી લીધો ન હોય એમતો કદિ બનતુંજ નહિ. ગમે તેવી ક્ષુલ્લક બાબત હો, પરંતુ તે સંબધે બોલતાં સામાન્ય જનોને શીઘ્ર ન સમજાય એવા મોટા શબ્દો વાપરી તેને તે ઘણું ભારે સ્વરૂપ આપતા હતા.§ આ વક્તૃત્વ સર્વ વકીલી દાવ પેચનું હોય છે. આપણા પક્ષની

§ આ સંબધે એક બે ઉદાહરણો નીચે આપું છું. મહાશય ગ્લૅડસ્ટન પ્રધાન મંડળમાં હતા તે સમયે એક મેમ્બરે પાર્લામેંટમા તેમને એવો પ્રશ્ન પૂછયો કે સૂડાનમાં જનરલ ગૉર્ડનની ચોતરફ શત્રુનો ઘેરો પડયો

સરસાઇ શી રીતે સ્થાપિત કરવી તે તરફજ એવા વક્તાની વૃત્તિ હોય છે. કાર્લાઇલનું વક્તૃત્વ આ પ્રકારનું નહોતું. તો પછી તેના ભાષણની આટલી વાહ વાહ કેમ થઇ? આ પ્રશ્નનો ઉત્તર આપવાનું કામ કાંઇ કઠિન નથી. કાર્લાઇલનું વક્તૃત્વ કાંઇ અખાડામાં તૈયાર થયેલું નહોતું, પરંતુ તે સ્વાભાવિક રીતેજ અતિ લાગણી ભરેલું હતું. લાગણી-ભરેલું એટલે શું? હૃદયમાંથી–અંતઃકરણના ઉંડા ભાગમાંથી નીકળેલું. જ્યારે એક વૃદ્ધ સમજુ મનુષ્ય પોતાના તરુણ અને ઉદ્ધત પુત્રને ઉપદેશની ચાર વાતો કહે છે ત્યારે તે સાહજિક રીતેજ લાગણી-પૂર્વક બોલે છે. ગ્લૅડસ્ટન સાહેબની વક્તૃત્વ શક્તિની તેને માહિતી હોતી નથી, પરંતુ તે ખરેખરજ અંતઃકરણની લાગણી પૂર્વક પોતાના પુત્રને ઉપદેશ કરે છે. આ ઉપદેશની અસર તે છોકરાના મન પર એટલી બધી થાય છે કે તેટલી અસર મોટા ગંભીર અવાજ વાળા વક્તાના ભાષણથી પણ થતી નથી. તેજ પ્રમાણે બીજું ઉદાહરણ

છે કિંવા નહિ? ત્યારે મહાશય ગ્લૅડસ્ટન ચટ દઇને બોલ્યા કે જરાપણ ઘેરો પડયો નથી અને તેના સ્પષ્ટીકરણ તરિકે તેઓ બોલ્યા:—

'Only stray bands of the enemy hovered about the neighbourhood and if Imay say so formed a sort of loose chainwork around him.'

અન્ય એક પ્રસંગે તેઓ રંક કૃષિકારોની સભામાં બોલતા હતા, અને તેમણે પોતાની ઉપજનું કયું સાધન વિકસાવવું તે વિષે તેઓ બોલ્યા:—

'some of you may breed poultry for instanee and thus in a measure have the satisfaction of ministering to the insatiable neccessities of the human stomach.'

ગરિબ બિચારા કૃષિકારોને તો આ સર્વ શબ્દોના અર્થનું ધડ પૂછડું પણ સમજાયુ નહિ હશે.

હ્યો. એમ સમજો કે એકાદ સર્વથા સાધારણ મનુષ્ય કોઇ પર ક્રોધે ભરાયો છે. આ ક્રુદ્ધ અવસ્થામાં ક્રોધ પ્રકટ કરવાને માટે તેને વક્તૃત્વ શીખવાની જરૂર પડતી નથી. તેના મુખમાંથી સાહજિક રીતેજ શબ્દોનો અસ્ખલિત પ્રવાહ શરૂ થાય છે. જે પ્રમાણે મનમાં ક્રોધ ઉત્પન્ન થાય છે તેજ પ્રમાણે જો એક માણસના અભિપ્રાયો પોતાના મનમાં સંપૂર્ણ રીતે વ્યાપી ગયા હોય તો તેને વ્યાખ્યાન આપવા માટે વક્તાના અખાડામા તાલિમ લેવાની જરૂર રહેતી નથી. આવોજ પ્રકાર કાર્લાઇલના સંબંધમા હતો. અમુક બાબત ઉચિત છે અને અમુક અનુચિત છે તેનો નિશ્ચય તેનાં મનમા સ્થિર થયેલો હતો, અને તેજ નિશ્ચય તે પોતાના વ્યાખ્યાનમાં પ્રકટ કરતો હતો. આવા વ્યાખ્યાનમાં શબ્દો શોધવાની જરૂર પડતી નથી, મોટા ભવ્ય શબ્દોની જરૂર રહેતી નથી, ચુંટી કાઢેલાં ઉત્તમ વિશેષણો ઘુસેડી દેવાની આવશ્યકતા પડતી નથી, યુક્તિ પુરઃસર અવાજ નાનો મોટો કરવો પડતો નથી, તે સાહજિક રીતેજ બદલાતો ચાલ્યો જાય છે. ક્રોધમાં મનુષ્યનો અવાજ આપોઆપજ કર્કશ અને મોટો થાય છે, પ્રેમમાં તે મૃદુ અને મધુર થાય છે, તેને ખાસ બદલવાની જરૂર રહેતી નથી પરંતુ અખાડામાં તૈયાર થયેલા વકતાને કોઇને ઠપકો આપવો હોય તો અવાજ ચઢાવવો પડે છે અને એક પછી એક વાક્ય અધિક જોરથી ઉચ્ચારવું પડે છે અને ઠપકો અપાઇ રહ્યો કે તરતજ અવાજ નીચે ઉતારવો પડે છે. આ પ્રકારે અનેક પેચ અને કળાઓ તેને લડાવવી પડે છે. કાર્લાઇલને આવા નાટારંગ કરવાના નહિ હોવાથી અને પોતાના મનને જે સત્ય લાગે તેજ બોલવાનો તેનો અભ્યાસ હોવાથી તેનાં ભાષણો, તેને ભાષણ કરવાનો અભ્યાસ નહિ હતો તે છતાં પણ, અતિ મનોવેધક અને મજબૂત છાપ પાડનારાં થતાં હતાં. તેણે એડિન્બરોની યુનિવર્સિટિમાં કરેલુ ભાષણ પણ આજ પ્રકારનું

હતું. ગ્લૅડસ્ટન પણ એક વાર કાર્લાઇલની પૂર્વે આ યુનિવર્સિટિનો રેક્ટર થયો હતો. તેણે પણ એક મોટું ભાષણ કર્યું હતું, પરંતુ ગ્લૅડસ્ટનના ભાષણ કરતાં કાર્લાઇલનું ભાષણ શ્રોતૃસમાજને વિશેષ પ્રિય લાગ્યું હતું એવો ઘણા લોકોનો અભિપ્રાય છે.

કાર્લાઇલ એડિન્બરો ગયો હતો તે અરસામાં તેની પત્ની એક દિવસે સાયંકાળે ગાડીમાં બેસીને હવા ખાવા નીકળી, અને તત્કાળ તે કાળજાના રોગથી મરણ પામી. તેના મરણથી કાર્લાઇલને અત્યંત દુઃખ થયું. કાર્લાઇલ મૂર્તિમંત દારિદ્રમાં દહાડા કાઢતો હતો અને તે શ્રીમંતની નહિ તો પણ સાધારણ રીતે સુખી માતપિતાની પુત્રી હતી, તે છતાં પણ તે તેની બુદ્ધિમત્તા અને વિદ્વત્તાપર આધાર રાખી તેની સાથે પરણી હતી. તેમની ગરિબ સ્થિતિમાં તેણે કાર્લાઇલને સુખી કરવાને માટે ગુલામની પેઠે વૈતરૂં કર્યું હતુ. પાછળથી તેને પૈસાની ઘણી તંગી પડી નહોતી, પરંતુ કાર્લાઇલનો સ્વભાવ સદા ઉગ્ર અને સંતાપી હોવાથી તથા તેની પ્રકૃતિ પણ પાછળથી બગડીને નાજૂક બની જવાથી તેને સુખ કરતા દુઃખ અધિક સહન કરવું પડયું હતું. કાર્લાઇલના સુખ સગવડને માટે પરિશ્રમ કરતાં તેણે પોતાના શરીર તરફ કદિ પણ જોયું નહોતું. આવી, હિંદુ સ્ત્રીઓમાં અગ્રગણ્ય ગણાતી ' સીતા, મંદોદરી, તારા 'ના જેવી પતિવ્રતા અને સાધ્વી સ્ત્રી ગુમાવ્યાને લીધે કાર્લાઇલ સમાન જ્ઞાની, વિરક્ત સાધુ પુરુષ પણ દુઃખથી ઉન્મત્ત બની જાય તેમાં આશ્ચર્ય નથી.

સ્કૉટલેંડમાં મિસીસ કાર્લાઇલની સ્મશાન વિધિ થઇ. તે કાર્ય આટોપી કાર્લાઇલ ઇ. સ. ૧૮૬૬ ના એપ્રિલ માસમાં પાછો લંડનમાં આવ્યો. તે પાછો આવ્યો ત્યાર પછી મહારાણી વિક્ટોરિયાએ તેનાપર એક આશ્વાસન પત્ર મોકલ્યો. મિસીસ કાર્લાઇલનું મરણ થયાથી તેને તેના પિતાની તરફથી મળેલા ક્રેજનપટૉક ગામના ઘરનો

અને ખેતરનો સ્વામી કાર્લાઇલ થયો, તેનો વારસ થવાને તેનાં પિયેરનું કોઈ રહ્યું નહોતું તેથી કાર્લાઇલે તે ઘર અને ખેતર એડિન્બરો યુનિવર્સિટિને આપી દીધાં અને એવી સરત કરી કે તેની ઉપજમાંથી રંક વિદ્યાર્થીઓને માટે નાની નાની સ્કૉલર શીપો યુનિવર્સિટીમાં સ્થાપન કરવી; હવે કાર્લાઇલના ગ્રંથોની એક પછી એક આવૃત્તિઓ નીકળવા માંડી. પૈસા પણ ઘણા આવવા માડયા. તેને એટલા બધા પૈસાની ગરજ પણ નહોતી. આ પૈસામાંથી **રંકો અને ભિખારીઓને સાહાય્ય કરવામાં તે પુષ્કળ ખર્ચ કરતો.** કદિ વર્તમાનપત્રોદ્વારા ઉભાં કરવામા આવતા ફંડોમાં તે ઝાઝા પૈસા ભરતો નહોતો, પરંતુ **ગુપ્ત રીતે સ્વહસ્તેજ તે ગરિબ ગુરબાંઓને પુષ્કળ દાન આપતો હતો.** સાંપ્રતની દાનપદ્ધતિ તો જુઓ! ફંડ ખોલો, પૈસા એકઠા કરો, પૈસા આપનારનાં નામ ક્રમવાર યાદીમાં નોંધો, ઑનરરી ખજાનચી નિયુક્ત કરો, કૅશીઅર નિમો, અને સર્વ લોકોના હાથમાંથા યાંત્રિક પદ્ધતિથી કઢાવેલાં નાણાં પછી તે છ મહિને કે બાર મહિને ગરિબ ગરબાઓના હાથમાં જાય છે. તેમાંનો કેટલોક ભાગ નિકૃષ્ટ પંક્તિના કારકુનો અને વ્હેંચનારાઓ ખાઇ જાય છે અને ખજાનચીના હાથમાંથી ગરિબ લોકોના હાથમાં પૈસો આવે ત્યા સુધીમા અનેક ભિખારીઓ અને દુષ્કાળપીડિત લોકો 'અન્ન અન્ન' કરીને મરી જાય છે.

મીસીસ કાર્લાઇલનુ મૃત્યુ થયા પશ્ચાત્ કાર્લાઇલનું લેખન કાર્ય બહુધા બંધ પડયું. ત્યાર પછી તેણે માત્ર '**નાયગારાનો ધોધ**' એ નામનું એક પુસ્તકજ લખ્યું. આ પુસ્તકમાં કંઇ તે ધોધનું વર્ણન નહોતું. ઈંગ્લાંડની રાજકીય અને સામાજિક સ્થિતિ કેટલાક દિવસ પછી ધોધની પેઠે તૂટી પડનાર છે અને તેને પડતા અટકાવવી હોય તો શું શું ઉપાયો કરવા જોઇએ તે સંબધે તેણે તે પુસ્તકમાં ચર્ચા

કરી હતી. કાર્લાઇલને તે સમયની રાજ્ય–પદ્ધતિ બિલકુલ પસંદ નહોતી. પાર્લામેંટને તે બરાડનારૂં યંત્ર કહેતો હતો. જેને ઉત્તમ ભાષણ કરતાં આવડે તે પાર્લામેંટમાં વિરાજે અને ઇંગ્લાંડની રાજ્ય–સત્તા વક્તાનાજ હાથમાં જાય તે કાર્લાઇલને પસંદ નહોતું. ઉત્તમ વક્તા થયો એટલે તે ઉત્તમ રાજનીતિજ્ઞ હોવોજ જોઇએ એમ કાંઇ નથી રાજનીતિ શાસ્ત્ર પર ઉત્તમ ગ્રંથ લખનાર એરિસ્ટોટલ, પ્લેટો પ્રભૃતિ તત્વવેત્તાઓએ પણ એમજ પ્રતિપાદન કર્યું છે કે રાજ્યસત્તા વક્તાના હાથમાં જવાથી અનર્થ થાય છે. વક્તાઓ એ સત્તા ખુચવી ન લે એટલા માટે તેમણે ઉપાયો પણ બતાવ્યા હતા, અને કાર્લાઇલનો પણ આવોજ મત હતો. આથી તે ગ્લૅડસ્ટન, બીકન્સફીલ્ડ વગેરે મોટાં બડબડ કરનારાં યંત્રોને અતીવ તુચ્છ ગણતો હતો.

ઈ. સ. ૧૮૬૮ના અક્ટોબર માસમાં કાર્લાઇલને મહારાણી વિક્ટોરિયા સાથે વેસ્ટમિન્સ્ટરમાં મુલાકાત થઇ. મહારાણી વિક્ટોરિયાને ઘણા દિવસથી એકવાર કાર્લાઇલની મુલાકાત થાય તો ઠીક એવી વાંચ્છના હતી, પરંતુ કાર્લાઇલને રાજા રાણીઓની મુલાકાત લેવાની ઝાઝી વૃત્તિ નહિ હોવાથી આ સમય પૂર્વે મુલાકાતનો યોગ આવ્યો નહોતો.

હવે કાર્લાઇલને પોતાના જીવિતનો થોડો થોડો કંટાળો આવતો ચાલ્યો. તેનું આ જગતમાનું ઇતિ કર્તવ્ય સમાપ્ત થયા જેવુંજ હતું. તે હવે એકાદ વૃદ્ધ ઋષિની પેઠે કાળક્રમણ કરતો હતો. પુષ્કળ લોકો નાના પ્રકારના પ્રશ્નો તેને પૂછતા, કોઇ તેની પાસે પૈસા માગતા અને કોઇ સંકટમાંથી મુક્ત થવાના કાંઇ ઉપાય પૂછતા. કોઇએ પૈસા માગ્યા હોય અને કાર્લાઇલે તે આપ્યા ન હોય એમ થતું નહોતું. એક વાર તો એક લુચ્ચો મનુષ્ય તેની પાસે આવ્યો અને કાંઇ ધર્મકૃત્યને માટે તેની પાસે દ્રવ્ય માગવા મંડયો.

કાર્લાઇલે ઝાઝી પૂછપરછ નહિ કરતાં એકદમ એક શિલિંગ તેને આપ્યો તે પછી કાર્લાઇલના જાણવામાં આવ્યું કે તે એક લુચ્ચો ભામટો હતો, પરંતુ તે બોલ્યો કે એક શિલિંગનું તેનું દેવું હશે તે તે લઇ ગયો બીજા એકે તેને પત્ર લખી જણાવ્યું કે "હું અત્યંત કદરૂપો માણસ છું. એટલો કદરૂપો છું કે ચાર માણસમાં મુખ બતાવતાં પણ મને શરમ લાગે છે. મને જગતમાં કાંઇ પણ આશા નથી. ઘણીવાર આત્મહત્યા કરવાનો વિચાર થાય છે, પરંતુ તેમ કરવાની હિમ્મત ચાલતી નથી. હું કોઈ નહિ તો કોઇ વાર આત્મહત્યાજ કરીશ એમ લાગે છે. આપ મને આ સ્થિતિમાં શુ માર્ગ દર્શાવો છો ને જણાવશો." ઇત્યાદિ. આ માણસપર પણ કાર્લાઇલે ઉત્તર મોકલ્યો. પરંતુ મહાશય ફ્રુડને તેનો પત્તો નહિ લાગવાથી પોતાના ગ્રંથમાં તે આપ્યો નથી અને તેઓ લખે છે કે કાર્લાઇલે શું ઉત્તર આપ્યો હશે તેનો પાઠકોએ પોતેજ તર્ક કરી લેવો.

ઇ. સ. ૧૮૭૦ માં કાર્લાઇલનો જમણો હાથ લૂલો થઇ ગયો. હવે તેનાથી લખી શકાતુ નહોતું. આ લૂલાપણાનો કાર્લાઇલે એવો અર્થ કર્યો કે ઈશ્વરે મને વિશેષ લેખન કાર્ય નહિ કરવાને આ સૂચના અને આજ્ઞા આપી છે. ત્યાર પછી તેણે નૉર્વેના પ્રાચીન રાજાઓ વિષે એક ગ્રંથ મુખથી બોલીને બીજાઓની પાસે લખાવ્યો, પરંતુ આ રીતમાં તેની ભાષાનું સર્વ જોર નષ્ટ થઇ જતું હતું. તેમણે પોતે જણાવ્યુ છે કે આ ગ્રંથ અતિ ફિક્કો થયો છે.

ઇ. સ. ૧૮૭૩ માં કાર્લાઇલનો પોતાનો તરુણાવસ્થાનો મિત્ર પ્રસિદ્ધ તત્ત્વવેત્તા જૉન સ્ટુઅર્ટ મિલ મરણ પામ્યો. કાર્લાઇલ અને મિલની વચ્ચે મૈત્રી હતી ખરી, પરંતુ તે ઉભયના વિચારમાં જમીન આસ્માનનું અંતર હતું. મિલ બહુધા નિરીશ્વરવાદી અને બેંથેમના ઉપયુક્તવાદનો કટ્ટો અભિમાની હતો અને ભૌતિક સુધારણાપરજ

મનુષ્યની સર્વ પ્રગતિ, મહત્તા અને સુખનું અવલંબન છે, એવું તેનું કહેવું હતું. એકંદરે તેના સર્વ મતો કાર્લાઇલના મતની વિરૂદ્ધ હતા. આ તરફ કાર્લાઇલ તો સર્વ પ્રકાર નિરાળોજ હતો, તેને ઈશ્વર પર દૃઢ વિશ્વાસ હતો અને મનુષ્યનાં સુખ દુઃખ બાહ્ય પદાર્થોની વૃદ્ધિ પર નહિ, પરંતુ ઉલટ પક્ષે તેના મનઃસ્થૈર્ય પર તથા મનોનિગ્રહ પર અવલંબી રહેલાં છે એવો તેનો મત હતો. વળી મિલ લોકસત્તાક રાજ્યનો ભક્ત અને સ્વતંત્રતાની તતુડી વગાડવામાં તૈયાર હતો અને તે સ્ત્રીઓને પણ રાજ્યવ્યવહારમાં ભાગ લેવાની પરવાનગી આપવી એમ પ્રતિપાદન કરતો હતો, પરંતુ કાર્લાઇલનો મત એવો હતો કે સર્વ લોકોને રાજવ્યવહારમાં માથુ મારવા દેવું એ મૂર્ખતા છે. ભિન્ન ભિન્ન શાસ્ત્રોનો અભ્યાસ તેના મત પ્રમાણે સ્ત્રીઓને માટે આવશ્યક નથી; તો પછી તેમને રાજ્ય વ્યવહારમાં ખોસવાની પરવાનગી તો તે આપેજ ક્યાંથી? તેનો મત એવો હતો કે સ્ત્રીઓએ ઉપયુક્ત કળા શીખવી. રાંધવું, શીવવું, ભરવું, ગુથવું એટલાજ કામો તેમણે સાધારણ રીતે શીખવાં. કાર્લાઇલ અને મિલ જેવા ભિન્ન મતવાદી વિદ્વાનોની મૈત્રી પાછળથી ઘણી દૃઢ રહી નહોતી મિલનુ મરણ થયા પછી કાર્લાઇલે પોતાના મિત્ર જૉનપર એક બે પત્રો લખ્યા તેમાં તેણે નીચે પ્રમાણે ઉદ્ગાર કાઢ્યા છેઃ—"કાલે સાયંકાળે ફરવા જવાને માટે રસ્તામાં પગ મૂકું છુ એટલામાં મને મિલના મરણની ખબર મળી. મિલ મારા કરતાં વયમાં નાનો હતો તે છતાં પણ તે મારી દૃષ્ટિ સન્મુખ મરી ગયો તેથી મને ખોટું લાગ્યું. વર્તમાન પત્રો 'એક આધુનિક મહાત્મા' 'તત્ત્વજ્ઞોનો તત્ત્વજ્ઞ' એવી બહુ માનાસ્પદ ઉપાધિઓ તેને આપીને તેનુ ગૌરવ વધારે છે, પરંતુ મને આમાં વિશેષ સત્યતા લાગતી નથી. વર્તમાનપત્રોમાંના દોઢ દમડીના લેખકો જ્યાં સુધી જીવંત છે

ત્યાં સુધી તેઓ માનવ પ્રાણીઓને કેવે દરજ્જે ચઢાવશે તે કાંઇ કહી શકાતું નથી." બીજા એક પત્રમાં મિલના 'આત્મ ચરિત્ર' વિષે તે જણાવે છે—"આ પુસ્તકના જેવું શુષ્ક ક્ષુદ્ર અને અપ્રયોજનીય પુસ્તક વિચારવંત મનુષ્ય શી રીતે લખી શકે તે સમજાતું નથી. આ પુસ્તક તે એક તર્કશાસ્ત્રનો ઉપહાસ કરનાર યંત્રનું ચરિત્ર છે. તેમાં કાંઇ રહસ્ય, કાંઇ સહૃદયતા હોય તો કસમ જ. એકાદ વરાળયંત્રનું ચરિત્ર જો તમારે વાંચવું હોય તો આના જેવું બીજું પુસ્તક નથી, પરંતુ મનુષ્યનું ચરિત્ર સમજીને તે વાંચવામા તો કાંઇ માલ નથી."

ઇ. સ. ૧૮૭૪ માં કાર્લાઇલને જર્મન સરકારે 'ઑર્ડર ઓફ મેરિટ' નામની એક ગૌરવ સૂચક ઉપાધિ આપી. વાસ્તવિક રીતે જોતાં એને ઉપાધિ કહી શકાય નહિ. કારણ કે તેઓ નામની આગળ અથવા પાછળ કાંઈ અક્ષરો લગાડી શકાતા નથી, પરંતુ જર્મન પાદશાહે આ એક માન આપ્યુ એટલુંજ સમજવું. આ ઉપાધિ ફ્રેડરિક ધી ગ્રેટેજ સ્થાપન કરી હતી, અને જર્મનીના કલ્યાણને માટે જે કોઇ જીવતોડ મહેનત કરે તેનેજ તે આપવામાં આવતી હતી. જર્મન રાજકુટુંબમાંના માણસોને પણ તે કાંઇ અસામાન્ય કર્તવ્ય કર્યા સિવાય મળતી નહોતી. આવી તેની મહત્તા હોવાને લીધેજ કાર્લાઇલે તેને સ્વીકારી. જર્મનીએ કાર્લાઇલનું બહુમાન કર્યું છે એમ જોઈ બ્રિટિશ સરકારને પણ તેનું કાંઇક ગૌરવ કરવું એમ લાગ્યું. અને તે સમયના મુખ્ય પ્રધાન લૉર્ડ બીકન્સફીલ્ડે કાર્લાઇલને જી. સી. બી. ની ઉપાધિ આપવાની પોતાની ઇચ્છા દર્શાવી અને રાજ્ય ખજાનામાંથી તેને પેન્શન આપવાનું પણ વચન આપ્યું. પરંતુ કાર્લાઇલે તે ઉભય માનનો અસ્વીકાર કર્યો, કારણ કે જી. સી. બી. ની ઉપાધિ ધારણ કરવાથી કાર્લાઇલને 'સર'ની ઉપાધિ પણ

ધારણ કરવી પડતી હતી, પરંતુ તે ઉપાધિ તેને પસંદ નહોતી. તેને માત્ર મિસ્ટર કાર્લાઇલ કહેવાવુંજ વધારે પસંદ હતું. પેન્શનની તો તેને યત્કિચિત્ પણ આવશ્યકતા નહોતી. તેની પાસે તેને જોઇએ તે કરતાં અધિક દ્રવ્ય હતું તેથી તેણે આ ઉભય માન પૈકી કોઇ પણ સ્વીકારવાની મને ઇચ્છા નથી એમ લૉર્ડ બીકન્સફીલ્ડને નમ્રતાપૂર્વક જણાવ્યું.

તત્પશ્ચાત્ કાર્લાઇલના આયુષ્યમાં કાંઇ કહેવા જેવી ઘટના બની નહિ. ઈ. સ. ૧૮૮૧ ના ફેબ્રુઆરી માસની ૫ મી તારીખે તે મરણ પામ્યો. આ સમયે તેની વય બરાબર ૮૫ વર્ષ અને ૨ માસની હતી. તેના પ્રેતનો ભૂમિદાહ વેસ્ટમિન્ટર એબીમાં કરવો એવો ઘણા જણે આગ્રહ કર્યો; પરંતુ કાર્લાઇલે મહાશય ફ્રુડને પોતાના એકઝીક્યુટર તરિકે નિમ્યા હતા અને પોતાના મૃત્યુપત્રમાં એમ જણાવ્યું હતું કે મારૂં પ્રેત સ્કૉટલેડમાં એકલેફેચેન ગ્રામમા મારાં માત પિતાની કબ્રની પાસે દાટવું. વેસ્ટમિન્સ્ટરના ધર્માધ્યક્ષ ડીન સ્ટેન્લેએ કાર્લાઇલનો ભૂમિદાહ વેસ્ટમિન્સ્ટરમાં કરવાને માટે મહાશય ફ્રુડને વિનતિ કરી. પરતુ તે કાર્લાઇલની ઇચ્છાવિરુદ્ધ હોવાથી માન્ય થઇ નહિ. અતે ફ્રુડ, ટિંડાલ, લેકી વિગેરે કાર્લાઇલના મિત્રો તેના શબને સ્કૉટલેડમાં લઇ ગયા અને તેની અતિમ ઇચ્છા અનુસાર એકલેફેચેન ગ્રામમાં તેનો ભૂમિદાહ કર્યો. અહીંઆં કાર્લાઇલનુ ચરિત્ર સમાપ્ત થાય છે. આગામી પ્રકરણમાં તેના ગ્રથ અને મત વિષે સવિસ્તર માહિતી આપી ચર્ચા કરવામાં આવશે.

પ્રકરણ ૩ જું.

કાર્લાઇલના ધર્મ સંબંધી અને એકંદર માનવચરિત સંબંધી મતો અને વિચારો.

આ પ્રકારણમાં જે વાતનો ઉલ્લેખ કરવાની યોજના કરી છે, તેના વિવેચનને માટે મુખ્યત કાર્લાઇલના ત્રણ પુસ્તકો જોઇશુ એટલે બસ. આ ત્રણ પુસ્તકો 'સાર્ટર રિઝાર્ટસ' 'પાસ્ટ એન્ડ પ્રેઝંટ' અને 'હીરોઝ એન્ડ હારો વર્શિપ' છે. કાર્લાઇલના અન્ય પુસ્તકોમા પણ તેના ધર્મ સબધી વિચારો અને ઐહિક સુખદુઃખ વિષેના મતો નાના સ્થળે પૃથક પૃથક્ રીતે પ્રકટ થએલા પ્રાપ્ત થાય છે, પરતુ તે પુસ્તકો સાધારણતઃ ઐતિહાસિક હોવાથી તેમા માત્ર પ્રસગોપાત એવા વિષયોપર તેના કેટલાક ઉદ્ગાર નીકળી જાય છે. અત્રે અમે તેનાં ઉપર્યુક્ત ત્રણ પુસ્તકો પૈકી પ્રથમ સાર્ટર રિઝાર્ટસનો આધાર લઇ યથાશક્તિ તેના ધર્મ સંબધી અને ઐહિક જીવન સબધી વિચારો દર્શાવી તેના અને હિંદુ તત્ત્વજ્ઞાનીઓના મતોની વચ્ચે કેવી સમાનતા રહેલી છે તેનુ કિંચિત્ સ્પષ્ટીકરણ કરનાર છીએ

આ પુસ્તકની પ્રસ્તાવનામાં અમે જણાવી ચૂક્યા છીએ કે જો આપણે કાર્લાઇલના અંતરમા ઉતરીને જોઇશુ તો તે આપણને આપણા દેશના એક મુનિ સરખો લાગશે. આ વાત અસત્ય છે એવો કદાચ કોઇ અમારાપર આરોપ મૂકશે, તેથી એ વિધાનની પુષ્ટિ અર્થે અમે કાંઇક ઉલ્લેખ કરી વાચકોનું સમાધાન કરીશુ. આમ કરવાને માટે કાંઈ ઘણો પ્રયાસ પડનાર નથી.

જગત્ એ શું છે અને આપણે આપણી ચોતરફ જે નાનાવિધ ઘટના જોઇએ છીએ તે સત્ય છે કે મિથ્યા છે, મનુષ્યને પૂર્વજન્મ, પુનર્જન્મ છે કિંવા નહિ, ઇત્યાદિ અનેક બાબતોનો કાર્લાઇલે પોતાના 'સાર્ટર'મા વિચાર કર્યો છે. આ પુસ્તકના આરંભમા કાર્લાઇલ કહે છે કે "આધિભૌતિક શાસ્ત્રોની પુષ્કળ પ્રગતિ થતી ચાલી છે, પરંતુ અદ્યાપિ કોઇએ કપડાં વિષે કાંઈ પણ શાસ્ત્રીય શોધ કરી નથી, એ આશ્ચર્યજનક વાત છે." અને આ પુસ્તકમાં કાર્લાઇલે કલ્પિત જર્મન પ્રૉફેસર ટચુફેલ્સડ્રૉકે લખેલા 'કપડાના તત્ત્વજ્ઞાન' વિષે અંગ્રેજ લોકોને માહિતી આપવાની યોજના રાખી છે; પરંતુ વાસ્તવમાં આ પુસ્તકમાનું સર્વ તત્ત્વજ્ઞાન તેનુ સ્વતઃનુ જ છે. કપડાનુ તત્ત્વજ્ઞાન શુ? એવો પ્રશ્ન લોકો આશ્ચર્યચકિત થઇને સાહજિક રીતેજ પુછે છે, સર્વ જગત એ એક પ્રકારનુ આચ્છાદન છે. મનુષ્યને જે જે દ્રશ્યો દૃષ્ટિગોચર થાય છે તે સર્વ આ આચ્છાદન રૂપી બાહ્ય અંગચીજ દેખાય છે. વસ્તુત મનુષ્યને કોઈ પણ ઘટનાનુ સત્યજ્ઞાન નથી. આ તત્ત્વજ્ઞાનને આધારે કાર્લાઇલે આ વસ્ત્ર કિંવા આચ્છાદનની અંતર્ગત શું દ્રષ્ટિગોચર થાય છે તે જોવાનો થોડો પ્રયત્ન કર્યો છે અત્રે એટલુ કહેવુ આવશ્યક છે કે કાર્લાઇલને જગતનુ જે ગૂઢ રહસ્ય જણાઇ આવ્યુ તેજ સત્ય છે એમ ખાત્રીપૂર્વક કહેવા માગતા નથી. તત્ત્વજ્ઞાનની સર્વ બાબતોજ એવી છે કે તે 'चक्षुर्वै सत्यम्' એ ન્યાયે કદિ પણ તપાસી શકાતી નથી. મનુષ્યના મનની જેવી યોગ્યતા અને સ્થિતિ હોય તેવા તે તેમને લાગે છે. શંકરાચાર્યે અદ્વૈત મત પ્રસ્થાપિત કર્યા પછી પણ રામાનુજ સરખા દ્વૈતવાદી ઉત્પન્ન થાય છેજ, માટે દ્વૈતવાદી સર્વ મૂર્ખ, લુચ્ચા કિંવા ઠગ એમ કહેવાનો કોઇને અધિકાર નથી. જે મત સમજુ લોકોના મતાનુસાર વિશેષ ગ્રાહ્ય ઠરે છે તેની લોકોના વાહવા થાય છે. તેજ પ્રમાણે

કાર્લાઇલના મત વિશેષાંશે હિંદુ લોકોના હાડમાંસમાં વ્યાપી ગયેલા અદ્વૈત મત સમાન હોવાથી કાર્લાઇલ વિષે આપણા હિંદુ લોકોમાં સાહજિક રીતેજ પ્રેમ ઉત્પન્ન થાય છે. અદ્વૈત મત જે પ્રમાણે હિંદુ લોકોમાં સર્વમાન્ય થયો છે, તે પ્રમાણે તે સમસ્ત જગતમા પણ ગ્રાહ્ય થવાનો ઘણો સંભવ છે. હિંદુ લોકોમાં કેવળ અદ્વૈત વાદીઓજ તત્ત્વવેત્તા થઇ ગયા છે એમ નથી. દ્વૈતવાદી, નૈય્યાયિક, 'ऋणं कृत्वा घृतं पिबेत्' એવું કહેનારા ચાર્વાકપંથીઓ, પાખંડ વાદી નાસ્તિક વગેરે સર્વ પ્રકારના લોકો આપણામાં થઇ ગયા છે; પરંતુ ઇતર સર્વ મતો ગ્રાહ્ય નહિ લાગતાં, માત્ર અદ્વૈતમત જ સત્ય એમ વિદ્વાન અને વિચારશીલ યોગીઓને, ભક્તોને અને સાધારણ સમજુ લોકોને લાગે છે એ કેવળ માયાનોજ ખેલ છે એમ કહી શકાશે નહિ. તેમજ માત્ર હિંદુસ્થાનમાજ અદ્વૈત મતનો પ્રસાર છે એમ નથી ખ્રિસ્તી રાષ્ટ્રોમાંનો ખ્રિસ્તી ધર્મ દ્વૈતવાદી હોવા છતાં પણ ત્યા કાઇ થોડા અદ્વૈતવાદીઓ થયા નથી. 'જગત અસત્ય છે અને માયાથી આપણને સર્વ દ્રશ્યો ભાસમાન થાય છે. જીવાત્મા અને પરમાત્મા એકજ છે. ઈશ્વર જળમાં, સ્થળમા, કાષ્ઠમા, પાષાણમા ભરેલો છે.' આવા મતો પ્રતિપાદન કરનારા અનેક લેખકો અને કવિઓ યૂરોપમાં પણ થઇ ગયા છે. પ્રખ્યાત કવિ વર્ડ્ઝવર્થ ખ્રિસ્તી હતો તો પણ તે પ્રહ્લાદની પેઠે સર્વ જડ સૃષ્ટિમા પણ પરમેશ્વરનું રૂપ ઓળખનાર હતો. ઘણા લોકો એમ સમજે છે કે કવિતા એ માત્ર કલ્પના તરંગ છે, તેમાં સત્યની પ્રતીતિ લેશ પણ થતી નથી, પરંતુ તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોની પેઠે કવિના કલ્પના—તરંગમાં પણ સત્ય ભરેલું હોય છે. કવિતા જો માત્ર ચાર ઘડી મોજ કરવાનુંજ સાધન હોત તો તેનું મહત્વ જગતમાં આટલુ બધું વધ્યુ નહોત. વનની શોભા જોઇ વૃક્ષ લતાદિમાં પરમેશ્વરનો અંશ ઓળખી તલ્લીન થવું એ

કાંઈ ગાંડપણનું લક્ષણ નથી. જેમના હૃદયમાં પ્રેમનો અને ઈશ્વર-ભક્તિનો ન્યૂનાધિક અંશ હશે તેમને કવિએ તલ્લીન થઇને કાઢેલા ઉદ્‌ગાર સ્વાનુભવથી સત્ય લાગ્યા વિના રહેશે નહિ. જળમાં, સ્થળમાં, ઈશ્વરરૂપ છે એમ માનનારા લોકોને યુરોપમા પૅન્થીસ્ટ કહેવામાં આવે છે, અને ખ્રિસ્તી ધર્મના મત પ્રમાણે આ અદ્વૈત વાદને અજ્ઞાન અને વિપરીત જ્ઞાનનો ઘોતક ગણુવામાં આવે છે; પરંતુ ખ્રિસ્તી ધર્માચાર્યોની પેઠે અન્ય સમસ્ત ખ્રિસ્તી લોકો "ખ્રિસ્તી ધર્મના મતોજ સત્ય છે" એવો બૂમાટો કરવાને બંધાએલા નહિ હોવાથી પુષ્કળ ખ્રિસ્તી લોકો પણ આ અદ્વૈતવાદના મોહકપણાથી સ્તબ્ધ થઇ જાય છે. શેકસ્પીયર સરખા કવિએ પણ 'We are such stuff as dreams are made of' એવા ઉદ્‌ગાર કાઢ્યા છે અને સર્વ ખ્રિસ્તી મતોનો અનાદર કરીને **માનવ ચરિત એ સર્વ માયાનોજ ખેલ** છે એમ કહ્યું છે, એ ખરેખર અદ્વૈતવાદને માટે પરમ ભૂષણાવહ છે. યૂરોપમાં અદ્વૈત વાદનો પ્રથમ ઉદય જર્મનીમાં થયો. યૂરોપીય તત્ત્વજ્ઞાનીઓએ તેને આઇડિયૅલિઝમ એવું નામ આપ્યું છે. જર્મનીમાં આ આઇડિયૅલિઝમનો પ્રકાશ કરનાર ફિક્ટ નામનો મહાન વિદ્વાન્ હતો. કાર્લાઇલે જર્મન ગ્રંથકારોની સાહાય્યથી જ પોતાના ઘણા મતો નિશ્ચિત કર્યા હતા, અને તેણે 'સાર્ટર'માં જર્મન આઇડિયૅલિઝમને અનુસરીનેજ આ મહાન વાદગ્રસ્ત પ્રશ્ન વિષે ઉહાપોહ કર્યો છે. નિમ્નલિખિત વચનો કાર્લાઇલના 'સાર્ટર' માંથી ભાષાંતર કરીને ઉદ્ધૃત કરવામાં આવ્યાં છે. અમે ઉપર જે વિધાન કર્યું છે તેનું સમર્થન આ વચનો દ્વારા થશે.

"સર્વ દૃશ્યો એ ચિન્હો કિંવા સાંકેતિક પદાર્થો છે. આપણે જે જોઇએ છીએ તે સ્વબલથીજ પોતાના સ્થાનપર સ્થિત છે એમ નથી. વસ્તુતઃ તે અસ્તિત્વમાં પણ નથી. સર્વ જડ વસ્તુઓ કેવળ

મનની કલ્પનાથીજ આપણને ભાસમાન થાય છે. આકાશ અને પૃથ્વી કાળાંતરે નષ્ટ થઇ જશે. જે જે વસ્તુઓ ઈંદ્રિયગમ્ય છે તે તે કેવળ તેનાં બાહ્ય આવરણો—ઢાંકણોજ છે. તે પ્રત્યેકમા પરમેશ્વરનો અંશ છે. સર્વ જડ દ્રવ્યો અક્ષય્ય બ્રહ્મ રૂપને વસ્ત્રની પેઠે ઢાંકી દે છે. માટે કપડા સબધી તત્ત્વજ્ઞાનનું જો આપણે એકાદ શાસ્ત્ર રચીએ તો તેમા સર્વ શાસ્ત્રોના સાર આવશે. ”

‘ સાર્ટર રિઝાર્ટસ ’ માં બીજો મહત્વનો પ્રશ્ન એ છે કે ‘ મનુષ્યનુ આ જગતમા ઇતિકર્તવ્ય શુ છે ? ’ કાર્લાઇલની પૂર્વેના ઇગ્લાડના તત્ત્વવેત્તાઓ ‘ સુખ ’ સપાદન કરવુ એ મનુષ્યનુ ઇતિકર્તવ્ય છે એમ માનતા હતા. આ સુખવાદી તત્ત્વજ્ઞાનીઓને અગ્રેજીમા ‘ યુટિલિટેરિયન ’ કહેવામાં આવે છે અને સુખવાદને માટે ‘ યુટિલિટેરિયૅનિઝમ ’ એવો મોટો શબ્દ છે મનુષ્યના ઐહિક સુખોની વૃદ્ધિ જે જે ઉપાયોથી થાય તે તે ઉપાયો મનુષ્યોએ, રાષ્ટ્રોએ તથા મુત્સદ્દીઓએ અમલમાં આણવા અને જે દ્વારા મનુષ્યના સુખની હાનિ થાય તે માર્ગ રદ કરી વર્જ્ય કરવા એવો આ ‘ યુટિલિટેરિયૅનિઝમ ’ નો અર્થ છે. કાર્લાઇલની પૂર્વેના કાળમાં સુખવાદીઓ આવોજ ઉપદેશ લોકોને આપતા હતા. વળી તેમનો એક બીજો સિદ્ધાંત એવો હતો કે “ જેટલા અધિક લોકોને જેટલુ અધિક સુખ આપી શકાય તેટલુ આપવું. ” જો માત્ર સુખનેજ મનુષ્યનુ ઇતિકર્તવ્ય માનવામાં આવે તો “ હું મારૂં સુખ વૃદ્ધિંગત કરૂ છુ માટે હું વધપુરુષ છુ ” એમ જે તે મનુષ્ય કહેવા લાગે અને માત્ર સ્વહિત સાધનાર જ સાધુ મનાઇ બેસે. આ એકલપેટાપણું અટકાવવાને માટે ઉક્ત સુખવાદીઓએ ઉપર્યુક્ત સિદ્ધાંત સ્થાપિત કર્યો હતો, કે જેથી માત્ર પોતાનાંજ સુખની વૃદ્ધિ કરનાર મનુષ્યને જગહિતૈષી માનવામાં આવે નહિ. જેથી ‘ બને તેટલા મોટા સમુદાયને બને તેટલું

અધિક સુખ આપવું' એ સિદ્ધાંત સુખવાદી તત્ત્વજ્ઞાનીઓનો આધારસ્તંભ થઇ પડયો અને સુખાર્થે જન્મભર દોડાદોડી કરવી એ મનુષ્યના ઇતિકર્તવ્યનો પાયો થયો. આ સુખવાદપર ઇંગ્લાંડના પુષ્કળ વિદ્વાનોનો દીર્ઘકાળ પર્યંત આધાર હતો. બૅંથેમ, ઑસ્ટિન અને સૌથી અધિક પ્રસિદ્ધ મિલ, એ આ પ્રકારના સુખવાદીઓના અગ્રેસર હતા. આ પ્રમાણે સુખનેજ જો મનુષ્યનું ઇતિકર્તવ્ય માનવામાં આવે તો સુખવૃદ્ધિ અર્થેજ સર્વત્ર પ્રવૃત્તિ મચી રહે તેમા શુ આશ્ચર્ય? આથી બને તેટલું અધિક સુખ શી રીતે મેળવવું તે પ્રત્યેજ સર્વની દ્રષ્ટિ લાગી રહી. યંત્રશાસ્ત્રની પ્રગતિ, નાના પ્રકારની જણસો તૈયાર કરવાનાં કારખાના, વ્યાપારવૃદ્ધિ, રાષ્ટ્રનો વૈભવ વધારનાર નાના પ્રકારના ધંધા રોજગાર ઇત્યાદિ એકદેશીય સત્યતાના ઉપાયનુંજ અવલંબન કરીને ઇંગ્લાંડના લોકોએ તે પ્રમાણે વર્તનક્રમ શરૂ કર્યો. આથી તેમની બાહ્ય સંપત્તિ જો કે પુષ્કળ વૃદ્ધિગત થઇ ખરી, પરંતુ વાસ્તવિક સુખ જે માનસિક સંતોષ, તે તેમને પ્રાપ્ત નહિ થયાથી ઇંગ્લાંડના લોકો પૂર્વે કરતાં કાંઇ અધિક સુખી થયા નહિ. વળી આ બાહ્ય સંપત્તિની વૃદ્ધિનો પણ સર્વ લોકોને ભાગ મળ્યો નહોતો. મોટાં કારખાનાંવાળાઓ અને પરદેશની સાથે આયાત નિકાશનો વ્યાપાર કરનાર વણિક લોકોનેજ માત્ર એ અગાધ સંપત્તિ પ્રાપ્ત થઇ. **શ્રીમંત લોકો અધિક શ્રીમંત થતા ચાલ્યા, પરંતુ રંક લોકો વિશેષ રંક થતા ગયા.** સાધારણ રીતે જેઓ ખાઇ પીને સુખમાં દિવસ નિર્ગમન કરતા હતા તેમનો પણ સંતોષ પલાયન કરી ગયો અને વ્યાપારથી ગબ્બર થયેલા ધનાઢ્ય લોકોની વિપુલ સંપત્તિ તથા વૈભવ જોઈ તેઓ દિવસાનુદિવસ મનમાં હતાશ અને અસંતુષ્ટ થવા લાગ્યા. જે ને તે ધનનીજ પૂઠે લાગ્યા. રાષ્ટ્રીય સંપત્તિ વૃદ્ધિગત થઇ. યંત્રશાસ્ત્ર વિશેષ પૂર્ણતા પર આવવા લાગ્યું. આગગાડી થઇ, તાર

નિકળ્યા, અને જે તે ઐહિક સુખની પાછળ દોડવા લાગ્યા; પરંતુ **વાસ્તવિક સુખ કે જે મનના સમાધાનમાંથી ઉત્પન્ન થાય છે તે તો તેમનાથી દૂરનું દૂરજ જવા લાગ્યું.** ધર્મ પરની શ્રદ્ધા પણ શિથિલ થવા લાગી, કારણ કે મિલ જેવા સુખવાદી તત્ત્વવેત્તાઓ સ્પષ્ટ રીતે નાસ્તિક મતવાદી હતા; અર્થાત્ ઇશ્વર હશે કે નહિ હોય એવું શંકાશીલપણું ધરાવનાર હતા. નાસ્તિક અને સંશયવાદી ગુરુ રાષ્ટ્રને મળતાં અને માત્ર ઐહિક સુખજ મનુષ્યનાં ઇતિકર્તવ્યના મહત્પદપર આરૂઢ થતાં અજ્ઞાનવશ જનસમૂહની ધાર્મિક સ્થિતિ કેવી થઇ હશે તેની કલ્પના સહજ થઇ શકે એમછે. પ્રથમ કેટલાક સમય પર્યંત નવીન સંપત્તિના મદથી અંધ થઇ ઇંગ્લાંડ ઐહિક સુખાનુભવમાં તલ્લીન થઇ ગયુ, પરંતુ પાછળથી જ્યારે સર્વ લોકોજ પૈસાની પૂઠે લાગી અસતુષ્ટ બન્યા અને કંગાલ લોકો "ખાવાનું આપો, નહિ તો નિદાન ધધો તો આપો" એવો પોકાર પાડવા લાગ્યા ત્યારે આખ પરનાં પડળ જરા ખુલ્લા થયાં અને સમજુ લોકો જાગૃત થવા લાગ્યા. આ સમય પૂર્વે પણ થોડાક વિચારવત મનુષ્યોને તો "ઇંગ્લાંડના આગેવાનોની દિશાભૂલ થાય છે" એમ વિદિત થઇ ચૂકયું હતું, પરંતુ મૂર્ખાની બજારમાં શાણા મનુષ્યોના શાણપણનું શુ ચાલે? 'विशेषत शास्त्रविदां समाजे विभूषणं मौनमपंडितानाम्' એ વિધાન સત્ય છે, પરંતુ તેની વિરૂદ્ધ પણ બીજો એક સિદ્ધાંત છે. મૂર્ખના સમાજમાં શાણા પુરૂષે પોતાનું મુખ બંધ રાખવુંજ યોગ્ય છે; નહિ તો બગલાની સભામા રાજહંસજ બગ ઠરશે. એ વાત ખરી છે; જ્યારે પુષ્કળ લોકોને આ સુખવાદીઓના તત્ત્વજ્ઞાન પ્રમાણે વર્તન કર્યાનાં વિપરીત પરિણામ. દ્રષ્ટિગોચર થવા લાગ્યાં ત્યારે પછી એવું મૌન ધરવાનુ કારણ રહ્યુ નહિ. જેથી કાર્લાઇલના મતો પ્રકટ થવાને માટે આજ સમય યોગ્ય હતો. ઉપર જે વિપરીત પરિણામ આવવા વિષે ઉલ્લેખ કર્યો

છે તેમાંનું અત્યંત અનિષ્ટ પરિણામ એ હતું કે કોઇને કોઇની સાથે પ્રેમભરિત સંબંધ રહ્યો નહિ. કારખાના વાળા શેઠો ગબ્બર થયા પૂર્વે ઇંગ્લાંડના શ્રીમંત લોકો બહુધા જમીનદાર અમીરો હતા, અને યાંત્રિક કારખાનાંઓની વૃદ્ધિ થઇ તે પૂર્વે ઇંગ્લાંડમાં શ્રીમંત અને ગરીબ લોકો વચ્ચેનો સંબંધ પિતા પુત્રવત્ હતો. જમીનદાર અમીર લોકો બહુધા પોતાના વતનમાંજ રહેતા હતા. તેમની જમીન ખેડનાર લોકો તેમને પોતાના પુત્રવત્ લાગતા હતા. ઉભય વચ્ચે સ્નેહભાવ અને પ્રેમભાવ હતો. પાક ઓછો ઉતરતો તો જમીનદારો પોતાના ખેડુતોને છૂટ આપતા હતા. લગ્ન પ્રસંગે તેમને સાહાય્ય કરતા. તેમના ખર્ચથી ખેડુતોનાં છોકરાંને શિક્ષણ મળતું. એકંદરે ઉભયને પરસ્પરની ગરજ હોવાથી ઉભયના મનમાં પરસ્પર પ્રત્યે પ્રેમભાવ રહેતો. સિવાય, જમીનદારોને ઠાઠ માઠ સહિત રહેવાનો પરંપરાગત રિવાજ હોવાથી તેઓ પુષ્કળ નોકર ચાકર રાખતા હતા. આથી તે સમયે ઇંગ્લાંડ દેશમાં અન્નને માટે ટળવળતા ભિક્ષુકો ઘણાજ થોડા હતા; પરંતુ કારખાનાની વૃદ્ધિ થતાં આ સર્વ સ્થિતિ બદલાઇ ગઇ. કારખાનાના મજુરોને જેમ તેમ ઉદરનિર્વાહ કરવા જેટલા પૈસા મળવા લાગ્યા. કારખાનાના સ્વામી અને તેમની આંખો કદી ભેગી થતી નહિ. એકાદ મુકાદમજ તેમનો સ્વામી બની બેસતો. અણીના પ્રસંગે કારખાનાવાળો ઉપયોગી થઇ પડવાનો નહિ. સિવાય વ્યાપાર મંદ હોય અને મિલ બંધ કરવાનો પ્રસંગ આવે તો મિલ માલિક સેંકડો મજુરોને લાત મારીને હાંકી કાઢે. આથી તે સર્વ માણસો અન્નને માટે ટળવળવા લાગે અને કામ કરવાની ઇચ્છા હોવા છતાં પણ તેમની મજુરીની કારખાનાવાળાને જરૂર નહિ હોવાથી બિચારા ગરીબ મજુરો અત્યંત દરિદ્ર અવસ્થામાં આવી પડે. કોઇને પણ બારણે ઉભા રહેવાનો તેમને માર્ગ રહે નહિ અને રાજદ્વારી પુરૂષો

તથા પાર્લામેંટના સભ્યો તેમને કહે કે તમે તો સ્વતંત્ર લોક છો કામ શોધી કાઢવાને માટે તમને દશે દિશાઓ મોકળી છે. તમે કોઇના બાંધેલા ગુલામ નથી. આ વિચિત્ર સ્થિતિ સબંધે કાર્લાઇલ નીચે પ્રમાણે ઉદ્ગાર કાઢે છે. ' એકાદ હૃષ્ટ પુષ્ટ અને મજબુત બાંધાના ઘોડાની બજારમા ૫૦૦ રૂપિયા કિમ્મત ઉપજે છે. જગતને તેની એટલી મોટી યોગ્યતા લાગે છે; પરંતુ એકાદ બળવાન અને સશક્ત માણસ જગતને તુચ્છ લાગે છે. તેની કાંઇ પણ કિમ્મત ઉપજતી નથી એટલુંજ નહિ, પરંતુ તે વિષ ખાઇને કિંવા ફાંસો ખાઇને અથવા કોઇ પણ પ્રકારે મરી જાય અને સરકારને ખાવાનુ આપો, ખાવાનુ આપો, એવા પોકાર કરીને કંટાળો નહિ આપે તો તેમ કરવાને માટે આપણે ઉલટા તેનો આભાર માનીએ છીએ કિંવા તેને કાઇક રકમ પણ આપીએ છીએ. પરંતુ ઘોડો અને માણસ એ બેમાથી કોને વિશેષ અકકલ ખર્ચીને ઈશ્વરે બનાવ્યો છે? જે માણસને બે કુશલ હાથ, મજબૂત પગ અને અજાયબી ભરેલું મસ્તિષ્ક પ્રાપ્ત થયું છે તેની કિમ્મત મારા મત પ્રમાણે પચાસ અરબી, ઉમદા, તેજી ઘોડા કરતા એક પાઇ પણ ઓછી નથી. "

સુખવાદીઓના મૂળતત્ત્વનું પણ કાર્લાઇલે અતિ માર્મિક રીતે ખંડન કર્યું છે. ધારો કે જનસમૂહને સુખ આપવું એજ આપણું, સમસ્ત રાષ્ટ્રનુ અને સરકારનુ કર્તવ્ય છે: પરંતુ જનસમૂહ સુખી થયો એમ ક્યારે સમજવુ? કોઇ કહેશે કે પેટભર અન્ન અને અંગભર વસ્ત્ર મળ્યાં એટલે આપણે સુખી થયા. આજે જેને અર્ધું પેટ ભરીને અન્ન મળતું હોય કિંવા ઉપવાસ કરવો પડતો હોય તેને કાલે પેટ ભરીને અન્ન મળે એટલે તેને સુખ થાય એમાં શંકા નથી, પરંતુ કેટલાક દિવસ પર્યંત એ પ્રમાણે ચાલ્યા પછી એટલાથી પણ તેને સુખ થવાનુ નહિ. તે કહેશે કે હવે મને રહેવાને માટે સાધારણ

નાનુંસરખું ઘર મળે તો ઠીક. ઘર મળ્યા પછી તેને લાગશે કે આપણને ગાડી ઘોડો મળે તો ઠીક, કારણ કે દરરોજ જ્યા ત્યા પગ તોડવામાં ઘણો ત્રાસ સહન કરવો પડે છે. વારુ, ગાડી ઘોડો મળ્યો, તો પછી લાગશે કે રબરટાયરના પૈડાં હોય તો ઠીક, કારણ કે આ સાદી ગાડીમાં બેસવાથી ધક્કા લાગે છે અને સમસ્ત હાડકાં પાંનળાં ખોખરા થઈ જાય છે. વળી સુખ એ કોઇ એક અમુક વસ્તુદ્વારા પ્રાપ્ત થાય એમ નથી. એક પ્રકારનું સુખ મળ્યું કે બીજા પ્રકારના સુખની વાચ્છના થાય છે. રસ્તામાંના ભિખારીને રહેવાને ઝુપડી નહિ હોવાથી તેને જેટલુ દુ ખ થાય છે, તેટલુજ દુઃખ રાજાને પોતાને પસદ પડે તે સ્થળે પસદ પડે તેવા શુદ્ધ હવાવાળા બ ગલા નહિ હોવાથી થાય છે, માટે એવા **સુખની પાછળ પડવું એ મૃગજળની પાછળ દોડવા સમાન છે. સંતુષ્ટતા કિંવા મનની અસ્પૃહાદ્વારાજ ખરૂં સુખ પ્રાપ્ત થવાની કાંઈક આશા છે.** એ તત્ત્વ મિલ સરખા સુખવાદીઓને બિલકુલ સમજાયુ નહોતુ. તે કાર્લાઇલે અગ્રેજ લોકોને જણાવ્યુ. સ્પષ્ટીકરણાર્થે તેના નિમ્નલિખિત શબ્દો જુઓઃ—

"મોટા જનસમૂહને સુખી કરવાની વાત રહેવા દો. એકાદ ક ગાલ હજામને કિવા ઝાડુ વાળનારને પૂર્ણ સુખી કરવાનો ઇજારો લેવાને કોઇ તૈયાર હોય તો કહો. યૂરોપના સમસ્ત રાજ મ ત્રીઓ, ખજાનચીઓ, પિ જારાઓ અને કદોઇઓ મળીને એકાદ મ ડળ ઉભુ કરે તો પણ તે એકાદ જેવા તેવા ઝાડુ વાળનારને પણ પૂર્ણ સુખી કરી શકશે નહિ. બહુ બહુતો એક બે દિવસ યથેચ્છ ખાવા પીવાનું મળ્યાથી તેને સુખ થયા જેવું લાગશે ખરૂ, પરતુ તે પછી તરતજ તે અસંતુષ્ટ અને દુ ખી થશે. જો કે તે એક ઝાડુ વાળનાર છે, તો પણ તેને કેવળ પેટ જ નથી પરતુ આત્મા પણ છે. અને **જેને જેને આત્મા છે, તેને તેને ઈશ્વરનું અખિલ વિશ્વ જ્યારે**

તાબામાં આવે ત્યારેજ પૂર્ણ સુખ મળશે. અર્થાત્ જ્યારે તે ઈશ્વર રૂપમાંજ વિલીન થશે ત્યારેજ તેને પૂર્ણ સુખ મળશે, પૂર્વે નહિ. પરંતુ આ આત્માને એક બાજુએ રાખો, અને ધારો કે ઝાડુ વાળનારને માત્ર પેટજ છે. તમે તેને માટે આજે ઉત્તમ ખાનપાનના સાગરના સાગર મોકળા કરી મૂકો અને તેનું મુખ બકાસુરના જેવડું મોટું બનાવો; તો પણ તે પૂર્ણ સુખી થશે કે' તે કહેશે કે તે ખાનપાન સારાં છે, ખરાબ નથી; પરંતુ તે બરાબર પાચન થતાં નથી જેથી જરા વધારે ઉત્તમ અને પાચન થાય તેવા ખાનપાન હોત તો ખૂબ બહાર આવત. કિંવા તેને અર્ધ વિશ્વનો રાજા કરો, કે તે તરતજ બીજા અર્ધ વિશ્વના રાજાની સાથે લડવાને પ્રવૃત્ત થશે. અર્થાત્ તે સુખી નહિ થવાનો તે નહિજ."

"સુખ વિષેની જે કામના અને નાદ મનુષ્યોને ઉત્પન્ન થયો છે તે અત્યંત ચમત્કારિક રીતે ઉત્પન્ન થયો છે. આપણે આપણી કલ્પના અને અનુમાનથી ઐહિક સુખની ગમે તે એક હદ ઠેરવીએ છીએ, અને તેટલુ સુખ તો આપણને હકથીજ મળવું જોઇએ એવી આપણે કલ્પના કરી લઇએ છીએ. સો રૂપીઆનો પગાર આપણને મળે તો આપણે એમ ધારી લઇએ છીએ કે આટલો પગાર આપણા ગુણ પ્રમાણે સર્વથા યોગ્ય છે અને એ માટે ઈશ્વરનો આભાર માનવાની કાંઇ આવશ્યકતા નથી. આ સો રૂપિઆપર કાંઇક રકમ વિશેષ મળે કિંવા ઠરાવેલા સુખ ઉપરાંત કાંઇક વિશેષ સુખ મળે તો આપણે આપણને કિંચિત્ વિશેષ સુખી માનીએ છીએ, પણ જો તે નિયત પરિમાણમાં કાંઇ ન્યૂનતા આવી તો લાગલાજ આપણે દુઃખી થઇએ છીએ. આપણે આપણા ઉપરજ બડબડીએ છીએ કિંવા આપણી અહદશાને ગાળો ભાંડીએ છીએ, પરંતુ આપણે એવો વિચાર કરતા નથી કે આપણે આપણા હકપુરઃસર સુખની

જે કાંઇ હદ ઠેરવીએ છીએ તે ઠેરવવાનો આપણને શો અધિકાર છે? અમુક હદ પર્યંત આપણને સુખ મળવુંજ જોઇએ કિંવા અમુક એક આંકડા પર્યંત આપણને મહિનો કિવા વર્ષાસન મળવુંજ જોઇએ એમ ઠેરવવાનો આપણને શો અધિકાર છે? જગ-તમાંની કોઇ પણ સંપત્તિ પર આપણો હક છે એવી જે આપણી સમજ છે તેજ દુઃખનું મૂળ છે. આ હક પુરઃસર સંપત્તિ કરતાં જરા ન્યૂન સંપત્તિ મળી કે આપણે રોદન કરવા બેસીએ છીએ. પ્રત્યેક મૂર્ખ મનુષ્ય આવી સ્થિતિમાં કહે છે કે "જુઓ તો ખરા આ કેવો સ્પષ્ટ અન્યાય છે! મારા જેવા ગુણવાન મનુષ્યની આજ દશા થઇને!" આવા પ્રત્યેક મનુષ્યને હું પ્રશ્ન કરૂં છું કે તારા ગુણ તું જેટલી કિમ્મતના ગણે છે તેટલી કિમ્મતના વસ્તુતઃ તે છે કે? આ તો તું જાણી જોઇને માત્ર દુઃખજ વ્હોરી લે છે. આ દુઃખ તે તારા મિથ્યાભિમાનનુંજ પરિણામ છે. તું એમજ ધારી લે કે આજે તો મારી ફાંસીએ ચઢવાનીજ યોગ્યતા છે. જો તું આ પ્રમાણે માનશે તો તને ફાંસીએ ચઢાવવા કરતાં ગોળીએ ઉડાવવાથી વિશેષ સુખ થશે."

"એકંદરે મારૂ કહેવુ એટલુંજ છે કે તમે આ જગતમાં કોઇ પણ સંપત્તિ પર આપણો અધિકાર છે એમ કિંચિત્ પણ ધારશો નહિ. સુખ મેળવવાનો કિવા ધન મેળવવાનો આપણો દૈવી હક છે એમ કદિ પણ માનશો નહિ. સુખના શૂન્ય અંશ પર આપણો હક અને આપણી ઇચ્છા આણી મૂકી એટલે જગત આપણા પગ આગળ આવીને આળોટશે. એટલે પછી દુઃખનો અંશજ રહેશે નહિ. એટલા માટેજ કોઇ એક શાણા ગ્રંથકારે જણાવ્યું છે કે "મનની પૂર્ણ નિસ્પૃહતા થાય છે ત્યારેજ મનુષ્યના ખરા આયુષ્યક્રમનો અને તેના કર્તવ્યનો આરંભ થાય છે."

'ફળની અપેક્ષા નહિ રાખતાં કર્તવ્ય કરવું' એવુ જે ગીતાનું અને સમસ્ત હિંદુ સાધુ પુરુષોનું પોકાર કરીને કહેવુ છે તેમાં અને કાર્લાઇલના ઉપર્યુક્ત કથનમાં એટલું બધુ સામ્ય છે કે તે ઉભયની એકવાક્યતા સ્પષ્ટ રીતે પ્રતીત થાય છે **ફળપર જેનો કાંઇ આસક્તિ નહિ હોય તેજ પુરૂષ કાંઇ કર્તવ્ય કરી શકે છે.** ફળપર દ્રષ્ટિ રાખી એટલે તે નિરાશા પ્રાપ્ત થયા વિના રહેશેજ નહિ. દરેક વખતે કર્મનું ઇચ્છિત ફળ પ્રાપ્ત થતું નથી. ફળ નહિ મળે એટલે મનુષ્ય દુખી થાય છે. તે દુઃખી થાય છે એટલે તેના મનની સ્થિરતા નષ્ટ થાય છે, ઉત્સાહ અને હોશ જતી રહે છે અને હાથ પગ શિથિલ થાય છે મનુષ્ય આ પ્રકારે માનસિક અને શારીરિક એ ઉભય બાજુથી લૂલો પાગળો થાય એટલે પછી તે શુ ધાડ મારે? પરિશ્રમ કર્યા છતા નિષ્ફળના પ્રાપ્ત થાય તો મનુષ્યના દુઃખ અને નાઉમેદીનો પાર રહેતો નથી, પરતુ **જો ફળપર દ્રષ્ટિજ ન હોય તો એકને બદલે પચાસ વખત નિષ્ફળતા મળયા છતાં દુઃખને માટે અવકાશજ રહેતો નથી. આપણે યોગ્ય કર્તવ્ય કર્મ કર્યો એજ આપણું ફળ અને એજ આપણું પારિતોષિક સમજી તેમાંજ સુખ અને તેમાંજ આપણી ઇચ્છાની પૂર્ણતા ગણવી જોઇએ.** આમ કરવાથી નિ-રાશાનુ કારણ રહેતું નથી, નાઉમેદીને અવકાશ રહેતો નથી અને રોદન કરવાની ગરજ રહેતી નથી. **ફળપર દ્રષ્ટિ નહિ રાખી સત્તર હજાર ઉથલપાથલ કરનાર મનુષ્ય પ્રવૃત્તિહીન સન્યાસી કરતાં શતપટ અધિક વંદ્ય છે અને તેનેજ ખરો સન્યાસી કહેવો જોઇએ.** આજ તત્ત્વ પર બ્રહ્મેંદ્ર સ્વામીને સાપ્રત પુષ્કળ લોકો મહાપુરુષોની પંક્તિમા બેસાડે છે. તેનો **વ્યાજ વટાવનો ધંધો, સ્વાદિષ્ટ ભોજન અને બારિક વસ્ત્રો ઇત્યાદિ બાહ્ય વસ્તુઓ**

પ્રત્યે જો તેને ખરેખર આસક્તિ નહિ હોય અને જો તે તેને કેવળ ઔપચારિક તરિકેજ ગણતો હોય તો તેને સાધુ-કોટિમાં આસન આપવાને કાંઈ જ હરકત નથી. શાલ દુશાલાને બદલે પંચીઉ અને સ્વાદિષ્ટ મિષ્ટાન્નને બદલે સુકો રોટલો તેને મળે તે છતાં પણ તેને ક્રોધ, સંતાપ કિંવા દુઃખ નહિ થવું જોઇએ; પરંતુ આ વિષયાંતર થાય છે. વિષયના ઓઘમાં બ્રહ્મેંદ્રના નામનુ સ્મરણ થવાથી ચાર શબ્દો તેને વિષે લખવા પડયા.

'ફળપર દ્રષ્ટિ નહિ રાખી કર્મ કરવું' એ સિદ્ધાંત ઉપર ઉપરથી જોવામાં અતિ મોહક છે અને તે પ્રમાણે ચાલનાર પ્રત્યેક મનુષ્ય આદરને પાત્ર છે એ વાત સત્ય છે, પરંતુ વ્યવહારમાં આ સિદ્ધાંત અનુસાર કોણ ચાલે છે તે નિશ્ચિત કરવુ કઠિન છે. પુષ્કળ **સ્વાર્થી લોકો અમો આ સિદ્ધાંત પ્રમાણે ચાલીએ છીએ એવો ડોળ ઘાલે છે.** હું અનેક ઉથલપાથલ કરૂં છુ અને પૈસા મેળવુ છુ એ વાત ખરી છે, પરંતુ મનમા હું સંપૂર્ણત નિરિચ્છ છુ એમ ગમે તે માણુસ કહી શકે એમ છે? **વળી કેટલાક લોકો પોતાના સંસાર પસારાનું અત્યંત નિર્લજ્જ રીતે સમર્થન કરે છે.** તેઓ કહે છે કે "કૃષ્ણ સહસ્રાવધિ નારીઓના પતિ હોવા છતા પણ બ્રહ્મચારી અને યોગી ગણાય છે. અને અમે તો માત્ર સંસારનો નાનો સરખોજ પસારો માડયો છે. જો કે **અમે ઉપર ઉપરથી જોતાં સંસારમાં સર્વથા લીન થઈ ગયેલા જણાઇએ છીએ તો પણ અમે અંતરમાં તો અરણ્યમાં બેઠેલા સાધુ કરતાં પણ વિરક્ત અને નિરિચ્છ છીએ**" આવાઓના મ્હોડા પરજ તેમને લુચ્ચા કહેવાની કોઇની હામ ચાલતી નથી. લોકોનુ અંતર કાચ નળી મૂકીને તપાસી શકાતુ નથી તો પણ તેમના ઇતર વર્તનોપરથી તેમની વિરક્તતા કિંવા આસક્તિ સાધારણતઃ નિશ્ચિત

કરી શકાય છે. હવે કેટલીકવાર બેશરમ, લુચ્ચા, ભામટા અને હાથચાલાકી કરનારા લોકો પણ સાધુ તરિકે જનસમાજમાં પ્રસિદ્ધ થાય છે, પરંતુ આ સાધારણ જનસમાજનાં અજ્ઞાન અને અંધપણાનુંજ પરિણામ છે. કોઈ પણ ઉત્તમ અને ગુણકારી વસ્તુની નકલો તો નીકળવાનીજ. સુવર્ણ સર્વ માણસોને જોઈએ છે, તેથી બનાવટી સુવર્ણ પણ નીકળે છે. સાધુ પુરુષોને સૌ ભજે છે, તેથી ઢોંગી લોકો પણ સાધુપણાનો ડોળ કરે છે. એક ઔષધ રામબાણ ઔષધ તરિકે પ્રસિદ્ધ થયું કે તેના નામમા થોડા ફેરફાર સહિત બીજાં પચાસ ઔષધો નીકળે છે. એટલુંજ નહિ, પરંતુ વર્તમાનપત્રોમાં પુષ્કળ જાહેર ખબર આપનાર વૈદ્યોનાં નામ જેવાં નામ રાખનાર નામધારી વૈદ્યો પણ નીકળ્યા છે. આ કારણથી 'વિશેષ સૂચના' પણ આપવી પડે છે, તે છતાં પણ ખરા ને ખોટાનો ભય હોતો નથી. કૃત્રિમ સોનું નીકળ્યાથી કાંઇ ખરા સોનાનો ભાવ કમી થતો નથી. તેમ સાધુની મહત્તા કાંઇ ઢોંગી ધૂતારાઓનાં કાળા કારસ્થાનોથી નષ્ટ થતી નથી. તેજ પ્રમાણે એકાદ ઉદાત્ત તત્ત્વનો આધાર ગ્રહણ કરી સ્વાર્થી લોકો સ્વાર્થ સાધે તો પણ તે ઉદાત્ત તત્ત્વની મહત્તા કમી થતી નથી 'ફળ પર દ્રષ્ટિ નહિ રાખતાં અમે કર્મ કરીએ છીએ' એમ કહેનારા પાખંડી લોકો થોડા દિવસ પર્યંત લુચ્ચા તરીકે પ્રસિદ્ધ થતા નથી તો પણ અંતે ગમે ત્યારે પણ તેમનું પોગળ ખુલી જાય છે. કર્મના ફળનો તે શી રીતે ઉપયોગ કરે છે તે જોયુ એટલે થયુ. અત્યંત પરિશ્રમ કરી તેનુ ફળ જે દ્રવ્ય સંચય તેનો સંપૂર્ણ ઉપયોગ જો તે મોજશોખમા કરે કિંવા તેને પોતાની સંતતિના કલ્યાણાર્થે 'ગવર્નમેન્ટ સીક્યુરીટી' મા મૂકે તો ફળની અનાસક્તિ વિષે તે ગમે તેટલી તતુડી વગાડે તોપણ તેને સ્વાર્થી જગભક્તની કોટિનાજ ગણવા જોઇએ.

'સાર્ટર રિઝાર્ટસ' માં બીજો એક મહત્વનો મુદ્દો ઈશ્વરના અસ્તિત્વ વિષે છે. કલ્પિત જર્મન પ્રોફેસર ટયૂફલ્સડ્રૉકની ઈશ્વરના અસ્તિત્વ વિષેની માન્યતા ક્રમશઃ કેવી બદલાતી ગઇ તેનું કાર્લાઇલે ત્રણ અધ્યાયમાં યથોચિત વર્ણન કર્યું છે. ઈશ્વરના અસ્તિત્વ વિષેના તે પ્રોફેસરની ત્રણ ભિન્ન ભિન્ન માનસિક સ્થિતિઓ કાર્લાઇલે આપી છે. આ ત્રણે સ્થિતિઓ સાધારણતઃ પ્રત્યેક મનુષ્યના મનની હોય છે. પ્રત્યેક વિચારવંત મનુષ્ય એકદમ જ ઈશ્વરપર શ્રદ્ધા રાખતો નથી. કેટલાક દિવસ સુધી તેના મનની સ્થિતિ સાધારણ રીતે નાસ્તિક-પણાનીજ હોય છે. પછી નાસ્તિકપણા દ્વારા મનમાં અસ્વાસ્થ્ય ઉત્પન્ન થાય એટલે સંશયયુક્ત દશામાં મન આવે છે, અને "ઈશ્વર હોવોજ જોઇએ, તે નહિ હોય એમ કહી શકાતું નથી" એમ તે બોલવા લાગે છે. પાછળથી તેની આ સંશયાત્મક વૃત્તિ પણ છૂટી જાય છે અને તેને ઈશ્વરપર દૃઢ વિશ્વાસ ચોટે છે. હવે આ વાત સત્ય છે કે કેટલાક લોકો નિરીશ્વરવાદ અને સંશયવાદ આ ઉભય ભૂમિકાપર પગ મૂક્યા વિના એકદમજ ત્રીજી પૂર્ણ વિશ્વાસની ભૂમિ-કાપર આરૂઢ થાય છે, પરંતુ તેનાં કેટલાંક કારણો છે. ઘણા લોકો એવા હોય છે કે તેમનામા સ્વતંત્ર વિચાર કરવાની શક્તિ કિવા ઉત્સાહ હોતો નથી, આવા લોકો ગતાનુગતિક રીતિથી વૃદ્ધ અને અનુભવી મનુષ્યોના શબ્દપરજ વિશ્વાસ મૂકી ઈશ્વર વિષે સંપૂર્ણ શ્રદ્ધા રાખે છે, પરંતુ આવી રીતે **કેવળ અંધપરંપરાથી ઈશ્વર પર શ્રદ્ધા રાખવી એ મન અને વિચાર શકિતની ક્ષુદ્રતાનું લક્ષણ છે.** જે સ્વતઃ વિચાર કરી પોતાની અશ્રદ્ધા અને સંશયને હાંકી કાઢે છે તેનાજ હૃદયમાં ઈશ્વર પ્રત્યે ખરી શ્રદ્ધા રહેલી હોય છે. પાણી એ હાઇડ્રોજન અને ઑક્સિજન વાયુનું મિશ્રણ છે એમ કેવળ જેણે સાંભળેલુંજ હોય છે તે આ આધિભૌતિક શાસ્ત્રના પ્રયોગસિદ્ધ

નિર્ણય પર ગમે તેટલો વિશ્વાસ મૂકે તો પણ તેણે પ્રત્યક્ષ પ્રયોગ જોયેલો નહિ હોવાથી તેના મનનુ પૂર્ણ સમાધાન થયેલુ હોતુ નથી, પરંતુ જેણે તેનો પ્રયોગ જોયો હોય વા સ્વતઃ કર્યો હોય તેના મનમાં યત્કિંચિત્ પણ સંશય રહેતો નથી તાજમહેલ લક્ષાવધિ લોકોએ જોયો છે અને તેમણે પોકાર કર્યો છે કે તેના જેવી રમણીય અને પ્રેક્ષણીય ઇમારત સમસ્ત પૃથ્વીતલપર ઇતર કોઇ પણ નથી, પરતુ જેમણે પ્રત્યક્ષ સ્વદષ્ટિથી તાજમહેલ જોયો નથી તેઓ ઇતર લોકોપર ગમે તેટલો વિશ્વાસ મૂકે તો પણ તેમના મનમા જરા સંશય રહી જાય છે. તે સ્વતઃ તેને જુએ કે તરતજ તેની સર્વ શકા નિવૃત્ત થઇ જાય છે. આજ કારણથી વિદ્યાર્થીઓને રસાયનશાસ્ત્ર અને પદાર્થવિજ્ઞાનના પ્રયોગ શીખવવામા આવે છે. વાયુનિષ્કર્ષક દ્વારા જે પાત્રમાંથી હવા કાઢી લેવામાં આવી હોય તે પાત્રમા ધ્વનિ જરા પણ કર્ણગોચર થઇ શકતો નથી, આ એક ધ્વનિ શાસ્ત્રનુ અતિ ક્ષુલ્લક મૂળતત્ત્વ છે. આ વાત માનવાનુ કોઇને કહેવામા આવે તો તે જરા પણ આનાકાની કરશે નહિ, પરતુ માત્ર કહેલી વાત પર વિશ્વાસ મૂકવાનુ કહેવા કરતા પ્રત્યક્ષ પ્રયોગ કરી બતાવવાથી તેના મન પર વિશેષ અસર થાય છે. ઈશ્વરના અસ્તિત્વના સબધમા પણ વસ્તુસ્થિતિ આવીજ છે. પોતાના મનથીજ પોતાની શકા, સશય કિવા કુકલ્પનાનો નાશ કરવો જોઇએ. હવે આ વાત સત્ય છે કે કણાદ કિંવા મિલ સરખા મહા વિદ્વાન તત્ત્વવેત્તાઓ મહા વિચારશીલ હોવા છતાં પણ જીવન પર્યંત નાસ્તિક મતવાદીજ રહ્યા હતા. તેમજ હર્બર્ટ સ્પેન્સર સરખા કેટલાક વિદ્વાનો સશયગ્રસ્ત બની સંશયની જાળમાંજ ગુંચવાઇ રહ્યા હતા, પરતુ આવા લોકો થોડા હોય છે. પુષ્કળ લોકો પ્રથમ સંશયવાદી કિંવા નાસ્તિક હોવા છતાં પણ પાછળથી મન વિકાસ પામતાં પરમ શ્રદ્ધાળુ બની જાય છે.

આવા મનુષ્યની કોટિમાંનો કાર્લાઇલનો પ્રોફેસર ટ્યુફ્લ્સડ્રોક હતો. તેની ભિન્ન ભિન્ન સ્થિતિઓ બદલાયાનું કાર્લાઇલે આપેલું વર્ણન અતિ વિચારણીય છે, તેથી તેમાંનાં કેટલાક વાક્યોનો સાર નીચે આપવામાં આવ્યો છે.

પ્રથમ ટ્યૂફ્લ્સડ્રૅાક નાસ્તિક મત તરફ થોડો વળેલો હતો, તેથી તેના મનમાં અત્યંત અસ્વસ્થતા ઉત્પન્ન થઇ. જો ઈશ્વર નથી તો મરણ પશ્ચાત્ મનુષ્યની કેવી સ્થિતિ થાય છે? જગતમાં આપણને જે સર્વ દ્રષ્ટિગોચર થાય છે તેનો જો કોઇ કર્ત્તા નિયંતા નહિ હોય તો પછી આ જગતનો આદિ અંત ક્યાં શોધવો? ત્યારે તો સર્વત્ર અંધકારજ સમજવો, મનુષ્ય મુઓ કે નષ્ટ થયો, પંચતત્ત્વો પંચતત્ત્વોમાં મળી ગયાં, તો પછી મનુષ્યના જીવિતનો ઉપયોગ શુ? મરણનો અર્થ માટીમાં માટી મળી ગઇ એ સિવાય બીજો કાંઇ જો ન થતો હોય તો હમણા ગળુ કાપીને કિંવા વિષ ખાઇને પ્રાણ શા માટે નહિ આપવા? આત્મઘાતમાં તે વળી પાપ શુ? જો કોઈ સર્વ શક્તિમાન શક્તિએ આપણને નિર્માણ કર્યા હોય, આપણને નિર્માણ કરનાર ઈશ્વર હોય અને તે પૂર્ણ જ્ઞાની તથા પૂર્ણ ન્યાયી છે એવી આપણી ખાત્રી હોય તો આત્મહત્યા પાપ ઠરશે. કારણ કે તેણે કાંઇક ઉદ્દેશથી અને શાણપણથી આપેલુ આયુષ્ય આપણે તેની ઇચ્છા વિરૂદ્ધ નષ્ટ કરી દઇએ છીએ, પરંતુ ઈશ્વરનું અસ્તિત્વ નથી એમ માનવાથી આત્મહત્યામાં પાપ લાગતું નથી. કેટલેક દિવસે માટીમાં માટી મળી જવાની હતી તે આપણે હાલજ મેળવી દીધી એટલોજ માત્ર ફરક.

આવા આવા નાના પ્રકારના વિચારો ટ્યૂફ્લ્સડ્રૅાકના મનમાં આવી તેનું મન સંપૂર્ણતઃ ઉદ્વિગ્ન થઇ ગયું. નાસ્તિક મતની છાપ મનુષ્યના મગજ પર પડવાથી તેને આશા રહેતી નથી. આવીજ સ્થિતિ ટ્યૂ-

ફ્રલ્સડૂાકની થઇ. વાસ્તવિક રીતે જોતાં મનુષ્યનું સર્વ જીવિત આશા પર અવલંબી રહેલુ છે. આ સિવાય બીજી અમૂલ્ય વસ્તુ આ જગતમાં કોઇ નથી, માટે આ જગતને 'આશાનું સદન' કહેવું અતિ સયુક્તિક થઇ પડશે. પરંતુ આપણા આ પ્રોફેસરને શી આશા રહી હતી ? આશાનો યત્કિ-ચિત્ અંકુર પણ તેના મનમા અવશિષ્ટ રહ્યો નહોતો. તેની સમસ્ત આશા બળીને ભસ્મીભૂત થઈ હતી. પાછળથી તે અતિ ધાર્મિક અને શ્રદ્ધાવાન થતો ગયો, તો પણ આ સમયે તો તે સંપૂર્ણતઃ અધાર્મિ-કજ હતો એમ કહેતાં કાઇ હરકત નથી. તે સ્વતઃ જણાવે છે કે મારૂં મન સંશયગ્રસ્ત થતું થતું અંતે સંપૂર્ણતઃ નાસ્તિક બન્યુ. મન પર સંશયનાં એટલાં પડ ચોટી ગયાં હતાં કે તે અંધકારમય બની ગયુ અને તેમાં સત્યના પ્રકાશનો પ્રવેશ થવાને યત્કિચિત્ પણ જગા રહી નહિ. માનવ ચરિત સંબધે વિચાર કરનાર પ્રત્યેક મનુષ્યને આ વાત વિદિત થઇ ચૂકીજ હોવી જોઇએ કે નફો તોટો, વ્યાજ મુદ્દલ ઇત્યાદિ વ્યાવહારિક ખટપટ સિવાય, મનુષ્યના જીવિતનો અન્ય પણ કાંઇ ઉદ્દેશ હોવો જોઇએ. માત્ર ઉદરનિર્વાહ પૂરતી કાળજી રાખવાથીજ કાંઇ માનવ જીવનની ઇતિકર્તવ્યતા થતી નથી. માટે ઉદર સિવાય ઉદર કરતાં અતિ મહત્વનો એવો જે જીવાત્મા તેની પણ મનુષ્યે કાઇ કાળજી લેવી જોઇએ. અને જેની આ આત્માના હિત તરફ દૃષ્ટિ વળેલી હશે તેને શ્રદ્ધાના અભાવને લીધે પરાકાષ્ઠાનું દુઃખ સહન કરવું પડે છે. જ્યા સુધી તેનુ મન શ્રદ્ધાહીન હોય છે ત્યાં સુધી તેને કદિ પણ સ્વસ્થતા મળતી નથી. આવી અસ્વસ્થ માનસિક દશામાં તે કહે છે કે "શુ ખરેખર ઈશ્વરનુ અસ્તિત્વ નથી ? અને જો ઈશ્વર હશે તો શુ તે નિદ્રિત અવસ્થામાં હશે ? આવું મોટું જગત નિર્માણ કરીને ઈશ્વર હવે હાથ જોડીને સ્વસ્થ બેસી રહ્યો છે કે શું ? શું તે હમણાં પણ જાગૃત છે ? જેને આપણે ધર્મ કિવા કર્તવ્યકર્મ કહીએ

છીએ તે ઇશ્વરે સ્થાપિત કર્યો હશે કે આપણે આપણા ઐહિક સુખ તથા સગવડને અર્થે નિર્માણ કર્યો હશે? ઉદાહરણાર્થે, પરધન કિંવા પરસ્ત્રીની અભિલાષા રાખવી નહિ તે ઇશ્વરે નિશ્ચિત કરેલા નિયમોનું ઉલ્લંઘન થાય છે એટલા માટે રાખવી નહિ કે સરકાર આપણને તુરંગમાં નાખે એટલા માટે રાખવી નહિ? માત્ર તુરંગનોજ જો ભય હોય તો કોઇ પણ અનાચાર પ્રસિદ્ધિમાંજ નહિ આવ્યો એટલે થયું. જો પરમેશ્વર નહિ હોય અને પરમેશ્વરપ્રણીત કેટલાક વર્તનો સંબંધે મનુષ્યોને બંધ પણ નહિ હોય ત્યારે તો પછી વ્યાવહારિક સગવડ અગવડ પરજ પાપ પુણ્યનો સર્વ નિર્ણય કરવો જોઇએ, પરંતુ માત્ર આવું વિધાન કર્યાથી વિચારવંત મનુષ્યનુ સમાધાન થઇ શકે એમ નથી. કેટલાક લોકો એવા હોય છે કે વ્યાવહારિક ખટપટની પેલી તરફ તેમના વિચારની દોડ પહોંચતી હોવાથી તેઓ વ્યવહાર-માંજ લીન રહે છે અને શાંત તથા સંતુષ્ટ વૃત્તિના રહે છે, આવા કેટલાક હરિના લાલ મૂર્ખ મંડળમાં પણ પ્રાપ્ત થાય છે. જેઓ સ્વભાવતઃ વિચારશીલ હોય છે તેઓ આવા તાત્કાલિક કાર્ય પ્રત્યેજ દૃષ્ટિ રાખીને સ્વસ્થ બેસતા નથી, અને આજ કારણથી તુકારામ જેવા સાધુઓ મનમાં અસ્વસ્થ રહે છે. મન સંપૂર્ણતઃ શ્રદ્ધાવાન બને ત્યાંસુધી તેમના મનમાં એક સરખી રીતે વ્યાકુળતા ચાલી રહેલી હોય છે. જ્યારે એકાદ વિલાસી પુરુષ ચાર દિવસ ઐહિક સુખના ક્ષણિક ઘુંટડા પીને સંપૂર્ણ રીતે સ્વસ્થ ચિત્તે રહે છે. ઇશ્વ-રના અસ્તિત્વ વિષે કિંવા મનુષ્યના આ જગતમાંના કર્તવ્ય વિષે તેના મનમાં યત્કિંચિત્ પણ વિચાર કિંવા શંકા હોતી નથી. ચાર દિવસ પેટ ભરીને ખાવાનું અને મોજ ઉડાવવાનું મળે તેમાંજ તે પૂર્ણ સુખ માને છે, પરંતુ ટયૂક્લસૅાક જેવા સ્વ-ભાવતઃ બુદ્ધિમાન અને વિચારવાન પુરુષને શંકાની પૂર્ણ નિવૃત્તિ કર્યા

સિવાય શી રીતે ચેન પડે ? તે પોતાનું ઉદ્વિગ્ન ચિત્ત શાંત કરવાને માટે પ્રવાસ કરવા લાગ્યો અને આ પ્રવાસમાં તેણે નાનાં સ્થળો તથા ભિન્ન ભિન્ન દેશો જોયા. પ્રસિદ્ધ ઐતિહાસિક સ્થળો, ભયંકર યુદ્ધો જે સ્થળે થયાં હતાં એવાં રણાંગણો, સૃષ્ટિ સૌંદર્યથી પ્રફુલ્લિત થયેલાં પર્વતમય, રમ્ય અને આનંદદાયી સ્થાનો, ઉત્તર સમુદ્રના બરફ-મય કાંઠા પરનાં ગામો આ સર્વ સ્થળે તેણે થોડો ઘણો વખત વ્યતીત કરી નાના પ્રકારના અનુભવો મેળવ્યા. આવી રીતે ભ્રમણ કરતો કરતો તે **પારિસ**માં ગયો. તે એક દિવસ સાયંકાળે **પારિસ** નગરની બહારના નાના પરામાં ચાલતો હતો તે વખતે નિમ્નલિખિત વિચારો તેના મનમાં ઉત્પન્ન થયા અને ત્યારથી તેના મનની શંકા અને અસ્વસ્થતાની પરિસમાપ્તિ થઇ તેનુ મન જરા શાત અને સ્થિર થયું.

તે કહે છે કે “મે મારા મનને એવો પ્રશ્ન કર્યો કે તું આટલું તપ્ત અને વ્યાકુલ શા માટે થયું છે ? તારા પર એવડું મોટું શુ દુઃખ આવી પડયુ છે કે તું ભીતિગ્રસ્ત થઇ નામર્દની પેઠે રડે છે અને આમ બડબડે છે ? મરણનીજ તને મોટી ભીતિ લાગે છે ને ? અને મરણ પછી મને શી યાતના ભોગવવી પડશે તથા કેવો ભયંકર નરક-વાસ ભોગવવો પડશે એવીજ ચિંતા તને બાળીને ભસ્મીભૂત કરે છે ને ? આ મરણ, યમ અને નરકની ભીતિની શી વિસાત છે ? હે મન ! તું એવું સમર્થ છે કે સ્વબલથીજ યમ અને નરકને પાદાક્રાત કરી શકે તેમ છે. પછી તને યાતના આપનાર કોણ છે ? માટે **તું તારીજ યોગ્યતા અને તારૂંજ સામર્થ્ય યથાર્થ રીતે ઓળખ** અને વીર પુરુષની પેઠે યમયાતનાથી ડરી નહિ જતાં સ્વબલથી યમનેજ તારો દાસ બનાવી દે. આવો વિચાર મનમાં ઉદ્ભૂત થતાંની સાથેજ મારા શરીરમા એક પ્રકારની કાંઇક વિલક્ષણ સ્ફૂર્તિ આવ્યા જેવું થયું. કોઇ એક હિતકારી તત્ત્વે અંગમાં સંચાર કર્યો હોય તેમ મને લાગ્યું

અને પ્રત્યક્ષ પરમેશ્વરેજ મારા મનને શતગુણ બળ આપ્યું કે શું એમ મને લાગવા માંડયું. તત્પશ્ચાત્ મનની સર્વ અસ્વસ્થતા દૂર થઇ અને હું નિર્ભય તથા નિડર અંતઃકરણનો બની શાંત થયો."

આવી સ્થિતિમાં પણ તેણે પોતાનો પ્રવાસ ચાલુ રાખ્યો હતો. ભિન્ન ભિન્ન સ્થળે તેના મનમાં જે ચમત્કારિક વિચારો આવતા હતા તેને તે નોંધી રાખતો હતો. પ્રાચીન શહેરો અને રાજધાનીઓ જોઇને તેના મનમાં નિમ્નલિખિત વિચારો આવ્યાઃ–"પ્રાચીન શહેરો અને રાજધાનીઓ જોઇને મને પરમ આનંદ પ્રાપ્ત થાય છે. **આવાં પ્રાચીન શહેરો જોવાં એ એકાદ દૂરબીનમાંથી પ્રાચીન કાળનાં ઉંડાં અને અંધકારમય ભોંયરાઓમાં જોવા સમાન છે. આવાં ઇતિહાસ પ્રસિદ્ધ સ્થળોમાં જવું એ પ્રસિદ્ધ ઐતિહાસિક વ્યક્તિઓના સહવાસમાં થોડીવાર સુધી રહેવા સમાન છે.** આવા સમયે આપણે વાંચેલી મનોરંજક ઐતિહાસિક ઘટનાઓ જાણે આપણી દૃષ્ટિ સન્મુખ ન બનતી હોય એવો આપણને ભાસ થાય છે." તે વેગ્રમની સમરભૂમિ પર આવ્યો ત્યારે ત્યાં થોડા સમયપરજ થયેલા યુદ્ધમાં મરણ પામેલાં માણસોનાં હાડ અને ભાગલાં તુટલાં હથીઆરો અને છિન્નભિન્ન અંગો જોઇ તેણે નીચે પ્રમાણે ઉદ્ગાર કાઢયાઃ–"ખરેખર કેવું ભયંકર! ગોળાની કરચો, તોપખાનાના છિન્નભિન્ન ભાગો તથા અશ્વારોહીઓ અને અશ્વોનાં અસ્તવ્યસ્ત થઇને પડેલાં મુડદાંથી આ વિસ્તૃત મેદાન કેવું બેડોળ અને ભયંકર બની ગયુ છે! મનુષ્યનાં મૃત શરીરો સડતાં પડયાં છે. અને પેલા લાલ લાલ ગોળાના ઢગ શા હશે વારૂ? અરેરે! તે તો મનુષ્યનાં કપાઇ ગયેલાં શિરકમલો છે! માત્ર જે જીવન અને શ્વાસના જોરપર મનુષ્યનું મસ્તક ત્રિભુવનની અજબ વસ્તુ ગણાય છે તે જીવ માત્ર આ અગણિત મસ્તકોમાંથી નીકળી ગયો છે, અને

બદામ કિંવા નાળીએરનાં છોડીયાંની પેઠે તેને એકઠાં કરીને તેનો ઢગલો મારી મૂક્યો છે. હવે એ છોડીયાં જેટલી પણ તેની કિમ્મત રહી નથી. હે સપાટ મેદાન! બ્રહ્મદેવે જ્યારે તને આ મૃત્તિકાથી નિર્માણ કર્યું ત્યારે શું "મનુષ્યોએ કોલ્હાં કુતરાંની પેઠે યુદ્ધ કરી એક બીજાના પ્રાણ લેવા" એવોજ ઉદ્દેશ તેણે રાખ્યો હતો કે? મને તો એમ લાગે છે કે તારા આ ફળદ્રૂપ મૃદુ પૃષ્ઠ ભાગપર લીલા-છમ જેવા છોડ અને વૃક્ષથી આચ્છાદિત ક્ષેત્રો મનુષ્યોએ તૈયાર કરવાં એવોજ તેનો હેતુ હોવો જોઇએ. આ પ્રમાણે જે જગા વિધા-તાએ મનુષ્યનું જીવન ઉત્તમ રીતે ચલાવવાને માટે નિર્માણ કરી હતી તેનોજ ઉપયોગ આપણે મનુષ્યોએ એક બીજાનાં મસ્તક ઉરાડવામા કર્યો ને! આ ત્રણ ભિન્ન ભિન્ન દિશામાંથી આવનારા રાજમાર્ગો દારૂ ગોળો અને યુદ્ધ કરવાને તૈયાર થયેલા સૈનિકોને અહીંઆં એક-ત્રિત કરવાને માટેજ બનાવવામાં આવ્યા છે ને! આટોકાર નામક રાજા રડોલ્ફની ગદાના આઘાતથી મરણ પામી પેલા ખૂણાપર ધૂળમાં મળી ગયો. આજ સ્થળે નેપોલિયનના સપાટા આગળ ફ્રાન્સનો રાજાધિરાજ નષ્ટ થયો. હે મેદાન! ગત પાંચ શતકોમાં તારા આ રમણીય પૃષ્ઠ ભાગપર કેવાં કેવાં ભયંકર કૃત્યો થયાં! આ મૃદુ ઘાસ કેટલીવાર અશ્વોની નિર્દય ખરીની નીચે તૂટી ગયું હશે! કેટલીવાર આ વૃક્ષોની હારો બંદુક અને તોપના બારોથી વિંધ્વસ્ત થઇ ગઇ હશે! તારા આ પવિત્ર પૃષ્ઠ ભાગપર કેટલીવાર પશુ અને મનુષ્યનાં રક્તના અમંગલ પ્રવાહો વહ્યા હશે, અને ધડ તથા શિરના ઢગ પડયા હશે! છતા પ્રકૃતિ (કુદરત) દેવીનું કામ અબાધિત અને અવ્યાહત ચાલ્યાં કરે છે. **મનુષ્ય સેતાન બનીને ગમે તેટલો વિંધ્વંસ કરે તોપણ પ્રકૃતિદેવી પુન: પોતાનું વ્યવસ્થિત રૂપ ધારણ કરે છેજ.** આ રક્ત, હાડ અને માંસ એક વર્ષમાં ખાતર બની જશે

અને તે દ્વારા પૂર્વે કરતાં બમણો પાક ઉતરશે."

આ પ્રકારે ભિન્ન ભિન્ન સ્થળોનું અવલોકન કરતો અને ભિન્ન ભિન્ન પ્રકારના ઉદ્‌ગાર કાઢતો તે જર્મન પ્રોફેસર પૃથ્વીતલપર અનેક સ્થળે ભટક્યો. આ પર્યટનથી તેના મનને પૂર્ણ શાંતિ થઇ અને તેના મનમાં ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા દ્રઢતમ બની. પૃથ્વીપર્યટન અને તીર્થયાત્રાનો આજ એક મોટો લાભ છે કે તેથી ઈશ્વરની અગાધ શક્તિની મનુષ્યના મન પર પૂર્ણ છાપ પડે છે. આજ હેતુથી આપણા દેશમાં દૂર દૂર સુધી તીર્થસ્થાનો નિશ્ચિત કરવામાં આવ્યાં છે. ઉત્તર તરફ બદ્રીકાશ્રમ અને દક્ષિણ તરફ રામેશ્વર, પશ્ચિમ તરફ દ્વારિકાં અને પૂર્વ તરફ જગન્નાથપુરી. જો મનુષ્ય એકજ સ્થળે સ્થિર રહે તો તેના મનમાં કદિ પણ સૃષ્ટિ દેવતાના ભયાનક કિંવા મનોહર સ્વરૂપની ખરી કલ્પના આવશે નહિ. **નિત્ય એકજ સ્થળે રહેવાથી મનુષ્યનું મન, તેની કલ્પના, તેના વિચાર સર્વ ક્ષુદ્ર અને નિર્જીવ બની જાય છે.** સૃષ્ટિવૈચિત્ર્યના અવલોકનથી મનની ઉદાત્ત વૃત્તિને સ્ફૂર્તિ મળે છે અને કોઇ કોઇ સ્થળે ઈશ્વરસ્વરૂપની સાથે તેનું તાદાત્મ્ય થઇ જાય છે. આજ કારણથી સત, મહંત અને યોગી પુરૂષો એક સ્થળે ઝાઝો સમય રહેતા નથી. તેઓ એક સ્થળેથી બીજે સ્થળે અને એક ક્ષેત્રથી બીજે ક્ષેત્રે ફરતા ફરે છે, અને પોતાના નિવાસને માટે જે સ્થળો શોધી કાઢે છે તે સૃષ્ટિસૌંદર્યથી યુક્ત હોય છે. ઉક્ત જર્મન પ્રોફેસરનો પ્રવાસ આજ પ્રકારનો હતો. કાર્લાઇલે આ પ્રવાસનુ વર્ણન કેવળ પોતાની કલ્પનાશક્તિથીજ કર્યું છે. તે વર્ણન વાંચવાથી તેની કલ્પનાશક્તિને કેવું ઉડ્ડયન કરતાં આવડે છે તેની ઉત્તમ પ્રતીતિ આપણને થાય છે. કેટલેક સ્થળે વ્યાવહારિક બાબત વિષે તેના ઉદ્‌ગારો એકાદ હિંદુ યોગીના જેવાજ નીકળે છે. યુદ્ધ સંબધી મીમાંસા કરવાની તેની પદ્ધતિ જુઓ. "યુદ્ધ એટલે

શું ? એ એક માનવી છળ છે ! આજે પ્રતિપક્ષી હથીઆરબંધ સિપાઇઓ પરસ્પરના પ્રાણ લેવાને તૈયાર થયા છે તેમને માંહે માંહે કાંઇ ટંટો હતો કે ? નહિ. તો પછી તેઓ વારૂ શા માટે એક બીજાના ગળાનું રક્ત પીવાને યત્નવાન થયા છે ? વાસ્તવિક રીતે જોતાં તેમણે પૂર્વે એક બીજાનાં મુખ પણ જોયાં નહોતાં. તો પછી તેમની વચ્ચે કાંઇ લડાઇ કરવાનું કારણ તો ઉપસ્થિત ક્યાંથીજ થયું હોય ? આ જુઓ, પાંચસેં અંગ્રેજ તરુણ મજબૂત પુરુષો પાંચસેં ફ્રેંચ સશક્ત યુવકોની સામે લડે છે ! તેમને કાઇ ખાનગી ટંટો તો હતો નહિ. આ પાંચસે અગ્રેજો ઇંગ્લાડનાં ગામડાંઓમાં જન્મ્યા હતા. તેમનાં માતપિતા રંક પણ પ્રમાણિક અને સત્યશીલ હતાં. તેમણે તેમને મમતાથી ઉછેર્યા. નાનાથી મોટા કર્યા. ગરિબ બિચારાં માતપિતા ! જન્મ પર્યંત પહોંચે એટલા પૈસા પોતાના પુત્રોને માટે રાખવાની તેમનામાં શક્તિ નહોતી. ઉદરનિર્વાહને માટે બીજી કાંઇ વ્યવસ્થા નહિ હોવાથી તેમનાં માતપિતાએ આંખમાં અશ્રુ ભરી સૈન્યમાં નોકરી કરી ગુલામગીરી સ્વીકારવાની તેમને પરવાનગી આપી. તેમને ભગિની છે, સ્ત્રી છે, વૃદ્ધાવસ્થાએ પહોંચેલાં માતપિતા છે, પરંતુ પાપી પેટ ભરવાને માટે ગુલામગીરી સ્વીકારેલી હોવાથી આજે તેમને તે વડીલો અને કુટુંબીઓ તથા મિત્રોનો ત્યાગ કરી પોતાના સ્વામીના ઝઘડાને માટે પરદેશમાં જઇ હાથમાં મસ્તક ધરી મૃત્યુની સામે ઉભા રહેવાની વારી આવી છે ! તેમજ આ પાંચસેં ફ્રેંચ સૈનિકોની પણ આવીજ સ્થિતિ છે. પગારને બદલે વેચાણ બનીને ગુલામગિરી સ્વીકાર્યા પછી મનુષ્યને પોતાના અન્ય નિર્દોષ, નિષ્પાપ, નિર્વૈર માનવ બંધુ-ઓનાં ગળાં રેંસવાનો ધંધો પણ પ્રમાણિક લાગે છે, એનું આ જ્વલંત અને હૃદયદ્રાવક ઉદાહરણ છે. સ્વામીને ઝઘડો પરંતુ ગુલામો રાખવાનું તેનામાં સામર્થ્ય હોવાથી તેને પોતાની જાતે યુદ્ધ-

ભૂમિમાં ઝુઝવાની આવશ્યકતા નથી. તેતો પોતાના ઝઘડાનો નિવેડો આણવાને માટે આ ગરિબ અને અજ્ઞાની લોકોનેજ મૃત્યુના મુખમાં ધકેલે છે અને પોતે દૂર શાન્તિથી મહેલોમાં બેઠે બેઠે મજા જુએ છે! આ પાંચસે પૈકી અઢીસે યુવકો યુદ્ધમાં ઠાર થાય છે. અને બેમાંથી એક પક્ષના સ્વામીને વિજય મળે છે, પરંતુ ઉક્ત અઢીસે યુવકોની સ્ત્રી, સંતતિ, ભગિની, માતા ઇત્યાદિ સર્વ અતિ નિર્દોષ, કોમળ પ્રાણીઓ તો નિરાશ્રિતજ બને છે! તેમનો એકનો એક આધારસ્તંભ તૂટી પડે છે! આ ગુલામોનો સ્વામી તે બિચારાં અનાશ્રિત થઇ પડેલાંઓને કાંઇ અન્ન-વસ્ત્ર આપે છે કે? નહિ, કાંઇજ નહિ. સમસ્ત જગતમાં આવોજ અન્યાય ચાલી રહ્યો છે, અને તે ઘોર અન્યાયનું બલિદાન આ અજ્ઞાન, રંક લોકોનેજ થવું પડે છે!"

કાર્લાઇલે સ્થૂલ પદાર્થશાસ્ત્રીઓના કાન પણ સારી પેઠે ઉઘાડયા છે. સાયન્સ શીખેલા પદ્દીધરોના મનની સ્થિતિ સાધારણતઃ જેવી હોય છે, તેવીજ કાર્લાઇલના સમયમાં ઇંગ્લાડના વિદ્વાનોની સ્થિતિ સ્વાભાવિક રીતે હતી. જે ઇંદ્રિયગમ્ય હોય તેજ માત્ર સત્ય, શેષ સર્વ મિથ્યા, તથા લૅબોરેટરીમાં લઇ જઇ જેનુ પ્રથક્કરણ કરવામાં આવે અને જેના ગુણ ધર્મ ઓળખવામા આવે તેજ વસ્તુ શિખવા-લાયક છે, એવી કેટલાક પદાર્થ શાસ્ત્રીઓની માન્યતા થઇ હતી. તેમના મનથી ક્રાઇસ્ટે કરેલા સર્વ ચમત્કારો ખોટા હતા તો પછી હિંદુસ્થાનના યોગીઓએ કરેલા ચમત્કાર અસત્ય હોય તેમા તો આશ્ચર્યજ શું? 'નેચર' (કુદરત-પ્રકૃતિ) ની શક્તિના મસ્તક પર બેસવાની તો દેવની પણ હામ નથી, એવી તેમની સમજ હતી. આ સમજમાં દોષ માત્ર એકજ હતો. 'નેચર' કિંવા 'નિસર્ગ દેવતા" અને તેના સર્વ કાયદા અમને અવગત છે એમ ગૃહીત કરીને તેઓ ચાલતા હતા, પરંતુ વાસ્તવમાં મારા સર્વ કાયદા અને મારી સર્વ

શક્તિનું યથાર્થ જ્ઞાન તમને થયું છે એમ કાંઇ 'નેચરે' ખાસ તેમના કાનમાં કહ્યું નહોતું.* આપણને જે અલ્પ જ્ઞાન હોય છે તેજ સર્વવ્યાપી છે, આવી કુવામાંના દેડકા જેવી અજ્ઞાનમૂલક સમજણ જેમ અશિક્ષિત લોકોમાં હોય છે તેમ મોટા મોટા શાસ્ત્રજ્ઞોમાં પણ કોઇ કોઇ વખતે તે ઉપલબ્ધ થાય છે; પરંતુ હવે શાસ્ત્રવેત્તાઓ આપણે સર્વજ્ઞ છીએ એવી કલ્પના છોડી દેવા લાગ્યા છે. જગત્પ્રસિદ્ધ વિદ્યુત્‌શાસ્ત્રી લૉર્ડ કૅલ્વિન એક વખત એક કારખાનું જોવા ગયા હતા. તે કારખાનાનાં એન્જીનીઅરને આ ગૃહસ્થ કોણ હતા તે વિદિત નહોતું. તેણે એકાદ સાદા અજાણ્યા મનુષ્યને જેમ કારખાનાનું યંત્રકામ સમજાવવામાં આવે તેવી રીતે તેમને પણ સમજાવ્યું ઉક્ત એન્જીનીઅરને કારખાનાનાં યંત્રો પૂરતી વિદ્યુતની પૂર્ણ માહિતી હતી. તે સર્વ માહિતી તેણે લૉર્ડ કૅલ્વિનને જણાવી. કારખાનાંની બહાર નીકળતી વખત લૉર્ડ કૅલ્વિને ઉક્ત એન્જીનીઅરને પ્રશ્ન કર્યો કે વિદ્યુત્ શું છે તે આપ મને કહી શકશો? એન્જીનીઅર બોલ્યો 'નહિ' ત્યારે લૉર્ડ કૅલ્વિન બોલ્યા કે 'મને પણ વિદિત નથી.' આ વાત લૉર્ડ કૅલ્વિનના મનની ઉદારતા દર્શાવે છે. આધિભૌતિક શાસ્ત્રજ્ઞોનું જ્ઞાન કેવળ જડ પદાર્થો વિષે હોય છે, પરંતુ આ જડ સૃષ્ટિની પૂઠે જે ઇતર નિયામક શક્તિ રહેલી છે તેની તેમને માહિતી હોતી નથી, તેથી જો

* Have any deepest scientific individuals yet dived down to the foundation of the Universe and guaged everything there? Did the maker take them into his counsel that they send the groundplain of the incomprehensible all, and can say 'This stands marked therein and no more than this?'

Sartar Resartus, Book VII Chapter VIII.

તેઓ એમ કહે કે તે નિયામક શક્તિનું અસ્તિત્વજ નથી, તો તે પ્રત્યક્ષ મૂર્ખતા છે; પરંતુ સાયન્સના હાડપિંજરનું જ્ઞાન ધરાવનાર એકાદ ઉધરતો જવાન પોતાને સર્વજ્ઞ માને છે. લૉર્ડ કૅલ્વિનના જેવી અનુભવજન્ય ઉદારવૃત્તિ તેના અંતરમાં હોતી નથી. હાલમાં પણ લૉર્ડ કૅલ્વિન સરખા વયોવૃદ્ધ શાસ્ત્રવેત્તાઓ જ્યારે પોતાનું અજ્ઞાન કબૂલ કરે છે ત્યારે અપક્વ બુદ્ધિના, અનુભવશૂન્ય, તરુણ, અર્ધદગ્ધ શાસ્ત્રજ્ઞો પોતાના સર્વજ્ઞતાના ઘમંડમાં ચકચૂર હોય છે. શાસ્ત્રનું ઉપર ચોટિયું જ્ઞાન ધરાવનાર હિંદુસ્થાનનાં વિશ્વવિદ્યાલયોમાંથી બહાર પડેલા કેટલાક પદ્વીધરો '**चक्षुर्वै सत्यं**' એ તત્ત્વપરજ સર્વ આધાર રાખી ઈશ્વરને લેબોરેટરીમા લઇ જઇ તેનું પૃથક્કરણ કરી શકાતું નથી, માટે ઈશ્વરનું અસ્તિત્વજ નથી, એમ પ્રતિપાદન કરે છે.* પરંતુ હવે એ માન્યતા પણ બદલાતી ચાલી છે. ઈંગ્લાંડમાં સર વિલિયમ ક્રૂકસ સરખા મહાન શાસ્ત્રવેત્તાઓ પણ થિઓસોફીસ્ટ બની ભૂત પિશાચોપર વિશ્વાસ મૂકવાને તૈયાર થયા છે. (ખાત્રી કરવા માટે પાઠકોએ સર વિલિયમ ક્રૂકસનુ 'રિસર્ચીસ ઈન્ સ્પિરિચ્યુઆલિઝમ્' નામક પુસ્તક જોવું.) થિઓસોફીનો પ્રસાર પણ એ આધિભૌતિક શાસ્ત્રીઓની સર્વજ્ઞતાના મૂળ પર શસ્ત્રપ્રહાર કરે છે. સાંપ્રત આવી સ્થિતિ થઇ છે, પરંતુ જે સમયે કાર્લાઇલે 'સાર્ટર રિઝાર્ટસ' લખ્યું તે સમયે વિલાયતમાં બહુ જનસમાજ પણ શાસ્ત્રજ્ઞોને સર્વજ્ઞ માનવા લાગ્યો હતો. અને તેમના સિદ્ધાંતની વિરૂદ્ધ કોઇ

---

* આવો એક વિદ્વાન પદ્વીધર પ્રસ્તુત (મરાઠી) લેખકના પ્રત્યક્ષ જોવામાં આવ્યો છે તે કહે છે કેઃ—

"Let us take your God to the Laboratory. If we find he is a God after testing him we shall believe in him."

ચૂં પણ કરી શકતું નહોતું. પુષ્કળ વિચારવંત લોકો તેમની આ સર્વજ્ઞતા સ્વીકારતા નહોતા, પરંતુ તેઓ સ્પષ્ટ રીતે તેમની વિરૂદ્ધ બોલવાની હામ કરી શકતા નહોતા. કાર્લાઇલનો સ્વભાવ નિઃસ્પૃહી હોવાથ તેણે નિર્ભયપણે આ શાસ્ત્રજ્ઞ બાઉની રેવડી દાણાદાણ કરી.

ચમત્કાર અર્થાત્ અંગ્રેજીમાં જેને 'મિરેકલ' કહેવામા આવે છે તે બનવો અશક્ય છે, કારણ કે નૈસર્ગિક કાયદાનું ઉલ્લંઘન એનુંજ નામ ચમત્કાર એવી ઇંગ્લાંડના શાસ્ત્રજ્ઞો સદા દલીલ કરતા હતા; પરંતુ નૈસર્ગિક કાયદાઓ નિશ્ચિત કોણે કરવા એજ મોટો પ્રશ્ન છે. નૈસર્ગિક કાયદાની વાત તો દૂર રહી પરંતુ પૃથ્વીતળ પરની કિંવા પૃથ્વીના ગર્ભમાંની સર્વ સ્થૂલ વસ્તુઓજ શાસ્ત્રજ્ઞોને માહિત છે? જેના આગળ આધિભૌતિક શાસ્ત્રજ્ઞોનું જ્ઞાન પાંગળુ બની જાય એવી કેટલીક ઘટનાઓ બનેલી શું આપણે નથી જોતા? માત્ર આ પ્લેગની બિમારીનુજ ઉદાહરણ લ્યો. એનાથી ડૉકટરો હાર્યા, અંગ્રેજી વૈદક હાર્યું અને શાસ્ત્રજ્ઞો કિંવા સાયન્ટિસ્ટોએ પણ હાથ જોડયા! આ રોગ શાથી ઉદ્ભવે છે અને શી રીતે ઉદ્ભવે છે તેનુ સર્વાંશે યથાર્થ જ્ઞાન હજી કોઇને નથી. શાસ્ત્રજ્ઞોની નિરંતરની પદ્ધતિથી બોલીએ તો પ્લેગ એ એક ચમત્કારજ છે. કારણ કે તેનો આદિ, અંત, મધ્ય કાંઇ સમજાતું નથી. વાસ્તવિક રીતે જોતાં ચમત્કાર કિંવા અઘટિત કૃત્ય અથવા મિરેકલ એવી વસ્તુ આ જગતમાં કાંઇ છેજ નહિ. **જ્યાં સુધી એક ઘટનાનો કાર્ય કારણભાવ આપણને સમજાતો નથી ત્યાં સુધીજ તે ઘટના આપણને ચમત્કારિક કિંવા અઘટિત લાગે છે.** દક્ષિણ મહાસાગરના જંગલી લોકોને લાકડાની પટીપર અક્ષરો લખેલા હતા એ વાત સમજાઇ નહિ, ત્યારે તેમણે પટીજ બોલી એમ માની લીધું અને અંગ્રેજ લોકોએ આ કાંઇક ચમત્કાર કર્યો એમ તેમને લાગ્યું. હિંદુસ્તાનના લોકોને પૂર્વે આગગાડી અને

તારની માહિતી નહિ હોવાથી તેમને ઉક્ત વસ્તુઓ જોવાથી ચમત્કારિકજ લાગતી હતી અને અંગ્રેજ લોકો ચમત્કાર કરી શકે છે એવી તેમની સમજ થઇ હતી. તેજ પ્રમાણે ભવિષ્યકાળનું જ્ઞાન, કિંવા પુનર્જન્મ, પૂર્વજન્મ અને યોગાભ્યાસનું જ્ઞાન યૂરોપીય લોકોને નહિ હોવાથી— કિંબહુના તેની કલ્પના સુદ્ધાં તેમને નહિ હોવાથી તેમને પણ આ સર્વ ચમત્કારિક, અઘટિત કિંવા મિરેક્યુલસ લાગ્યું હતું. અઘટિતનો અર્થ એટલોજ કે તેમનાથી સમજી શકાયું નહિ. આ જ્ઞાન શી રીતે સાધ્ય થઇ શકે છે તેની તેમને માહિતી નહિ હોવાથી તે તેમને અઘટિત લાગ્યું. આગગાડીની કલ્પના સુદ્ધાં હિંદુસ્થાનવાસીઓને પ્રથમ અઘટિત કિંવા અશક્ય લાગી હશે. વગર તારે સંદેશા મોકલાવાના યત્ર વિષે પણ પાંચ સાત વર્ષો પૂર્વે કોઇને શ્રદ્ધા બેઠી નહિ હશે, પરંતુ આગગાડી અને વગર તારના સંદેશા મોકલવાનું યંત્ર જ્યારે આપણી ગરદન પર આવીને બેઠું ત્યારે તેની સત્યતા વિષે શંકા કરવાનો અવકાશજ રહ્યો નહિ. તેવીજ રીતે માનસિક અદ્ભુત કાર્યોને યૂરોપના સાયંટિસ્ટોએ જૂઠાં ઠેરવ્યાં તો પણ યૂરોપના સર્વ સમજુ લોકો સાયંટિસ્ટોને વિચારને મળતા થાય એમ નહોતા જેથી તે દેશમાં પણ માનસિક અદ્ભુત કાર્યોની સત્યતા લોકો સમજવા લાગ્યા છે. માત્ર પોતાના અલ્પજ્ઞાનના ઘમંડમાં જેઓ ચકચૂર થઇને બેઠા છે અને જેઓ આવાં કાર્યો પ્રત્યક્ષ નજરે જોયા છતાં તે પર વિશ્વાસ નહિ મૂકવાનો કિંવા પોતાની આંખને દોષ દઇ પોતાનેજ ભેજાગેપ માનવાનો દુરાગ્રહ સેવે છે તેઓજ હજી પણ અજ્ઞાનાંધકારમાં સડતા પડેલા છે. સાયંટિસ્ટોના પણ વંદ્ય એવા સર વિલિયમ ક્રૂકસના જેવા ગૃહસ્થ માનસિક અદ્ભુત કાર્યો જોવાને નિમંત્રણ કરે છે. તે છતાં પણ જેઓ આવા ચમત્કારોનો નિર્ણય શાસ્ત્રીય રીતિએજ કરવો યોગ્ય છે એમ કહી તેમના નિમંત્રણનો

અનાદર કરે છે અને તેમનેજ ઉલટા મૂર્ખ, ભોળા કિંવા *લુચ્ચા ગણે છે તેમનો આ દુરાગ્રહ સાતપુડાનો એકાદ ભીલ આગગાડી ચાલવી અશક્ય છે અને તેને ચાલતી જોવાને જો તમે મને બોલાવતા હો તો તમેજ મૂર્ખ છો એમ કહે તેના જેવોજ હાસ્યાસ્પદ અને તિરસ્કાર કરવા યોગ્ય છે.

જેને સાધારણ રીતે ચમત્કાર કહેવામાં આવે છે તે પણ વાસ્તવમાં 'ચમત્કાર' હોતો નથી. તે પણ શાસ્ત્રીય કાર્ય કારણ ભાવથી સંકલિત હોય છે, પરંતુ જે કારણપરંપરાથી તે સિદ્ધ થાય છે તે કારણપરંપરા આપણને વિદિત હોતી નથી, તેવીજ રીતે આપણે જેને 'ઍકિસડંટ' (અકસ્માત) કહીએ છીએ તે પણ વસ્તુતઃ અકસ્માત્ હોતો નથી. કારણ સિવાય અકસ્માત કદિ બનતોજ નથી. અતિ વૃષ્ટિથી ભયંકર પૂર આવ્યું અને તેનો પ્રવાહ સહન નહિ થઇ શક્યાથી મદ્રાસ રેલ્વેનો પન્યાર નદીનો પૂલ તૂટી પડયો. પૂલ તૂટી ગયો, તો પણ આ સાદી નૈસર્ગિક ઘટનાનું જ્ઞાન નહિ હોવાથી ડ્રાઇવરે પૂલ અખંડ છે એમ માની તે પર ગાડી બેધડક હાંકી, પરંતુ ત્યાં પૂલને ઠેકાણે માત્ર ભયકર ખાડોજ હોવાથી તે ગાડી નદિમાં તૂટી પડી. સબળ કારણ સિવાય આમાંની એક પણ ઘટના બની નહોતી, પરંતુ આ કારણથી પ્રથમ આપણે અજ્ઞાત હોવાથી તે ઘટનાને આપણે અકસ્માત નામ આપ્યું. તેજ પ્રમાણે જે પરિણામની કારણપરંપરા પૂર્વે કિંવા પાછળથી પણ જાણવાનો આપણને માર્ગ હોતો નથી તે પરિણામને કિંવા કાર્યને આપણે 'ચમત્કાર' એવું નામ આપીએ છીએ, પરંતુ આ ચમત્કારનું પણ યથાર્થ જ્ઞાન મેળવી શકાય છે એમ પુષ્કળ લોકોને અનુભવથી સમજાઇ ચૂક્યું છે. આજ

* Sir William Crookes નું Researches in spiritualism એ પુસ્તક જુઓ.

કારણથી કર્નલ ઑલ્કૉટ, મૅડમ બ્લૅવૅટસ્કી અને ઍની બિસાંટ જેવી યૂરોપીયન અને અમેરિકન વ્યક્તિઓ પણ યોગાભ્યાસની અને વૈરાગ્યની મહત્તા ગાવા લાગી છે. × પ્રત્યક્ષ ચમત્કાર જોયાથી આ થિઓસોફીસ્ટોની જડ સૃષ્ટિની પેલી તરફ પણ કેટલીક સૃષ્ટિ છે એવી સંપૂર્ણ ખાત્રી થયેલી છે. કાર્લાઇલે આવા ચમત્કારો જોયા નહોતા પરંતુ પોતાની ખાત્રી કરી લીધી હતી કે જડ સૃષ્ટિ એજ કાંઇ સર્વ સૃષ્ટિ નથી.

સાર્ટર રિઝાર્ટસમાંની અંતિમ વાત એ જણાવવાની છે કે કાર્લાઇલ કર્મમાર્ગનો અર્થાત્ પ્રવૃત્તિ માર્ગનો મોટો પક્ષકાર હતો. પ્રત્યેક મનુષ્યે રાત્રિ દિવસ ઉદ્યોગ કરવો જોઇએ, આલસ્યથી આપણે ઇશ્વરને કદિ પણ પ્રિય થનાર નથી, ઇશ્વરે આપણને જે બુદ્ધિ શક્તિ અને ઇંદ્રિયો આપી છે તેનો સન્માર્ગે અને પ્રમાણિકપણે ઉદ્યોગ કરવામાં ઉપયોગ કરવો જોઇએ એવું તેનું આગ્રહપૂર્વક કહેવું હતું.÷

કાર્લાઇલ નિવૃત્તિ પંથનો ઉપદેશક નહોતો. તે કર્મવાદી હતો

× જેમને 'ચમત્કાર' કેવી રીતે બને છે તે જાણવાની અને તેની યોગિક પદ્ધતિ સમજવાની ઇચ્છા હોય તેમણે અને ચમત્કાર બને છે કિંવા નહિ એવું જેનું શંકાશીલપણું હોય તેમણે, A. P. Sinnett's 'Occult World', Madam Blavatsky's 'Isis unveiled'; અને Colonel Olcolt's 'Lectures and Diary' એ પુસ્તકો વાંચવાં.

÷ Up! Up! Whatsoever thy hand findeth to do, do it with thy whole might. Work while it is called to day for the night cometh wherein no man can work. Sartor Resartus. "Everlasting *yea.*"

તેમજ રસ્કિન કહે છે કે:—"God dislikes idle people more than any others; his first order is work while you have fight." Ruskin's Sesame and Lities preface.

ખરો, પરંતુ તેનો કર્મવાદ ગીતાના કર્મવાદ જેવો હતો. અર્થાત્ **ફળપર આસક્તિ નહિ રાખતાં નિષ્કામવૃત્તિથી કર્મ કરવું જોઇએ એમ તેનું કહેવું હતું.** અને **આ રીતે કર્મ કરનાર માણસજ કાંઇ મહત્વનું કાર્ય કરી શકે છે** એવો તેને ભરોસો હતો મૂળમા કર્મ કરવું એજ પાતક છે એવી કાર્લાઇલની માન્યતા નહોતી. પુષ્કળ અંગ્રેજ લોકો હિંદુ ધર્મની વૃત્તિ કર્મ શૂન્યતા તરફ અર્થાત્ આલસ્ય તરફ છે એમ પ્રતિપાદન કરે છે, અને આપણા દેશના કેટલાક લોકો પણ નિવૃત્તિ માર્ગનો એવો અર્થ કરે છે કે યત્કિંચિત્ પણ કર્મ નહિ કરતા બેસી રહેવું એનુજ નામ નિવૃત્તિ છે; પરંતુ આ અર્થ હાનિકારક છે. આ હાનિકારક અર્થથીજ હિંદુસ્તાનને ઘણું નુકશાન થયુ છે. કેટલાક સમાધિમાં રહેનારા યોગીઓની વાત છોડી દો, તેમને કદાચ નિવૃત્તિ માર્ગનુ અક્ષરશઃ અવલંબન કરવુ શક્ય હશે, પરંતુ જેઓ એટલા અધિકાર સુધી પહોંચ્યા નથી તેમને કર્મ કરવાની આવશ્યકતા છે. જ્યારે ફળ પર આસક્તિ રાખીને કર્મ કરવામા આવે છે ત્યારેજ તે સ્વાર્થીપણું કિંવા યુટિલિટેરિઍનિઝમ બની જાય છે, પરંતુ જ્યારે ફળ પર આસક્તિ રાખ્યા વિના કર્મ કરવામાં આવે છે ત્યારે તેને જગદ્ધિતેચ્છુપણું કિંવા ઍાલ્ટ્રુયુઇઝમ ગણુતા કાંઇ હરકત નથી.

યુરોપીય રાષ્ટ્રો અને હિંદુસ્થાન વચ્ચે મોટો ભેદ એ છે કે યુરોપમાં સતત ઉદ્યોગ કરવાનો ઘણો અભ્યાસ છે અને આપણા દેશમા ઉદ્યોગનો અભાવ છે. આપણા દેશના લોકોના હૃદયમાં કાંઇ વેદાંત અને વિરક્તિની ઝાઝી છાપ હોતી નથી, પરંતુ કેવળ નિરૂદ્યોગ અને આલસ્યનં સમર્થન કરવાને માટેજ તેઓ બહુધા વૈરાગ્યના ગપ્પા હાંકે છે. જો તેમના હૃદયમા વિરક્તિની સંપૂર્ણ છાપ પડી ગઇ હોય તો તેઓએ સંસારમાં રહી સુખપૂર્વક પેટભર અન્ન મેળવવાનો પણ

પ્રયાસ કરવો જોઇએ નહિ, પરંતુ આ તો કેવળ વિરક્તિનો ઢોગજ હોય છે. આથી ઉભય દિશામાં હાનિ થાય છે. સંપૂર્ણ વિરક્તિ નહિ હોવાથી તેમને વિરક્તિનું પણ ફળ મળતું નથી અને ઉદ્યોગ અર્ધ-દગ્ધ હોવાથી તેનુ પણ ફળ મળતું નથી. તેમની સ્થિતિ ત્રિશંકુના જેવી થાય છે. તેમની માનસિક કિંવા આધ્યાત્મિક ઉન્નતિ પણ થતી નથી અને ઐહિક ઉન્નતિ પણ થતી નથી. જો રાષ્ટ્રીય સુધારણા કરવી હોય, જો રાજકીય હક્કો સંપાદન કરવા હોય, જો સામાજિક ઉન્નતિ કરવી હોય, જો કેટલીક બાબતોમાં યૂરોપીય રાષ્ટ્રોની સામે ટક્કર લેવી હોય, તો ઉદ્યોગ કર્યા વિના તે કાર્ય શી રીતે સિદ્ધ થશે? સાપ્રતના લેખો, બડબડાટ, વ્યાખ્યાન, અને વર્તમાનપત્રોના પોકાર દ્વારા તે કાર્ય સિદ્ધ થાય તો સારૂં એવી સર્વ લોકોને ઉત્કટ ઇચ્છા હોય એમ લાગે છે, પરંતુ જો આ સમસ્ત કાર્યો ખરી રીતે સિદ્ધ કરવા હોય તો જે જે બાબતોથી અર્ધદગ્ધ વિરક્તિ ઉત્પન્ન થવાનો ભય હોય તે તે બાબતોને સર્વથૈવ તિલાજલિ આપવી જોઇએ. પ્રવૃત્તિમાર્ગ તરફ પૂર્ણ લક્ષ્ય રાખવું જોઇએ. ગત્રિ દિવસ તન તોડીને પરિશ્રમ કરવો જોઇએ, અભ્યાસ કરવો જોઇએ. **પરીક્ષા માટે નહિ, પરંતુ અલૌકિક વિદ્વત્તા સંપાદન કરવાને માટે-તાલીમ લેવી જોઇએ,** શરીરબળ ખીલવવું જોઇએ, દ્રવ્ય મેળવવું જોઇએ અને એમ કરતાં જો વૈરાગ્યની લહરિ આવી તો તે સંચિત કરેલા દ્રવ્યને એકાદ ઉપ-યુક્ત સાર્વજનિક કામમાં અર્પણ કરવું જોઇએ; કારણ કે **સંચિત કરેલા દ્રવ્યનો ઉપયોગ પરમ ધાર્મિક કાર્યમાં કરવાને માટે મહાન વિરક્તિની જરૂર પડે છે.**

અધુના આપણા લોકોને કયે માર્ગે આપણે જવું છે તેનીજ સ્પષ્ટ કલ્પના હોય એમ લાગતું નથી. બધોજ ઘોટાળો ભાસે છે. રાષ્ટ્રીય સભા પણ આપણને જોઇએ છે અને થિઓસોફી પણ જોઇએ

છે, ઐહિક સુખ પણ જોઇએ છે અને વિરક્તિનાં ગપ્પાં પણ જોઇએ છે, રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના ભેદ નિવૃત્ત કરી સર્વ મનુષ્યોએ પરસ્પર ભ્રાતૃભાવથા * વર્તવું જોઇએ એમ કહેનાર બીસાંટ બાઇને પણ આપણે તાળીઓના ગડગડાટથી વધાવી લઇએ છીએ અને રાષ્ટ્રન ભેદ કાયમ રાખી જે કાર્યો કરવાં હોય તે કરવાં એમ કહેનારને પણ આપણે તાળીઓથી આવકાર આપીએ છીએ, સ્વામી વિવેકાનદ કે જેમણે સમસ્ત અમેરિકાખંડ હલાવી મૂક્યો હતો અને જેઓ સુધારણા અને સ્ત્રીશિક્ષણના મહાન હિમાયતી હતા તેમને પણ આપણે માન આપીએ છીએ અને આઠ આના લઇને પ્રાણાયામ શીખવનાર સંન્યાસીનો પણ આદર કરીએ છીએ. આવી પરસ્પર વિરોધી બાબતો અજ્ઞ જનસમૂહમાંજ દૃષ્ટિગોચર થાય છે. સાંપ્રતમાં આપણે અંધ અને અજ્ઞ સ્થિતિમાંજ સંપૂર્ણ રીતે ડૂબી ગયા છીએ, એમાં કાંઇ શંકા નથી. માર્ગ પ્રથમ એક નિશ્ચિત કરવો જોઇએ અને પછી ખંતપૂર્વક ઉદ્યોગ કરવા મંડવું જોઇએ. રાજકીય પ્રગતિ અને ઐહિક ઉન્નતિ, તથા સમાધિસુખ અને સાયુજ્ય મુક્તિ એ સર્વ વસ્તુઓ કાંઇ એકજ માર્ગમાં રહેલી નથી. જો રાજકીય પ્રગતિ જોઇતી હોય તો તે માર્ગે ઉદ્યોગ કરો. માત્ર સ્વહિતને માટે કિંવા વૈભવિતક સુખને માટેજ પ્રયત્ન કરશો નહિ, પરંતુ રાષ્ટ્ર હિતને માટે પ્રયાસ કરો, અને રાષ્ટ્ર હિત સાધ્ય કરવાને માટે કાર્લાઇલના સતત ઉદ્યોગના માર્ગ સિવાય ઇતર માર્ગ નથી.

અહીંઆં સુધી કાર્લાઇલના 'સાર્ટર' પુસ્તક વિષે અમારે જે કાંઈ બે ચાર ગાંડાઘેલા શબ્દો કહેવા હતા તે કહ્યા. આ પછીના પ્રકરણમાં હવે અમે 'હિરોઝ એન્ડ હિરોવર્શીપ' વિષે વિવેચન કરીશું.

---

* 'Brotherhood of man' એ 'Theosophy' નાં ત્રણ મુખ્ય તત્ત્વો પૈકી એક છે.

પ્રકરણ ૪ થું.

વિભૂતિ અને વિભૂતિપૂજા.

સાધારણ રીતે અદ્વિતીય પુરુષોને માન આપવાની પ્રથા સકલ જગતમાં છે. કોઇ પણ બાબતમાં, કોઇ પણ યુગમાં જ્યારે જ્યારે માણસ ઉચ્ચતમ પદ પ્રાપ્ત કરે છે, ત્યારે ત્યારે પૃથ્વીતલપરના માણસો તેને પૂજ્ય ગણવા લાગે છે. પ્રત્યેક નાના શહેરમાં, પ્રત્યેક કસ્બામાં, પ્રત્યેક ગ્રામમાં સ્થાનિક કીર્તિ પામેલા ગૃહસ્થો હોય છે. એક ગ્રામના પ્રમાણમાં જે માણસ ઇતર મનુષ્યો કરતાં બુદ્ધિ, શાણપણ, સાહસિકતા, બળ, કિંવા દ્રવ્યની બાબતમાં શ્રેષ્ઠ મનાય છે તેને તે ગ્રામનાં માણસો થોડું વિશેષ માન આપે છે. આપણા કરતાં જે મનુષ્યને ઈશ્વરે બુદ્ધિ, વિદ્વત્તા કિંવા હુશીઆરી વિશેષ આપી હોય તેના પ્રત્યે આપણા મનમાં સાહજિક રીતે આદરભાવ ઉત્પન્ન થાય છે, પરંતુ આ આદરભાવ ઉત્પન્ન થવાને માટે આપણું મન શુદ્ધ, સરલ અને ઉદાર હોવું જોઇએ અને જે ગુણોને માટે આપણે બીજાને માન આપવાનું હોય તે ગુણો ઓળખવાની આપણામાં શક્તિ હોવી જોઇએ. મન જો શુદ્ધ અને ઉદાર નહિ હોય તો આપણે પ્રત્યક્ષ ઈશ્વરને પણ પૂજ્ય માનીશું નહિ, તો પછી મનુષ્યને તો પૂજ્ય ક્યાંથીજ માનીએ ? મારો એકાદ શત્રુ મહાન ગુણોથી વિભૂષિત હોય, તોપણ મારા મનમાં જ્યાં સુધી તેના પ્રત્યે વૈર હોય ત્યાં સુધી તેના વિષે મને પૂજ્યબુદ્ધિ ઉત્પન્ન થશે નહિ. તેમજ બે મનુષ્યો એકજ સ્થળે રહેતા હોય અને તે પૈકી એક બીજા કરતાં એકાદ ગુણમાં શ્રેષ્ઠ હોય તો પણ તે બીજાના મનમાં તેના વિષે ઝાઝી આદર બુદ્ધિ રહેશે નહિ,

કારણ કે **અતિ પરિચયથી ગુણની ખરી યોગ્યતા સમજવામાં અડચણ આવે છે.** પણ જો ખાનગી વૈર, અતિ પરિચય ઇત્યાદિ વિશિષ્ટ કારણો એક બાજુએ રાખવામા આવે તો ગુણવિભૂષિત પુરુષોને માન આપવાની પ્રથા પૃથ્વીતલપર અનાદિથી અવ્યાહત ચાલી આવેલી છે એમ આપણને પ્રતીત થશે.

એકાદ ગુણમા પણ જેણે કાંઇક વર્ચસ્વ પ્રાપ્ત કર્યું હોય એવા મનુષ્ય પ્રત્યે પણ આપણા મનમાં પૂજ્યબુદ્ધિ ઉત્પન્ન થાય છે, તો જે પુરુષે પોતાની અક્કલ હુશીઆરીથી કિવા બહાદુરીથી સમાજનું, રાષ્ટ્રનુ, જગતનુ કિવા પ્રાણી માત્રનું હિત સાધ્યુ હોય તે પુરુષ વિષે આપણા મનમા કેટલો બધો આદરભાવ ઉત્પન્ન થવો જોઇએ, તેના વિષે આપણા મનમાં પ્રેમની કેવી મોટી ભરતી આવવી જોઇએ, તેની કલ્પના પાઠકોએ સ્વતઃજ કરી લેવી. વસ્તુસ્થિતિ આવી હોવા છતાં પણ **સર્વે જગદ્ધિતકારી વિભૂતિઓને મનુષ્યોએ યોગ્ય માન આપ્યું હોય એમ પણ નથી.** એટલુજ નહિ, પરંતુ કેટલાક અવતારી પુરુષોને જગત સપૂર્ણતઃ વિસરી ગયુ છે અને કેટલાકને જગતે લુચ્ચા લફંગા અને લૂટારૂની કોટિમા પણ મૂકેલી દીધા છે. કેટલાક પુરુષોને એક કાળના મનુષ્યોએ અવતારી પુરુષ માન્યા છે, ત્યારે બીજા કાળના લોકોએ, કિંવા બીજી પેઢીની પ્રજાએ તેમને મૂર્ખ અને નાદાન ઠેરવ્યા છે ! આ રુચિવૈચિત્ર્ય સદા ચાલૂજ રહેવાનુ. જે લોકોનુ કિવા રાષ્ટ્રનુ અપરિમિત કલ્યાણ એકાદ અલૌકિક સામર્થ્ય ધરાવનાર વ્યક્તિએ કર્યુ હોય, તેજ લોક કિંવા તેજ રાષ્ટ્ર તેને બિલકુલ માનતું નથી. આપણા પર જેણે ઉપકાર કર્યો હોય તેની આપણને સપૂર્ણ વિસ્મૃતિ થવી એ વ્યક્તિ માત્રને હાનિકારક છે, પરંતુ આવી સ્થિતિ જ્યારે એકાદ રાષ્ટ્રની થાય છે, અર્થાત્ સમસ્ત રાષ્ટ્રના લોકો જ્યારે **પોતાના હિતકર્તા, પોતાના ગતકાલીન ત્રાતા અને** વીર

પુરૂષને માન આપતા નથી, જેના પ્રતાપ-સૂર્યના ઉગ્ર તેજથી તે રાષ્ટ્ર એક સમયે ઉજ્જવળ થયું હતું, તે પુણ્ય પુરૂષને જ્યારે તે વિસરી જાય છે ત્યારે તે રાષ્ટ્રનું સમસ્ત શરીર રોગગ્રસ્ત થયેલું હોય છે, એમાં શંકા નથી. આવી અવસ્થા પ્રત્યેક રાષ્ટ્રને કોઇને કોઇ સમયે પ્રાપ્ત થાય છેજ; પરંતુ તે ગમે ત્યારે પ્રાપ્ત થાય તો પણ તે અનર્થકારકજ હોય છે. આવી સ્થિતિ ઇંગ્લાંડને ઓગણીસમી શતાબ્દીના પ્રારંભમાં પ્રાપ્ત થઇ હતી. શાસ્ત્રીય જ્ઞાનની પ્રગતિથી, જડવાદની ઉન્નતિથી તથા સુખવાદી તત્ત્વજ્ઞાનીઓની ભ્રમમાં નાખનારી અને ડાહ્યાને ગાંડા બનાવનારી તર્કજાળથી સમસ્ત રાષ્ટ્રને બુદ્ધિભ્રંશ થયો હતો તેમાં વળી ડાર્વિનની વાનરને મનુષ્યનો પૂર્વજ બનાવનારી નવીન કલ્પનાનો ઉમેરો થયો, અને એજ મહાશયનું 'નિસર્ગ દેવતાની પસંદગી'નું જે નવીન સૂત્ર બ્રહ્મવાક્યવત્ બહાર પડયું તેણે તો લોકોનાં મસ્તકજ ફેરવી નાખ્યાં આ સર્વ કલિયુગની નવીન કલ્પનાઓએ લોકોના મનમાં રહેલી ભક્તિ, પ્રેમ, તથા પૂજ્યબુદ્ધિના મૂળમાં તીક્ષ્ણ શસ્ત્ર પ્રહાર કર્યો. પૂર્વકાલીન લોકોના મનમાં રહેલી ભક્તિ, ઉત્તમ ગુણવાન મનુષ્યને યોગ્ય માન આપવાની નિષ્કપટ પ્રેમવૃત્તિ, અલૌકિક પુરૂષના હૃદયમાં ઇશ્વરાંશની પ્રતીતિ કરવાની વૃત્તિ એ સર્વનો લય થયો. ફલાણો મનુષ્ય મહા વિદ્વાન અને કીર્તિમાન થયો કેમ ? તેમાં તેણે શી મોટી ધાડ મારી? તેની પરિસ્થિતિ વિદ્વતાનો વિકાસ થવા માટે અનુકૂળ હશે. વાનર સુદ્ધા પરિસ્થિતિની અનુકૂળતા મળતા મનુષ્ય બન્યો, તો પછી તે મનુષ્ય મહા વિદ્વાન બન્યો તેમાં તેણે શી મોટી તલવાર મારી ? અમને પણ એવી પરિસ્થિતિ પ્રાપ્ત થઇ હોત તો અમે પણ એના જેવાજ થયા હોત. મહત્પદની પ્રાપ્તિની આ પ્રકારની મીમાંસા બેમાલૂમ રીતે થવા લાગી. મનુષ્યનાં કર્તવ્ય કિંવા ઈશ્વરની કૃપાને માટે

કિંચિત્ પણ જગા રહી નહિ. મહા પુરૂષોને માન આપવાની કોઇને આવશ્યકતાજ લાગતી નહોતી અને સમસ્ત અંગ્રેજ સમાજ ભક્તિ-હીન તથા શ્રદ્ધાહીન બની વ્યાજ વટાવ અને નફા ટોટાની વ્યાવ-હારિક જાળમાંજ ગુંથાઇ ગયો હતો.

ઉપર્યુક્ત શોચનીય સ્થિતિમાંથી સમાજને સ્વબળથી બહાર ખેંચી કાઢવાનું કામ કાર્લાઇલે સ્વખુશીથી સ્વીકાર્યું. અંધ સમાજની આંખ ઉઘાડવાને માટે કાર્લાઇલે જે બોધ આપ્યો તે મુખ્યતઃ 'વિભૂતિ અને વિભૂતિપૂજા' અને 'ગતકાલ તથા વર્તમાન' એ બે પુસ્તકોમાં ભરેલો છે. આ પ્રકરણમાં ઉપર્યુક્ત ઉભય પુસ્તકો પૈકી પહેલા પુસ્તક વિષે થોડું વિવરણ કરવાનો વિચાર છે. વિભૂતિપૂજાની આવશ્યકતા સમજ્યા પૂર્વે અવતારી પુરૂષોનું સમસ્ત જગતની ઉથલ પાથલમાં કેટલું મહત્વ છે તે સમજવાની આવશ્યકતા છે. કાર્લાઇલે ઇતિહાસ કરતાં અવતારી પુરૂષોનાં ચરિત્રોનેજ વિશેષ માન આપ્યું છે. ઇતિહાસકર્તા કોણ છે? આ જગતમાં સહસ્ત્રાવધિ ગોમાજી અને સોમાજી ઉત્પન્ન થાય તોપણ ઇતિહાસમાં નિર્દિષ્ટ કરવા લાયક એક પણ કાર્ય લક્ષાવધિ વર્ષોમાં પણ તેમના હાથથી થશે નહિ, પરંતુ એક નેપોલિયન, એક સીઝર, એક શિવાજી કિંવા એક સિકંદરની કૃતિથી જગતમાં એવી મોટી ઉથલપાથલ થાય છે કે ઇતિહાસકારને તેના પરા-ક્રમનાં વર્ણનને માટે કિંવા તેણે કરેલી ઉથલપાથલોના વર્ણનને માટે પ્રકરણોના પ્રકરણો રોકવાં પડે છે. વાસ્તવિક રીતે જોતાં જગતનો ઇતિહાસ એ અવતારી પુરુષોએ પૃથ્વી તલપર કરેલી લીલાનું વર્ણનજ છે. જો એક શિવાજી ન હોત તો 'મરાઠાનો ઇતિહાસ' એવું એકાદ પુસ્તકનું નામ પણ આપણે સાંભળ્યું હોત નહિ. જો બાજીરાવ પેશ્વાએ મરાઠાઓનો વિજયધ્વજ દીલ્લીના કોટ સુધી ફરકાવ્યો ન હોત તો આજે ઉત્તર હિંદુસ્થાનમાં સિંધિઆ અને હોલ્કરનાં સં-

સ્થાનો દ્રષ્ટિગોચર થયાં હોત નહિ. જો મરાઠાઓએ આવાં પરાક્રમ કર્યાં ન હોત તો ન્યાયમૂર્તિ રાનડેને શિવાજીનું ચરિત્ર યથાતથ્ય રીતે નિરૂપણ કરવાને માટે વૃદ્ધ રાવબહાદુર માનકર તરફથી શાબાશી મળી ન હોત. ઉત્તર હિંદુસ્થાનમાં 'મરેઠા' આ કર્ણકઠોર શબ્દ સાંભળીને ગર્ભિણીનો ગર્ભ તૂટી પડતો હતો, એ સૌ મરાઠાઓના પરાક્રમનાજ પ્રતાપ છે. માત્ર એક શિવાજીનાજ પ્રભાવથી મહારાષ્ટ્રીય લોકોને સમસ્ત હિંદુસ્થાનમાં ઉચ્ચ પદ પ્રાપ્ત થયું હતું. તેજ પ્રમાણે એકલા સિકંદર પાદશાહના પ્રભાવથી પૃથ્વી પર દૂર દૂર વસતા હિંદુ અને ગ્રીક લોકોનુ સંઘટ્ટન થયું અને 'સિકંદર' શબ્દ કીર્તિનો પર્યાય થઇ પડયો. નેપોલિયને તો રામના સમયના સત્ય યુગમા નહિ, પરંતુ છેક હમણાંની ઓગણીસમી શતાબ્દીમાંજ અલૌકિક કૃત્યો કરી; રાવણનાં પરાક્રમોનું પણ અતિક્રમણ કરી માત્ર પોતાનાજ બાહુબળ અને બુદ્ધિબળથી સમસ્ત યૂરોપ ખંડને પાદાક્રાંત કરી નાખ્યો હતો. અંતે ઇંગ્લાંડના વીર વેલિંગ્ટને તેને પરાસ્ત કર્યો અને તેને સેંટ હેલીનામાં કેદ કર્યો. આ પ્રકારે કોઇ પણ રાષ્ટ્રના કોઇ પણ વીર પુરૂષનું ઉદાહરણ લેવામાં આવે તો તેના પરાક્રમથી તે રાષ્ટ્રની પરિસ્થિતિમાં વિલક્ષણ ફેરફાર થયેલા પ્રતીત થાય છે. અવતારી પુરૂષો કેવળ યોદ્ધા, લડવૈયા કિંવા રાજકારસ્થાનીજ હોય છે, એમ નથી, પ્રત્યેક પ્રકારના ઉદ્યોગમાં, પ્રત્યેક કળામાં, પ્રત્યેક પ્રકારની માનવી ઉથલપાથલમાં અવતારી પુરૂષો પ્રકટ થાય છે. પોતાના બાહુબળથી પૃથ્વીના વિશાળ પ્રદેશોને પાદાક્રાંત કરનાર વીર પુરૂષો કરતાં પોતાના વિચારદ્વારા અનેક મનુષ્યોને સુસંસ્કૃત કરનાર ધર્મસંસ્થાપકોની યોગ્યતા અધિક છે. રાજપુત્ર તરીકે જન્મેલો ગૌતમ બુદ્ધ જો રાજપુત્રજ રહ્યો હોત તો કદાચિત્ તેનું નામ પણ આજે કોઇને વિદિત નહિ હોત, પરતુ તેણે બૌદ્ધધર્મના

જેવો ઉદાત્ત ધર્મ સ્થાપિત કર્યો તેથી પૃથ્વી પર કેટલો બધો પ્રકાશ પડયો છે. ઉદિત થતા સૂર્યની ભૂમિ જાપાનથી લઇને હિમાલયના મસ્તકપર અધિષ્ઠિત થયેલા ટિબેટ સુધીમા વસતા સમસ્ત લોકો બુદ્ધનો સ્થાપન કરેલો ધર્મજ પાળે છે. હિંદુસ્થાનમાં જો કે બૌદ્ધ ધર્મ પ્રચલિત નથી, તો પણ હિંદવાસીઓ બુદ્ધને ઇશ્વિરાવતાર માને છે. તેમજ જીસસ ક્રાઇસ્ટ પણ કદાચ એશિયા ખંડમાજ જન્મેલો એક સાદો મનુષ્ય હતો. તેની ચામડી ગૌર પણ નહિ હશે, ગાલ પણ લાલચોળ નહિ હશે, પરંતુ તેમાં કાંઇક ઇશ્વરાંશ હતો, સહનશીલતા હતી, સાધુત્વ હતુ, અને **જો તેને કોઇ એક ગાલ પર તમાચો મારે તે. તે બીજો ગાલ આગળ ધરવાને તત્પર હતો,** આવા સાદા પરતુ પૂર્ણ નિષ્કામ અને નિરાભિમાની પુરૂષે લાગણીપૂર્વક લોકોને ઉપદેશના જે ચાર શબ્દો કહ્યા હશે તેજ આજે 'ખ્રિસ્તી ધર્મ' 'ખ્રિસ્તી ધર્મ' એવા પોકારવડે જગતમા ગાજી રહ્યા છે. આજ કાલના નામધારી કેટલાક ખ્રિસ્તીઓ જે કૃત્યો કરે છે તે પરથી ક્રાઇસ્ટના ગુણોની કોઇએ પરીક્ષા કરવી નહિ. તેના નામથી કેટલા લોકો આજે ઘણાં અનિષ્ટકારક કામો કરતા હશે, પરતુ તે માટે ક્રાઇસ્ટ જવાબદાર નથી ક્રાઇસ્ટ તો ખરો દેવમૂર્તિજ હતો, નહિ તો તેનુ નામ પૃથ્વીતલપર અજરામર થયુ ન હોત. બુદ્ધ અને ક્રાઇસ્ટના જેવાજ શંકરાચાર્ય પણ હત. બુદ્ધના સ્થાપિત કરેલા છતા પાછળથી વિકૃત થયેલા ધર્મને હિંદુસ્થાનમાથી હાંકી કાઢવાને મહાત્મા શંકરાચાર્યજ સમર્થ થયા હતા. **શિવાજી મહારાજની સમશેરના પ્રતાપ કરતાં પણ શંકરાચાર્યની વાણીનો પ્રતાપ વિશેષ હતો.** તેજ પ્રમાણે તુકારામ અને રામદાસની વાણીનો પ્રભાવ પણ અલૌકિક હતો. **અવતારી પુરૂષ યોદ્ધા સ્વરૂપે, ધર્મસંસ્થાપક સ્વરૂપે, કિંવા કવિ સ્વરૂપે, કોઇ પણ સ્વરૂપે આપણી સમક્ષ ઉભા રહે તો**

પણ તે આપણને વંદ્યજ છે, અને જગતમાં જે જે મહત્વની ઘટનાઓ બને છે તે તે અલૌકિક પુરૂષોના પ્રભાવથીજ બને છે તેમાં કાંઇ શંકા નથી જો બુદ્ધ ન હોત તો બૌદ્ધ ધર્મ પણ ન હોત. ક્રાઇસ્ટ ન હોત તો ખ્રિસ્તી ધર્મ પણ ન હોત, અને શિવાજીનો જન્મ ન થયો હોત તો મરાઠા નામનું સર્વ રહસ્યજ લુપ્ત થઇ ગયું હોત. જો શેક્સપિયર ન હોત તો જગતનો શ્રેષ્ઠ કવિ અમારા દેશમા જન્મ્યો છે એવુ અભિમાન અંગ્રેજ લોકો કરી શક્યા ન હોત. સંક્ષેપમા આ જગતની સર્વ પ્રગતિ, સર્વ શોધી, સુધારણા અને સંસ્કૃતિનો સર્વ ધમંડ અવતારી પુરૂષોના અભાવે કદિ પણ દષ્ટિગોચર થયો ન હોત. **સમસ્ત જગતનો ઇતિહાસ એ જગતમાં અવતીર્ણ થયેલા મહાપુરૂષોનાં ચરિત્રનુંજ વર્ણન છે.*** અને આવા મહાપુરૂષોનાં ચરિત્રોનુ વાચન અને શ્રવણ કર્યાથી આપણને અપરિમિત લાભ થયા વિના રહેતો નથી. મહાત્માઓના ચરિત્રોનુ શ્રવણ, મનન અને નિદિધ્યાસન સર્વકાળમા હિતાવહજ હોય છે. આપણા કરતા જે મનુષ્ય ગુણ અથવા સામર્થ્યમા અતિ ઉચ્ચ હોય તેના પ્રત્યે પૂજ્યબુદ્ધિ હોવી, અને તેના શાણપણ પર, તેના ચાર ઉપદેશપૂર્ણ શબ્દોપર શ્રદ્ધા હોવી એમાજ ખરેખર આપણું મોટુ હિત છે. પ્રથમ જ્યારે અંગ્રેજી ભાષાનુ શિક્ષણ શરૂ થયુ ત્યારે પાશ્ચિમ તરફના અર્ધદગ્ધ જ્ઞાનથી શિક્ષિત બનેલા લોકો આપણા પૂર્વજો સર્વ મૂર્ખ હતા એમ સમજવા લાગ્યા હતા, પરંતુ પોતાનુ અજ્ઞાન તેમને શીઘ્ર જ્ઞાત થયું અને તેઓ પ્રાચીન અવતારી પુરૂષોને માન આપવુ શ્રેયસ્કર છે

* "Universal History, the history of what man has accomplished in this world is at bottom the history of the great men who have worked here"

Carlyle's Heroes and Hero-worship Chapter I.

એમ કબૂલ કરવા લાગ્યા છે. જેમ ઈશ્વર પર શ્રદ્ધા રાખવી લાભદાયક છે તેમજ શ્રેષ્ઠ પુરૂષોને માન આપવું એ પણ હિતકારક છે. એ વાત આપણા નવ શિક્ષિત લોકો ઘણાં વર્ષોથી સમજવા લાગ્યા છે એ આનંદનો વિષય છે, પરંતુ હજી આ મનોવૃત્તિ વિશેષ દૃઢ થતી જવી જોઇએ. જો એમ થશે તો જે મહાત્માઓને આપણે માન આપીએ છીએ અને જેમને આપણે પૂજ્ય માનીએ છીએ તેમના કૃપાપ્રસાદથી આપણા મનોરથ સિદ્ધ થયા વિના રહેશે નહિ.

ભિન્ન ભિન્ન કાળ અને ભિન્ન ભિન્ન પરિસ્થિતિમાં મહાપુરૂષો પૃથક્ પૃથક્ સ્વરૂપમાં આ અવનીતલ પર અવતીર્ણ થાય છે, અને જેવી પરિસ્થિતિ હોય તેજ પ્રમાણે અવતારી પુરૂષોને પોતાનું કર્તવ્ય બજાવવાનું હોય છે. અતિ પ્રાચીન કાળમાં કોઇ મહાપુરૂષ અદ્વિતીય ગણાયો કે લોકો તેને દેવજ કહેવા લાગતા. પૂર્વે પૃથ્વીતલપરનાં માણસોમાં ભક્તિ વિશેષ હતી એમ લાગે છે અથવા ભોળાપણું વિશેષ હોવું જોઇએ. કારણ કે કોઇ પણ અગાધશક્તિ અને પ્રચંડ સામર્થ્ય ધરાવનાર વ્યક્તિને તત્કાલીન લોકો જોતા કે તરતજ તેઓ તેના પર ઈશ્વર સ્વરૂપનો આરોપ કરતા હતા. આજ કારણથી પ્રાચીન કાળના અદ્વિતીય પુરૂષો દેવકોટિમાં જઇ બેઠા છે અને આજ કારણથી પ્રાચીન કાળમાં આપણા દેશમાં આટલા બધા અવતારી પુરૂષો હતા. યૂરોપખંડમાં પણ પ્રાચીન કાળમાં અગાધ સામર્થ્યવાન પુરૂષને જનસમાજ અવતારી પુરૂષ સમજતો હતો, પરંતુ હવે કોઇ પણ મનુષ્યને અવતારી સમજવાનો કાળ રહ્યો નથી અને આપણે હાલમાં કોઇને 'અવતારી' એ વિશેષણ લાગુ પાડીએ તો પણ તે માત્ર એક અલંકાર તરિકેજ લાગુ પાડીએ છીએ. કોઇ પણ મનુષ્યને અધુના આપણે દેવ તરિકે ભજતા નથી.

કાર્લાઇલે મહાપુરૂષો કિંવા વિભૂતિઓના મુખ્યતઃ છ વિભાગો

કર્યાં છે. આ છ સ્વરૂપે અવતારી પુરૂષો આપણને ભિન્ન ભિન્ન કાળે દ્રષ્ટિગોચર થાય છે. આ છ સ્વરૂપો આ પ્રમાણે છેઃ–૧ દેવ, ૨ ધર્મ-સંસ્થાપક, ૩ કવિ, ૪ ધર્મપ્રચારક, ૫ ગ્રંથકર્તા અને ૬ રાજા કિંવા રણવીર. આથી ભિન્ન સ્વરૂપે મહાત્માઓ પ્રકટ થતાજ નથી, એમ કહેવાનો અમારો હેતુ નથી. ઉપર્યુક્ત છ વિભાગો સાધારણ રીતે પાડેલા છે. જે કાળમાં જે સ્વરૂપ ધારણ કરી કાર્ય કરવાનું વિશેષ અનુકૂળ થઇ પડે તે કાળમાં તે સ્વરૂપ ધારણ કરી અવતારી પુરૂષો કિંવા મહાત્માઓ બહુ જનસમાજને માર્ગ દર્શાવે છે. અલૌકિક બુદ્ધિ અને અગાધ સામર્થ્ય ધરાવનાર મનુષ્ય ગમે તેવી પરિસ્થિતિમાં જન્મ પામે તોપણ તે પોતાનો પ્રભાવ દર્શાવ્યા વિના રહેશે નહિ. ગમે તેવી પરિસ્થિતિમાં તે અગ્રેસરતાજ ગ્રહણ કરી લેશે. શૌર્ય બતાવવાની સંધિ પ્રાપ્ત થાય તો તે શૂરપણાથી પ્રસિદ્ધિમાં આવશે અને મસ્તિષ્ક કિંવા બુદ્ધિથીજ કામ કરવાનુ તેના ભાગ્યમાં આવ્યુ તો તે બીજો બૃહસ્પતિજ થઇ બેસશે.

સંકટના સમયમાં–અડચણના સમયમાંજ મહાપુરૂષોની યથાર્થ પરીક્ષા થાય છે. કિંબહુના અતિ ઉચ્ચ પ્રતિના અવતારી પુરૂષો સુસ્થિતિમાં, સંપન્નાવસ્થામાં અને સુખ શાન્તિના સમયમાં પોતાની યોગ્યતા સંપૂર્ણ રીતે જગતની દૃષ્ટિમાં આણી શકતા નથી. અણીના પ્રસંગે, જીવ આપવા કે લેવાના પ્રસંગે, એકાદ સમગ્ર રાષ્ટ્રને કિંવા દેશને વિપન્નાવસ્થાના કાદવમાંથી બહાર ખેંચી કાઢી સંપન્નાવસ્થાના મક્કમ પાયાપર અધિષ્ઠિત કરવાનો પ્રસંગ હોય તે સમયેજ અલૌકિક સામર્થ્ય ધરાવનાર મનુષ્ય પોતાનું ખરૂં વિરાટ સ્વરૂપ ધારણ કરી શકે છે. યુદ્ધ કરવાનો પ્રસંગજ નહિ હોય તો લડવૈયો શું કરી શકશે? સંકટોનો પ્રતીકારજ કરવાનો નહિ હોય તો અન્ય કવિના અભાવે મારૂં ઉત્કૃષ્ટ કવિત્વ નિરર્થકજ છે એમ જગન્નાથ પંડિતને લાગે

તેમા શું આશ્ચર્ય ? ઉત્તમ પ્રકારે કુસ્તી કરનાર પહેલવાનની ખરી પરીક્ષા જેમ તેના યથાર્થ પ્રતિસ્પર્ધીની સાથે દાવપેચ ખેલતી વખત થાય છે, કિંવા ઉત્તમ સાક્ષીની ખરી સમયસૂચકતા જેમ વકીલની ઉલટ-પાલટ તપાસમાંના યુક્તિભરેલા પ્રશ્નો ઉરાડી દેવામા પ્રતીત થાય છે તે પ્રમાણે વિપરીત પરિસ્થિતિમા નાના પ્રકારના નવાં નવાં સંકટો એક પછી એક ઉદ્ભવતાં હોય તે છતાં પણ જે બહાદુર પુરૂષ આવા વિઘ્ન સમુચ્ચયને દાદ ન દે અને પોતાના હાથમા ધરેલુ કાર્ય પોતાના બાહુબળથી કિંવા પોતાના બુદ્ધિબળથી અંતે પાર પડે તેજ ખરો મર્દ છે, તેજ ખરો વીર છે અને મચ્છેંદ્રનાથે કહ્યા પ્રમાણેઃ—

'સોહિ સચ્ચા એ સચ્ચા એ, વોહિ ગુરૂકા બચ્ચા, સોહિ સચ્ચા એ સચ્ચા એ.'

મુલાયમ શય્યા પર આળોટનાર કિંવા અંગ્રેજીમા કહ્યા પ્રમાણે મુખમા રૂપાનો ચમચો લઇને જન્મ પામનાર પુરૂષ પણ તનતોડ મહેનત કર્યા સિવાય અને થોડીવાર પોતાનો મોજશોખ એક બાજુએ રાખ્યા સિવાય કોઇ પણ મહત્કાર્ય કરી શકતો નથી. કોઇ પણ મનુષ્યને અજરામર કીર્તિ સંપાદન કરવી હોય કિંવા કોઇ પણ મહત્કાર્ય સિદ્ધ કરવું હોય તો તેના કપાળમાં અવિશ્રાંત શ્રમ કરવાનુંજ લખેલું હોય છે, એમ સમજવુ વળી માત્ર અવિશ્રાંત શ્રમ કરવાથીજ ચાલે એમ પણ નથી અવિશ્રાંત શ્રમ તો ગાડીનો બળદ કિંવા મીલનો મજુર પણ કરે છે, પરંતુ આ અવિશ્રાંત શ્રમની સાથે જ્યારે ઈશ્વરદત્ત બુદ્ધિ, ઈશ્વર-દત્ત શક્તિ કિંવા સ્ફુર્તિનો યોગ થાય ત્યારેજ તે મનુષ્ય '.भवो हि लोकाभ्युदयाय तादृशाम्' આ પંક્તિમાના 'तादृशाम्' પદને પ્રાપ્ત થયેલી વિભૂતિની કોટિમાં જાય છે સાધારણ લોકો જ્યારે હતાશ થઇને બેઠેલા હોય છે,

જ્યારે બહુ જનસમાજને એકાદ સંકટમાંથી, એકાદ દુઃસ્થિતિમાંથી બહાર નીકળવાનો માર્ગ દષ્ટિગોચર થતો નથી, એટલુંજ નહિ પરંતુ માર્ગ છે કે નહિ તેની પણ તેને શંકા હોય છે ત્યારે એવી દૈવી સ્ફૂર્તિવાળો મનુષ્ય પોતાની કલ્પનાથી નવીન યુક્તિ શોધી કાઢે છે. આવો મનુષ્ય જ્યારે નવીન માર્ગ શોધી કાઢે છે ત્યાર પછી સર્વને એમ લાગે છે કે આ માણસે કાંઇ અદ્ભુત કાર્ય કર્યું નથી, એ કાર્ય અમો પણ સહજ કરી શકયા હોત; પરતુ આ સૌ પાછળનાં ગપ્પાં છે. નહિ તો તે પૂર્વે સૌની અક્કલ કેમ બ્હેર મારી ગઇ હતી? કોલમ્બસે અમેરિકા ખડ શોધી કાઢયો તત્પશ્ચાત્ એવાજ એક નિર્માલ્ય મનુષ્યે એવો લવારો કર્યો હતો કેઃ "કોલમ્બસે શી મોટી ધાડ મારી? કોઈ પણ ખલાસી ચાર જહાજ લઇ પશ્ચિમ તરફ સફર કરવા જાત તો અતે તેને અમેરિકાખંડ પ્રાપ્ત થાતજ." પરતુ જ્યારે તે માણસને અને તેના જેવાજ ઈતર નિર્માલ્ય મનુષ્યોને એક છેડાપર ઇંડાં ઉભાં રાખવાન કહેવામા આવ્યું ત્યારે તેઓ તેમ કરી શક્યા નહિ અને કોલમ્બસે તરતજ તેનો એક છેડો કાપી ટેબલપર ઉભાં રાખ્યાં. અમેરિકા શોધી કાઢયા પૂર્વે જ્યારે તે પોતાની કલ્પના લોકોને જણાવતો હતો ત્યારે તેને પુષ્કળ સંભવિત અને શિષ્ટ લોકો પણ ગાંડો અને ચસ્કેલ મગજનો કહેતા નહોતા કે? વસ્તુસ્થિતિ આવીજ છે સમારી દ્રષ્ટિના હિસાબી લોકોને એકાદ સાહસિક કૃત્ય ઘેલછાભરેલું લાગે તેમાં આશ્ચર્ય નથી. શિવાજી મહારાજ જ્યારે તરુણ હતા તે સમયે જે કલ્પનાઓ તેમના મનમાં આવતી હતી તે તેમના વૃદ્ધ પિતાને કિંવા દાદાજી કોંડદેવને અસભાવ્ય અને ઘેલછાભરેલીજ લાગી હતી તેમાં નવાઇ નથી. મુસલમાનોની સત્તા સપૂર્ણ રીતે દ્રઢ થઇ ગઇ હતી તેમની આજ્ઞા વિના પત્ર પણ હાલતું નહોતું અને

મુસલમાની સત્તા વિરૂદ્ધ ઉઠવું એટલે જાણીજોઇને વ્યાઘ્રના જડબામાં મસ્તક આપવા સમાન તેમને લાગતું હતું. યવનોનીજ નોકરી કરવી અને તે નોકરીમાંજ ઇમાન ઇતબારથી પ્રતિષ્ઠા મેળવવી, એમાંજ તેમના સમયનો પુરૂષાર્થ રહેલો હતો; પરંતુ બાળ શિવાજીના મનમાં આ પુરૂષાર્થ નથી ઉલટું અપમાન છે એવી કલ્પના આવવા લાગી અને તે માત્ર કલ્પના નહિ રહેતાં તેના હાથથી તે પ્રમાણે કૃતિ પણ બની. આજ તેની દૈવી પ્રેરણાનું ઉત્તમ ઉદાહરણ છે. ઇશ્વરનોજ સંકેત એવો હતો કે શિવાજીના હાથથી મુસલમાનોનો અમલ નષ્ટ કરી હિંદુ સ્વરાજ્યનો પાયો નાખવો. તો તેથી આપણે શિવાજીને ઇશ્વરાંશ માનીએ તેમાં કાંઇ હરકત નથી. ખ્રિસ્તી ધર્મગ્રંથો તો કેવળ જીસસનેજ ઈશ્વરનો પુત્ર કિંવા ઇશ્વરનો અવતાર માને છે, પરંતુ હિંદુ ધર્મની દ્રષ્ટિ આટલી ટુંકી નથી. જીસસને પણ ઇશ્વરાંશ માનવામાં અમારો કાંઇ પ્રત્યવાય નથી, પરંતુ અમુક એકજ પુરૂષ ઈશ્વરાવતાર અને બીજા નહિ એવો અમારો દુરાગ્રહ નથી. જ્યારે જ્યારે દૈવી પુરૂષ ઉત્પન્ન થવાની આવશ્યકતા હોય છે ત્યારે ત્યારે તે ઇશ્વર નિયંત્રિત સૂત્ર પ્રમાણે જન્મ ધારણ કરે છે, એવો હિંદુઓનો મત છે. આવા અનેક અવતારી પુરૂષો પૈકી શિવાજી પણ એક હતો એમ આપણે માનીએ છીએ. અસાધારણ પુરૂષોને અવતાર માનવાની સમજ આપણા લોકોમાંજ માત્ર છે એમ નથી, પરંતુ તે સાર્વત્રિક છે. રોમન લોકોનો શ્રેષ્ઠ પુરુષ જે જુલિયસ સિઝર તેને તત્કાલીન લોકો ઇશ્વરાવતારજ માનતા હતા અને જ્યારે તે માર્યો ગયો ત્યારે તે ઇશ્વરસ્વરૂપમાંજ વિલીન થઇ સાયુજ્ય મુક્તિ પામ્યો, એવી તે લોકોની કલ્પના હતી. એટલુંજ નહિ, પરંતુ ઓગણીસમા શતકમા, સુધરેલી અંગ્રેજી ભાષામાં લખનાર ઇતિહાસકાર મહાશય ફ્રુડ પણ રોમન લોકોની આ કલ્પનાનું અંતઃકરણપૂર્વક જોશદાર

ભાષામાં સમર્થન કરવાને ચૂકતા નથી.* ખ્રિસ્તી મત પ્રમાણે અનેક પુરૂષોને ઇશ્વરાવતાર માનવા એ મૂર્ખતાભરેલું અને પાપમૂલક ગણાય છે, પરંતુ ખ્રિસ્તી ધર્મની ટુંકી દૃષ્ટિનું એ પરિણામ છે એમ કોઇના પણ લક્ષ્યમા આવ્યા સિવાય રહેશે નહિ. અવતારી પુરૂષો કિંવા મહાપુરૂષોનું એક લક્ષણ અમે ઉપર જણાવ્યુંજ છે કે સામાન્ય લોકો જ્યારે રોદન કરતા બેઠા હોય છે ત્યારે તેઓ પોતાની હિમ્મતથી કાઇક અદ્‌ભુત કૃતિ કરી બતાવે છે. મરાઠા ઇતિહાસમાંથીજ એક ઉદાહરણ આપી આ સામાન્ય વિધાન જરા વિશેષ સ્પષ્ટ કરીશું. બાલાજી વિશ્વનાથનું મરણ થયા પછી બાજીરાવને પેશ્વાઇનાં વસ્ત્રો અર્પણ કરવાં કે નહિ તે વિષે શાહુરાજા કાંઇ નિશ્ચય પર આવ્યા નહોતા. આનું મુખ્ય કારણ પ્રતિનિધિ વગેરેનુ વૈમનસ્ય હતું. ઉક્ત પ્રશ્ન હજી અનિશ્ચિતજ હતો એવામાં નિઝામની તરફથી શાહુરાજા પર એવો સદેશો આવ્યો કે દિલ્લીના પાદશાહની સામે ટક્કર લેવાની છે, માટે મને સૈન્યની કુમક આપો. શાહુએ પ્રતિનિધિ વગેરેને પ્રશ્ન કર્યો કે "નિઝામને શું જવાબ આપીશું?" સર્વ જણ રોદણાં રડતા બોલ્યા કે "આપણી પાસે એવડી મોટી સેનાજ ક્યાં છે કે તે જઇને પાદશાહનો પરાજય કરશે? માટે અમારાથી કુમક આપી શકાશે નહિ એવો પ્રત્યુત્તર મોકલો"; પરંતુ આવો જવાબ આપવો શાહુ રાજાને ઉચિત લાગતો નહોતો. તેને લાગ્યું કે આવો રડતો જવાબ આપીશ તો મારી ઇજ્જત જશે, તેથી તેણે બાજીરાવને બોલાવી મગાવ્યો. જ્યારે ઉક્ત બાબત વિષે બાજીરાવની સલાહ પૂછવામાં આવી ત્યારે તેણે શીઘ્ર પ્રત્યુત્તર આપ્યો કે "આજ્ઞા હોય, ને કહો તો જાઉં અને આપના ચરણના પ્રતાપથી ફતેહના ડંકા બજાવીને આવું. દિલ્લીપતિના

---

* See Fronde's Cæsar: A sketch. વિશેષત: આ પુસ્તકનો અંતિમ ભાગ વાંચવો.

તો શા હિસાબ છે, પરંતુ પ્રત્યક્ષ કાળની સામે જવાને હું તૈયાર છું." આ ઉત્તર સાંભળી શાહુરાજા પ્રસન્ન થયા અને તેમણે બાજીરાવને પેશ્વાઇનાં વસ્ત્રો અર્પણ કરી સ્વારી પર જવાની આજ્ઞા કરી. (સોહની કૃત 'પેશવ્યાચી બખર' પૃ૪ ૧૯-૨૦ જુઓ.) આજ્ઞા મળી ખરી, પરંતુ તે કાર્ય કાંઇ સહેલું નહોતું. કરજે પૈસા કાઢી બાજીરાવે સૈન્ય ઉભું કર્યું અને શીઘ્ર નિઝામને કુમક આપવાને ગયો. તે સૈન્ય જોઇને નિઝામ બોલ્યો: "આ સૈન્ય ભિખારી ભામટાઓનું બનેલું જણાય છે, તે અમને શુ સહાય કરશે ?" બાજીરાવે ઉત્તર આપ્યો "તમારે એના દેખાવની સાથે શુ કામ છે? આ સૈનિકોના અંગરખા જામા જરા સફાઇદાર નહિ હશે, પરતુ તેઓ કાર્ય તો તમારા ભપકાદાર સિપાઇઓ કરતાં અધિક ઉત્તમ કરી બતાવશે" પોતાના કહેવા પ્રમાણે બાજીરાવે પોતાના ઉત્તમ સેનાપતિત્વથી ભિખારી જેવા દેખાતા સૈનિકો દ્વારા મહાપરાક્રમ દર્શાવ્યુ. પ્રતિનિધિના જેવા વ્યવહારદક્ષ, અને હિસાબી લોકોને કરજે પૈસા કાઢી સૈન્ય ઉભું કરવાનુ કામ અનુચિત લાગે તેમા આશ્ચર્ય નથી; પરતુ બાજીરાવના જેવા જોમદાર મનુષ્યને તે કામ પરમ સાહસિક અને ભયભરેલું લાગ્યુ નહિ. કારણ સૈન્ય એકત્રિત કર્યા પછી અવશ્ય ફતેહ મેળવીશજ એવી તેનામા હિમ્મત હતી, અને વિજય પ્રાપ્ત કર્યા પછી લાખ બે લાખ રૂપિયાનુ દેવું ફેડવું એ કાઇ મોટી વાત નહોતી. આ કરજે રૂપીઆ કાઢીને ઉભા કરેલા સૈન્યે, લાખ બે લાખ રૂપીઆનુ દેવું ફેડયું એટલું જ નહિ, પરતુ શાહુ રાજાની ઇજ્જત રાખી અને તેના રાજ્યની હદ ઠેઠ દિલ્લીના ઝાંપા સુધી વધારી દીધી. તેણે ઠેઠ ગગાના તટ સુધી મરાઠાઓનો અમલ બેસાડયો અને માળવા તથા ગુજરાત જેવા કાચું સોનું પાકે તેવા દેશો મરાઠા સામ્રાજ્યમા સંયોજી દીધા ઉલટપક્ષે પ્રતિનિધિનીજ સલાહ જો શાહુ રાજાને પસંદ પડી હોત તો તેઓ માત્ર

મહારાષ્ટ્રના ચાર પાંચ ક્ષુદ્ર જીલ્લાઓનાજ અધિપતિ રહ્યા હોત અને મરાઠાઓને જે કીર્તિ મળી તે નહિ મળતાં મુસલમાનોએ મરાઠાઓને કાયરજ ગણ્યા હોત. આજ પ્રમાણે યૂરોપમાં નેપોલિયનની ધમાચકડી ચાલતી હતી તે વખતે ઇંગ્લાડનુ અસ્તિત્વ પણ લય પામશે કે શુ એવી અગ્રેજ લોકોને ધાસ્તી પડી હતી, પરતુ તેમના સદ્ભાગ્યે પિટ્ટ સમાન પાતાળયંત્રી પુરૂષ ઇંગ્લાંડમા રાજકારભારનો સુત્રધાર હતો. તેણે યૂરોપખડના ઇતર દેશોને પૈસાની લખલૂટ મદદ કરીને નેપોલિયનની વિરૂદ્ધ તેમની પાસે યુદ્ધ કરાવ્યુ અને મહાન યુક્તિથી ઇંગ્લાડ પર આવી પડનારી આ આપત્તિ ટાળી. આ સર્વ ધમાચકડી ચાલતી હતી તે સમયે રાજકીય પક્ષોની ઉથલપાથલમાં કેટલાક સમય પર્યંત પિટ્ટને મંત્રોપદ છોડવું પડયુ અને ઍડિંગ્ટન નામનો કોઇ ક્ષુદ્ર ઉમરાવ મુખ્ય પ્રધાન થયો; પરતુ લંડનનાં પ્રમાણમાં ઍડિગ્ટન જેમ નાનુ ગામડુ છે તેમ પિટ્ટના પ્રમાણમાં ઍડિગ્ટન વિસાત વગરનો હોવાથી તેના હાથથી કાંઇ પણ કારભાર સરલ રીતે ચાલતો નહોતો, તેથી પિટ્ટજ પુનઃ પ્રધાનપદપર આરૂઢ થયો. નેપોલિયનનો અસ્ત થયો ત્યાં સુધી પિટ્ટ જીવંત રહ્યો નહોતો, તોપણ તેણે નિશ્ચિત કરેલી પદ્ધતિપરજ ઈંગ્લાંડનો રાજકારભાર પાછળથી ચાલ્યો હતો, તેથી તે દેશની ફતેહ થઇ. ઈંગ્લાડના સમસ્ત ઇતિહાસનુ નિરીક્ષણ કરવામા આવે તો પણ પિટ્ટના જેવો અન્ય રાજકારસ્થાની પુરૂષ મળવો કઠિન થઇ પડશે. સાંપ્રતના ચેમ્બર્લેન, કર્ઝન વગેરે ગર્વિષ્ઠ રાજદ્વારી પુરૂષો, વ્યાસપીઠ પર ઉભા રહી સામ્રાજ્ય વિષે ફાવે તેટલાં લાંબા લાંબાં ગપ્પા હાકે, પરંતુ તેઓ પિટ્ટની બરાબરી કરી શકે એમ નથી. પૂર્વજોએ સ્થાપન કરેલા સામ્રાજ્યમાં એક નાનું સરખું થીગડું અધિક જોડવું કિવા પૂર્વેના પાદાક્રાંત થયેલા દુર્બળ લોકોને મોહક વાણીથી ચાર હાસ્યાસ્પદ કિંવા ભ્રામક વાતો કહેવી, એ કાંઇ

મોટા પુરૂષાર્થનાં કામ નથી. ઇંગ્લાંડનું રાજ્ય નાનું સરખું હતું, તે છતાં પણ જેણે પરકીય લોકોની સામે તેનો બચાવ કર્યો, કિંવા બચાવ કરવાનો પ્રયત્ન કર્યો એવા હેરોલ્ડ કિંવા આલ્ફ્રેડરાજા; તે રાજ્ય બાલ્યાવસ્થામાં હતું તોપણ જેણે તેનો વિસ્તાર વધાર્યો એવા પ્રથમ એડવર્ડ અને પંચમ હેન્રી એ રાજાઓ; જેમણે ઇંગ્લાડને પરદેશમાં રાજ્ય સંપાદન કરવાની પ્રથમ વાટ દર્શાવી એવા સર વૉલ્ટર રૅલે, ફ્રાન્સીસ ડ્રેક અને ક્લાઇવ; ઇંગ્લાડ પર સંકટનુ ચક્ર આવી પડતાં જેમણે તેનો બચાવ કર્યો એવા પિટ્ટ અને વેલિંગ્ટન સરખા મહાપુરૂષો ક્યાં અને અગાધ સપત્તિની મગરૂરીથી ઉન્મત્ત બની અત્રેના બડબડાટ કરનારા વક્તાઓ કયા? તેજ પ્રમાણે ઇંગ્લાંડના માજી લડવૈયા માર્લબરો કિંવા નેલ્સનની સાથે તુલના કરવામાં આવે તો સાપ્રતના રૉબર્ટ્સ અને લૉર્ડ કિચનર પણ કેવળ બાળકોજ જણાય, અને આશ્ચર્ય તો એટલા માટે થાય છે કે ચારગણું પાંચગણું સૈન્ય લઇ જઇને એકાદ નાનું કૃષિકાર લોકોનું રાજ્ય પાદાક્રાંત કરનાર સેનાનીની ઈંગ્લાંડ આટલી મોટી પ્રશસા શા માટે કરે છે? આવી સ્થિતિ જોઇ બર્કના કહેવા પ્રમાણે માત્ર અબલાને ધીર આપવાનો યુગ ગયો છે એટલુંજ નહિ+ પરંતુ હીરોઇઝમ અર્થાત્ ખરા પુરૂષાર્થ અને ખરા વીર્યનો યુગ પણ નષ્ટ થયો છે, એમ કહેવું પડે છે.

સાંપ્રતમાં વીર પુરૂષો જોવાની જો આપની ઇચ્છા હોય અને

+ 'The age of chivalry is gone' Burke's French Revolutin ફ્રેંચ લોકોએ ફ્રાન્સના રાજા પ્રત્યેજ નહિ, પરંતુ રાણી પ્રત્યે પણ ક્રૂર રીતે અને ખરાબ રીતે વર્તન કર્યું, તેને ઉદ્દેશીને બર્કે આ વાક્ય લખ્યું છે બર્કે પોતાનું ઉક્ત પુસ્તક લખ્યું તે સમયે ફ્રેંચ લોકોએ રાણીનો શિરચ્છેદ કર્યો નહોતો. તેમનો શિરચ્છેદ પાછળથી થયો.

ઈશ્વરી સંકેતથી અવતાર ધારણ કરી મહત્કૃત્યો કરનાર લોકોનાં દર્શન જો આપને કરવાં હોય તો આપે સુસંપન્ન યૂરોપ તરફ નહિ જોતાં પૂર્વ તરફના **ચીન** અને **જાપાન**, એ દેશો તરફ દ્રષ્ટિ ફેંકવી જોઇએ. નાના સરખા જાપાનને જેણે માત્ર ત્રીસ ચાલીસ વર્ષની અવધિમાં ઈંગ્લાંડની પંક્તિમાં લાવીને બેસાડયુ એવા **માર્કિવસ ઈટો**ને ધન્ય છે. તેજ પ્રમાણે **ચીન**ને જો કોઇ પુરૂષ કાળના જડબાંમાંથી સુરક્ષિત રીતે બહાર ખેંચી કાઢશે તો તેને પણ મહાવીર પુરૂષ ગણવામાં આવશે સ્વર્ગસ્થ **લી હુંગ ચંગે** યૂરોપીઅન લોકોને ઘણા દિવસ સુધી **ચીન**માં જેમ ફાવે તેમ નૃત્ય કરવા દીધા નહોતા, પરંતુ તે બિચારાનુ આ સંબધી ચિંતામાં ને ચિંતામાંજ મૃત્યુ થયું. **ચીન**ના જે તરૂણો જાપાનની પેઠે પોતાના દેશને યૂરોપની પંક્તિમાં અધિષ્ઠિત કરશે તેમને પણ તેમના દેશબાધવો તરફથી અવતારી પૂરૂષો તરિકે માન મળશે **હિંદુસ્થાન**માં સાપ્રતમાં શમશેર બહાદુરીનાં કામ કરી નામ મેળવવાનો અવકાશ નથી, તોપણ થોડીક બાબતોમાં અગાધ શ્રમ કરવાનો અને કીર્તિ સપાદન કરવાનો અવકાશ છે. ઉદાહરણાર્થ, ધર્મસંબધી કામમા કિંવા વિદ્વત્તાની નાના પ્રકારની શાખામાં સરસ્વતી મંદિરના અમર્યાદ પ્રદેશમાં ફાવે તેટલા તીવ્ર બુદ્ધિના મનુષ્યોને પ્રવેશ કરવાની છૂટ છે. મરાઠી અને ગુજરાતી વિદ્વાનોમા તો પ્રત્યેક શાખાના ઉત્તમ માણુસોની તાણુજ છે. કદાચ ભક્ત કવિની પંક્તિમા જગા નહિ હશે, કદાચિત્ બીજા તુકારામ હવે પછી કોઇથી થઇ શકાય એમ નહિ હશે, પરતુ અન્ય શાખામાં સર્વ જગ્યા ખાલીજ છે. આજે પંદર રૂપીઆની જગ્યાને માટે શતાવધિ ઉમેદવારો તૂટાતૂટ કરે છે, પરંતુ કવિ શ્રેષ્ઠની ખાલી જગ્યાને માટે તન, મન, ધન કોઇ અર્પણ કરતો નથી. આપણુને ઉત્તમ નાટકકાર જોઇએ છે, ઉત્તમ કાદમ્બરીકાર જોઇએ છે, ઉત્તમ ઇતિહાસકાર પણ નહિ જોઇએ એમ નથી, સર્વ

કોઇ જોઇએ છે, અને ભિન્ન ભિન્ન શાખામા અખંડ કીર્તિ સંપાદન કરનાર વિદ્વાનો આપણામાથી ભવિષ્યમાં નીપજશે, એમા શંકા નથી. રાષ્ટ્રીય અને સામાજિક હિલચાલમાં યોગ્ય સામર્થ્ય અને અધિકાર ધરાવનાર માણસો પોતાના ગુણો પ્રકટ કરી શકે છે અને વિશેષતઃ આ બાબતમાં આપણા દેશમાં કેટલાક અદ્વિતીય પુરૂષો થઇ ગયા છે. મંડલિક, તેલંગ કિંવા સર્વના મુકુટમણિ રાનડે એ કાંઇ સામાન્ય પુરૂષો નહોતા. આપણે વિપન્નાવસ્થામા હોવાથી તેમના ગુણો આપણુને પોતાને પણ જગ વ્યંગયુક્ત લાગવાનો સંભવ છે, પરંતુ તે કાળનો મહિમા છે. કાળ વિપરીત હોવા છતાં પણ તે વીરોએ કાંઇ થોડી બહાદુરી કરી નથી. આ વાત લક્ષમા રાખવાની છે કે આપણા હાથ પગ ભાગી ગયા હોય એવી અવસ્થામાં આપણે કામ કરવાનું છે. સર્વ આકાશ ફાટયુ છે તેમાં થીગડાં મારીને તેને અખંડ બનાવવાનું છે. સિવાય, આપણો કોઈ વાલી નથી. કોઈ ત્રાતા નથી. ચોતરફ નિરાશાનો અંધકાર પ્રસરેલો છે. ચોતરફ વિઘ્નો, ખાડા ખાબોચીઆં અને નિબિડ અંધકાર છે. આવી સ્થિતિમાં એકદમ ઉન્નતિ કરવી એ આપણા માટે અશકય છે. આપણામાના ઉપર્યુક્ત ત્રણ વીરોએ થોડો માર્ગ આક્રમ્યો છે, એજ તેમની મહત્તા છે. સંપૂર્ણ જય એકદમજ મળવો અશક્ય છે. તેઓ કમ્મર બાંધીને લડયા તેમાંજ તેમના ધૈર્ય અને શૌર્યની આપણને પ્રતીતિ થવી જોઇએ.+

+ ઉપર્યુક્ત વિચારો કાર્લાઈલના જે વચનોથી સૂચિત થયા તે નીચે આપુ છુઃ—

."But to make out a victory in those circumstances was perhaps more difficult than in any... .. ..We need not wonder that none of these three men rose to victory. That they fought truly is the highest praise. With a

કોઈ પણ પુસ્તકમાની કલ્પના અને વિચારની આપણા મન પર વિશેષ અસર થાય તો તે કલ્પના અને તે વિચાર આપણે સાહજિક રીતેજ આપણી આસપાસની પરિસ્થિતિની સાથે સંલગ્ન કરવાનો પ્રયત્ન કરીએ છીએ. ઉદાત્ત કલ્પનાઓથી ભરેલા ગ્રંથોના વાંચનદ્વારા આ રીતેજ સમાજ અને રાષ્ટ્રની ઘડભાજમાં મોટા ચિરસ્મરણીય ચમત્કારો બને છે. 'ફ્રેચ રેવોલ્યુશન' એ નાના પ્રકારના જૂલમી કાયદાઓ સહન નહિ થઇ શકયાથી, જૂલમ કરનાર કઠિન હૃદયના, નિષ્ઠુર, ક્રૂર તથા શ્રીમંત એવા મોટા અમીર ઉમરાવોની વિરૂદ્ધ પીડિત જનોએ કરેલું બંડ છે. આ બંડ થવાનાં અનેક કારણો હતાં. પ્રથમ તો બિચારા દીન ફ્રેચ લોકોને પોતાની વિપન્નાવસ્થાનુ કારણ શુ તેજ સમજાતું નહોતું. આપણું ભાગ્યજ એવું છે, કાળ મહા કઠિન આવ્યો છે, એવા સ્ત્રીઓને મુખે શોભવા યોગ્ય નિર્માલ્ય તત્વજ્ઞાન પરજ તેઓ પોતાનુ સમાધાન કરતા હતા; પરંતુ પાછળથી મહા ધીર ગભીર ગ્રથકારો ઉત્પન્ન થયા. તેમણે લોકોની દીનાવસ્થાનુ મુદ્દાસર શાસ્ત્રીય રીતે વિવેચન કરી લોકોને યથાર્થ કારણો સમજાવવાનો ક્રમ શરૂ કર્યો. આથી અધિકારીઓ તેમને કેદમા પૂરવા અને તેમના પુસ્તકો બાળી નાંખવા લાગ્યા, પરંતુ આવા અન્યાયથી સત્યના અંકુરનો નાશ શી રીતે થઇ શકે?

---

mournful look we will contemplate if not three living victorious heroes, as I said, the tombs of three fallen Heroes They feel for us too making a way for us. There are the mountains which they hurled abroad in their confused war of the giants. Under which, their strength and life spent, they now lie buried.

Heroes and Hero-worship Lecture V

એક પછી એક ગ્રંથકારો નિર્માણ થવા લાગ્યા. અધિકારીઓ તે કેટલા જણને કેદ કરે અને કેટલાને પકડે? ભલે ગ્રંથકારો કેદ થાય, પરંતુ તેમનાં પુસ્તકો લોકોએ પ્રથમ વાચ્યા હોય તેનું શું?† સત્યના પ્રભાવની આગળ જોરજૂલમની જહાંગીરી ક્યાં સુધી ટકે? આખરે ઘણા દિવસ સુધી ગોંધી રાખેલા સત્યના પ્રભાવે ઉથલો માર્યો. રૂસો, અને વૉલ્ટર સરખા ગ્રંથકાર નિર્માણ થયા. લોકોને સર્વ યથાર્થ સ્થિતિ સમજાઇ અને ફ્રાન્સની રાજકીય સત્તાના બાર વાગ્યા તથા અમીર ઉમરાવ લોકોને પોતાના વિલાસી જીવનનાં વિષ સમાન કડુ ફળ શીઘ્ર ચાખવા પડવાં. આવી પ્રચંડ રાજ્યક્રાંતિ ફક્ત ગ્રંથકારોના માર્ગદર્શકતાના પરિણામેજ થઇ. આ કારણથી કાર્લાઇલે રૂસોને પોતાની વિભૂતિ કોટિમાંજ અધિષ્ઠિત કર્યો છે. **વાણી અને લેખિની, એ બે હથિયારો શમશેરથી થાય તેવાં કિંવા તેથી પણ અધિક મહત્વનાં કાર્યો કરે છે.** વાગ્બલનું માહાત્મ્ય બાહુબળના માહાત્મ્યથી કાંઇ ન્યૂન નથી. બાહુબળથી અન્યની મરજી વિરૂદ્ધ તેમની પર અમલ બેસાડી શકાય છે, પરંતુ વાગ્બળને તેવી જંગલી પદ્ધતિની આવશ્યકતા હોતી નથી. વાગ્બળથી આપણે પ્રતિપક્ષીનું મનજ વશ કરી લઇએ છીએ. જેમણે જેમણે ખરા અપ્રતિમ વક્તાનાં ભાષણ સાંભળ્યા છે, કિંવા પ્રામાદિક કવિના કાવ્યો વાંચ્યા છે, કિંવા અંતઃકરણની સ્ફૂર્તિથી ગ્રંથરચના કરનાર લેખકોના ગ્રંથોનું પરિશીલન કર્યું છે અથવા ખરા ભક્તિરસથી તરબોળ થયેલા હરિદાસનું કીર્તન શ્રવણ કર્યું છે તેમને મોહક પ્રામાદિક વાણીથી શ્રોતાનાં મન કેવા તલ્લીન થઇ જાય છે, મનની મનનેજ કેવી બેમાલૂમ રીતે વિસ્મૃતિ થઇ જાય છે અને પોતાની મનોવૃત્તિ વક્તા કિંવા કવિની મનોવૃત્તિ સાથે

† આ સર્વ રસિક હકિકતને માટે અંગ્રેજી ભાષાભિજ્ઞ પુરૂષોએ બકલનું 'હિસ્ટરી ઓફ સિવિલિઝેશન' એ નામનું પુસ્તક અવશ્ય વાચવું.

કેવી તાદાત્મ્ય પામી જાય છે, તેની સ્વસંવેદ્ય અને અવર્ણનીય અનુભવથી ખાત્રી થઇ હશે. પોતાનામાં વિશેષ બળ હોવાથી અન્યને પરાજિત કરવા, તેમને ગુલામ બનાવવા, જીવ લેવાનાં પૂર્ણતાએ પહોંચેલાં હથીઆરો અને શસ્ત્રોનો આધાર લઇ અજ્ઞાન લોકોને પાદાક્રાંત કરવા કિંવા લૂટવા, એજ કાર્યોને આજના સુધરેલા કહેવાતા જગતમાં પુરુષાર્થ સમજવામાં આવે છે. વાઘે બકરીને મારી, કિંવા મત્ત ગજે નલિનીદલનો નાશ કર્યો તો તેણે મહા પરાક્રમ કર્યું એમ આપણે માનતા નથી; પરંતુ એકાદ બલાઢ્ય રાષ્ટ્રે લોકસંખ્યા કમી હોવાથી કમજોર બનેલા કિંવા અજ્ઞાનથી વિપન્નાવસ્થાને પ્રાપ્ત થયેલા કોઇ દેશને હસ્તગત કર્યો કે તરતજ તેની કીર્તિ દિગતમાં પ્રસરી રહે છે. દિગ્ગજોને પણ તેના સિંહનાદનો ધક્કો થોડો ઘણો તો લાગતોજ હશે. વાસ્તવિક રીતે જોતાં બલાઢ્ય રાષ્ટ્રે બલહીન રાષ્ટ્રને પાદાક્રાંત કરવુ એ વન પશુનુંજ અનુકરણ કરવા સમાન છે, અને જ્યારે આવા અન્યાયી કૃત્યનો જયજયકાર કરીએ ત્યારે તો મરઘાં બકરાંના ગળાંનું લોહી પીનાર દુષ્ટ વરુનો પણ આપણે જયજયકાર કરવો જોઇએ; પરંતુ મનુષ્ય પ્રાણી અંધ છે, મૂઢ છે, અભિમાની છે. પશુમાં જેને તે ક્રૂરતા ગણે છે તેનેજ, તે મનુષ્યમાં શૌર્ય કિંવા પરાક્રમ કહે છે. સાંપ્રતમાં જગતનો રાહ આવો છે. પાછળથી યુગાંતરે *થિઓસોફીસ્ટોના મત પ્રમાણે સર્વે

* થિઓસોફીસ્ટોએ કાળના 'સાઇકલ્સ' કિંવા યુગો કર્યા છે. સાતમા સાઇકલમાં સર્વ મનુષ્યો એક થઈ જશે અને યુદ્ધ તથા લડાઈનું તો નામ પણ રહેશે નહિ સાંપ્રતમાં પાચમો સાઇકલ ચાલે છે એવો તેમનો મત છે. (આ માહિતાને નક્કી આધાર આપી શકાતો નથી, પરંતુ થિઓસોફીના પુષ્કળ ગ્રંથોમા આ સાઇકલનો ઉલ્લેખ પ્રાપ્ત થશે. એની બિસાંટબાઈના મુબઇના એક વ્યાખ્યાનમા પણ આ વાતનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલો પ્રસ્તુત લેખકના પક્કા સ્મરણમાં છે.)

માનવ પ્રાણીઓ પરસ્પર ભ્રાતૃભાવથી વર્તશે. તેઓ તદનુસાર વર્તો એવી અમારી ઇચ્છા છે; પરંતુ અધુના તો એવા કાળનું નામ નિશાન પણ જણાતું નથી. લઢાઇઓ અને યુદ્ધો સર્વથૈવ બંધ કરવા અને જગતમાં સર્વત્ર શાંતિનો પ્રસાર કરી દેવો, એવા ઉદ્દેશથી હેગમાં 'શાંતિ પરિષદ્' ભરવામા આવે છે, અને તે સંબંધે લખતા મહાશય સ્ટેડ સરખો '**वसुधैव कुटुम्बकम्**'ના સૂત્ર અનુસાર વર્તનાર ગૃહસ્થ 'પાર્લામેંટ ઑફ મેન' 'વૉર અગેન્સ્ટ વૉર' એવા પ્રકારના મોહક શબ્દોનો ઉપયોગ કરે છે અને તે કોન્ફરન્સ સમાપ્ત થાય ન થાય એટલામાંજ બ્રિટિશ લોકોનુ 'બ્રધર્ બોઅર'ની સાથેનુ, રૂશનુ જાપાન સાથેનુ, ઇટાલીનુ તુર્ક સાથેનું યુદ્ધ શરૂ થાય છે.+ આ પરથી મનુષ્યમા રહેલુ પશુત્વ નષ્ટ થવાના દિવસો નિકટ આવ્યા નથી એમ સ્પષ્ટ રીતે સમજાય છે. શારીરિક જોરથી અન્યને વશ કરવા, એ જેમ પશુપણાનુ કામ છે તેમ મનોબળથી, બુદ્ધિસામર્થ્યથી અન્યનાં મન આપણે સ્વાધીન કરી લેવા કિંવા અન્યના મન પર આપણા વિચારોની છાપ બેસાડવી, એ મનુષ્યત્વ કિંવા

+ મહાશય સ્ટેડ બોઅર લોકો સંબંધે લખતા તેમને 'બ્રધર બોઅર'થી સંબોધતા હતા અને યુદ્ધ શરૂ થયા પછી તેમણે એક "Shall I slay my brother Boer ?" એ નામનો નાનો સરખો લેખ લખ્યો હતો. આથી ઈંગ્લાંડના કેટલાક પત્રાધિપતિઓ તેમના પર એકદમ તૂટી પડયા અને એકે તો તેમને નિમ્નલિખિત પદ્યમય ધમકી આપી —

"Say shall I slay my brother Boer
Or I might be led
To rise in anger and to slay
An English Boer in stead !

અલ્પાંશે ઇશ્વિરશક્તિનું કામ છે. માનસિક શક્તિથી અન્યનું મન વશ કરી લેવામાં બાહુબલ, જોરજુલમ, સખ્તાઇ, કિંવા મારામારીની આવશ્યકતા નથી. ખુશીનો સોદો છે; તમને અમારૂં કહેવું યથાર્થ લાગતું હોય તો ઠીક, યથાર્થ નહિ લાગતું હોય તો હરકત નહિ. અરે ! આજે તુકારામના અભંગ અને નૃસિંહ, મીરા ઇ. નાં કીર્તનો પ્રેમથી ગાવા કિંવા વાંચવાં એવી શું કોઇને કોઇના પર સખ્તાઇ કરવી પડે છે ? જેને તેમાં કાંઇ સાર જણાય છે, તે તેને વાંચે છે અને તેજ તેને ગાય છે. તેજ પ્રમાણે શેકસપિયરના નાટક વાંચવાને કોઇ કોઇના પર સખ્તાઇ કરતું નથી. હવે એમ કહેવામાં આવશે કે વિશ્વવિદ્યાલય વિદ્યાર્થીઓપર તે પ્રકારની સખ્તાઇ કરે છે; પરંતુ પુષ્કળ લોકો પરીક્ષામાં બેસવાનો ઉદ્દેશ નહિ હોવા છતાં પણ તેના ગ્રંથોનુ પ્રતિવર્ષ અધ્યયન કરે છે. તેમને કોણ કહે છે કે તમે આ ગ્રંથો વાંચો ? બીજું સ્વામી વિવેકાનંદનુ ઉદાહરણ લો. તેઓ માત્ર એક સંન્યાસી હતા. તેમની પાસે એક કોડી પણ નહોતી. તેઓ કાંઇ કૉલેજના પ્રોફેસર નહોતા, કોઇ સમાજના વક્તા નહોતા, તેમણે વક્તૃત્વોત્તેજક મંડળીના સમારંભમા કદિ પારિતોષિક મેળવ્યું નહોતું, તેમજ તેમનો નિત્ય બોલવાનો ધંધો પણ નહોતો. સંયોગવશાત્ તેઓ અમેરિકામાં ગયા અને સરસ્વતીના પ્રસાદથી બૃહસ્પતિના જેવી સરલ વાણીથી ભાષણ કરી તે સુધારણાના શિખર પર પહોચેલા અને ઐહિક સુખના સાગરમાં તરતા ગર્વિષ્ટ રાષ્ટ્રને આશ્ચર્યચકિત કરી દીધું. તેમણે તે સમસ્ત રાષ્ટ્રને શારીરિક શક્તિથી નહિ, પરંતુ માનસિક સામર્થ્યથી ક્ષણભર પોતાનું ગુલામ બનાવી દીધું. એ કાંઇ સામાન્ય શક્તિનું કાર્ય નથી. એજ પ્રમાણે સ્વામી રામતીર્થનો દાખલો પણ જેવો તેવો નથી.

એવાં એક બે નહિ, પરંતુ સહસ્રાવધિ ઉદાહરણોથી સિદ્ધ કરી

શકાશે કે મનુષ્યોએ બુદ્ધિબલ અને વાણીના પ્રભાવથી કરેલાં મહત્કાર્યો શારીરિક બલથી કરેલી ધામધુમ કરતાં શતપટ વંદનીય, શતપટ સ્મરણીય અને શતપટ હિતાવહ હોય છે. મહાત્મા તુકારામનુંજ ઉદાહરણ લો. તેમનામાં ઉંડી વિદ્વત્તા નહોતી, અને તેઓ કાઇ પંડિત નહોતા કે બ્રાહ્મણ નહોતા, માત્ર મીઠા મરચાનો વ્યાપાર કરનાર વણિક તેઓ હતા; પરંતુ ઈશ્વરપર તેમની વિલક્ષણ ભક્તિ હતી અને ઇશ્વરના ભજનમાં જ્યારે તેઓ લીન થઇ જતા ત્યારે તેમના મુખમાંથી ભક્તિપૂર્ણ લાગણીથી જે ચાર શબ્દ નીકળતા તેજ તેમનું કવિત્વ હતું. આ સાદા કવિત્વના પ્રભાવથી તેમણે કેવું મહાન કાર્ય કર્યું છે? સાધુત્વની કીર્તિ તેમને મરણ પશ્ચાતજ પ્રાપ્ત થઇ હતી એમ પણ નથી. તેમની હયાતીમાં પણ સકલ લોકો તેમને ઇશ્વરી પુરૂષ તરિકે ગણતા હતા. તેઓ બ્રાહ્મણ નહોતા, તોપણ તેમના ચરણે પડવાને કોઇ આનાકાની કરતું નહોતું. પુષ્કળ લોકો જાતિભેદની ફાવે તેવી નિંદા કરે છે. શ્રોતાઓની આંખમાંથી અશ્રુધારા પાડે એવા વક્તાઓ જાતિભેદથી થયેલા અન્યાયનું હૃદયદ્રાવક શબ્દોથી વર્ણન કરે છે. 'નિકૃષ્ટ જાતિના લોકોને માન નથી' 'તેમને મસ્તક ઉન્નત કરવાની અનુકૂળતા નથી' 'તેમને આવી સ્થિતિમાં રાખવા એ અન્યાય છે' ઇત્વાદિ લાગણી ભરેલા શબ્દો અને વાક્યો સામાજિક સુધારણાની પ્રીત્યર્થે સદા અવાજ અર્પણ કરનાર સ્વાર્થત્યાગી પુરૂષો વારંવાર ઉચ્ચારે છે. તેમજ હાલના અસંખ્ય જાતિભેદ સર્વથૈવ હિતાવહ છે, એમ પણ કોઇથી પ્રતિપાદન કરી શકાય એમ નથી; પરંતુ કેટલાક લોકો જાતિભેદના શિર પર જે અસંખ્ય આરોપો મૂકે છે, તે સર્વને માટે ખરેખર તો જવાબદાર નથી જ. જાતિભેદ કાયમ હોવા છતાં પણ હલકી જાતિના મનુષ્યો પણ કેટલેક પ્રસંગે કીર્તિ અને માન સંપાદન

કરી શક્યા છે. ખાસ કરીને જાતિભેદના શિરપર જ આપણી અવનતિનાં સર્વ કારણો આરોપી શકાય એમ નથી. પ્રથમ પ્રથમ કેટલાક લોકોએ તુકારામને દુઃખ દીધું હતું, પરંતુ અંતે તેની સાધુવૃત્તિની છાપ સકલજન પર પડી. શિવાજી મહારાજ જેવા મહાત્માએ પણ તેમના ચરણમાં સાષ્ટાંગ નમસ્કાર કર્યા હતા. રામદાસ સરખા બ્રાહ્મણ તપસ્વીએ પણ તેમનું બહુ માન કર્યું હતું. મરણ પછી તો તેમને મહારાષ્ટ્રીય સાધુ કોટિમાં અગ્રેમરતા પ્રાપ્ત થઇ છે. વામન પંડિત સરખા સંસ્કૃતજ્ઞ કર્મઠ બ્રાહ્મણે પણ તેને 'ज्याची वदे नित्य वेदात वाणी, कसें हो ह्मणावे तया लागिं वाणी ?' એવું ઉદાર મનથી 'સર્ટિફિકેટ' આપ્યું છે. આજ કાલ સુશિક્ષિત અને અશિક્ષિત, સુધારક અને કુધારક મનુષ્ય માત્રને સાધુ તુકારામ જેવા વંદનીય પુરૂષ અન્ય થોડાજ લાગતા હશે. આવીજ સ્થિતિ સતત ચાલુ રહેશે એમ કહેવાને નિદાન હાલ તો કાંઇ હરકત જણાતી નથી. અને આવા મહાપુરુષને સર્વ લોકો તરફથી જે દેશમાં યોગ્ય માન મળે છે, તે દેશના લોકોનો ઉદયકાળ પુનઃ કોઈ પણ સમયે આવશે, એમાં પણ તલ માત્ર શંકા નથી.

કાર્લાઇલે વિભૂતિના મુખ્યતઃ છ પ્રકાર માનેલા છે. પરંતુ કાર્લાઇલે કરેલી પૃથક્ પૃથક્ જાતિ શાસ્ત્રીય રીત્યા વિશેષ સ્પષ્ટ નથી. આપણા પૂર્વકાલીન તત્ત્વવેત્તાઓએ મનુષ્યના મનના સત્ત્વ, રજસ્ અને તમસ્ એવા જે ત્રણ ગુણ જણાવ્યા છે, તે ત્રણ ગુણો સર્વત્ર લાગુ પાડી શકાશે. આ દ્રષ્ટિથી મહાન વિભૂતિ ત્રણ પ્રકારની માનવામાં આવશે. સાત્વિક, રાજસ અને તામસ. મોટા મોટા વક્તાઓ, કવિઓ, સાધુ પુરુષો, કિંવા ધર્મસંસ્થાપકો એ સાત્વિક મહા પુરૂષો છે. મહાન યોદ્ધાઓ, લડવૈયાઓ, તલવાર બહાદુરો એ રાજસ વિભૂતિ છે, અને રાવણ સરખા પુરુષો મહા પુરુષ તો ખરા પરંતુ ઈશ્વરી

શક્તિની વિરુદ્ધ ઉઠનારા હોવાથી તેઓ મિલ્ટનના વર્ણવેલા ‘સેતાન’ જેવા તામસી ગણાય છે. યોદ્ધાઓ કરતાં સાધુપુરુષો કિંવા કવિઓની યોગ્યતા વિશેષ હોય છે, એ વાત જેઓ સત્વગુણને રજોગુણ કરતાં ઉચ્ચતર માને છે તેમને કબૂલ કરવીજ પડે છે.

યૂરોપમાં કિંવા ઇંગ્લાંડમાં ‘વિભૂતિપૂજા’ કિંવા ‘હિરોવર્શિપ’ એ શબ્દ કાર્લાઇલની પૂર્વે વિશેષ પરિચિત નહોતો. અને ખરા મહાપુરૂષને પણ ત્યાં યોગ્ય માન મળતુ નહોતું. કાર્લાઇલે આ સાર્વત્રિક ગેરસમજની વિરુદ્ધ શસ્ત્ર ઉંચક્યાં અને વિભૂતિપૂજાનું મહત્વ લોકોને સમજાવ્યું. આપણા દેશમાં આથી સર્વથા વિપરીત સ્થિતિ હતી. આપણે સર્વ મહાપુરૂષોને દેવ માનવાને તૈયાર હતા. આથી આપણા દેશમાં કોટયવધિ દેવ થયા અને સામાન્ય જનોને તથા અજ્ઞજનોને તો તેથી ઈશ્વરની મહત્તા અને અદ્વિતીયતાનું પણ વિસ્મરણ થઇ ગયું. પંડિતો, વિદ્વાનો અને શિક્ષિત લોકો જ માત્ર ‘एकमेवाऽद्वितीयम्’ નો મંત્રોચ્ચાર કરતા હતા, પરંતુ સામાન્ય જનસમૂહને તો તેત્રીસ કોટિ દેવતા સર્વજ ખરા દેવ ભાસવા લાગ્યા હતા. જેથી મુસલમાન અને ખ્રિસ્તી લોકોએ હિંદુ લોકોને અનેકેશ્વરવાદી લોકોની પંક્તિમાં બેસાડ્યા અને કેટલાક સમય પર્યંત હિંદુ ધર્મની નાહક નિંદા કરી. આ સર્વ આપણા દેશમા વિભૂતિપૂજાનું જે અસામાન્ય પૂર ચઢયુ હતું તેનુંજ પરિણામ છે. આ પ્રમાણે ખ્રિસ્તી લોકોને મનુષ્યમાં રહેલા ઈશ્વરાંશનું વિસ્મરણ થયાથી વિભૂતિપૂજાની ન્યૂનતારૂપે યૂરોપમા તેનુ અનિષ્ટ પરિણામ આવ્યુ અને આ દેશના હિંદુ લોકો મહાપુરૂષોમા રહેલુ મનુષ્યત્વ ભૂલી ગયાથી અહીંઆ ખુદ ઈશ્વરને ભૂલી જવા રૂપ ભિન્ન પ્રકારનુ અમંગલ પરિણામ આવ્યું. **એક વ્યક્તિ મહાપુરૂષ બને તોપણ તેમાં રહેલું મનુષ્યત્વ આપણે વિસરી જવું જોઇએ નહિ.** રામ, કૃષ્ણ, શિવાજી કિંવા

બુદ્ધ એ મહાપુરૂષ હતા; ઈશ્વરાંશ તેમનામા વિશેષ પ્રાદુર્ભૂત થયો હતો; અને તેથી આપણે માટે તેઓ વંદનીય હતા, એ નિઃસંશયજ છે. પરંતુ તેમને માન આપવાનાં જોમમાં આપણે શુદ્ધ વ્યાપક ગુણાતીત ઈશ્વરને વિસરી જવો જોઇએ નહિ. આ પ્રકારે તે પરમાત્માનું વિસ્મરણ થયાથીજ શૈવ, વૈષ્ણવ વગેરે ભેદ નીકળ્યા, હાડવૈર ઉત્પન્ન થયું અને પરસ્પર જીવ લેવા દેવાનો પ્રસંગ આવ્યો. આ અજ્ઞાનપૂર્વક વિભૂતિને માન આપવાનુંજ અમગલ પરિણામ છે. મહાપુરૂષોને માન આપવું જોઇએ; પરંતુ તે કાર્લાઇલે નિર્દિષ્ટ કરેલી પદ્ધતિએ આપવું જોઇએ, અર્થાત્ તેમાંનો ખરો મર્મ સમજીને આપવું જોઇએ, અંધપરપરાથી આપવું જોઇએ નહિ.

કાર્લાઇલે પોતાના પુસ્તકમાં મહાપુરૂષનુ એક મોટું લક્ષણ જણાવ્યું છે; તે એ છે કે **મહાપુરૂષો સદા ખુલ્લા-સરળ મનના અને શુદ્ધ અંતઃકરણના હોય છે.** અતરમાં એક, બહાર બીજું, યુક્તિ પ્રયુક્તિ, વકીલી દાવપેચ, આ ગુણો તેમનામાં હોતા નથી. **જે તેમને સત્ય લાગે છે, તેનો પક્ષ ગ્રહણ કર્યા વિના તેઓ કદિ રહેતા નથી. બોલ્યા પ્રમાણે વર્તવું, એ તેમની પ્રથમ પ્રતિજ્ઞા હોય છે. સ્વહિત સાધ્ય થાઓ વા નહિ, પરંતુ તેમને જે માર્ગ યોગ્ય લાગે તે માર્ગે વિચર્યા વિના તેઓ રહેતા નથી. વૃથા બડબડાટ તેમના મુખથી કદિ પણ થનાર નહિ.** તેઓ જે જે કાંઇ બોલે તેમાં કાંઇને કાંઇ અર્થ હોવાનોજ. **નિરર્થક બોલવું, વૃથા પતરાજી કરવી, એ તો બોલકણા વકીલો અને શબ્દાડંબરથી લોકોને આંજી નાંખનાર મુત્સદ્દીઓનું કામ છે. ખરો પાણીદાર મનુષ્ય વૃથા મુખમાંની વરાળ બહાર કાઢતો નથી.** સાધારણતઃ તે

સ્તબ્ધજ હોય છે.* માત્ર વાચાળતાથી લોકોનાં મન લુબ્ધ કરવાનો તેમનો ઉદ્દેશ કદિ પણ હોતો નથી. **તેમના મુખમાંથી માત્ર બે-ચાર શબ્દોજ નીકળે તો પણ તે અર્થપૂર્ણ હોય છે.** ફ્રાન્સથી ઇજીપ્ટ તરફ નેપોલિયનની સ્વારી જતી હતી તે સમયે એકવાર રાત્રિના વખતે જહાજમાં ઈશ્વરના અસ્તિત્વ સંબંધે તેની સાથેના વિદ્વન્મંડળમાં વાદ નીકળ્યો. ઘણા મનુષ્યોએ તર્કશાસ્ત્રની પદ્ધતિથી મુદ્દાસર પ્રમાણો આપીને ઈશ્વરના અસ્તિત્વનું મંડન કિંવા ખંડન કરવાનો પ્રયત્ન કર્યો. નેપોલિયન ઘણીવાર સુધી સ્તબ્ધ રહ્યો; પરંતુ વાદવિવાદ ઘણો લંબાયો છે એવું જોઇ તેણે આકાશ તરફ અંગુલિ-નિર્દેશ કરી કહ્યું "હવે વાદવિવાદ પતાવો. આ આકાશમાં અસંખ્ય તારાઓ કોણે કર્યા છે, તે મને કોઇ કહેશો ?"

વૃથા લવરી નહિ કરતાં કાર્ય કરવાનું તત્ત્વ આધુનિક કાળમાં તો વિશેષ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. ઓગણીસમા અને વીસમા શતકમાં મોઢાની લવરીનીજ વાત વધી ગઇ છે. લવરી બહુ અને કૃતિ થોડી! ચોતરફ બૂમાટા અને પોકાર! પૂર્વે સર્વ નાનાં મોટાં કાર્યો મહાન પુરૂષોના હાથથી ઝાઝા પોકાર નહિ છતાં સિદ્ધ થતાં હતાં. વિશેષ કોઇ બોલતું નહિ, વિશેષ કોઇ લખતું નહિ; પરંતુ હાલનો

* "The great silent men! Looking round on the noisy inanity of the world, words with little meaning, actions with little worth, one loves to reflect on the great empire of silence. The noble silent men, scattered here and there, each in his department, silently thinking, silently working, whom no Morning Newspaper makes mention of! They are the salt of the Earth."

Carlyle's Lecture on 'Hero as King.'

સમય જૂદો છે. પાદશાહી અમલમાં જ્યારે એકાદ દેશની રાજ્યવ્યવ-વસ્થા ચાલતી હતી ત્યારે સર્વ ભલાં બૂરા કાર્યો મૌનપૂર્વક થતા હતાં; પરંતુ જ્યાં લોકસત્તાક રાજ્ય હોય છે, કિંવા લોકનિયુક્ત પ્રતિનિધિઓના હાથમાં જ્યાં રાજ્યસત્તા હોય છે ત્યાં મૌનપૂર્વક કામ કરવું અશક્યજ થઇ પડે છે. લોકોના પ્રતિનિધિઓ જ્યારે રાજ્ય ચલાવે છે, ત્યારે તેઓ શું કરે છે તે લોકોએ જાણવુંજ જોઇએ, અને "અમે તમારી ઇચ્છાનુસાર ચાલીએ છીએ." એમ તેમને લોકોને સમજાવવું પડે છે. એમ કરવાને માટે સભાઓ ભરવી જોઇએ, વ્યાખ્યાનો આપવા જોઇએ, વર્તમાનપત્રો જોઇએ, વકતાઓ જોઇએ, આવી સ્થિતિમાં બોલ્યા સિવાય ગાડું કેમ ચાલે? સ્તબ્ધ રહેવાથી નિભાવ થાય નહિ, માટે બોલવુ તો જોઇએજ. આ બોલવાની આવશ્યકતાથી એવું બને છે કે વક્તાઓના હાથમાં અધિકાર અધિકાધિક જવા લાગે છે લોક સમક્ષ ઉત્તમ રીતે બોલવાનું કામ સર્વેજ શાણા માણસોને કાંઇ સાધ્ય થતું નથી. કેટલાક તરત બુદ્ધિના અને સારાસાર વિચાર વિનાના મનુષ્યો પણ સારાં ભાષણો કરી શકે છે. લોકોને શું, જે ઉત્તમ ભાષણ કરી તેમને આનંદ પમાડે તેમનાપર તેઓ ખુશ! આથી મીઠા બોલા અને અવ્યાહત વાચાળતા ચલાવનાર માણસોનેજ રાજ્યકાર્યની ધુંસરીએ જોડવામાં આવે છે. આવા કેવળ વાકપટુ ગૃહસ્થોના હાથથી રાજકારભાર યોગ્ય અને સરળ રીતે ચાલતા નથી અને દેશપર નહિ હોય તેવાં સંકટો આવી પડે છે. આજ કારણથી ઇંગ્લાડના રાજકારભાર સબંધી ભારે વાદવિવાદ થાય છે. ઘણીવાર આ વાદવિવાદ વ્યાજબી કરતાં અધિક હોય છે. આવા પ્રકાર માટે કાર્લાઇલને ઘણો તિરસ્કાર હતો. તદુપરાંત, રાજકારભારને આવશ્યક નહિ એવાં કાર્યો પણ કાંઇ હાલમાં થોડાં થતાં નથી. દૈનિક પત્રો, માસિક પુસ્તકો અને વ્યાખ્યાન માળાઓનું જ્યાં ને ત્યાં જોર હોય છે.

દૈનિક પત્રોમાં તો પ્રતિદિન અમુક પૃષ્ઠો એ વિષયનાં ભરેલાં હોવાંજ જોઇએ એવી પ્રથા હોવાથી ફાવે તે લખવાની છૂટ હોય છે. મજબૂત લેખિની અને ભરપૂર શાહી હોય એટલે ગમે તેટલાં કૉલમો ઘસડી કાઢવામાં કોઇની હરકત હોતી નથી. વળી લેખકનું નામ પ્રસિદ્ધ કરવાની પ્રથા નહિ હોવાથી ગમે તેવી પ્રસિદ્ધ વ્યક્તિ પર ગમે તેવો ક્ષુદ્ર મનુષ્ય પણ કટિબદ્ધ થઇને નિર્ભય રીતે તૂટી પડી શકે છે. એકાદ મનુષ્યના મનમાં કાઇક મહત્તા મેળવવાની કલ્પના આવે અને પત્રકારની સાથે તેને પિછાન હોય તો તે બેધડક પોતાનુ ટટ્ટુ આગળ ધકેલી શકે છે. એક માણસ કાંઇ કામ કરે, બીજો પોતાના પત્રમાં તેનો ઉલ્લેખ કરે, ત્રીજો એક દોસ્ત તેની ભારોભાર પ્રશસા કરે, કે સાહજિક રીતેજ લોકોમાં તેની થોડી ઘણી વાહવા થાય છે, વિદ્વત્તા નહિ હોવા છતાં પણ વિદ્વત્તાનો આડંબર તે કરી શકે છે; અને પાછળથી ધીમે ધીમે તે પોતાનુ ગજવું પણ ભરી શકે છે. (અર્થાત્ પૈસા પણ કમાઇ શકે છે.) વર્તમાન પત્રકારના ધધાનો વણિકના ધધાની પેઠે ઉદરનિર્વાહાર્થે પણ ઉપયોગ કરી શકાય છે; અને તે પણ સ્વદેશહિત, સ્વરાષ્ટ્રહિત વગેરે ઉદાત્ત ઉદ્દેશોના નામપરજ.

ઇંગ્લાડની પેઠે સાંપ્રતમાં હિંદુસ્તાનમાં પણ વાચાળતાનો સુકાળ થયો છે. આપણા દેશમા પ્રજાસત્તાક રાજ્ય નથી, તોપણ વાચાળતા ઓછી નથી. એ ગુણની જો કે થોડી જરૂર પણ છેજ; પરંતુ **અતિ સર્વત્ર વર્જયેત્** એ ન્યાયે પુષ્કળ પ્રમાણમાં તો તે નિરર્થક જ છે. સાંપ્રતમાં રણશીંગાના અવાજથી ગર્જના કર્યા સિવાય કોઇ કાંઈ પણ કૃત્ય કરી શકતો નથી. જ્યાં જુઓ ત્યાં સભા, વ્યાખ્યાન, ઠરાવ પસાર કરવા, 'પ્રપોઝિગ એન્ડ સેકડિંગ,' વગેરેનો મારો ચાલુજ હોય છે. રાષ્ટ્રીય સભામાં ઠરાવ, સામાજિક પરિષદમાં ઠરાવ.

અહીંઆં એક એક વિષયપર પાંચ પાંચ વક્તા અને પણે પણ એક વિષયપર તેટલાજ વક્તા. સિવાય, જ્યાં જુઓ ત્યાં વક્તૃત્વો તેજ સભાઓ; પરંતુ મહાન વક્તાઓ પેદા થતા હોય તો તેમના બાપના જ સમ ! **આ વાચાળ લોકોમાં કૃતિ કરનારા ઘણા થોડા હોય છે. જેઓ કૃતિ કરે છે તેઓ બડબડ કરતા નથી અને બડબડપર લક્ષ પણ આપતા નથી,** પરંતુ જેઓ બડબડ કરે છે તેઓ એમ બોલવાની હલકાઇ કરવાને પણ ચૂકતા નથી કે કૃતિ કરનારાની કૃતિ એ અમારા જ ઉદ્યોગનું પરિણામ છે. પ્રાચીનકાળમાં સર્વ કર્તા કારવતા લોકો મૌનપૂર્વક ઉદ્યોગ કરતા હતા. સાપ્રતમાં મૌન ધારણ કર્યાથી કાર્ય ન થઈ શકતું હોય ત્યા ભલે તેમ કરવામાં આવે, પરંતુ જેટલી વાચાળતા ચાલે છે તે સર્વનીજ આવશ્યક્તા છે એમ નથી.

અહીંઆં સુધી વિભૂતિ કોને કહેવી અને વિભૂતિ પૂજાનું કેટલું મહત્વ છે તેનું સામાન્ય નિરૂપણ કર્યું. મહાત્મા કિવા વિભૂતિને માન આપવામાં મોટો ઉદ્દેશ એકજ હોય છે અને તે એ કે તેના સ્મરણથી અને તેની કૃતિના અનુકરણથી મનુષ્યે ઉન્નતિની આડે આવતા અંતરાયો અને સંકટોનો પ્રતિકાર કરવાનું સામર્થ્ય અને જ્ઞાન પ્રાપ્ત કરવું, તેમનાં ચરિત્રો વાંચવાં, તેમની સમાધિ બંધાવવી, યોગ્ય સ્થળે તેમની પ્રતિમા સ્થાપન કરીને તેમનાં દર્શનદ્વારા સ્મરણનો લાભ લેવો, તેમના ચિત્રો વેચાતાં લઇ દિવાનખાનામા ટાંગવા, આ સર્વ કાર્યો કરવામાં મનુષ્યના આત્માની ઉન્નતિ કરવી એજ મૂળ ઉદ્દેશ હોય છે. * આ મૂળ ઉદ્દેશનું વિસ્મરણ થવાથી આ સર્વ કૃત્યો

* "To look on noble forms
Makes noble through the sensuous organism
That which is higher."

Tennyson's's Princes

કેવળ ઔપચારિક બની જાય છે અને લોકોમાં અજ્ઞાન ભરેલુ હોય છે તેથી તેનું વિપરીત પરિણામ આવે છે. દેવળો એ સ સ્થાનો બની જાય છે, તેમજ વેષધારી સન્યાસીઓ અને અજ્ઞાનાંધ પૂજારીઓના ઉદારનિર્વાહનાં સાધન બની તે પવિત્ર સ્થળો અપવિત્ર અને ભ્રષ્ટ થઇ જાય છે, આ અજ્ઞાનનુ પરિણામ છે. મહાપુરુષોનાં પાષાણનાં બાવલાં કરી તે સ્થળે સ્થળે સ્થાપન કરાવીને કિંવા તેમના ચિત્રો લોકોની દૃષ્ટિએ પડે એવા સ્થળોએ ટાંગવાનો રિવાજ યૂરોપખંડમાં પણ છે. આપણા દેશના અવતારી પુરૂષોના દેવાલયો બાંધવાનો રિવાજ પણ યૂરોપના ઉક્ત રિવાજથી ભિન્ન નથી; પરંતુ આપણા દેશમા ભક્તિ વિશેષ પ્રબળ હોવાથી આપણા લોકો પુષ્પો ચઢાવી મૂર્તિની પૂજા કરે છે અને અજ્ઞ લોકો મૂર્તિમાંજ સાક્ષાત ઇશ્વરત્વ છે એમ માનવા લાગે છે. આથી ખ્રિસ્તી મીશનરીઓ આપણને મૂર્તિપૂજક કહીને આપણી નિંદા કરે છે. પરંતુ આપણા દેશમાં પણ પ્રત્યક્ષ ઈશ્વરની મૂર્તિની કોઇ પૂજા કરતુ નથી. કારણ ઇશ્વર કિંવા બ્રહ્મ કલ્પનાતીત હોવાથી તેની મૂર્તિ બનાવવીજ અશક્ય છે. બાકી આપણા દેશમા જેવી મૂર્તિપૂજા છે તેવી વિલાયતમા પણ છે મહા-પુરૂષોનો ભૂમિદાહ વેસ્ટ મિન્સ્ટરના કબ્રસ્તાનમાં કરવો, તેમની સમાધિ બાંધવી, પરમ ભક્તિપૂર્વક તેમનાં દર્શન કરવા જવુ, આને મૂર્તિપૂજા કહેતા શી હરકત છે? તે દેશમાં સમાધિની પૂજા કરવાને પૂજારી નિયુક્ત કરવામાં આવતા નથી, એટલોજ માત્ર ભેદ છે. બાકી કબ્રપર પુષ્પ ચઢાવવાની[1] અને પ્રતિ વર્ષે પુણ્ય તિથિપર દર્શન કરવાનો ચાલ તો

[1] રાજ્યારોહણ પ્રસંગે ઇંગ્લાંડમા ગયેલા મોટા મોટા હિંદી મહા-રાજાઓએ ફ્રોગમોરમાં વિક્ટોરિયા મહારાણીની કબ્રપર મોટી મોટી પુષ્પમાળા અર્પણ કરી હતી, એ સમાચાર લોકોએ વર્તમાનપત્રોમાં વાંચ્યાજ છે.

આપણા દેશના દેવદર્શને જવાના ચાલ જેવોજ છે. હિંદુ લોકો મૂર્તિપૂજક છે, કિંવા નહિ એ પ્રશ્ન હાલમા નહિ હોવાથી તે વિષે અધિક વિવેચન કરવાની આવશ્યક્તા નથી. મહાપુરૂષોને માન આપવાની ચાલ આ દેશમાં અને યુરોપમા સરખીજ છે, એટલોજ માત્ર કહેવાનો હેતુ હતો. વિભૂતિ પૂજાની આવશ્યક્તા સર્વ સ્થળે સર્વ લોકોમાં માન્ય છે, પરંતુ અજ્ઞાનવશાત્ વિભૂતિપૂજાનું ખરૂં રહસ્ય નહિ સમજ્યાથી વિપરિત પરિણામ આવે છે. અવતારી પુરૂષોના સ્મરણથી આપણે આપણીજ ઉન્નતિ કરવાની છે, એ તત્ત્વ ધ્યાનમાં રાખી તેમને માન આપવું જોઇએ, જેથી આપણો હેતુ સિદ્ધ થયા વિના રહેશે નહિ.

કાર્લાઇલના 'વિભૂતિપૂજા' નામના પુસ્તકપર આટલુ વિવરણ બસ થયુ. આગામી પ્રકરણમાં તેના ઇતર પુસ્તકમાંના કેટલાક વિચારોનું દિગ્દર્શન કરી, કાર્લાઇલ વિષેનો આ લેખ સમાપ્ત કરીશુ.

પ્રકરણ પાંચમું.

ગતકાળ અને વર્તમાનકાળ.

ભૂતકાળ સારો હતો અને વર્તમાનકાળ ખરાબ છે, કાલે જે આનંદ હતો તે આજે નથી, એવો બૂમાટો ચોતરફ પ્રચલિત હોય છે. '**ते हि नो दिवसा गताः**' એવો જે **શ્રી** રામચદ્રને અનુભવ મળ્યો હતો તે પુરાણ પુરૂષ એકલાનોજ નથી, પરંતુ પ્રત્યેક મનુષ્યના આયુષ્યક્રમમાં કદિ ને કદિ તે આવે છેજ. સમસ્ત જનસમૂહની ગતકાળની પ્રશંસા અને પ્રસ્તુતકાળની નિંદા કરવા તરફ પ્રવૃત્તિ હોય છે. કોઇ પણ વૃદ્ધ ગૃહસ્થ સામો મળે તો તે પોતાની

તારૂણ્યાવસ્થામાં બનેલી ઘટનાઓની મહત્તા ગાય છે અને 'તે દિવસ ગયા, તેવા દિવસો હવે આવનાર નથી' એવો નિઃશ્વાસ નાખી પોતાનો શોક પ્રદર્શિત કરે છે. પ્રાપ્ત સ્થિતિની નિંદા કરવી, ગતકાળ માટે શોક કરવો અને ભવિષ્યકાળને માટે વિશેષ આશા બાધવી, એવો મનુષ્યનો સ્વભાવજ છે એમ મહાશય બર્કે પોતાના 'આધુનિક અસંતોષ' એ નામના પુસ્તકમાં જણાવે છે. મહાશય ચૅમ્બર્લેન કેટલાક માસપૂર્વે પોતાની જૂની શાળામાં બક્ષિસ સમારંભ પ્રસંગે ગયા હતા. ત્યારે પોતાની બાલ્યાવસ્થાની કેટલીક વાતો કહેતાં તેઓ બોલ્યા કે, "અમારા પંતુજી (મહેતાજી) પ્રતિવર્ષે નવીન આવેલા છોકરાઓને 'શંખ' 'પાષાણ' કહીને કહીને તેમને ગાળો ભાડતા અને ગત વર્ષના છોકરાઓ હોશીઆર હતા એમ જણાવતા. અર્થાત્ એક વર્ષના 'શંખ' અને 'પાષાણ' બીજે વર્ષે 'હોંશીઆર' તરિકે નામના મેળવતા." આજ પ્રમાણે આપણામાં એક કહેવત છે કે '**મુઈ ભેંસનું મણ દુધ**' સારાંશ એ છે કે **કોઇપણ ઘટના ગતકાળના અગાધ સમુદ્રમાં ડૂબી ગઈ કે તેમાં એક પ્રકારની મોહકતા ઉત્પન્ન થાય છે**, તેના દોષ એકદમ અદ્રશ્ય થઇ જાય છે, તેમાના ખાડા ટેકરા, ખાચ, ખુચ નીકળી જઇ સર્વ ઘટનાને મનોહર ગોળપણું પ્રાપ્ત થાય છે, અને દૂરથી દેખાતા રળીઆમણા ડુગરની પેઠે તેનુ માત્ર રમણીય સ્વરૂપજ દૃષ્ટિગોચર થાય છે. મહાકવિ શૅક્સપિયરની ઉક્તિ પ્રમાણે **સમસ્ત રમણીય દ્રશ્યો દૂર અંતર પર હોય છે તેથી જ સુંદર લાગે છે.***

---

* ગતાયુષ્યની સ્મૃતિ થવાથી મૃદુ હૃદયના મનુષ્યની કેવી સ્થિતિ થાય છે તે રાજકવિ ટેનિસનના નિમ્ન લિખિત કાવ્યદ્વારા સ્પષ્ટ રીતે સમજાશેઃ—

Tears, idle tears, I know not what they mean
Tears from the depth of some divine despair

ગતકાળનો વૈભવ વર્ણન કરતાં કવિની તો શું, પરંતુ સામાન્ય માણુસની વાણી સુદ્ધાં અસ્ખલિત ચાલવા લાગે છે અને ક્ષણમાત્ર તે બૃહસ્પતીના જેવું વ્યાખ્યાન કરી શકે છે, તો પછી કવિવરના મુખમાંથી 'सा रम्या नगरी महान्स नृपतिः' પ્રભૃતિ હૃદયગમ શબ્દો સહજ બહાર પડે તેમાં શું આશ્ચર્ય? સ્કૉટની 'આયવ્હૅનો' નામક કાદંબરીમાં એક સ્થળે મર્દાનીના ખેલનુ ઘણું રસિક વર્ણન છે. આ વર્ણન આ પ્રમાણે છેઃ—'કેટલાક સશક્ત તરૂણ પુરૂષો ભિન્ન ભિન્ન શસ્ત્રોના ઉપયોગમાં કુશળતા દર્શાવે છે, ઘણી ભયંકર લડાઇ જામે છે, તેમાં કેટલાક વીરોને વિજય મળે છે અને કેટલાકને નાના જખમો પણ થાય છે. આ સર્વ પ્રકાર ચાલતો હોય છે ત્યારે વૃદ્ધ પુરૂષો પરસ્પર વાત કરે છે કે આપણા યૌવનકાળમાં તરૂણોનાં અંગમાં જેવી શક્તિ અને કુશળતા હતી તેવી હવે ક્યાંય પણ દેખાતી નથી, અને તે સમયે આપણા શારીરિક બળના ખેલ જોવાને માટે જેવી રૂપ સંપન્ન યુવતિઓ એકત્રિત થતી હતી તેવી રૂપ સંપન્ન યુવતિઓ પણ અધુના દૃષ્ટિગોચર થતી નથી.' થોડા દિવસ પર આજ પ્રકારનો અનુભવ અમને મળ્યો હતો. તરૂણ પુરૂષો શાહુનગરવાસી નાટક મંડળીના નાટકો ઉત્તમ થાય છે એવી તે મંડળીની પ્રશંસા કરતા હતા ત્યારે પાસે બેઠેલો એક વૃદ્ધ ગૃહસ્થ આ પ્રશંસા સાંભળી બોલી ઉઠયો "અંઃ એ શું ધૂળ નાટક કરે છે? અમે નાનપણમાં ત્રાટિકાવધનો નાટક જોયો હતો. તે સમયે ત્રાટિકાએ બૂમ પાડતાં પાડતાં બીજા માળપરથી નીચે આંગણામાં ભૂસ્કો માર્યો હતો. તે નહિ

Rise in the heart and gather to the eyes
On looking on the happy autumn fields
And thinking of the days that are no more.

આ ગત Princess નામક કાવ્યમાં છે સંપૂર્ણ ગીત ઘણું મોટું છે, અહીંઆં તો માત્ર એકજ કડી આપી છે.

તો તમારા હાલના જેવાં નાટકો!" તાત્પર્ય એ છે કે ભૂતકાળની પ્રશંસા કરી પ્રસ્તુત કાળની નિંદા કરવાનો રિવાજ હાલમાંજ છે, કિંવા અમુક દેશમાં છે અને અમુક દેશમાં નથી એમ નથી.

ગતકાળને સદા વખાણવામાં આવે તે યોગ્ય નથી. જ્યારે ગતકાળ વર્તમાનકાળ કરતાં ઉત્તમ હોય, ત્યારેજ તેની પ્રશંસા ઉચિત હોય છે, પરંતુ કેટલાક પ્રસંગ એવા પણ આવે છે કે જ્યારે ગતકાળ વર્તમાનકાળ કરતાં કોઇપણ બાબતમાં સુખકર કિંવા અભિમાનાસ્પદ હોતો નથી; પણ ઉલટપક્ષે તે વિપન્નાવસ્થાનો કાળ હોય છે. આવા પ્રસંગે ગતકાળની જે પ્રશંસા થાય છે તે કેવળ ઉપરનિર્દિષ્ટ ભૂત પૂર્વ ઘટનાઓ વિષેનું વૃથાભિમાનજ પ્રદર્શિત કરે છે, પરંતુ ઇતિહાસમા કેટલાક પ્રસંગો એવા પણ આવે છે કે જ્યારે ગતકાળ વર્તમાનકાળ કરતાં ખરેખરજ અતિ પ્રશંસનીય હોય છે. ઉદાહરણાર્થે હિંદુસ્તાનનો કિંવા મહારાષ્ટ્રનો આધુનિક કાળ લો. સો દોઢસો વર્ષો પૂર્વે તેની જે સ્થિતિ હતી તે પ્રસ્તુત સ્થિતિ કરતા અત્યંત સુખકર હતી એમ જો કહીએ તો તે અક્ષરશ. પ્રમાણસિદ્ધ સત્ય નથી કે? તેજ પ્રમાણે કાર્લાઇલે જે સમયે પોતાના પુસ્તકો લખ્યાં તે સમયે ઇંગ્લાંડની સ્થિતિ પૂર્વકાળની સ્થિતિ કરતાં તેના મત પ્રમાણે અત્યંત શોચનીય બની હતી.

કાર્લાઇલે પોતાના સમયની ઇંગ્લાડની સ્થિતિનું વર્ણન અતિ ચમત્કારિક રીતે કર્યું છે. દેશમા દ્રવ્ય અતુલ હોવા છતા પણ પુષ્કળ ગરીબ લોકો ભુખે મરે અને કામ કરવાની ઇચ્છા હોવા છતા પણ તેમને કામ નહિ મળે, એ દશા વિચિત્ર છે એમાં તો શંકા નથી. તે સમયે ઇંગ્લાંડમાં અગાધ સંપત્તિ હતી ખરી, પરંતુ તે સર્વ ધનિક, મોટા વ્યાપારીઓ અને ગર્ભશ્રીમંત જમીનદારોના તાબામાં હતી. દેશ અતિ સંપન્ન હોવા છતા કંગાળ લોકોની વસ્તી પણ પુષ્કળ હતી.

આ સ્થિતિની કાર્લાઇલે 'મિડૅસ' નામની પૌરાણિક વ્યક્તિની સાથે તુલના કરી છે. 'મિડૅસ'ની હકિકત એવી હતી કે કોઇ દેવે પ્રસન્ન થઇ તેને 'વર માગ' એમ કહ્યું. ત્યારે તેણે એવો વર માગ્યો કે 'હું જે જે પદાર્થોને હસ્ત સ્પર્શ કરૂં તે તે પદાર્થ સુવર્ણનો બની જાય અને તે મને મળે.' દેવે કહ્યું 'તથાસ્તુ.' મિડૅસ પહેલવહેલાં તો ખૂબ હર્ષિત થયો મ્હારા જેવો સુખી કોઇ નહિ હશે એમ મનમાં ધારવા લાગ્યો. ક્ષણ માત્ર આવો આનંદ થયો ખરો, પરંતુ શીઘ્ર તેના લક્ષમાં પોતાનુ મૂર્ખપણું આવ્યુ. જે જે વસ્તુને તે સ્પર્શ કરતો હતો, તે તે વસ્તુ સુવર્ણની બની જતી હતી. હવે મિડૅસને ક્ષુધા લાગી ત્યારે તેણે પોતાના હાથમાં અન્ન લઇને પોતાના મૂખમાં મૂકયું, પરંતુ તેનો હસ્ત સ્પર્શ થયાથી અન્ન તો સુવર્ણમય બની બેઠુ હતું. પાણી પીવાને માટે પાત્રમાં લીધું તો પાણી અને પાત્ર એ બન્ને સુવર્ણમય બની ગયાં. હવે તે બિચારો શું કરે? સુવર્ણ તો મળ્યું પણ પેટમાં ક્ષુધા હતી. તેની નિવૃત્તિ કરવાને માટે અન્ન મળતુ નહોતું. ત્યારે તેને વર માગતાં પોતે કેવી મૂર્ખતા કરી હતી તે લક્ષમા આવ્યું. સુવર્ણ ગમે તેટલું ઉપયુક્ત હોય, તો પણ તે તેનેજ સ્થાનેજ વપરાવાનુ.ખાવાને માટે અન્ન જોઇએ છે અને જીવનું રક્ષણ કરવાને માટે ઇતર શતાવધિ પદાર્થો જોઇએ છે. એક માણસની આસપાસ માત્ર સુવર્ણના ઢગલા ને ઢગલા મૂકી દેવામાં આવે તો તેને તેનો શો ઉપયોગ? માત્ર એકલા પૈસાથી—એકલા સુવર્ણથીજ કાઇ ચાલે એમ નથી. 'મિડૅસ'ને લાખો મણ સુવર્ણ પ્રાપ્ત થયુ પરંતુ તેને સાધારણ સુખી મનુષ્યનુ પણ સુખ મળ્યું નહિ. તેજ પ્રમાણે ઇંગ્લાડને અત્યંત સંપત્તિ મળી ખરી, પરંતુ સંપત્તિનો જે ઉપયોગ અર્થાત્ દેશની પ્રજાને સુખ, સમાધાન અને શાંતિની પ્રાપ્તિ થવી તે ઇંગ્લાંડને લાભ થયો નહિ. આથી ઇંગ્લાંડના લોકોને કાર્લાઇલે મહામૂર્ખ 'મિડૅસ' ની ઉપમા આપી છે.

શ્રીમંત લોકો લાખો રૂપિયા મોજ વિલાસમાં ઉડાવે, ગાડી રાખે, ઘોડા રાખે, તરેહતરેહવાર મૂલ્યવાન પોશાક કરાવે, દર ચાર દિવસે કપડાની 'ફૅશન' બદલે જૂગાર ખેલીને પૈસાની ધૂળધાણી કરે, કિંવા તેથી પણ નિંઘ વ્યસનમાં અન્ય લોકોના ખરા પરસેવાથી મેળવેલી સંપત્તિ ઉડાવે અને બીજી તરફ રંક, પ્રમાણિક તથા તેમના જ હાડમાસ સરખા હાડમાસ ધરાવનાર બિચારાં કંગાળ લોકો અર્ધા ભુખે મરે, આવી હૃદયભેદક સ્થિતિ જોઇ કયા વિચારવંત મનુષ્યનું મન દગ્ધ ન થાય? ધનિક લોકોની ગાડીએ જોડેલા ઘોડાને કિંવા તેમના પગની સાથે લાડ કરતા કરતા ચાલનારા કૂતરાને જેટલું સુખ મળે છે તેટલુ સુખ પણ શું આ ગરીબ લોકોને નહિ મળવું જોઇએ? શ્રીમાન લોકોના બિમાર કૂતરાની સુશ્રૂષાને માટે જેટલો ખર્ચ થતો હશે તેટલોજ ખર્ચ પણ ગરીબ લોકોના પ્રાણ બચાવવાને માટે નહિ થાય, એના કરતા તે દેશની અધિક શોચનિય સ્થિતિ શી હોઈ શકે? કોઇની ગરદન કાપેલી નહિ હોવા છતાં, કોઇનો અપરાધ કરેલો નહિ હોવા છતા, ઉદરનિર્વાહને માટે ગમે તેટલુ કષ્ટ વેઠવાને તૈયાર હોવા છતાં, લક્ષાવધિ તરૂણ, મજબૂત અને સશક્ત મનુષ્યોને 'વર્કહાઉસ'[1] માં પડી સરકાર પ્રાણ રક્ષણાર્થે જે આપે તે ખાઇને રહેવાની સ્થિતિ આવે, એને શુ સંપન્નરાષ્ટ્રનુ લક્ષણ સમજવું? સર્વ લોકો પૈસાની

---

૧ જે લોકોને કિંવા જે મજુરોને કામ નહિ મળ્યાથી અનાજના વાખા પડે તેમને માટે અન્ન જળની વ્યવસ્થા કરવાને માટે આ 'વર્ક હાઉસીસ' કાઢવામાં આવેલાં હોય છે ત્યાં તેમની પાસેથી કામ લઈ તેમના ઉદર નિર્વાહને અર્થે અન્ન જળ આપવામા આવે છે. તેમજ તુરંગમાં પણ આજ વ્યવસ્થા હોય છે. તેથી ગરીબ લોકો આ 'વર્કહાઉસ' માં જવાને રાજી હોતા નથી. કારણકે 'વર્કહાઉસ' માં જવું એ કાઇ પણ અપરાધ કર્યા વિના સખ્ત મજુરીની શિક્ષા ભોગવવા સમાનજ છે.

જ પૂઠે લાગેલા હોવાથી, પૈસો એજ સર્વ સુખોનુ સાધન થઇ ગયેલું હોવાથી તથા જેની પાસે પૈસો હોય તેણે પોતાનાં એકલાનાં સુખને માટે ફાવે તેમ તે ઉડાવવો એવી ખરાબ કલ્પનાની લોકમતપર અસર થયેલી હોવાથી ઇંગ્લાડમા આવી વિચિત્ર અને અનર્થકારક સ્થિતિ ઉત્પન્ન થઇ. આ વર્કહાઉસમાના કગાલ લોકોનુ એક જણે નીચે પ્રમાણે વર્ણન કર્યું છેઃ—"પચાસ પોણોસો અનાથ કગાળ માણસો આ વર્કહાઉસના આંગણામા કાષ્ઠના બાંકપર બેઠા હતા તેમાના ઘણા શરીરે સુદૃઢ હતા અને વયમા સર્વ ત્રીસ પાત્રીસ વર્ષના સુમારે હતા. મુખમુદ્રાપરથી તેમાના ઘણા પ્રમાણિક, હુશીઆર અને વિચારવંત જણાતા હતા. તેમાં કોઈ બદમાસ, ભામટો, ક્રૂર, કિંવા ઉદ્ધત જણાતો નહોતો. તેઓ પાસે પાસેજ બેડેલા હતા અને તે સર્વની મુખમુદ્રાપર એક એવા પ્રકારની ખિન્નતા જણાતી હતી કે જેથી પ્રેક્ષકના મનમાં કચવાટ ઉત્પન્ન થતો હતો. સર્વ સ્તબ્ધ હતા, કોઇ કોઈની સાથે બોલતું નહોતું. એક બીજાની સાથે વાત કરતાં શી હરકત હતી? સર્વ એક સરખા દુખી અને એક સરખા પીડિત હતા. તેમણે કોઇનો પણ અપરાધ કર્યો નહોતો તે છતાં પણ કોઇ મનુષ્ય તેમના તરફ દૃષ્ટિપાત કરે તો તે તેમને ગમતો નહોતો એમ જણાતું હતું. 'અમે અભાગી લોકો છીએ. દેશમા અમારી ચોતરફ ધાન્યના ઢગે ઢગ ભરેલા છે, દેશમા સોનાનુ પૂર વહે છે, તે છતા પણ અમે અહીંઆં પડયા છીએ. અમે મહેનત કરવાને તૈયાર છીએ, પરંતુ અમને મજુરી કરવાને બોલાવનાર કોઈ દેખાતું નથી. અમારા તરફ નકામા શા માટે જુઓ છો?' આવા પ્રકારના કાંઇક વિચારો તેમના મનમાં ઘોળાતા હોવા જોઇએ."

કાર્લાઇલના મત પ્રમાણે તત્કાલીન અંગ્રેજ લોકોને જગતમાં ત્રણજ કાર્યો કરવામા ઇતિ કર્તવ્યતા લાગતી હતીઃ પૈસા મેળવવા,

પૈસા મેળવ્યા પછી નિરૂદ્યોગી બેસવું અને એશઆરામમાં વખત વ્યતિત કરવો. તે સમયે ઇંગ્લાંડના લોકો ઈશ્વર અને ધર્મ વિષે પ્રાયઃ બિલકુલ વિચાર કરતા નહોતા. વૈયક્તિક સ્વતન્ત્રતાનાં તત્ત્વોનો જ્યાં ત્યાં પ્રસાર થયેલો હોવાથી શ્રીમંતે ગરીબને મદદ આપવી, કિંવા શાણા પુરૂષે અજ્ઞ મનુષ્યને જ્ઞાન મળે તેમ કરવું એ સામાન્ય કર્તવ્યો પ્રાયઃ સર્વ ભૂલી ગયા હતા. સર્વ માણસો સુખ અને મોજશોખની વાતો જ્યા ત્યા કરવા લાગ્યા, અને આ વિલાસી લોકો પણ અમે જોઇએ તેવા સુખી નથી એવો બડબડાટ પરસ્પર કરવા લાગ્યા. ગમે તેટલો મોજશોખ ભોગવ્યો હોય તોપણ જે તે હું સુખી નથી, હું સુખી નથી એવી બૂમો પાડતાજ રહેતા હતા. બાયરન કવિ પોતાના કાવ્યમાં પુષ્કળ સ્થળે પોતાના દુઃખનાજ રોદણા રડયો છે.+ અને સામાન્ય

+ ઉદાહરણાર્થ, 'Child Harold' નામક કાવ્યના પ્રારભની વાળી પંક્તિઓમા રોદણા જ છે તેમજ

' Tis done and fluttering in the gale
The bark imparts her snowy sail '

આ અને આવીજ ઇતર સ્ફૂટ પંક્તિઓ પણ બાયરનની સ્વતના દુઃખ સંબંધી પુષ્કળ કાવ્યો લખવાની પ્રવૃત્તિના ઉત્તમ પ્રમાણો છે બાયરનને એક મિસ વર્થ નામક યુવતિએ પ્રેમની બાબતમા દુખી કર્યો હતો અને અન્ય પુરૂષની સાથે લગ્ન કર્યું હતુ આ વિષે બાયરન કેટલેક સ્થળે દુખના નિઃશ્વાસ નાખે છે ઉદાહરણાર્થ —

Could I be what I have been
And could I see what I have seen
Could I repose upon the breast
That once my dearest wishes blest
I would not seek another zone
Because I can not love but one

જનસમૂહને પણ પોતાનાજ રોદણા રડવાની હોંશ હોવાથી તેમને બાયરનની કવિતા ઘણી પ્રિય લાગી છે. આપણા રોદણા રોવામાં કાઇ અર્થ નથી એવો ઉપદેશ કરતાં કાર્લાઇલ એકાદ સાધુ પુરૂષની પેઠે નીચે પ્રમાણે ઉદ્ગાર કાઢે છેઃ—"તુ સુખી નથી, એમ હે બધુ! તને શા માટે લાગે છે? વારૂ તુ સુખી નથી એમ ધારીએ, તોએ તેમા શી મોટી વાત છે? માત્ર ત્હારા સુખ દુઃખપરજ કાંઇ જગતનુ અવલંબન નથી ને? તું આજે સુખી છે તેથી ચદ્ર સૂર્ય ઉગે છે અને કાલે તું દુઃખી થશે તેવી તેમને ગ્રહણ લાગશે એમ તો કાઇ નથી ને? તને દુઃખ થવાથી આ પૃથ્વીપર કાંઇ મહા આપત્તિ આવી પડે છે એવી ત્હારી કલ્પના છે, પરતુ જન્મ્યો ત્યારે શુ ઈશ્વરની પાસેથી સુખની સનદ લઇને આવ્યો હતો? સુખી શુ અને દુઃખી શુ? આજનો દિવસ ગયો અને કાલનો આવ્યો, તે એ ગયો અને પરમ દિવસ થયો, એમ થતા થતા પરિસમાપ્તિનો સમય આવી પહોંચવાનો; અને ત્યાં સુધી એક સરખી રીતે રોદન કરતા બેસવામા શો ફાયદો? સુખ દુઃખ શુ મરણ પશ્ચાત્ પણ તને સુખી દુઃખી કરનાર છે? **માટે જે સ્થિતિ હોય તેમાંજ સુખ માની ઇશ્વરનું સ્મરણ કરી કર્ત્તવ્ય કરતો જા, એટલે સર્વ સુખ તેમાંજ છે.**" (પાસ્ટ એન્ડ પ્રેઝટ, પુસ્તક ૨ જુ ભાગ ૪ થો.) કાર્લાઇલના ઉપર્યુક્ત શબ્દ અને મહારાષ્ટ્ર સાધુ શિરોમણિના

"કાળ નાતો ક્ષણ ક્ષણ, મૂળ યેઇલ મરણ;
કાંહી ધાંવા ધાંવ કરી, જંવતો મૃત્યુ આહે દુરી."

પ્રભૃતિ શબ્દોમાં યત્કિંચિત્ પણ ફરક છે કે? ખરા સાધુ પુરૂષોએ જગતમાં સર્વત્ર એકજ ઉપદેશ આપ્યો છે. પરંતુ ભિન્ન પરિસ્થિતિ હોવાથી આ એક વાક્યતાનો પરિચય મેળવવાને માટે થોડો વિચાર અને શ્રમ કરવો પડે એજ.

કાર્લાઇલે પોતાના સમયના અગ્રેજ લોકોપર જેટલા વાક્પ્રહાર કર્યા છે તેટલીજ તેણે પ્રાચીન કાળના ઇંગ્લાંડવાસીઓની સ્તુતિ કરી છે. પ્રાચીનકાળમાં 'બરી સેંટ એડમંડ' માં 'ઍબટ' નામથી ઓળખાતા મહા સાધુ પુરૂષો રહેતા હતા અને તેમણે પોતાના તાબાના લોકો પ્રત્યે કેવું મમતા ભરેલુ વર્તન કર્યું હતું તે વિષે કાર્લાઇલે અત્યંત હૃદયદ્રાવક વર્ણન કર્યું છે. આ બરી સેંટ એડમં-ડમાં પ્રથમ ઍબટ એડમંડ નામનો પુરૂષ હતો. ઍબટો જો કે ધર્મા-ધિકારી હતા તોપણુ તેમના હાથમા ઘણીજ સત્તા હતી. તેમના દેવળના નિર્વાહને માટે તેમને આસપાસનો વિશાળ પ્રદેશ મળેલો હતો અને આ ભૂમિમાંજ લોકો કૃષિ કરતા હતા તેમનો મુખ્યજમીનદાર ઉક્ત દેવળનો બિશપજ હતો. એડમડ ઘણો દયાળુ માણુસ હતો અને તેની જમીનમાં કૃષિ કરીને જે ગરીબ લોકો ઉદરનિર્વાહ કરતા હતા તેમની સાથે તે પિતાવત્ વર્ત્તતો હતો. એક વખત એમ બન્યુ કે જગલી ડેન લોકોએ ઇંગ્લાડમા આવી આ ઍબટને કેદ કર્યો અને તેને જણાવ્યું કે "જો તુ અમોને મદદ આપી ત્હારા ખેડુતોને લૂંટવા દેવાની કબૂલાત આપે તો અમે તને છોડી દઇએ." ત્યારે તેણે જરાપણુ ભીતિગ્રસ્ત થયા વિના ઉત્તર આપ્યો કે "કદાચિત મ્હારા પ્રાણુ જાય તોપણુ તમારા જેવા નિર્દય લોકો દ્વારા મ્હારા ખેડુતોને હું લૂંટાવા દઇશ નહિ." આ ઉત્તર સાંભળતાંની સાથેજ તે ક્રૂર ડેન લોકોએ તેને અતિ ભયકર રીતે મારી નાખ્યો. તેને અસહ્ય વેદના સહન કરવી પડી અને અતે તેનો જાન ગયો તો પણુ તેણે ડેન લોકોની માગણી સ્વીકારી નહિ, તે માટે તેના ખેડુતોએ તેને 'સેંટ' (સાધુ) એવી સંજ્ઞા સર્વાનુમતે આપી અને તેઓ તેને દેવવત્ ભજવા લાગ્યા. આ ઍબટની પછી બરીમાં જે ઍબટો થયા તેઓ પણુ મહા સજ્જન હતા અને તેમણે જમીનની

પેદાશપર કદિ તાગડધિન્ના ઉડાવ્યા નહોતા. ઉલટપક્ષે તેઓ પોતાના તાબાના ગરીબ ખેડુતોને જેમ બને તેમ વિશેષ સુખ સગવડ આપવાને અંતઃકરણપૂર્વક પ્રયાસ કરતા હતા. આ અનેક ઍબટોમાં એક સૅમ્સન નામનો ઍબટ એડમંડની પેઠેજ પરમ પ્રસિદ્ધ પુરૂષ થઇ ગયો. તે સ્વતઃ સન્યાસીની પેઠે રહેતો હતો અને જમીનની ઉત્પન્ન દ્વારા મોજશોખ નહિ કરતાં અનાથ અને રંક લોકોને બને તેટલું સુખ આપવામાંજ તેનો ઉપયોગ કરતો હતો અને તેમાંજ તેને આનંદ મળતો હતો. '**परोपकाराय सतां विभूतयः**' એ સૂત્રને ચરિતાર્થ કરનાર સંતના જેવાજ આ પ્રાચીન ઍબટો હતા, એમાં શંકા નથી.

પરંતુ સાંપ્રતના ઇંગ્લાંડની સ્થિતિમાં સર્વ પ્રકારે આથી વિપરીત છે, એ વાત પણ નિર્વિવાદ છે. આધુનિક નવીન યુગનો આરંભ નાટકી રીતે થયો છે. ખરા વીર, ખરા સ્વદેશ હિત કર્તા, ખરા અગ્રેસર અને ખરા ધર્મોપદેશકો નષ્ટપ્રાય થયા છે. કાર્લાઇલે દ્રવ્યની પૂઠે પડેલા અને પોતાનાજ હિતમાં તથા પોતાનાજ સુખમાં નિમગ્ન રહેલા વરિષ્ઠ વર્ગને સખ્ત ફટકા લગાવ્યા છે. **નિદ્રાવશ કિંવા મોહવશ થયેલા દેશને જાગૃત કરનાર આવા જોશદાર લેખક પ્રાપ્ત થવા એ પરમ સૌભાગ્યની વાત છે.** 'લોકો પરમેશ્વરને શામાટે વિસરી ગયા છે? તેમના હૃદયમાં રહેલા આત્માનો શીરીતે નાશ થયો છે? સર્વ લોકો કેવળ લક્ષ્મી દેવીનાજ ઉપાસક શામાટે બન્યા છે? બેફીકર પેઢીજાદા ધનિક લોકો શિકાર અને મોજવિલાસમાંજ શા માટે રત થઇ ગયા છે? આ અનુદ્યોગી ધનવાન વર્ગથી ભિન્ન એવો જે એક ઉદ્યોગી વર્ગ ઉત્પન્ન થયો છે તેને પણ પૈસા સિવાય બીજી કોઇ વસ્તુ સૂજતીજ કેમ નથી? આ લોકોને સમાજમાં મોટો માન મરતબો મળે છે અને તેમનો રાજસભામાં

પ્રવેશ થયો છે તેથી રાજકારભારની કેવી દુર્દશા થઇ છે! સત્યપર પ્રીતિ નહિ અને ખોટું કાર્ય લાગે તેની સામે વિરોધ પ્રદર્શિત કરવાની હિમ્મત નહિ એવા લોકો રાજ્યશકટ હાંકે તો તે ખાડામાં પડયા વિના શી રીતે રહેશે? જ્યા મૂળમાંજ નીતિ બગડેલી ત્યાં લાંચ રૂશ્વતની ચોકસી કરવા માટે કમિટિ નિયુક્ત કરવાથી શો ફાયદો? લોકોને સ્વાતંત્ર્ય જોઇએ અને સરકારને સ્વેચ્છાચાર જોઇએ, હવે આ બે બાબતનો મેળાપ શી રીતે થાય? આ સર્વ અને આવીજ બીજી બાબતોનો ઉહાપોહ કરી મોટા મોટા લોકોની ચૂકો દર્શાવી કાર્લાઇલે આંગ્લરાષ્ટ્રની આખ સારી રીતે ઉઘાડી. કાર્લાઇલની ભાષાપદ્ધતિ અને તેના શબ્દો સુદ્ધા ઇતર કોઇ ગ્રથકારના જેવા નહિ હોવાથી પાડકોને એમ પ્રતીત થયા વિના રહેતું નથી કે એણે જે લખ્યુ છે તે જગતથી ઉલટુ છે, પરંતુ તે તેણે જગતને સન્માર્ગપર લાવવાને માટે આતરડાંને વળ ઘાલીને અત્યત લાગણીપૂર્વક લખ્યુ છે. તેના લખાણનું તાત્પર્ય એટલુજ કે **પરમેશ્વરને અને આપણા આત્માને સ્મરી સત્ય માર્ગે ચાલવું અને સદા સર્વદા પુરૂષાર્થ કર્યા કરવો.**

આપણા દેશના ગતકાળની અને વર્તમાનકાળની તુલના કરવાને પ્રવૃત્ત થતા પ્રત્યેક વિચારવંત મનુષ્યના હૃદયમાં એટલી ભિન્ન ભિન્ન કલ્પના અને પ્રથક્ પ્રથક્ વિચાર તરગો ઉત્પન્ન થઇ ગયા છે કે તેથી શતાવધિ પૃષ્ઠો ભરાઇ જાય. સાંપ્રત બ્રિટીશ રાજ્યમાં મુસલમાની રાજ્ય કરતા આપણે અધિક સુખી અને નિર્ભય છીએ. દેશમા મારફાડ નથી, લુટારાઓનો ત્રાસ નથી, પિંઢારાઓની ધાડની ભીતિ નથી. આ સર્વ સુખ અને સગવડકારક વાત હોવા છતાં (શારીરિક અને માનસિક બળની બાબતમાં નિઃસત્વ હોવાથી) અધુના આપણા લોકોમાં ખરૂં સુખ કે તૃપ્તિ નથી. સો વર્ષો પૂર્વેના

હિંદુસ્તાન તરફ દ્રષ્ટિ ફેંકવામાં આવે તો અહો ! કેવી ભિન્ન સૃષ્ટિ દૃષ્ટિગોચર થશે! પૂર્વે હિંદુસ્તાનમાં મનુષ્યની આશાને અને મહત્વાકાંક્ષાને સંચાર કરવા માટે અમર્યાદ જગ્યા હતી. મસ્તિષ્કમાં બુદ્ધિ હોય અને અંગમાં જોર હોય તો મોટાં મોટાં કાર્યો કરવાનો અવકાશ હતો. મનુષ્યની બુદ્ધિનો વિકાસ થવાને માટે સેંકડો માર્ગો હતા. ખરડા ઘસડવા અને વકીલાત કિંવા ડૉક્ટરી કરવી આ ત્રણજ ધંધામાં તે વખતે મનુષ્યની સર્વ શક્તિ અને ઇતિકર્તવ્યતા આવી રહેતી નહિ. કોકણના એકાદ લંગોટીઆ છોકરાના મનમાં આવતું તો તે પોતાની કીર્ત્તિ દિગતમાં પ્રસરાવી શકતો. હૈદર સરખા નિરક્ષર અને નિર્ધન સિપાહી રાજ્ય સ્થાપી શકતા. મલ્હારરાવ સરખો સામાન્ય મનુષ્ય પોતાના બાહુબળવડે રાજ્ય મેળવી શકતો. નાના ફડનવીસ સરખા અપાર કૌશલ્ય સંપન્ન મનુષ્ય પોતાની યોગ્યતા પ્રમાણે દેશના હિતાહિતનું જોખમ પોતાને શીર લઇ શકતા. વર્તમાનમા દિલ્હીમાં રાજ્યારોહણના સમારંભમાં જેમ અનેક રાજા રજવાડાઓનો સમાજ એકત્ર થયો હતો તેજ પ્રમાણે એક સૈકા પૂર્વે પૂનામાં એક બ્રાહ્મણના પુત્રના લગ્ન પ્રસંગે દેશદેશના રાજાઓ એકત્ર થયા હતા. ખુદ નિઝામને બદલે તેમના શાહજાદા પોલાગજ સવાઇ માધવરાવના વિવાહ પ્રસગે હાજર હતા. સિંધીઆ અને હોલકર તેમના દાસત્વનું કામ કરવામાં તત્પર હતા. હૈદરનો પુત્ર ટિપુ સુલતાન આ સમારભને શોભા આપવાને પડે જ આવેલો હતો. અંગ્રેજ સરકારના રાજવૈભવનો પ્રકાશ આજે જેમ ફેલાઈ રહ્યો છે તેમ તે સમયે મહારાષ્ટ્રની રાજધાનીનો વૈભવ જોઇને ઇતર રાજા રજવાડાઓ પોત પોતામાં પેશવાના સામર્થ્ય અને સંપત્તિનું કૌતુક કરતા હતા. આ બનાવને હજી સવાસો વર્ષજ થયાં છે આટલામાં તો સૃષ્ટિની ઉથલ પાથલને લઇને તે સર્વ સ્થિતિ પલટાઇ જઇ સ્વપ્નવત્ થઇ ગઇ !

પરન્તુ એથી ઉદ્વિગ્ન થઇ કોઇને દોષ દેવાનુ કારણુ નથી. જગતમા ઇશ્વરી નિયમોના ન્યાયને ઉલઘીને કશુ બનતું નથી. સ્થિતિની આ ફેરફારી પણુ ઇશ્વરી નિયમોના ન્યાય અને ઉદ્દેશને અનુસરીનેજ થયેલી હોવી જોઇએ.

ઇશ્વરનિર્મિત ચાર વર્ણુ કાયમ ન રહેતાં હજારો નાની નાની જાતિઓ બની ગઇ. નામે સર્વ હિદુ છતાં એ જૂદી જૂદી પેટા જાતિઓ એક બીજાની દુશ્મન જેવી બની બેઠી. સદ્ગુણુ અને વિદ્યા-વૈભવ નષ્ટ થઇ ગયો. પરિણામે મુસલમાની રાજ્યનો પ્રવેશ થયો, અને તે સાથેજ હિદુસ્તાનની અને વિશેષ કરીને હિદુ લોકોની ઘણીજ દુર્દશા થઇ પડી. ઇ. સ. ના હજાર વર્ષથી માડીને સત્તરમા અઢારમા સૈકા પર્યતનો હિંદુસ્તાનનો ઇતિહાસ જોઇ જવાથી હિદ લોકો માટે ભૂષણાસ્પદ હોય એવી થોડીજ વાતો તેમાંથી મળી આવશે. મુસલમાનોની સત્તા પછી પ્રાચીનકાળના મહાન ક્ષત્રિયો ગોકળગાય બની ગયા. સાર્વભૌમપણું મુસલમાનોને હાથ જવાથી માત્ર નાના નાના રાજ્યો જ તેમને હાથે રહ્યા. બ્રાહ્મણોની વિદ્વત્તા પણુ ઘણીજ નષ્ટ થઇ ગઇ. મુસલમાનોના ધર્માંધ અમલમા કઇ વખતે આફત આવી પડશે તેનો નિયમ ન હોવાથી મનની સ્વસ્થતા રહી નહિ; અને તેથી વિદ્યાવ્યાસંગની ઇચ્છા રહી નહિ. જે પ્રદેશના બ્રાહ્મણો પ્રાચીન સમયમાં સરસ્વતિ દેવીના પ્રિય ઉપાસકો હતા તેમને મુસલમાનોના અમલમાં ગાયત્રી મંત્ર પણુ બોલતાં આવડતો નહિ. મહારાષ્ટમાં અને દક્ષિણુ હિંદમાં તો મુસલમાની અમલ વિશેષ ન હોવાથી લોકોમાં સંધ્યાદિ બ્રહ્મકર્મ કરવાની પ્રથા કેટલીક કાયમ રહી હતી પરંતુ ગુજ-રાત અને ઉત્તર હિંદ વગેરેમાંતો સધ્યા પણુ નહિ ને સ્નાન પણુ નહિ. પોતાનું નામ પણુ આ બ્રાહ્મણોને સ્પષ્ટ ઉચ્ચારતાં આવડે નહી. "તમારી જાતિ કોણુ" આમ પૂછતાં "હમ બમ્મન હૈ" અથવા

"ભેમણુ છીયે" એમ તે કહેશે "બ્રાહ્મણુ" એવો શુદ્ધ સંસ્કૃત શબ્દ પણુ તેમને ઉચ્ચારતાં આવડશે નહિ. પ્રાચીનકાળના શુદ્ધ અને શુભ આચરણુ, પ્રાચીન સમયની મનની મોટાઇ વગેરે સર્વનો લય થયો. દેશમાના ઘણાખરા લોક હિદુ હોવા છતાં અને હિંદુઓમાં માત્ર ચારજ વર્ણુ હોવા છતાં અજ્ઞાનને લીધે માંહો માહેના દ્વેષ વધી જઇ અનેક પેટા જાતિઓ વધી ગઈ; એટલુંજ નહી પણ એવી અનેક પેટા જાતિઓ તો જાણે જૂદીજ જાતિ હોય તેમ પરસ્પર વર્ત્તવા માંડીને પોતાનીજ વર્ણુની અન્ય પેટા જાતિઓ સાથે અન્નપાણી અને કન્યાનો વ્યવહાર પણુ નષ્ટ કરી મૂકયો; અને આવી પેટા જાતિઓ તેમજ જૂદા જૂદા પ્રાતના રહીશો એક બીજા સાથે શત્રુના જેવો ભેદભાવ અને દ્વેષ રાખવા લાગ્યા.

આ પ્રમાણે જે લોકો એકજ ધર્મના અને એકજ પૂર્વજોના વંશજ હોવા છતાં માહોમાહે એકબીજાના વૈરી બને અને માત્ર જૂદા જૂદા પ્રાતોમાં રહેવા બદલજ નહિ પણુ એક સ્થળમા રહેવા છતા પણુ પરસ્પરના દ્વેષોથી વધી પડેલી પેટા જ્ઞાતિઓને લીધે એક ગોત્રી મનુષ્યો પણુ એકઠા જમી શકતા ન હોય, એવા લોકોને એકાદ જોડાએલી પરપ્રજાને આધીન થવુ પડે એમાં નહિ સમજી શકાય એવું કશુજ નથી. પૂર્વની બ્રહ્મચર્યની અતિ હિતાવહ રીતિ નષ્ટ થઇ જ્યા ગર્ભસ્થ બાળકોના લગ્ન કરવાની રૂઢી પેદા થઇ હોય, જ્યા માત્ર બબ્બે ત્રણુ ત્રણુ માસનાં બાળકો વૈધવ્યને પ્રાપ્ત થતાં હોય, મરજી હોય કે ન હોય છતાં પરાણે સતી કરવાનો અતિ ક્રૂર અને નિર્દય રિવાજ જ્યાં ચાલુ થયો હોય; ઇશ્વરે ગુણુ કર્મ સ્વભાવથી નિર્માણુ કરેલી જાતિઓને બદલે જ્યાં માત્ર જન્મથીજ ઉચ્ચ અને નીચ મનાવા લાગે એવા ઠેકાણાના લોકોનું સ્વાતંત્ર્ય નષ્ટ થાય તો એમાં ઇશ્વરી નિયમને હાથે જરા પણુ અન્યાય થયો એમ કોણુ કહી શકશે? એ

સર્વ જોતાં હિંદને પ્રાપ્ત થયેલી વર્તમાન દશા ઇશ્વરના અબાધિત નિયમને અનુસરીને જ પ્રાપ્ત થયેલી છે એમાં શંકા નથી. હવે તો ગત-કાળમાં કરેલાં અપરિમિત પાપો જ્યારે અમારા કડક પ્રાયશ્ચિત્તથી ધોવાશે ત્યારેજ પુનઃ હિંદનો ઉત્તમ દિવસ આવશે. ત્યાં સુધી તો "આશા" એજ મનુષ્ય માત્રનું જીવન છે. (પાપ કરતા કંઇક પાછું ભાળેલું કે જેથી અન્ય જુલ્મી રાજ્યોને બદલે શાન્ત બ્રિટીશ રાજ્ય હિંદને પ્રાપ્ત થયું છે કે જે રાજ્યના વર્ત્તમાન ના૦ શહેનશાહ અમોને ઉંચી આશાઓ આપી-ઉત્તમ ગુણ અને જ્ઞાન પ્રાપ્ત કરવાને પ્રેમથી પ્રબોધે છે) આ આશાપરજ સર્વ મદાર રાખીને આપણે ઉન્નતિ માટેના ઉદ્યોગમા લાગીશું તો કાળાંતરે હિંદુસ્તાનનો પ્રાચીનકાળનો નષ્ટ થયેલો વૈભવ પુનઃ આ હતભાગી દેશને પ્રાપ્ત થશે એમા શંકા નથી. બર્કના (અને ના૦ શહેનશાહના) કહેવા પ્રમાણે ભવિષ્યકાળ પર ઉમદા આશાઓ બાંધવામાં આપણને કશીજ હરકત નથી; અને એ આશાને અનુસરીને હિંદને પુનઃ સુસ્થિતિ પ્રાપ્ત થાય એવી ઇશ્વર પ્રત્યે પ્રાર્થના કરીને આ 'ગતકાળ અને વર્તમાનકાળ' વિષેનું પુરાણ આટોપીશું. કેવળ સ્વમનોરંજનાર્થેજ લખેલો કાર્લાઇલપરનો આ નિબંધ હવે પૂર્ણ કરવો ઠીક લાગે છે. અનુભવ ન હોવાને લીધે આ નિબંધ કોઈ સ્થળે અસંબધ કે કાંઇ છિદ્રવાળો થયો હશે. વાચકોને તે વિશેષ પસંદ પડશે કે નહિ પડે, પરંતુ પસંદ નહિ પડે તો પણ નાપસંદ પણ નહિજ પડે એવી આશા પ્રકટ કરવાનું અમે (મરાઠી લેખક) સાહસ કરીએ છીએ. મૂળ એકજ ધર્મના હોવા છતાં જે દેશના ધર્મગુરૂઓ પોતાના સ્વાર્થ માટે જૂદા જૂદા સંપ્રદાયો કહાડી બેસીને અજ્ઞાનાંધ શ્રદ્ધાળુ લોકોને શિવ, વિષ્ણુ, રામ, કૃષ્ણ ઇ. નાં નામ લેવામાં પણ પાપ છે ઇ૦ પ્રકારનું મહા અધમજ્ઞાન શીખવીને અને સત્સંગી તેમજ કુસંગી વગેરે શબ્દોનું બોધન કરીને તેમની વચ્ચે

માંહોમાંહે દ્વૈષની જ્વાળાઓ સળગાવી મૂકી પોતપોતાના વાડાઓમાં ફસાઇ પડેલાં ઘેટાંઓ એકબીજાની સાથે ભેળાય કે છુટાં થાય નહિ એવી અતિ નીચ બાજી ખેલ્યા જાય એટલુજ નહિ, પરંતુ જે પરમાત્માની પ્રાપ્તિ અર્થે ગુરૂઓની આવશ્યકતા છે તેને વિસરાવી દઇને ખુદ પોતેજ તે પરમાત્મારૂપે અવતર્યા છે એવી માન્યતા ફેલાવીને તે પરમપુનીત પરમાત્માના સર્વોત્તમ સ્વરૂપ અને નામની ઉપાસનાને બદલે પોતાના મળમૂત્ર પુરિત શરીરને પૂજાવે અને પોતાની છબીઓનુ ધ્યાન ધરાવે તથા પોતાના 'ગુરૂ' પદની મહત્તા વધે એવાંજ ગુરૂનાં સ્તોત્રો અને નામના જપ કરાવે એવા ગુરૂઓને લીધે ખુદ પરમાત્માની પ્રાપ્તિનો હેતુ તથા એક દેશ અને ધર્મનું અભિમાન તેમનામાંથી ટળી જઇને દેશ અધમથી પણ અધમ અવસ્થાને પ્રાપ્ત થાય તેમાં નવાઇ શુ છે?

ડૉકટર*

સેમ્યુઅલ જૉન્સન.

પ્રથમ ખંડ.

પ્રકરણ ૧ લું.

જૉન્સનનો જન્મ અને બાલ્યાવસ્થા.

ડૉકટર સેમ્યુઅલ જૉન્સનનો જન્મ ઈંગ્લાંડના સ્ટાફર્ડશાયરમાં લિચફીલ્ડ નામના ગામમાં ઈ. સ. ૧૭૦૯ માં થયો હતો. તેના મા બાપ ગરીબ સ્થિતિમા હતાં; પણ તેઓ સારા સ્વભાવના તેમજ કુલીન હોવાથી ગામમા ઘણાજ માનવતા થયા હતા. એક વખતે જૉન્સનનો બાપ લિચફીલ્ડનો ન્યાયાધીશ નિમાયો હતો, પણ તેનો હમ્મેશનો ધંધો પુસ્તકો વેચવાનો હતો. તેની દુકાન મોટી હતી અને

*ડાકટરનો શબ્દ આપણા દેશમા અગ્રેજી વૈદ્ય એ અર્થમા જોકે વપરાય છે તોપણ તેનો મૂળ અર્થ વિદ્વાન એટલોજ થાય છે જૉન્સન વિદ્વાન હતો તથા તે સમયના ગ્રંથકારોમા તે મુખ્ય હતો; આથી કરીને ઑકસફર્ડ યુનિવર્સિટીએ પોતાની મેળેજ જૉન્સનના ઉપર એલ્. એલ્. ડી નો ખિતાબ મોકલ્યો હતો.

પોતાની પાસેના ગ્રંથો તે સારી રીતે સમજતો હતો; તેથી બીજા પુસ્તકો વેચનારના કરતાં તેની પ્રખ્યાતિ ઘણીજ હતી.

જૉન્સનને નાનપણુથીજ "સ્કાફ્યુલ" નામનો એક રોગ થયો હતો; એ રોગ તેના વંશમા ઉતરતો આવતો હતો એવું કેટલાક કહે છે, અને કેટલાક એમ કહે છે કે આ રોગ તેને તેની દાઈના સંસર્ગથી થયેલો હતો. તે રોગ દૂર કરવા માટે જૉન્સનનાં માબાપે ઘણા ઔષધોપચાર કરી જોયા પણ જૉન્સનને આરામ થયો નહિ. છેવટે તેઓ પોતાના ત્રણ વર્ષના બાળક પુત્ર જૉન્સનને તે સમયે રાજ્ય કરનારી આનરાણીની પાસે લઇ ગયા પરતુ તેના હાથના સ્પર્શથી પણ કઇ ગુણ આવ્યો નહિ.+

પ્રકરણ ૨ જું.

અભ્યાસ અને તેના પ્રકાર.

જૉન્સનના વિદ્યાભ્યાસનો આરભ લિચફીલ્ડની નિશાળમાં થયો હતો. તે નિશાળમાં સઘળા ગરીબના છોકરા આવતાં હતા. કેમકે તેઓને કઇ પણ આપવું પડતું નહોતું તેથી જૉન્સનનાં ગરીબ માબાપને તેના શિક્ષણને માટે કઇ ખર્ચ કરવો પડયો નહોતો. આ નિશાળમા લૅટિન અને ગ્રીક ભાષાનું જ્ઞાન આપવામા આવતું હતું; તેમાંથી લૅટિનનું તેણે સારૂં જ્ઞાન મેળવ્યુ હતું. પછી કેટલાંક વર્ષ સુધી તે ઘરમા રહીને પોતાના પિતાની દુકાનમા કઇ કામ કરવા લાગ્યો. તેનો સ્વભાવ નાનપણથી ઘણોજ સ્વચ્છદી હતો; એકાગ્ર

+ જૉન્સનના શરીર ઉપર રાણીએ હાથ લગડાવવાનું કારણ એ હતુ કે કાઈ પણ માણસને જો કાઈ રોગ થયો હોય તો તેના ઉપર રાજસ્પર્શ આ મોટું રામબાણ ઔષધ છે એવી તે વખતના માણસોની સમજ હતી.

થઇ કોઇ પણ કામ ઘણા સમય સુધી કરવું એ તેને પસંદ પડતુ નહોતુ. તેની બુદ્ધિ ઘણીજ તીવ્ર હોવાથી ગમે તેવા વિષયો તેને સહેલાઇથી સમજાતા હતા; અને સ્મરણ શક્તિ પણ તીવ્ર હોવાથી જે કંઇ તેણે વાંચ્યું અગર સાંભળ્યું હોય તે તેના મનમાથી કદિ જતુ નહોતુ; આમ છતાં એકાગ્રચિત્તથી તેણે કદિ પણ અભ્યાસ કર્યો નહોતો. શરીરે તે ઘણો બળવાન હોવાથી નિશાળના મસ્તીખોર છોકરાઓમાં તેનો પહેલો નંબર હતો, તથા કંઇ લડાઇ બખેડો કરવામા તે સર્વથી આગળ પડતો હતો. આથી દરરોજના પાઠ ધ્યાન આપીને તે તૈયાર કરી શકતો નહિ જેથી તેને વારંવાર નેતરનો માર ખાવો પડતો હતો. આ પ્રયોગનું માહાત્મ્ય તે છેવટ સુધી વર્ણન કરતો હતો; અને વખતો વખત કહેતો હતો કે મ્હારા મહેતાજીએ જો મને ઘણો માર્યો ન હોત તો હું કદાપિ અભ્યાસ કરી શકયો ન હોત * ગમે તેમ હો, પણ ઓગણીસમે વર્ષે તે ઑક્સફર્ડ યુનિવર્સિટીનાની પેમ્બ્રોક કૉલેજમા એક શ્રીમંત છોકરાના સાથી તરીકે ગયો,+ પણ થોડા દહાડામા પેલા ધનવાનના છોકરાએ કૉલેજ છોડી, તેથી તેનો મુખ્ય આધાર ગયો. તે છતાં મોટી અડચણ સહન કરીને તેણે બીજા કેટલાક

---

* 'સોટી વાગે ચમ ચમ વિદ્યા આવે ધમ ધમ' આ વચનને ઉપરનો વિદ્વાન વારંવાર ઉચ્ચારતો હતો તે કહેતો હતો કે છોકરાની તરફથી નિશાળના પાઠો તૈયાર કરાવવા માટે મારના જેવુ બીજુ સાધન એકે નથી તેને સમજાવીને અને એકમેકમાં ઇર્ષા ઉત્પન્ન કરાવીને ઉપલી મતલબ પાર પાડવાનો યત્ન કરવો એ ઠીક નથી, કેમકે તેનાથી મત્સરાદિ દુષ્ટભાવ નાનપણથી છોકરાઓમાં વસે છે

+ ઇગ્લાંડમાં એવો ચાલ છે કે શ્રીમંતોના છોકરાઓને વિદ્યાભ્યાસને માટે કાલેજમા મોકલવામાં આવે છે તે વેળાએ તેની જોડ અભ્યાસ કરવા માટે સોબતી તરીકે ગરીબના છોકરાને મોકલે છે તેનો ખર્ચ તેના માબાપ ઉપર અથવા પાલકના ઉપર હોય છે.

દિવસ ત્યાં કાઢ્યા. આવી રીતે બધા મળીને ત્રણ વર્ષ ત્યાં રહ્યા છતાં પણ અંતે યુનિવર્સિટીની ડિગ્રી (ઉપાધિ) મેળવ્યા વિના તેને પોતાના ઘર તરફ પાછા આવવું પડયું.

જૉન્સન ત્યાર પછીથી પુનઃ તે પાઠશાળાનો અભ્યાસ કરી શક્યો નહિ. જે શિક્ષણ તેણે મેળવ્યું તે સઘળું તેણે વિદ્વાન લેખકોના ગ્રંથોના વાચનથી તથા સતત પરિશ્રમ અને જીજ્ઞાસાથીજ મેળવ્યું હતુ. પોતાના બાપની દુકાનમાં જૂદા જૂદા વિષયોપર રચેલા ઘણાં પુસ્તકો હતાં. આ પુસ્તકો પોતાની મરજી પ્રમાણે વારવાર તે ઉથલાવતો હતો, જેટલુ પસંદ પડતું તેટલુ વાંચીને કંટાળો આવતો કે તરત તે ત્યાંથી પડતું મૂકતો હતો. આવી રીતે લૅટિન, ગ્રીક, ઇટાલિયન વગેરે ભાષાના ગ્રંથો રમતાં રમતાં આ નાના જૉન્સને વાચીને એટલુ બધુ જ્ઞાન મેળવ્યું કે જેટલું જ્ઞાન મોટા મોટા વિદ્વાન ગણાનારાઓ પણ મેળવી શક્યા નહોતા. જ્યારે તેનો ઑક્સફર્ડમા પ્રવેશ થયો ત્યારે જૉન્સન એક લૅટિન ગ્રન્થકારનુ વચન બોલ્યો કે, જે સાભળીને તેનો ગુરૂ આશ્ચર્ય પામ્યો; તેમજ ત્યાં રહેતી વખતે પોપ કવિના મેસાયા નામના એક કાવ્યનો થોડોક ભાગ તરતનો પ્રસિદ્ધ થયો હતો તેનું લૅટિનમાં ભાષાન્તર કરવાને વિદ્યાર્થીઓને આપ્યું હતું તે જૉન્સને ઘણીજ ઉત્તમ રીતે કર્યું હતું. એ સિવાય તેના એક વિદ્યાલયના ગુરૂએ બૉઝવેલને કહ્યું હતું કે "જૉન્સનનો જો કે હું ગુરૂ કહેવાઉં છુ, પરંતુ સત્ય રીતે તો તે મ્હારાથી ઘણો ચઢીયાતો છે."*

---

*Dr. Adams paid Johnson this high compliment. He said to me at Oxford in 1776, "I was his nominal tutor, but he was above my mark" When, represented this to Johnson, his eyes flashed with grateful satisfaction and he exclaimed that was liberal and noble!

Boswell Life.

જૉન્સનની શિક્ષણની પદ્ધતિનું જે વર્ણન પાછળ આપી ગયા છીએ તે જોયાથી વાંચનારાઓના ધ્યાનમા એક મહત્વની વાત આવ્યા વિના રહેશે નહિ, તે વાત એ છે કે મનુષ્યે વિદ્યામાં અથવા કોઇ પણ ગુણમા કુશળતા મેળવવી એનો પોતાના યત્ન ઉપર જેટલો આધાર રહે છે તેટલો શિક્ષકના જ્ઞાન અથવા શ્રમ ઉપર રહેતો નથી. આજ સુધી મોટા મોટા વિદ્વાન ગ્રન્થકર્ત્તાઓ થઇ ગયા છે, તેઓના ગુરૂથી મેળવેલા જ્ઞાનના અંશો અને પછીથી તેના પોતાના પરિશ્રમથી તે વધેલા અંશોની તુલના કરવામાં આવે તો પહેલાની આગળ બીજા નહિ જેવા જણાશે. ખરી રીતે જોતાં જ્ઞાનપ્રાપ્તિની ઇચ્છા હોય તેણે તે વિષયપર પોતેજ ઉદ્યોગ કરવો જોઇએ શિક્ષકનું કામ તો મુખ્ય કરીને માર્ગ દર્શાવવો એજ છે. આજકાલ યૂરોપ અને અમેરિકામાં છાપવાની કળા ઘણીજ પ્રસરેલી હોવાથી પુસ્તકો ઘણીજ સસ્તી કીંમતે મળે છે અને વળી તે સર્વ વિષયપર અને સર્વને સહેલાઇથી સમજાય એવી રીતનાં હોવાથી શિક્ષકની ગરજ પણ ઘણીજ દૂર થઇ છે, એથી સેંકડો મોટા મોટા ગ્રન્થકાર એવા ઉત્પન્ન થયા છે કે તેમને શીખવવા માટે કોઇની પણ જરૂર પડી નથી. તેઓએ સર્વ જ્ઞાન સ્વતઃસિદ્ધજ મેળવેલું છે. એવી સ્થિતિ આપણા દેશમાં જો કઇક આરંભ થાય તો કેળવણી ખાતાનો કેટલોક ખરચ બચે અને લોકોને કેટલો લાભ થાય ? !

પ્રકરણ ૩ જું.

પિતાના મરણ પછી ઉપજીવિકાને માટે ઉદ્યોગ.

જૉન્સન કૉલેજ છોડીને થોડો કાળ ઘેર આવી રહ્યો. તે અરસામાં તેનો પિતા મરણ પામ્યો. તેને પોતાના રોજગારમા કદિ પણ બરકત થઇ નહોતી, અને અન્તે તેને આ વેપારમાં મોટી ઠોકર

ખમવી પડી હતી; તેથી કમાવાની પચાતી પડતી હતી એવી સ્થિતિમા પિતાના મરણથી જૉન્‌સનને, તેના ભાઇને અને તેની માને કેટલુ દુખ પડયુ હશે તેની કલ્પના હરકોઇ સહેલાઇથી કરી શકશે. આવા સકટમા પણ આપણા ચરિત્રનાયક વિખ્યાત પુરૂષે ધીરજ છોડી નહિ. જૉન્‌સનનો પિતા મરતી વખતે ફક્ત વીસ પૌંડ (બસો રૂપીઆ) રાખી ગયો હતો, તે રૂપીઆ પોતાની માની પાસે મૂકીને અને પોતાના ભાઇને પિતાની દુકાન ઉપર લગાડીને પોતે કેવળ પોતાની વિદ્યા ઉપરજ ગુજારો કરવા તથા પોતાનુ નશીબ અજમાવવા નીકળ્યો. પહેલાં તો એક નિશાળમા મેહેતાજી દાખલ તે રહ્યો. તે નિશાળ ખાનગી હતી, અને તેમા જૉન્‌સન ઉપશિક્ષક તરીકે રહ્યો. ત્યાં થોડાક દિવસ પછી પોતાના ઉપરીની જોડે તેને બન્યુ નહિ તેથી તેણે નોકરી જલદીથી છોડી દીધી. નિશાળના વડા મહેતાજીનો સ્વભાવ ઘણોજ અભિમાની અને તિરસ્કારખાના જેવો હતો. તે એમ ધારતો કે તેણે હાથ નીચેના મહેતાજીને મહેરબાનીથી નોકરીપર લગાડયો છે તેથી મુંગે મોઢે નીચુ માથુ ઘાલીને તેણે સર્વે સહન કરવું જોઇએ; પણ જૉન્‌સન તેવી પ્રકૃતિનો માણસ નહોતો. વખત જતાં બન્ને વચ્ચે તકરાર વધી પડી તેથી જૉન્‌સન પોતાની ઍસખોનક કરીને એક મોટી ચોપડી તેના માથા ઉપર ફેંકવાને ચૂકયો નહિ. જેણે ચેસ્ટરફીલ્ડ જેવા ઉમરાવની પણ પરવા રાખી નહોતી તે આવા નાના સરખા નિશાળના મહેતાજીની પરવા ક્યાંથી રાખે? તેથા તે ચાકરીપર લાત મારીને બર્મિંગહામ નામના શહેરમાં જવા નીકળ્યો. ત્યા તેનો એક પરમ મિત્ર રહેતો હતો. તેના ઘરમા તે થોડા દિવસ રહ્યો, ત્યા રહેતી વેળા એક પુસ્તક વેચનારના કહેવાપરથી તેણે એક ફ્રેંચ ગ્રન્થનુ ભાષાન્તર કરવાનો આરંભ કર્યો. લાબો નામના એક જેસુઇટના પથના ગ્રન્થકારે “આબીસિનિયા દેશની મુસાફરી” લખી હતી તેનું ભાષાન્તર કરવાનું

તેને સોંપ્યુ. લાબો પોર્ચ્યુગીજ મિશનરી હતો; અને હબશીના દેશમાં જઇને ત્યાંના સર્વ સૃષ્ટિ ચમત્કાર અને લોકોની રીતભાત વગેરે જોઇ તેનુ તેણે આ ગ્રંથમા અનુભવસિદ્ધ વર્ણન કર્યું હતું; તેની સાથે બીજા બે પાદરીઓ ગયા હતા પણ તેઓ તેને એકલો છોડીને જતા રહ્યા. તે જંગલી દેશમાં ફર્યો; નીલ નદીનું મૂળ શોધી કાઢવાના વિષયમાં હજારો વર્ષો થયાં યત્ન ચાલ્યા કરતો હતો, તે તેણે કઇક પૂરો કર્યો. આ પુસ્તકનું અગ્રેજી ભાષાન્તર જૉન્સને તૈયાર કર્યું, જે કામને માટે તે પુસ્તક પ્રકટ કરનારે તેને પાચ પાઉન્ડ આપ્યા. ત્યાર પછી તેણે એક લૅટિન કવિનો ગ્રન્થ છપાવવાની જાહેરખબર આપી. તેમાં તેણે જણાવ્યુ હતું કે તે કવિનાં કાવ્યો થોડી કિમતમા સર્વને મળવા ઉપરાત તે કવિનુ ચરિત્ર અને લૅટિન કવિતાનો ઇતિહાસ પણ તે ગ્રન્થમાંથી મળશે; આમ છતાં ગ્રાહક થોડાં મળ્યાથી અને કોઇ આશ્રય આપનાર નહિ મળ્યાથી તે સંકલ્પ જૉન્સને છોડી દીધો.

પ્રકરણ ૪ થું.

વિવાહ, વિદ્યાલય સ્થાપન અને લંડનમાં જવું.

જ્યારે જૉન્સન બર્મિંગહામમાં રહેતો હતો ત્યારે ત્યાના એક વ્યાપારીની સાથે તેને ઓળખાણ થઈ ને તેની સ્ત્રીની જોડે તેનો ઘણોજ સારો પરિચય થયો, તેની વિદ્વત્તા અને ભાષણ કરવાની ચતુરાઇથી તે તેને ઘણો પસંદ પડયો અને જૉન્સન પણ તે વ્યાપારીની સ્ત્રીની રસિકતા અને બીજા ગુણથી તેને વ્હાલો હતો. કેટલોક કાળ વીતી ગયા પછી પેલો વ્યાપારી મરણ પામ્યો જેથી તેની સ્ત્રી વિધવા થઇ, તેથી એકમેકનો સ્નેહ અને પ્રેમ ઉપરના ગુણોથી ગાઢો થયો. જૉન્સને પોતાની માની રજા લઇને તેની સાથે વિવાહ કર્યો.

અત્યાર સુધી તે મુસાફરના જેવો છડો રહ્યો હતો, પણ હવે તે ઘરખટ-લાવાળો, ચાકર તથા સ્ત્રીવાળો થઇને મોટી ધામધુમથી રહેવા લાગ્યો. આ સ્ત્રીએ લગ્ન સમયે ૮૦૦ પાઉન્ડ જૉન્સનને આપ્યા હતા, અને તે સારી વ્યવસ્થાથી વાપર્યા હોત તો તે તેને ઘણા દિવસ સુધી ચાલત, અથવા આખી ઉમ્મર સુધી સારી રીતે ચાલત; પણ તે કેવો હતો ! તેને પોતાના લગ્ન થતાં સુધીનો સઘળો સમય ગરીબાઇમાં તથા વિપત્તિમા ગાળવો પડયો હતો; તેથી તેણે પોતાનો નિર્વાહ ઉત્તમ પ્રકારે ચલાવવા એક વિદ્યાલય સ્થાપ્યું. એ વિદ્યાલય તેના પોતાના ઘરમા ગખીને વિદ્યાર્થીઓને ખાવા પીવાનો પણ બદોબસ્ત ત્યાંજ ગખવાનું યોજ્યુ; અને સર્વ તૈયારી કર્યા પછી એક વર્ત્તમાનપત્રમાં જાહેરખબર આપી કે "સેમ્યુઅલ જૉન્સનના ઘરમાં વિદ્યાર્થીઓને રાખવાનો બદોબસ્ત કરીને લૅટિન તથા ગ્રીક ભાષામાં અભ્યાસ ચલા-વવામા આવશે. માટે શ્રીમાન તથા સંભાવિત માણસોએ પોતપોતાના છોકરાઓને મોકલવા." આ જાહેરખબરથી કઇ વધારે ફળ દીઠામાં આવ્યુ નહિ. અઢાર મહિના ચાલ્યા ગયા, તોપણ એ ત્રણ છોકરા-ઓ સિવાય વધારે છોકરા એકઠા થયા નહિ; તેનુ કારણ એ હતુ કે જૉન્સનની આગળ જતા જેવી કીર્ત્તિ થઇ હતી તથા તેના સહજ બોલવાપરથી મોટા મોટા માણસોનાં માથાં નીચે નમતા હતા અને તે કેવળ અપ્રતિમ પડિત ગણાયો હતો, તેવી તે સમયે કીર્ત્તિ થઇ નહોતી. તેની પ્રસિદ્ધિ કેવળ વિદ્યાલયમાંજ હતી પણ લોકોમાં તો તે વિશેષ અજાણ્યો હતો. વળી મનુષ્યમાં જે ગુણ હોવા જોઇએ, તેમાંના કેટલાક જોન્સનનામાં ઓછા હતા. પ્રથમ તો તેનું શરીર કઢંગુ હતું. તેનો ચહેરો તદન ખરાબ નહોતો પણ ભવ્ય હતો; પણ તેની નજર કંઇક બાડી હતી. તેની બોલવા ચાલવાની ઢબ સાંભળ-નારને અને તેમાં ખાસ કરીને છોકરાના મનમાં પ્રવેશી શકે એવી

નહોતી, પરંતુ ઉપહાસ્ય લાગે એવી હતી. વાયુવાળા મનુષ્યની માફક હાથપગ ફેલાવવાની તેને નાનપણથી ટેવ પડી ગઇ હતી તેનો દેખાવ ઘેલા માણસના જેવો જણાતો હતો આવો પ્રકાર ઘરમા વિદ્યાભ્યાસ કરવાને માટે રહેલા છોકરાઓને દરરોજ નજરે પડતો હતો. તેઓ ગુરૂના ઉપર પૂજ્યભાવ રાખવાને બદલે તેની નકલ કરતા હતા. એ સિવાય વિદ્યાલયનાં વિદ્યાર્થીઓને બીજી નકલ કરવા જેવી ગુરૂપત્ની હતી. ગુરૂના કરતાં ગુરૂપત્નીની ઉમર બમણી મોટી હતી જેથી કરીને પતિપત્નીને અરસ્પરસ પ્રેમ કેવી રીતે થતો હશે તેનો તેમને વિચાર આવ્યા કરતો હતો. આ વિદ્યાર્થીઓમા શેકસપિયરના સર્વોત્કૃષ્ટ અભિનય કરનાર જે પ્રખ્યાત ગૅરિક હતો, તે પ્રથમ નકલો અને પછીથી નાટકનો ધધો સારી રીતે સાધીને તેમા પહેલી પદવીએ પહોચ્યો હતો; તથા સર્વ મજાહ તેણે પોતે નાની ઉમ્મરમાં જોઇ હતી. આ લડન શહેરમાં મોટા મોટા માણસોની આગળ જ્યારે તે પોતાના ગુરૂની નકલ કરતો હતો, ત્યારે તે ઘણીજ આબેહુબ અને ઉત્તમપ્રકારે કરતો હતો. સાભળનારાઓનાં પેટ હસતાં હસતા દુખો જતા હતાં. ગમે તેમ હો, પણ જૉન્સનનુ વિદ્યાલય સારી રીતે ન ચાલવાના ઉપલા કારણો હતાં. આ સિવાય તેનો સ્વભાવ પણ સૌમ્ય અને મળતાવડો નહોતો પરતુ ઘણોજ કડક હતો, તથા વિદ્યાર્થીઓને મૂળભૂત સિદ્ધાન્તથી લઇને ક્રમવારથી શીખવાને જે કટાળો હોય છે તે તેને નદ્દન પસંદ નહોતો. આ સર્વ કારણથી વિદ્યાલયની સારી અવસ્થા થઇ નહિ. અન્તે સ્ત્રી જે પૈસા લાવી હતી તે બધા વ્યર્થ ખર્ચાઇ જઇને ફરી ગરીબાઇમાં આવ્યો જેથી જૉન્સન પોતાની કલમ ઉપર પોતાનો નિર્વાહ ચલાવવાનો વિચાર કરીને તે લંડન જવા નીકળ્યો તથા તેણે ઉપર્યુક્ત વિદ્યાર્થી ગૅરિકને પોતાની સાથે લીધો.

પ્રકરણ ૫ મું.

ગુરૂ શિષ્ય લંડનમાં–ગૅરિકની હકીકત.

જૉન્સન અને તેનો શિષ્ય ગૅરિક લંડનમાં ઇ. સ. ૧૭૩૭ ના આરંભમાં આવી પહોચ્યા. પહેલાં તો તે બન્ને કેવળ પોતાનુ પેટ ભરવા માટે ત્યાં આવ્યા હતા પરંતુ ધીમે ધીમે પોત પોતાના ગુણથી તેઓ અત્યંત પ્રખ્યાત અને સર્વમાં પ્રમુખ થઇ પડયા. આ અત્યુચ્ચ સ્થાન જૉન્સનને કેવી રીતે મળ્યુ તે આગળ જતાં જણાશે, પરંતુ પ્રથમ ગૅરિકની હકીકત આપવી યોગ્ય ધારીએ છીએ આ મહા વિખ્યાત નટ જૉન્સનનો પરમ મિત્ર હતો અને તેનો આ ચરિત્રમા ઘણીક વેળા સંબંધ આવનારો છે, તેથી તેના સંબંધની નીચે લખેલી હકીકત અપ્રાસંગિક નહિજ થઇ પડે.

ગૅરિક એ જૉન્સનના કરતાં નવ દશ વર્ષે નાનો હતો, તેના શિક્ષણનો પ્રકાર પાછળ કહેલો છે. તેનુ ધ્યાન નાનપણથી નાટયવિદ્યા ઉપર ઘણું હતું. પ્રથમ જ્યારે લંડનમા આવ્યો ત્યારે તો તે કેટલાક દહાડા સુધી વેપારના કામમાં પડયો હતો, પણ તે કામપર તેને કંટાળો છૂટયો તેથી તરત તેણે નાટકમાં પ્રવેશ કર્યો નાટકમાં પ્રવેશ કર્યા પછી થોડાજ દિવસમાં તે શહેરના સર્વે નટોથી પોતાના અભિનયમાં ચડી ગયો તે જે નાટક કંપનીમાં નોકરી કરતો હતો તે નાટક કંપનીની આવક શહેરની બીજી બધી કંપનીઓ કરતાં વિશેષ હતી ખુશાલી કરનારા શોખીન માણસો અને મોટા મોટા અમીર ઉમરાવો જે મંડળીમાં ગૅરિક હોય તે મંડળીને આશ્રય આપવા લાગ્યા. અનેક મોટા મોટા નામાંકિત ગ્રન્થકારો તથા રસિકો પણ ગૅરિકનું અપૂર્વ નાટય કાર્ય જોઇને આશ્ચર્ય પામ્યા. આવી રીતે થોડી મુદતમાં

ગૅરિકની કીર્ત્તિ ચોતરફ પસરી, અને તેણે પોતે એક નાટકશાળા પોતાની સત્તામા લીધી તથા તે મંડળીનો પોતે મુખ્ય કર્ત્તા-ધર્ત્તા થયો. એણે પોતાનુ અધિપત્ય ૪૫ વર્ષ સુધી ચલાવ્યું. આખરે તે પોતાના સભાજનોનું ઘણું માન મેળવી તથા પ્રેમપૂર્વક રજા લઇને જે કામમાં તેણે આટલી બધી કીર્ત્તિ મેળવી હતી તે કામ છોડી દીધુ. નાટકશાળાની સત્તા તેણે વેચી, તેને માટે તેને ૩૭૦૦૦ પાઉન્ડ મળ્યા હતા. આ રકમના ઉપર અને આગળ મેળવેલી બીજી પુજી ઉપર પોતાના છેલ્લા દહાડા આનન્દથી કાઢવાનો તેણે સંકલ્પ કર્યો હતો, પણ તે થોડાજ દિવસમાં મરી ગયો. ગૅરિકના જેવો હજી સુધી બીજો એક પણ નટ થયો નથી.

સામાન્ય નટના પ્રમાણે યથાયોગ્ય અંગ વિક્ષેપ કરવાનો તથા નાટકી સ્વરથી બોલવાનો ગુણ ગૅરિકનામાં નહોતો પણ ખરો અભિનય તેણેજ પહેલા આરંભ કરીને લોકોને દેખાડયો છે એમ કહીએ તો તે ખોટું નથી.

પ્રસ્તુત નાટકમા ગૅરિક તન્મયતાથી પોતાનુ કાર્ય બજાવતો હતો. તેના હાવભાવ તથા તેની કાર્ય-કુશળતા એટલી બધી હતી કે પ્રેક્ષકો નાટક જુએ છે એમ ભાગ્યે જ જાણી શકતા. તેમને તો એમજ લાગતું કે તેઓ તાદ્રસ્ય ચિતારનુંજ દર્શન કરે છે.

એક નાટકના પાત્ર તરિકેની કુશળતા હતી એટલુજ નહિ પરંતુ તે એક વિદ્વાન કવિ તરિકે ઓળખાતો હતો તેથી જૉનસન કલબ નામની એક સભા હતી જેમાં બર્ક, ગિબન જેવા સભાસદો અઠવાડીઆમાં એક વખત એકઠા થતા હતા તેમાં ગૅરિક આવતો હતો. તે ભાષણની છટા અને વિનોદકળામાં સર્વથી શ્રેષ્ઠ હતો.*

---

* પ્રખ્યાત કવિ ગોલ્ડ સ્મિથ એ કલબનો સભાસદ હતો; તેણે ગૅરિક વિષે લખ્યું છે કે:—

શેક્સપિયરના ગ્રંથો પ્રથમથીજ ઇંગ્લાંડમાં ઘણા પ્રિય થઇ પડેલા હતા, તોપણ ગૅરીકના અપૂર્વ નાટ્યપ્રકારનો જ્યારથી આરંભ થવા લાગ્યો ત્યારથી શેક્સપિયરની કીર્ત્તિ વધુ પ્રકાશી હતી. તેની શેક્સપિયર ઉપર ઘણીજ પૂજ્યબુદ્ધિ હતી; અને તેની કવિત્વ શક્તિની પોતાના સમાજમાં કિંમત કરાવનાર ગૅરિક હતો.

પ્રકરણ ૬ ઠું.

જૉન્સનની વિપત્તિનો આરંભ–તેનાં કારણો અને તે સમયની વિદ્યા ઉપર ચાલતી જીવિકાની સ્થિતિ.

જૉન્સન ઇ. સ. ૧૭૩૭ મા લંડનમાં આવ્યો એ હકીકત પાછળ લખી ગયા છીએ. તે અહિં આવ્યો એટલે તેને વિપત્તિ પડ-વાનો આરંભ થયો. તેણે એકંદરે ૨૫ વર્ષ વિપત્તિમાં ગાળ્યા હતાં. તેણે મોટાં મોટાં પુસ્તકો, નિબંધો તથા કાવ્યો રચેલાં હોવાથી તેની કીર્ત્તિ ચારે બાજુએ વિશેષ પ્રસરી હતી, પણ તેથી તેની વિપત્તિ ઓછી થઇ નહિ. લક્ષ્મીનો અને સરસ્વતીનો વિરોધ જે આપણા લોકોમાં પ્રસિદ્ધ છે તેનુ ઉત્કૃષ્ટ ઉદાહરણ જોન્સનનામાં જોવામાં આવે છે. જો કે જોન્સનની છેવટની અવસ્થાનાં વીસ બાવીસ વર્ષ ઘણાજ સુખમાં તથા શાંતિમાં ગયાં હતાં; પણ છેવટ સુધી તે થોડું પણ ધન એકઠું કરી શક્યો નહોતો. જોન્સનને ઘણા સમય સુધી ગરીબાઇ ભોગ-વવી પડી હતી, તેનું વર્ણન હવે આપીએ છીએ.

As an actor confessed without rival to shine. As a wit, it not first, in the very first time.

(*The Retaliation*).

તે વખતના લોકોની સ્થિતિ એ તેની વિપત્તિનું મોટું કારણ હતું. ઍડિસને પોતાના સ્પેક્ટર નામના નિબંધોવડે ઘણું કરીને લોકોને વાંચવાને શીખવાડયા. ઉપલા નિબંધો સને ૧૭૧૧–૧૨ માં દરરોજ રવિવાર સિવાય નીકળતા હતા, તે કાળ અને જૉન્સનના, કાળમાં ૨૫ વર્ષનું છેટું હતું. જે માણસો ઍડિસનના સમયમાં વાતોના તડાકા મારવામાં વખત ગુમાવતા હતા, તેમની અવસ્થા એક પેઢી પૂર્વે કેવી હશે તેનું અનુમાન એ ઉપરથી સહજ કરી શકાશે. અને તે ઉપરથી હાલના અંગ્રેજો કરતાં પાંચ છ સૈકા પૂર્વેના અંગ્રેજો કેટલા બધા અજ્ઞાન હશે તે ધારવું એ કાંઇ બહુ મુશ્કેલી ભર્યું નથી. મિલ્ટન કવિના નામથી હાલમાં ઇંગ્લાંડમાંના એક નાના છોકરાના મનમાં પણ પૂજ્યભાવ અને પ્રેમ ઉત્પન્ન થાય છે; પરંતુ તેની કવિતા તેના સમયમાં તો કેવળ ઉપેક્ષાને પાત્ર થઇ હતી તથા એ કવિની કવિત્વ શક્તિની કદર તો ત્રીસ ચાળીસ વર્ષસુધી બિલકુલ થઇ નહોતી. *વિદ્યાની અભિરૂચિ ઍડિસને પોતાના દેશ બાંધવોને લગાડી હતી. આ એક બનાવથી તે વખતની સ્થિતિનું અનુમાન કરવા જેવુ છે. જૉન્સન જે વેળાએ લંડનમાં આવીને પોતાનાં કલમબળથી નિર્વાહ કરવાનો ઉદ્યોગ કરવા લાગ્યો તે સમયે લોકોની વિદ્યા ઉપર અભિરૂચિ નહિ જેવી હતી; એજ તેની ગરીબાઇનું કારણ છે. હાલની સ્થિતિમાં તો તેના એકજ પુસ્તકની ઉપજ તેને આખી ઉમર સુધી ચાલત. બીજું કારણ એ હતું કે પુસ્તકવાળાનો ધંધો તે વખતે હાલના જેવો સારો નહોતો અને પુસ્તક વેચનારાઓ તે સમયે ઘણું કરીને તદ્દન અભણ હતા. જો કોઇ એક નવો ગ્રન્થ તેમની આગળ છપાવવાને તથા વેચવાને આવતો તો તેઓ કોઇ પ્રસિદ્ધ ગ્રન્થકર્તાની સંમતિ જ્યારે

* મિલ્ટનનુ જગત પ્રસિદ્ધ કાવ્ય "પ્યારા ડૈસ લૅાસ્ટ"ના સર્વ મળીને ૧૫ પાઉન્ડ એક પુસ્તકવાળાએ આપ્યા હતા.

લેતા હતા ત્યારે તે ગ્રંથ હાથમાં પકડતા હતા. એથી જૉન્સનનું નામ સારૂં પ્રસિદ્ધ થતાં સુધી તેનાં પુસ્તકોને માટે પુસ્તક વેચનારાઓ ઘણા પૈસા આપતા નહોતા; અને પોતે પૈસાના કામમાં ઘણો લાચાર હોવાથી બીજા ગ્રંથકારોની પેઠે પોતાના ગ્રંથની કિંમત માગતો નહોતો, પણ પોતાને જે કાંઇ મળતું તેનો તે સંતોષથી સ્વીકાર કરતો હતો. આ તેની ગરીબાઇનું બીજું કારણ હતું, પણ ત્રીજું કારણ તો આ બન્નેના કરતાં પણ મોટું હતું. તે આ વિખ્યાત મનુષ્યની નિસ્પૃહા અને માની વૃત્તિ હતી. તે શરીરે જેવો બળવાન હતો, તેવોજ મનનો પણ બળવાન અને ઉત્સાહી હતો. કોઇ માણસ ગમે તેવો મોટો હોય તોપણ તેના વૈભવથી તેને નમવું તથા હાજી હા કહેવું એ તેને બિલકુલ પસંદ નહોતું. તે તદ્દન ગરીબની જોડે જે પ્રમાણે વર્તતો હતો તેજ પ્રમાણે મોટાં માણસોની જોડે પણ ચાલતો હતો. વળી તે કોઇ પણ મોટા માણસના અર્થાત્ અમીર ઉમરાવના ગુણ દોષ જાહેર કરવામા બીક રાખતો નહિ. તેથી કરીને તેને મોટા માણસોની સાથે તથા અમીર ઉમરાવોની સાથે કેવી રીતે બને! તેઓ તેને પોતાના તરફથી બિલકુલ આશ્રય આપતા નહિ, જેથી કરીને પોતાની મહેનતમાંથી તે જે કાંઇ મેળવતો હતો તેના ઉપરજ તેને છેવટ સુધી ગુજારો કરવો પડયો હતો.

જૉન્સન લંડનમાં ગયો ત્યારે તેની પાસે એકંદરે ત્રણ ગિની, બે સિફારસના પત્ર અને એક અર્ધું તૈયાર થયેલું નાટક એજ માત્ર દોલત હતી. સિફારસપત્રમાં એક કાગળ એક પ્રસિદ્ધ પુસ્તક-વાળાને લખેલો હતો; તેમાં જૉન્સનની વિદ્વત્તા, કવિત્વશક્તિ વગેરે ગુણોની પ્રશંસા કરેલી હતી, અને આખરે લખેલું હતું કે તેને તમે ભાષાન્તર વગેરેનું કામ સોંપશો તો તે તમને ઘણો ઉપયોગી થઇ પડશે. એ પત્ર તે પુસ્તકવાળાએ વાંચીને પછી જરા તેની સામે

જોઇને વિનોદથી કહ્યું –"ભાઈ, તું જો બજારમા ટોપલો લઇને ઉચકવાનું કામ કરશે તો ત્હારો નિર્વાહ આના કરતા તું સારી રીતે ચલાવી શકીશ." આ તેના બોલવામા ફક્ત મશ્કરીજ નહોતી પણ તેના અને બીજા પુસ્તકવાળાના આશ્રયથી જે જે ગ્રન્થકારો પોતાનો ગુજારો કરતા હતા, તેની અવસ્થા કેવી હતી તે તેની જાણુનાં હતી. તેઓને ત્રીજે કે ચોથે માળે એક ઓરડીમા રહેવું પડતું, ભઠીઆરખાનામાંથી ખાવાનુ મેળવવું પડતું, તથા પોતાના શરીરને ઢાંકવાને માટે કપડાંની પણ ઘણી તાણ પડતી. તેમજ તેઓના માથા ઉપર દેવું પણ એટલુ બધુ રહેતું કે રાત્રિ દિવસ એઓના મનમાથી જેલ જાત્રાનો ભય દૂર થતો નહિ. જૉન્સનની પોતાની આ સમયની સ્થિતિ પણ એવીજ હતી. આજ જો આળસથી કાંઈ કામ કર્યું નહિ તો બીજે દિવસે અપવાસ કરવો પડતો હતો. તેની આવી હાલત વીસ બાત્રીસ વર્ષ સુધી રહી હતી. કોઇ કોઇ વખત તો તે બે બે દહાડા સુધી ભૂખ્યો રહેતો હતો. એ વખત તો કચેરીના સિપાઇઓએ તેને ઘેર્યો હતો. તેના પ્રખ્યાત મિત્ર નવલકથા લખનાર રિચર્ડસને તેને પાંચ પાઉન્ડ ઉછીના આપીને તેને તેવા એક પ્રસગે છોડાવ્યો હતો; જૉન્સનની જુવાનીમાં તેનાપર આવી વિપત્તિઓ આવી પડવા છતા તેની નીતિ તથા સદાચરણમાં જરા પણ ફેર પડયો નહોતો. એક બે વખત માત્ર તેના પ્રસિદ્ધ મિત્ર સૅવૅજની સોબતથી તે જરા ખરાબ માર્ગે ચડી ગયો હતો; પણ તેણે તરત તે રસ્તો છોડયો હતો અને તેને માટે તે આખી ઉમ્મર સુધી પશ્ચાત્તાપ કરતો હતો. સૅવૅજ એ બહુ વિલક્ષણ પુરૂષ હતો, તેનો જન્મ મોટા કુળમાં થયો હતો, તેના ઉપર મોટા મોટા ચમત્કારિક પ્રસંગો આવી પડયા હતા; અને તેણે જગતની સર્વ સ્થિતિનો અનુભવ લીધો હતો. છેવટે જૉન્સન ઉપર લખેલી વિપત્તિમાં રખડતો હતો તે અરસામાં આ

તેના સોબતી સાથે તેની મુલાકાત થઇ, અને "**સમાનશીલવ્યસનેષુ સખ્યમ્**" આ ન્યાયથી ઉભયની વિના વિલંબે અરસ્પરસ ઓળખાણ થઇ અને ઘણો સ્નેહ જામ્યો. સૅવૅજમાં ઘણીજ કવિત્વશક્તિ હતી; તે ઘણો વિદ્વાન અને બહુશ્રુત પણ હતો; તથા જગતના વ્યવહારમા ઘણોજ ઘડાએલો હોવાથી તેની સોબત જૉનસનને ઘણી પ્રિયકર થઇ પડી હતી. બંને એકસરખા કડક સ્વભાવના હતા. આ વખતથી–પોતાના સ્નેહીની સંગતથી જૉનસનને કેટલીક આદતો પડી ગઇ હતી, તે આખર સુધી કાયમ થઇ રહી હતી. તે આખી રાત્રિ જાગતો હતો અને બપોરના બે વાગતા સુધી સૂતો હતો. તે કોઇની પણ પરવા ન કરતાં કડક ઉત્તર આપતો તથા ક્રોધના સપાટામાં હાથ ઉગામવા સુધી આવતો હતો. એવી જાતની કેટલીક આદતો પડી હતી, પણ આ સમાગમ વધારે દિવસ ટક્યો નહિ. સૅવૅજને લંડન શહેરના ત્રાસ આવ્યાથી તે છોડી તે વેલ્સ પ્રાન્તમાં ચાલ્યો ગયો, અને પછીથી તે જલદીથી ત્યા દિવાની તુરંગમાં મરણ પામ્યો.

પ્રકરણ ૭ મું.

જૉન્સનનો પેટ ભરવાનો ઉદ્યોગ; તેનાં કાવ્યો અને નાટક.

જૉન્સનનો ક્રમ એકસરખો ચાલેલો હતો. ફ્રૅન્ચ, ઇટાલિયન લૅટિન વગેરે ભાષાના ગ્રન્થોના ભાષાન્તરો, નવાં પુસ્તકો ઉપર ટીકા, પ્રસિદ્ધ પુરૂષોનાં જીવનચરિત્ર, જૂદા જૂદા વિષયોપર નિબંધો, કવિતા વગેરે રૂપે નાટકના આરંભની સામાજિક જાહેર ખબર, ગ્રન્થાર્પણપત્ર, પુસ્તકાલયના ગ્રન્થોની વિષયમુજબ ટીપ, આવી રીતે જે.જે ઉદ્યોગ મળતો હતો અથવા જે જે કોઇ આમાંનું કરવા કહેતા હતા તે જૉન્સન કરતો હતો. તે કુદરતી ઘણો આળસુ તથા મનસ્વી હતો

અને તેની એવી કઇ અજાયબ જાતની મનોવૃતિ હતી કે તે જે જગ્યાપર બેઠો હોય તે જગ્યાપરથી ઉઠવું નહિ એવું તેને લાગતું હતું; પણ ભૂખની આગળ કંઇ ઉપાય નહોતો. તેનું સમાધાન કરવા માટે તેને દરરોજ કંઇ પણ ઉદ્યોગ કરવો પડતો હતો. આ તેની વિપત્તિને લીધેજ તેના બુદ્ધિરૂપી ભડારમાંની દોલત બહાર નીકળી હતી, અને તેના દેશનું કલ્યાણ થવા સાથે આખા જગતને તે આટલો બધો ઉપયોગી થઇ પડયો. નહિ તો ખાણમા રહેલા સોના-રૂપાની પેઠે તેની બધી વિદ્વત્તા ગુપ્તજ રહેત; અથવા ઘણીજ થોડી પ્રકટ થાત. આનું પ્રમાણ જૉન્સને પોતાનાં છેલ્લાં વીસ વર્ષમાં જે કંઈ કર્યું હતું તે જોયાથી જણાશે.

હવે તેણે જે જે ગ્રન્થો લખ્યા છે તે સંબધી કાંઇક વિવેચન કરવું વ્યાજબી ધારીએ છીએ.

જૉન્સનના નામથી જે બે કાવ્ય પ્રસિદ્ધ છે, તે તેણે તે વેળાએ રચ્યાં હતાં. "લંડન" અને "મનુષ્યની આશાની નિષ્ફળતા" આ તે કાવ્ય છે. પહેલું કાવ્ય તેણે પોતાના મિત્રના મરણની વેળાએ લખ્યુ હતું, અને તેમાનું પહેલું પદ તેને ઉદ્દેશીને લખ્યું હતું અને બાકીનાં પદોમાં ઈંગ્લંડની રાજધાનીમાં જે દુરાચારના, અનીતિના પ્રકાર હતા તેનું વર્ણન કર્યું છે. બીજા કાવ્યમાં મોટા મોટા રાજા, મોટા મોટા સરદાર તથા મોટા મોટા અધિકારીઓના ઉદાહરણો લઇને મનુષ્યના મનની દોડ કેવી નિષ્ફળ જાય છે, તે દેખાડયું છે. આ કાવ્ય લૅટિન કવિ જુવેનલની ઢબમાં રચેલા છે. જુવેનલે રોમ ઉપર નજર રાખીને રોમના ઇતિહાસમાંનાં ઉદાહરણો જેમ લીધા હતા તેમ જૉન્સને પોતાનુ રહેઠાણ અને પોતાના દેશના ઇતિહાસના આધારથી વર્ણન કર્યું છે આ બે કાવ્ય મૂળ લૅટિનના કાવ્ય જેવાં છે, પહેલું "લંડન" નું કાવ્ય પ્રસિદ્ધ થયુ તે વેળાએ પોપ કવિ જીવતો હતો. તેણે છેલ્લી

મેસાયાના જેવીજ તેની ઘણી તારીફ કરી હતી, અને તેનો કર્ત્તા કોણ છે તે વિષે પોતાના મિત્ર મારફતે શોધ કરાવી.* શોધ કરતાં કરતાં જ્યારે તેણે જાણ્યું કે એ કોઈ ગરીબ તથા અપ્રસિદ્ધ માણુસ છે, ત્યારે તેણે ભવિષ્ય કર્યું કે: " આ માણુસ વધારે દિવસ સુધી અપ્રસિદ્ધ રહેનાર નથી." આવી રીતે આ કાવ્યથી પહેલેથી ચારે બાજુએ મોટી પ્રશંસા થઇ; કેટલાકો એવું પણ કહેવા લાગ્યા કે હવે પોપની કીર્ત્તિ વધારે દિવસ ટકનાર નથી. " લંડન " કાવ્યનું વેચાણ એવું તો ત્વરાથી ચાલ્યુ કે બીજા અઠવાડિયામાંજ તેની બીજી આવૃત્તિ કાઢવી પડી. તે છતાં જૉન્સનને તે કાવ્યને માટે તે પુસ્તકવાળાએ ફક્ત દસ ગીનીજ આપી હતી. તે પ્રમાણે બીજા કાવ્યની પણ ચારે બાજુએ પ્રશંસા થઇ હતી પણ તેને ૫ દર પાઉન્ડથી વધારે કાંઇ મળ્યુ નહોતું.+

જૉન્સન જ્યારે લંડનમાં આવ્યો હતો ત્યારે પોતાની જોડે અર્ધું નાટક લખેલુ લાવ્યો હતો તે વાંચનારાઓને જણાવી ગયા છીએ. તેણે લડનમા આવ્યા પછી એ નાટક પુરૂં કર્યું. તે નાટકનું નામ "એટીન" હતુ. અગ્રેજી ભાષામાં નાટકના બે પ્રકાર માનેલા છે.

---

* જૉન્સને પોતાનું નામ જ્યાં સુધી ચારે બાજુએ પ્રખ્યાત ન થયુ, ત્યા સુધી કોઈ પણ ગ્રન્થ પર પોતાનું નામ નાખ્યું નહોતુ

+ ઉપરના બે કાવ્યો પર જૂદા જૂદા ગ્રન્થકારોના આવા અભિપ્રાયો હતા.

" London has all the case and all the spirit of an original." *Gray.*

" The vanity of Human Wishes is a satire the deep and pathetic morality of which has often extracted tears from those whose eyes wander dry over pages professedly sentimental." *Sir Walter Scott.*

એક શોકરસ પ્રધાન અને બીજો હાસ્યરસ પ્રધાન. આ નાટક પહેલી પંક્તિનુ છે. તેનું વસ્તુ તુર્કલોકોના ઇતિહાસમાંના એક ચમત્કારિક વૃત્તાન્તપરથી લીધેલું છે. તેનો પ્રયોગ જૉન્સનના શિષ્ય ગૅરિકે મૂળમાં ઘણો ફેરફાર કરીને રંગભૂમિપર દશ વખત કર્યો હતો. આ પ્રસગમા ગૅરિકે પોતાના ગુરૂને માટે જેટલી પોતાનામા ચાલાકી હતી તેટલી પ્રકટ કરી; તે નાટકની તૈયારી બને તેટલી સારી કરી હતી; પણ મૂળ કૃતિમાંજ અન્તઃકરણને આકર્ષણ કરે એવુ કઇ વિશેપ ન હોવાથી સભાજનોને તે ઘણું પસદ પડયુ નહિ. તેની ભાષા અને વિચાર પ્રૌઢ હતા તેથી સાભળનારાઓએ છેવટ સુધી ગભીરાઇથી તથા સ્વસ્થતાથી તે સાભળી લીધુ પણ એકદરે જોતા તે નાટક નાપાસ થયું અને ત્યાર પછી તેનો ફરીથી પ્રયોગ કદિ પણ થયો નહોતો; અને જૉન્સનના બીજા ગ્રન્થોની પેઠે તે હવે વધારે પ્રસિદ્ધ પણ નથી. આ બે નાટકો હમણા સર્વના મત પ્રમાણે માત્ર વાચવાને માટે સારા છે; પણ નાટકશાળાના ભજવી દેખાડવામાં ઉપયોગી નથી. આ નાટકના પ્રયોગ ઉપરથી તેને છાપવાનો હક્ક વેચવાથી તેને ત્રણસો પાઉન્ડ મળ્યા હતા. જે તે વેળાએ તેને હજાર પાઉન્ડની બરાબર હતા.

જૉન્સને પદ્યરૂપ જે ગ્રન્થો રચ્યા હતા તે ઉપર કહેલા છે, તેટલાજ હતા. એના પછીના તેના બધા પુસ્તકો ગદ્યમાજ હતા. તેની હળવે હળવે જે આટલી પ્રખ્યાતિ થઇ આવી છે અને હજી સુધી ચાલે છે તે આ ગદ્ય ગ્રન્થવડેજ છે. કેટલીક રીતે આ પદ્ધતિને તેણે નવુ રૂપ આપીને તેનો પ્રચાર વધાર્યો એવુ કહેવામાં કઇ પણ હરકત નથી. આ વખતે ઇંગ્લડમા જૅન્ટલમેન્સ મૅગેઝીન નામનુ એક પત્ર પ્રગટ થતું હતુ. તેમાં તેના લખાણો પહેલાં આવવા લાગ્યા; તે પત્રમાં નિબધ વગેરે સામાન્ય લૌકિક વિષયો આવતા હતા, તેમજ પારલામૅન્ટમા થતા વાદવિવાદની હકીકત પણ લોકોને

જણાવવામાં આવતી હતી. આ બીજું કામ કેટલાક દિવસ સુધી જૉન્સને પોતે કર્યું હતુ. ઉપલા પત્રનો માલિક પોતાની તરફનાં કેટલાંક માણસોને પાર્લામેંન્ટનો વાદવિવાદ સાંભળવા માટે મોકલતો હતો, અને તેઓને ત્યાનો ચોપદાર કઇ હરકત ન કરે તેનો છુપી રીતે બદોબસ્ત કરાવેલો હતો. આ ખબરપત્રીઓ ભાષણોનો સારાશ લખીને લાવતા હતા, અને કયા ભાષણકર્ત્તાએ કયા પક્ષનીવતી ભાષણ આપ્યું તે પણ લખી લાવતા હતા. પછી એ ઉપરથી સઘળી ઇમારત રચવામાં આવતી હતી. જૉન્સનની વિદ્વત્તા અને ચતુરાઇ એવી હતી કે એવી ટુંક માહિતી ઉપરથી પણ તે બે પક્ષના ભાષણો સ્વકપોલકલ્પિત નવાં તૈયાર કરતો હતો ને તૈયાર થયા પછી તે પત્રમા વાર્તાના રૂપમા છપાતા હતા; એટલે અમુક અમુક નગરમા ત્યાના રાજાના પ્રધાનોએ આવાં આવાં ભાષણો કર્યા, આવો પહેલાથી ઉપોદ્ઘાત કરવો પડતો હતો.+ આ ભાષણો લખનાર જૉન્સન ઘણા દિવસ સુધી છુપો રહ્યો હતો; તે હળવે હળવે પ્રસિદ્ધ થતો આવ્યો અને આખરે જૉન્સને પોતે એક પ્રસંગે તે કબૂલ પણ કર્યું હતુ. આ ભાષણમાં જૉન્સનની પ્રૌઢ રચના અને ચાતુર્ય બન્ને હતા, પણ હમણા તે ઘણા પ્રસિદ્ધ નથી.

જૉન્સનનો એની પછીનો ગ્રન્થ પોતાના પરમમિત્ર ઉપર જે કહી ગયા છીએ તે સૅવેજના જીવનચરિત્રનો હતો. પ્રથમ લખાઇ ચૂક્યું છે કે વેલ્સ પ્રાન્તમાંની એક તુરગમા તે મરણ પામ્યો હતો.

+ ઉપલા બનાવ ઉપરથી ઇગ્લડના લોકોને તે સમયે કેટલુ સ્વતંત્રપણુ હતુ તે જણાય છે હમણા પાર્લામેન્ટનો કારભાર એટલો ગુપ્ત રીતથી ન ચલાવતાં ત્યાના ભાષણો આખી દુનિયામા જેવા હોય તેવા પ્રસિદ્ધ થાય છે, જેપરથી સો વર્ષમા અગ્રેજ લોકોની સ્વતંત્રતામા કેટલો ફેરફાર થયો છે તે ધ્યાનમા આવે છે.

તેના ચરિત્ર સંબંધી લોકોને મોટી ઉત્કંઠા અને કૌતુક પણ ઉત્પન્ન થયું હતું, એવા પ્રસંગમા ઉપલો ગ્રન્થ લખીને જૉન્સને આ ખોટ પૂરી કરીને સર્વને અજાયબીમા નાખ્યા. આ પુસ્તકમાં જૉન્સનનું નામ નહોતુ તે છતાં ઘણાને તેજ તેનો કર્ત્તા છે એમ જણાયું. આ વખતે ઇંગ્લાડમાં ચરિત્રો લખવાનો ચાલ વધારે નહોતો; અને જે હતો તે પણ પૂર્ણદશામાં નહોતો. કોઈ મોટો પ્રખ્યાત મનુષ્ય મરી જાય એટલે જૉન્સનના જેવા વિપત્તિમાં પડેલા પોતાની કલમ ઉપરથી ગુજારો કરનારા ગ્રન્થકારો તેનું જીવનચરિત્ર તૈયાર કરતા હતા, તેમાં જે ઘણાં ખપવા જેવાં જણાતાં તે પુસ્તકજ પ્રગટ કરનારા વેચાતાં લઇને છાપીને પ્રકટ કરતા હતા. એવા ભૂખ્યા લેખકોએ મોકલેલા ગ્રન્થોની યોગ્યતા તે કેટલીક હોય? જે ચરિત્ર કંઇક સારા હોય તે લોકોના આશ્રયને પાત્ર કઇક થતાં હતાં, પણ પછીથી નાશ થતાં હતાં છતાં જૉન્સને લખેલું સૅવેજનું ચરિત્ર જૂદી રીતનુ હતું તેમાં સૅવેજના આયુષ્યમાં થએલા આશ્ચર્યકારક બનાવો યથાસ્થિત અને આકર્ષક રીતે પ્રકટ કર્યા હતા કે જેથી વાચનારની વૃત્તિ તન્મય થઇ જતી હતી અને પુસ્તક નીચે મૂકાતું નહોતુ * તેમજ તેણે ઠેકાણે

* જૉન્સનના મિત્રમડળમા સર જોશીઆ હેનૉલ્ડસ નામનો એ મોટો વિખ્યાત ચિત્રકાર હતો તેનો જૉન્સનની જોડે જે સ્નેહ થયો તે ઉપલા પુસ્તક ઉપરથી થયો હતો હેનૉલ્ડસે એક દહાડો સહજ ઉપલુ ચરિત્ર વાચવાને લીધુ અને રસ્તાની બાજુએ એક ધ્રૂમાડિયાના ઉપર હા ટેકાવીને તે વાચવા લાગ્યો, પણ તે ગ્રન્થમા તેનુ મન એવું તો તલ્લીન થ ગયું હતું કે તેણે આખુ પુસ્તક ત્યાને ત્યાં ઉભા ઉભાંજ વાંચી નાખ્યું આ પ્રકારની તેના મનમાં જૉન્સન માટે માનવૃત્તિ ઉત્પન્ન થઈ અને તેથી બન્ને વચ્ચે ઓળખાણ થઇ તેમનો સ્નેહ આખી ઉમ્મર સુધી રહ્યો. જૉન્સનની છબી તેના ઘણા ગ્રન્થોપર જોવામાં આવે છે તે સર જોશીઆ હેનૉલ્ડસના ચિત્ર ઉપરથી કરેલુ છે

ઠેકાણે જે વિચારો પ્રકટ કર્યા છે તે પણ ઘણા માર્મિક તથા પ્રૌઢ હોવાથી સામાન્ય રીતે સર્વને તથા વિશેષ કરીને તરૂણોને હમ્મેશને માટે વધારે હિતદાયક થઇ પડે તેવા છે.

પ્રકરણ ૮ મું.

ઇંગ્રેજી ભાષાનો કોષ.

જૉન્સને નાની ઉમ્મરમાં જે ગ્રન્થો રચ્યા હતા તેનુ વર્ણન પાછલા પ્રકરણમા આપી ગયા છીએ. તે સમયે તેની કીર્તિ પણ પ્રસરેલી નહોતી. તે સમયનાં પુસ્તકો સબંધી આગળ જણાવી ગયા છીએ. હવે તેનો પ્રચડ ઉદ્યોગ કહેવાનો છે. તેના જે કાર્ય ઉપરથી તેની કીર્ત્તિ સ્થાયી થઇ અને તે હાલના વિદ્વાનમડળમાં સર્વથી આગળ પડતો ગણાવા લાગ્યો, તે ઉદ્યોગ તે ઈંગ્રેજી ભાષાનો કોષ છે. જૉન્સનના આગળ લખેલા ગ્રન્થો ઉપર ચારે બાજુએથી ખ્યાતિ ચાલી આવતી હતી એટલે ઉપરના જેવા કામમાં તે કેટલો યોગ્ય છે તે પ્રત્યેકને જણાયું હતું; તેથી ઇ. સ. ૧૭૪૭ માં લંડનના કેટલાક મોટા મોટા પુસ્તક પ્રકટ કરનારાઓએ એકત્ર થઇને વિચાર કર્યો કે, 'જૉન્સનને આ ઉદ્યોગમાં લગાડયાથી તે સારી રીતે આ કાર્ય તૈયાર કરશે અને આપણને તેથી ઘણો લાભ થશે.' પછી તેઓએ જૉન્-સનને પોતાનો વિચાર જણાવીને તે કાર્ય કરવા માટે તેને ૧૫૭૫ ગીની આપવાનું કબૂલ કર્યું. જૉન્સનને દરરોજ નવો ઉદ્યોગ શોધ-વાનો કંટાળો આવ્યો હતો તેથી બે ત્રણ વર્ષનું પોતાને એકદમ કામ મળ્યું એવું સમજીને તેણે તે વિચાર પસંદ કર્યો. પછી હાથ નીચે ત્રણ ચાર મદદગારો લઇને એક જૂદું ઘર તેણે ભાડે લીધું અને ઇંગ્રેજી ભાષાનો કોષ રચવાનો આરંભ કર્યો. આવો કોષ તે ભાષામાં

ત્યાં સુધી થયો નહોતો. ફક્ત શબ્દ વર્ણાનુક્રમથી લખેલા અને તેના અર્થ ટુંકામાં આપેલા એવા નાના સરખા કેટલાક કોષો હતા, પણ અંગ્રેજી ભાષામાં જે ગડબડ થઈ હતી તે દૂર કરીને સારી વ્યવસ્થા કરવાનો ઉદ્યોગ આની પહેલાં કોઇએ પણ કર્યો નહોતો. જૉન્સને આ કોષના આરંભમાં જે પ્રસ્તાવના લખી છે, તેમા તે વખતે ઇંગ્રેજી ભાષાની જે સ્થિતિ હતી તેનુ આબેહુબ વર્ણન કરેલુ છે. વર્ણોચ્ચારના વિષયમાં ભેદ, લખાણના વિષયમાં નિયમ, વાક્યની રચના, વ્યાકરણ, ભાષા પદ્ધતિ વિગેરેમાં શુ ગ્રાહ્ય અને શુ અગ્રાહ્ય તેનો બિલકુલ વિચાર નહોતો. ગ્રન્થકારો પોતાની ઇચ્છા પ્રમાણે પારકા શબ્દ ભાષામાં નાંખતા હતા, એવી અવ્યવસ્થા ઇંગ્રેજી ભાષામાં થઇ હતી. તે સર્વ ગડબડ કાઢી નાખવી અને એકલા હાથે ત્રીસ ચાળીસ હજાર શબ્દની વર્ણવ્યવસ્થા, ઉચ્ચાર, અર્થ વગેરે સર્વ ઉત્તમ પ્રકારે ગોઠવીને ચારે બાજુની વ્યવસ્થા કરવાનો યત્ન કરવો એ કેટલું બધુ સાહસ ભરેલુ અને મોટું કામ હતુ ! પણ આ મહા પડિતે પોતાના અગપર તે સર્વ લઇને તે ઉદ્યોગ કાળે કરીને સફળ કર્યો. તેના પૂર્વસકલ્પ પ્રમાણે આ કામને એ ત્રણ વર્ષમા પૂરૂં થશે એવુ તેણે ધાર્યું હતુ પણ તેને પૂરૂં કરતા સાત આઠ વર્ષ થયાં. એટલા કાળમા પ્રસિદ્ધકર્ત્તાઓએ આપેલી બધી રકમ પૂરી થઇ ગઇ. તેને એ વખત દિવાની તુરગમાં કર્જ દારોએ બેસાડયો હતો, તે વખતે તેના મિત્રોએ તેને છોડાવ્યો હતો, અને સર્વમાં મોટા દુઃખની વાત એ હતી કે તે જીવનને કે પ્રાણને ગણકારતો નહતો. જેના સુખને માટે આનંદથી ઘણું કષ્ટ પોતે સહન કર્યું હતુ અને આ મોટો ગ્રન્થ પૂરો થયાથી તેમાથી ઉત્પન્ન થનારી સંપત્તિ તથા કીર્ત્તિ તેના ઉપભોગમાં સર્વદા આવશે એવુ જેના મનમાં હતું તે તેની વહાલી સ્ત્રી હવે મરણ પામી. તેથી તે હવે એકલો થયો. ઉપલા કોષના સંબધમાં એક મોટો બનાવ કે જે અહિં કહેવો

જોઇએ, તે લૉર્ડ ચેસ્ટરફીલ્ડના સબંધમાં છે. ચેસ્ટરફીલ્ડ તે વેળાએ સૅક્રેટરી ઑફ્ સ્ટેટના હોદ્દા ઉપર હતો. તેની વિદ્વતાની ઘણીજ ખ્યાતિ થએલી હતી; અને તે સમયના વક્તાઓમા તે આગળ પડતો હતો. આ મોટા સરદાર તરફથી પોતાના કોષમાં સહાય મળશે એવો જૉન્સનનો વિચાર થવાથી તેણે તે સરદારને એક પત્ર લખ્યો ! તેના ઉપરથી લૉર્ડે જૉન્સનને બોલાવવા મોકલ્યો. ત્યારથી તે તેની પાસે જવા લાગ્યો. કેટલાક દિવસમાં બન્ને વચ્ચે ઘણી આશાઓ બધાઇ. જૉન્સનને લાગ્યું કે આપણા કૃત્યમાં આટલો બદલો મળ્યો એ સારૂં થયુ અને ચેસ્ટરફીલ્ડે પણ જાણ્યું કે આટલો મોટો ગ્રન્થ મ્હારા આશ્રયથી થશે તેથી મ્હારૂં નામ ચિરકાલ સુધી પ્રસિદ્ધ થશે, પણ તે સ્થિતિ લાબો વખત સુધી રહી નહિ. બન્ને વચ્ચે જલદીથી અણ-બનાવ થયો અને તે છેવટ સુધી જેમનો તેમ રહ્યો. ઉપલા લાર્ડના મનમા પોતાના નામનો અંગ્રેજી કોષ સાથે જે પ્રકારનો સબધ હોવો જોઇએ તે તેના કરતાં ઘણીજ જૂદી જાતનો છે. તેનુ કારણ એવું હતું કે લૉર્ડ જન્મથી સરદાર મંડળીની મોટી મોટી લેડીઓના મેળામા જતો હતો અને તેમના રીતરિવાજના ઉપર બારીક નજર રાખતો હતો, અને જૉન્સન હલકી પદવીના માણુસોની સગતમાં હોવાથી ઉપરની રીતરિવાજથી તે અજાણ્યો હતો તથા સ્વભાવે કડક હોવાથી મોટા માણસોની આગળ જવામાં તે ઘણો નિસ્પૃહ રહેતો. તેની પાસે જઇને અદબથી તથા લપાઇને બોલવું વગેરે પ્રકાર તે જાણતો નહોતો. પછી આવા જગલી માણસની જોડે મેળાપ થયાથી ઉપલા નાજુક શરીરમાં ટાઢી પ્રવેશ કરે તેમાં નવાઇ શું ? તેણે પહેલાં બે ત્રણ વાર જૉન્સનની મુલાકાત કર્યા પછી દરવાનને કહ્યું કે, એ મનુષ્ય આવે તો કહેવું કે હું બહાર ગયો છું. આવી રીતે બે ત્રણ વાર જૉન્સન તેના ઘરમાં આવ્યો; પણ બધી વખતે ચેસ્ટરફીલ્ડ

બહાર ગયા છે એવું તેણે સાંભળ્યું. છેવટે તેણે નિશ્ચય કર્યો કે, હવે તેના આંગણામાં પગ મૂકવો નહિ. આ બનાવને સાત આઠ વર્ષ થઇ ગયાં. જૉન્સને ઉપર લખેલી વિપત્તિ અને દુ:ખમાં શરૂ કરેલુ મહત્ કાર્ય હવે પૂરૂં કર્યું ત્યારે ઉપરના લૉર્ડને આશા ઉત્પન્ન થઇ કે આ તૈયાર થએલો કોષ પોતાને અર્પણ થાય તો પોતાનું નામ તેના ઉપર આવે અને તેને માટે તે વખતે નીકળતા વર્લ્ડ નામના પત્રમાં તેણે બે નિબધો લખ્યા. જેમાં જૉન્સનની વિદ્વતાની ઘણીજ તારીફ કરીને થોડા દિવસમાં પ્રસિદ્ધ થનારા કામની ઘણીજ તારીફ કરી. ચેસ્ટરફીલ્ડે આ સર્વ શામાટે કર્યું તેનું રહસ્ય ખુલ્લુ જ છે કે જૉન્સનના મનમા પોતાના વિષે જો હમણાં ક્રોધ હોય તો ઉપલા મધુર શબ્દથી કાઢી નાખવો, અને પહેલાંના સંકલ્પ પ્રમાણે તે પોતાનેજ પુસ્તક અર્પણ કરે. પણ તે કેવી રીતે થાય? જૉન્સનને તેની મતલબ જણાઇ ત્યારે તેનો ગુસ્સો નરમ ન પડતાં ઉલટો વધારે પ્રજ્વલિત થયો. છોકરાંના હાથમાં ખાવાનું આપીને જેવી રીતે તેને સમજાવવામાં આવે તેવીજ ખુશામતનો પ્રકાર જોઇને લૉર્ડ પોતાની મશ્કરી કરી છે એવું તેને લાગ્યું; તેથી તરત તેણે એક કડક પત્ર લખ્યો; તે વાચીને લોર્ડના મનમાં ઘણું લાગ્યું હશે + તે એક પત્રના ઉપરથી જૉન્સનનો સ્વભાવ અને તેની લખવાની શૈલી જેવી જણાય છે તેવી મોટા ગ્રન્થ ઉપરથી જણાશે નહિ.

+ લૉર્ડે પોતાની આગળ જોનસનના જેવા કંગાલ માણસના ઉપર જે મોટી કૃપા દર્શાવી તેનો ઉલટો પ્રકાર એવો થયો કે જે નીચલા વાક્ય ઉપરથી જણાશે. એ ખબર જ્યારે તેના જાણવામાં આવી ત્યારે જોનસને પોતાના મિત્ર મંડળને કહ્યું:—

I have sailed a long and painful voyage round the world of the English language; and does he now serd out true cockboats to remove into harbour!"

આવી રીતે આ કોષના અર્પણના સંબંધમાં આટલી ગરબડ થયા પછી અન્તે તેણે ઉપર લખેલી રીતનો અન્ત આણ્યો. જૉન્સને કોઈની પણ મદદ માગી નહિ અને કોઇનો પણ આશ્રય લીધો નહિ; એટલુંજ નહિ પણ ઘરમાં આવેલો આશ્રય પણ ઉપર લખેલી રીતે તિરસ્કાર કરીને પાછો વાળ્યો. પોતાનો કોષ પૂરો થયો અને તેના ઉપર કોઈ મોટા માણસનું નામ નહિ નાખતાં તેવીજ સ્થિતિમાં તે કેવળ પોતાના નામપર પ્રસિદ્ધ કર્યો. તે વેળાએ તેના મિત્રોએ ખટપટ કરીને ઑક્સફર્ડ યુનિવર્સિટીની તરફથી તેને એમ. એ. નો ખિતાબ અપાવ્યો. તેણે સંકટમાં આ કોષ તૈયાર કરીને પ્રકટ કરવા પહેલાં એલ. એલ. ડી. નો ખિતાબ યુનિવર્સિટિએ પોતાની મેળે આગળથી મોકલ્યો હતો.

અહિં સુધી કોષનું વૃત્તાન્ત થયું. હવે ખુદ તેના વિષયમાં કંઇક જાણવા જેવી બાબત વાંચનાર આગળ રજૂ કરીએ છીએ. આ કોષ હમણાં પ્રસિદ્ધ નથી એ ઘણું કરીને સર્વના જાણવામાં હશે. તેની સંક્ષિપ્ત આવૃત્તિ જૉન્સને જલદીથી કાઢી હતી, તે હમણાં કેટલીક જગ્યાએ જોવામાં આવે છે. તે વખતથી લઇને આજ સુધી અંગ્રેજી ભાષાનો વિસ્તાર અને ફેલાવો ઘણો થવાને લીધે અને તે વખતે માહિતી નહિ હોય એવા ઘણાક વિષયોપર હમણાં ઉત્તમમાં ઉત્તમ ગ્રન્થો હોવાથી તે કોષ ધીમે ધીમે નકામો થતો ગયો. હમણાં આખી દુનિયામાં જેનો પ્રચાર છે એવો કોષ વેબસ્ટરનો છે. આ પછવાડેની ઇમારતનો

ઉપર લખેલા પત્રમાં નીચે લખેલો જવાબ આપ્યો

"Is not a patron, my lord, one who looks with unconcern on a man struggling for life in the water, and when he has reached ground, encumbers him with help."

મૂળ પાયો કહીએ તો ઉપરના પ્રચંડ ગ્રન્થોજ છે. મૂળમાં કંઇ પણ આધાર નહિ હોવા છતા એકલાએ આટલી મહેનત અને જોખમ-દારીનો ઉદ્યોગ માથા ઉપર વહોરી લઇને, કોઇ પણ વિદ્વાન અથવા શ્રીમંતની જરા પણ મદદ ન લેતાં અનેક સંકટો તથા દુઃખ સહન કરીને સાત આઠ વર્ષે એવો મહાન ગ્રંથ પૂરો કરવો એ ખરેખર ઘણો આશ્ચર્યનો વિષય છે. ફ્રૅન્ચ ભાષાનો કોષ તૈયાર કરવામાં તે દેશના વિદ્વાનોએ પચાસ વર્ષ સુધી પરિશ્રમ કર્યો હતો, એ જોતા જૉન્સનનુ સાહસ અને બુદ્ધિવૈભવનુ કોને આશ્ચર્ય ન લાગે ! કોષના જેવું પ્રચંડ કામ જૉન્સન એકલાને હાથે પૂરૂ થયું એ એક મોટી વાત છે પણ જૉન્સનની મોટાઇ આટલાથીજ પૂરી થતી નથી. ભાષાનો કોષ તૈયાર કરવામા તેના ઉચ્ચાર તથા લેખન શુદ્ધિ ઉપરાત દરેક શબ્દનો સઘળાને સમજાય એવો અર્થ, અને તે ઉપર મોટા મોટાં પ્રસિદ્ધ પુસ્તકોમાંથી કાઢેલા ઉદાહરણો, એ સર્વ પ્રકાર આ કોષમા કેટલો છે તે જો જોવામાં આવે તો જણાશે કે માત્ર વ્યુત્પત્તિ સિવાય બાકીના બધા વિષય તેમા જેવા જોઇએ તેવા છે. અંગ્રેજી ભાષા બીજી ઘણી ભાષાની મેળવણીથી બનેલી છે. તેના સર્વ શબ્દની વ્યુત્પત્તિ આપનારા વ્યુત્પત્તિકારે ઘણીજ ભાષા જાણવી જોઇએ. આટલુ જૉન્સનમા ઓછુ હતું. તેને પરભાષામાંની લૅટિન ભાષા ઘણી સારી આવડતી હતી, પરંતુ ઇંગ્રેજીની મૂળ ભાષા ઍંગ્લો સૅકસનુ તેને વિશેષ જ્ઞાન નહોતું, તેથી કોષમા તેનુ ઓછાપણું હતું. તે સિવાય બીજા વિષયોપર તેણે યથાસ્થિત વર્ણન કર્યું હતું. છેલ્લા બે વિષયમાં એટલે કે શબ્દની વ્યાખ્યા અને પ્રમાણભૂત ગ્રન્થમાના ઉતારાઓથી તે કોષને પહેલાંથીજ પ્રખ્યાતિ મળી હતી જૉન્સનની બુદ્ધિ ઘણીજ સૂક્ષ્મ હોવાથી તેણે મોટા કઠિન શબ્દોની વ્યાખ્યા પણ ઘણીજ સારી રીતે આપી છે, તેમજ તેને સ્વભાષાના ગ્રન્થોની માહિતી ઘણીજ સારી

હોવાને લીધે તે વ્યાખ્યાનની નીચે જે અવતરણો આપ્યા છે તે પણ એવાં સારાં પસંદ કરેલાં છે કે અમસ્તો કોઇ ગમતી માણુસ જો તે ગ્રન્થનાં પાનાં ઉથલાવવા બેસે તોપણુ તેમાથી સુભાષિતના વાચન જેવું મનરંજન ઠેકઠેકાણેના ઉતારા ઉપરથી થાય છે. માત્ર આ બાબતથી પણુ જૉન્સનની કીર્તિનો પાયો મજબૂત થયા બરોબર છે.

પ્રકરણુ ૯ મું.

જૉન્સનના નિબંધો–રાંબસર અને એડલર.

પાછલા પ્રકરણુમાં જણુાવેલો જૉન્સનનો પ્રચંડ ગ્રન્થ અગ્રેજી ભાષાનો કોષ, તેની જોડે બીજા તેના જેવાં બે નાના પુસ્તકો તેણે રચ્યા છે. તે રાંબસર અને એડલર છે. એ સ્પેક્ટેટરની પેઠે જૂદા જૂદા વિષય ઉપર લખેલા નિબધો છે. સ્પેક્ટેટર બંધ થયા પછી ત્રીસ ચાળીસ વર્ષ સુધી તેનીજ ઢબથી કેટલાંક પત્રો ચાલતાં હતાં; પણ તેની પ્રસિદ્ધિ તેટલો વખતજ રહીને પછી જલદીથી બધ થઇ. જોન્સનના વખત સુધી તેનુ અનુકરણુ ઘણાક ગ્રન્થકારોએ કર્યું હતું, પણ તેની નિબધમાળા હમણાં જેટલી જોઇએ તેટલી પ્રસિદ્ધ નથી.†

રાંબસર અને એડલરના નિબંધો સ્પેક્ટેટરથી લગભગ અર્ધા છે. પણ તેના વિષય તો તેના જેટલાજ થાય. ઍડિસનનું પત્ર લોકોને રિઝવવા માટે અને તેનો પ્રવેશ વિદ્યામા સહજ ખુશીથી કરી આપવાને

---

† આજ સુધી જે નિબંધકાર વિલાયતમા થઈ ગયા છે તે સર્વના ગ્રન્થનો સંગ્રહ બ્રિટિશ એસેઇસ્ટલ (બ્રિટિન દેશના નિબંધકારો) નામના પુસ્તકમાં આપ્યો છે; તેના ૫૦ ભાગ છે

માટે થયો હતો; તેથી ચાલતા લૌકિક વિષયો અને નાટકાદિ લોકરંજનના પ્રકારો ઉપરજ મુખ્ય કરીને તેનો આધાર હતો, પણ જૉન્સનના ઉપરના પુસ્તકોમાં જૂદીજ રીત જોવામા આવે છે. તેણે પોતાનાં પત્રો રમત ગમત કરનાર પુરૂષોને તથા સ્ત્રીઓને ચ્હા પીવાની વેળાએ સહજ વાચવા માટે કાઢ્યા નહોતાં, પણ તે વિષય હમ્મેશાં વિદ્યાના સબંધના અથવા ધર્મના સબંધનાજ હતા. તે સિવાય રાજ કુટુમ્બમાં પુત્રનો જન્મ, વિવાહાદિ ઉત્સવ, પરરાષ્ટ્રની વચ્ચે થયેલા કોલકરાર વગેરે વિષય ઉપર તે વિવેચન કરતો નહોતો. એથી તેના એ બે પત્રો જેટલા જોઇએ તેટલા લોકોને પસંદ નહોતાં. તેની સરાસરી પાચસો છસો નકલો ખપતી હતી. દરેક નિબધને માટે તેને પ્રકટ કરનારની પાસેથી ચાર ગીની મળતી હતી, એટલે સુમારે ત્રણસો સાડા ત્રણસો રૂપીઆનો મહીનો મળતો હતો. પછી એ બે નિબધો એકઠા કરીને છપાવ્યાથી તેનો ઘણો ખપ થતો હતો. તે જીવતો રહ્યો ત્યાં સુધી તેની દશ આવૃત્તિ નીકળી હતી.

ઍડિસન અને જૉન્સનના નિબધોની સરખામણી કરવામા આવે તો બન્ને વચ્ચે ઘણો તફાવત નજરે પડશે. વિષયના સંબંધનો તફાવત તો આગળ જણાવી ગયા છીએ. ઍડિસને સ્પેક્ટેટરનો જે આરંભ કર્યો હતો તે તે પોતાની વિદ્વત્તા, કીર્ત્તિ અને પ્રખ્યાતિનો ફેલાવો થયા પછી કર્યો હતો; તેથી ઘણાના આશ્રયથી અને મદદથી તે પત્ર લાંબી મુદત સુધી સારી રીતે ચાલ્યું હતું. જૉન્સન પહેલેથીજ સ્વભાવનો નિસ્પૃહ અને કોઇની પરવા નહિ રાખનારો હતો તેથી બધા નિબંધો તેણે પોતે લખ્યા હતા. પહેલા ભાગમાં બીજાએ મોકલેલાં દસ નિબંધો છે, અને બીજામાં બાર છે. બાકીના સઘળા ભાગમાં કોઇના પણ નથી. એને બીજી ઘણીક ઉપાધિ પછવાડે

લાગી હતી તેથી તેણે પોતેજ બધા લખેલા છે.[1] એ કારણથી સ્પેક્ટેટરના પ્રમાણે તેમાં વૈચિત્ર્ય ઘણું નથી. બીજો મોટો તફાવત ભાષાના સબંધમાં છે તે સર્વના જાણવામા છે. ઍડિસનની શબ્દરચના ઘણી સારી અને સુબોધ હોઇને વળી ભપકાબંધ તથા ગહન છે; અને જૉન્સનની પછવાડે કહેલા બે ગુણયુક્ત હતી. ઉપર લખેલો કોષ તે વખતે ચાલતો હોવાથી શાસ્ત્રીય પરિભાષા વગેરેના મોટા મોટા શબ્દો તેણે તેમાં નાંખ્યા હતા અને તે કાળે કરીને તે ભાષામા કાયમ થયા હતા. ઍડિસનના સ્પેક્ટેટરે ઇંગ્લાંડના લોકોને જેમ વાંચતાં શીખવાડયુ છે તે પ્રમાણે જૉન્સનના ઉપલા બે નિબંધોએ તેઓને વિચાર કરતાં શીખવાડયું છે એ પ્રસિદ્ધ છે.

પ્રકરણ ૧૦ મું.

રાસેલાસ અને માતૃભક્તિ.

જૉન્સનનો ત્યાર પછી ગ્રન્થ તેની પ્રસિદ્ધ નવલકથા રાસેલાસ છે, એના વિષયે વાચનારને વિશેષ માહિતી આપવાની જરૂર નથી. તેનુ

---

૧ એવા નિબંધ રચવાને જૉન્સનને કેટલી મહેનત કરવી પડતી હતી, તે નીચલી વાત ઉપરથી ધ્યાનમા આવશે તે એક વખત ઑાકસફર્ડમાં ગયો હતો ત્યા તેણે એક દિવસ પોતાના મિત્રને પૂછયુ કેઃ-" ટપાલની ગાડી જવાનો કેટલોક વખત છે ? " તેણે કહ્યુંઃ-" અર્ધો કલાક " એટલે તરત કાગળ, શાહી અને પેન લઈ બેઠો; અને તેટલી વારમા આગલા દિવસનો અક તૈયાર કર્યો છેવટના શબ્દ પૂરા થતાજ ઘડી વાળીને તેના ઉપર ઠેકાણું લખ્યું એ જોઇને પાસે બેઠેલા મિત્રે કહ્યુ :-" સબુર કરો, સબુર કરો! મને એક વખત વાચવા દો." જૉન્સને કહ્યું, " અરે મ્હેંજ તે વળી પાછો કયાં વાંચી જોયો છે ! " એવું કહીને ગાડીમા પત્ર નાંખી આવ્યો.

ભાષાન્તર ગુજરાતીમાં થયુ છે તેથી તેનું સ્વરૂપ ઘણાના જાણવામાં હશે, તથાપિ આ ચરિત્રની પૂર્ણતાને માટે અને બીજા વાચનારાઓની જાણને માટે આ જગતપ્રખ્યાત ગ્રન્થ સબંધી પૂર્વક્રમને અનુસરીને કાંઇક લખીએ છીએ. આ વાર્તાના મૂળની કલ્પના પહેલાં લખેલી આબિસિનિયા દેશની મુસાફરીથી જૉન્સનને સૂઝી હશે એવી ખાત્રી થાય છે. તે ગ્રન્થમા તે દેશના સૃષ્ટિવૈભવ સબંધી તેણે ઘણું વાંચ્યું હતું, અને તેનુ ભાષાન્તર કરતી વેળાએ તેના હાથ નીચેથી એ પુસ્તક પસાર થયું હતું તેથી પોતાની વાર્તાનુ સ્થળ તેણે તેજ યોજ્યું હતું એ સિવાય બાકીની બધી યૌજના તેણે પોતાના દેશની રીતિ પ્રમાણે કરી હતી. રાસેલાસમા મુખ્ય મોહક ગુણ, વર્ણન કરવાની શૈલી અને આયુષ્યની જૂદી જૂદી સ્થિતિનુ યથાર્થ તથા ચિત્તવેધક વિવેચન કર્યું છે તે છે. આ એક ગુણથી રાસેલાસની પ્રખ્યાતિ તે પ્રકટ થતાંજ ચારે બાજુએ એટલી પ્રસરી હતી કે જે પુસ્તક પ્રકટ કરનારે તેની પાસેથી વેચાતુ લીધુ હતું; તેના વેચાણથી તેને ઘણો નફો થયો હતો, અને જૉન્સનની હયાતીમાજ તેના ભાષાન્તર યૂરોપની સઘળી ભાષામા થયાં હતા.

ઉપલી વાર્તા લખવાનો પ્રસગ અતિ આશ્ચર્યકારક છે. જૉન્સનની મા મરી ગઇ તેથી તેણે તેનુ ખરચ કરવાને માટે આ કામ કર્યું. આગળ લખ્યા પ્રમાણે જૉન્સન ઘરબાર છોડીને લંડનમાં પોતાનુ નશીબ અજમાવવાને આવ્યો હતો, ત્યારથી તે પોતાની માને ઘણું કરીને મળવા ગયો નહોતો. લડનમા તેને પોતાનો ગુજારો કરવામાં મોટી પચાતી પડતી હતી, તેથી તેને જવાનો લાગ મળતો નહોતો તે ઉઘાડુજ છે. તોપણ વખતો વખત પોતે અડચણ સહન કરીને પણ તે તેને પૈસા મોકલતો હતો. આખરે તે ૯૧ વર્ષની ઉમ્મરે મરણ પામી. જૉન્સનને ઉપલા ગ્રન્થની કીંમત સો પાઉન્ડ મળી; તે લઇને તે

પોતાના ગામમાં ગયો; અને તેની ઉત્તરક્રિયા કરવામાં તથા કર્જ ફેડવામાં ઉપલી રકમ તેણે ખરચી. રાસેલાસના જેવો ગ્રન્થ યોજવામાં તથા લખવામાં જૉન્સનને એક અઠવાડિયાના સાંજની વેળાનો વખત, એટલે કે લગભગ વીસ પચીસ કલાક બસ થયા હતા ! !

પ્રકરણ ૧૧ મું.

વર્ષાસન.

આગલાં પ્રકરણોમા લખ્યા પ્રમાણે જૉન્સનને સ્વજીવનને માટે જે સતત પરિશ્રમ કરવો પડતો હતો તથા સર્વદા વિપત્તિમા રહેવું પડતું હતું તે સ્થિતિ પૂરી થવાનો સમય હવે નજીક આવ્યો ઇ સ. ૧૭૬૦ માં બીજો જ્યૉર્જ રાજા મરી ગયા પછી ત્રીજો જ્યૉર્જ તેની ગાદી ઉપર બેઠો. તે ઇંગ્લાડમા જન્મ્યાથી અને અંગ્રેજી રીત રિવાજમાં વધ્યાથી તેના કુટુમ્બ વિષે ઘણા લોકોના મનમાં જે ગ્રહ હતો તે દૂર થયો હતો. તે પોતે ઘણોજ બુદ્ધિમાન હોવાથી પ્રજાને ત્વરાથી ઘણોજ પ્રિય થઇ પડયો હતો. જૉન્સનના મનની પણ તેવીજ સ્થિતિ હતી. તે પહેલાના રાજાને સર્વના દેખતા ઘણી ગાળો દેતો હતો; પણ નવા રાજાના હાથમા રાજ્યસત્તા આવ્યા પછી તેની વૃત્તિ પણ રાષ્ટ્ર પ્રમાણે ફરી હતી. એવા અરસામાં રાજાના પ્રધાને તેને વર્ષાસન કરી આપવાનું યોજ્યું. રાજાએ પણ તેની કીર્ત્તિ ઘણા દિવસથી જાણી હતી; તેથી ઉપલા સંકલ્પમાં તેણે અનુમોદન આપ્યુ. પણ પેન્શનની વાત તેની આગળ કાઢયાથી તેને પસંદ પડશે કે નહિ, તેની તેને પહેલાંથી શંકા હતી. જૉન્સનની વૃત્તિ આગળ કહેલી છે. તે ઘણોજ નિસ્પૃહી હતો અને તેથી કોઇ પણ ગમે એટલો મોટો હોવા છતાં

તે તેની પરવા જરા પણ રાખતો નહોતો. તે સિવાય ચેસ્ટરફીલ્ડનું આગળ કહેલુ વૃત્તાન્ત બન્યા પછી તેનો સ્વભાવ સર્વના જાણવામાં આવ્યો હતો; તથા તેને પણ મોટા માણસોના આશ્રયનો પૂરેપૂરો ત્રાસ થઇ ગયો હતો,* એથી ઉપલી મતલબ કેવી રીતે સિદ્ધ થશે તે ઉપર પ્રધાન વિચાર કરવા લાગ્યો. છેવટે તેના મિત્રોનો પત્તો મેળવી તેની જોડે મસલત કરીને હળવે હળવે તેને પોતાના મનનો ભાવ જણાવ્યો. જૉન્સનને આ વાતથી પહેલાં મોટો વિચાર ઉત્પન્ન થયો, કારણ કે તાબેદારીને તે ઘણોજ ધિક્કારતો હતો, અને તે સિવાય તેણે પોતાના કોષમા પેન્શન તથા પેન્શનરના શબ્દની જે વ્યાખ્યા આપી હતી તેને અનુસરીને કહેવામા આવે તો ઇનામ તેને આપવું કે નહિ તેનો સહેલાઇથી નિકાલ થઇ શકે તેમ હતું; પણ રાજાની તરફથી આવેલા માણસે તેને કહ્યું કે આ વર્ષાસન તમને રાજા જે આપે છે તે સરકારનુ તમે કઇ કામ બજાવો એવા ઉદ્દેશથી આપે છે એમ નથી, પણ ફક્ત તમે મોટા મોટા ગ્રન્થો રચીને લોકહિત કર્યું છે તેને માટે તમને આ બક્ષિસ છે. એ સમજ્યા પછી જૉન્સને તેમાં હા પાડી અને હયાતિ સુધી દર વર્ષે ત્રણસો પાઉન્ડની રકમ તેના ઘરમાં આવવા લાગી.

---

* રાબસર ચાલતું હતુ તે વેળાએ રાજાનો મોટો કુવર ફ્રેડરિક જે પછી જલદીથી મરણ પામ્યો, તેની તરફથી સાત નકલ લેવાનો ઠરાવ થયો તે વિચાર જાનસનની આગળ જણાવ્યો હતો; પણ તે વખત તે એટલો અક્કિરો થયો હતો કે આટલા આશ્રયનો પણ તેણે આદર કર્યો નહિ.

પ્રકરણ ૧૨ મું.

જૉન્સનનો ઉત્તરકાળ–કલબની સ્થાપના.

ગયા પ્રકરણમા જૉન્સનને રાજ્યાશ્રય કેવી રીતે મળ્યો તે કહી ગયા છીએ. આ બનાવ બન્યા પછી જૉન્સનનો અહિંથી ક્રમ તદ્દન ફેરવાઇ ગયો સવારે ઉંઘમાથી ઉઠયા પછી આજે ખાવાની શી તજવીજ કરવી જોઇએ એજ વિચાર હમ્મેશાં તેની સામે આવતા હતા તે હવે દૂર થયા. તેના મનને પસદ પડે તેમ ચાલવાની હવે તેને મુખત્યારી મળી. આની પહેલાં તેની સ્ત્રી અને માનો ખર્ચ ચલાવવો પડતો હતો; પણ હમણા હવે તે એકલો પડયાથી તેને કોઇ જાતનુ બધન રહ્યું નહિ. આ વખતે તેની વિદ્વત્તાની કીર્ત્તિ પણ કાયમ થઇને તે વખતના પંડિતમંડળમાં તે સર્વમતે અગ્રગણ્ય ઠર્યો હતો, અને ત્યારથી વીસ વર્ષ પછીમાં મોટા મોટા વિદ્વાનો તથા નામાંકિત ગ્રન્થકારો પણ તેની જોડે સ્પર્ધા કરવાનું મૂકી દઇને તેનાં ભાષણો શિષ્યવર્ગની પેઠે ભક્તિપૂર્વક સાભળવા લાગ્યા. આ ત્રીસ વર્ષ જૉન્સનના એકલાના સબધેજ નહિ પણ આખા ઇંગ્લૅંડ દેશના સબધમા પણ વધારે ધ્યાન આપવા જેવાં થયાં છે. તેમા રાજકીય મોટી મોટી ઉથલપાયલ થઇને એક જબર-દસ્ત રાજ્યક્રાન્તિ થઇ હતી, અને જૉન્સનની ખ્યાતિ શિખર ઉપર જઇ પહોચી હતી.

આ પછીનો તેનો કાળ ઘણું કરીને પાંડિત્ય કેળવવામાં ગયો હતો. અત્યાર સુધી તેને ગ્રન્થ રચવાનુ કામ અગત્યનુ હતું કેમકે તે સિવાય અપવાસથી મરવાનો વખત આવત, પણ હમણાં તેમ ન હોવાથી તથા વાદવિવાદની તેને કુદરતી ઘણી હોંસ હોવાથી તે

હોંસ તેણે વીસ વર્ષ સુધી પોતાની મરજી પ્રમાણે પૂરી કરી લીધી. તેના નામ ઉપર સુમારે સાઠ સીત્તેર વર્ષ સુધી ચાલેલી ક્લબ તે તેણે તે વેળાએ સ્થાપી. તેમા તે વખતના મોટા મોટા નામાંકિત પુરૂષો હતા; જેવાકે બર્ક, ગિબન ગૅરિક, ગોલ્ડસ્મિથ, રેનોલ્ડસ, પ્રખ્યાત-વકતા ફૅાક્સ, પ્રસિદ્ધ ભાષાજ્ઞ સર વિલિયમ જૉન્સ ઇત્યાદિ હતા. એ મંડળી અઠવાડિયે એક વખતે મળતી હતી. તે વખતે ખાવાની તૈયારી કરવામા આવતી હતી. ખાવું અને સભાષણ બંને કાર્ય બરાબર ચાલતું હતુ. આ પંડિત મંડળીમા જૂદા જૂદા વિષય નીકળતા હતા. એકાદ નવો ગ્રન્થ પ્રકટ થતા તેના ઉપર સભામા જરૂર ચર્ચા થતી હતી; અને તેમા તેના ગુણ અવગુણનો નિર્ણય તેજ સમયે આખા લંડનમા તરત પ્રસરી જતો હતો તેથી નવા ગ્રન્થની બધી નકલો એકદમ ખપી જતી, અથવા તો પડીકા બાધવા માટે અપાઇ જતી હતી આ કલબનો અધ્યક્ષ જોન્સન હતો તેથી તે કલબની ઘણી ઉન્નતિ થઇ હતી.

પ્રકરણ ૧૩ મું.

સ્કૉટલૅંડમાં મુસાફરી.

જૉન્સન બૉઝવેલની જોડે મુસાફરીએ નીકળ્યો. બૉઝવેલના મનમા ઘણા દિવસથી હતું કે જોન્સનને પોતાના દેશમા લઇ જવો; તથા જૉન્સને પણ નાનપણમા હિબ્રૈડીજ બેટના વિષે વર્ણન વાંચ્યુ હતું તેથી ત્યાંની લોકસ્થિતિ જોવાની તેને ઘણી ઇચ્છા હતી; પરંતુ તેની પ્રકૃતિ પહેલેથીજ સુસ્ત હોવાથી તથા લાંબી મુદતે તેને વિસામો મળ્યાથી તે સુખમાં હોવાથી અને તે સિવાય

જુવાની ગઇ હતી અને હમણાં વૃદ્ધાવસ્થા આવી પહોંચ્યાથી તેનો સંકલ્પ ક્યાંય પણ જવાનો નહોતો, છતાં બૉઝવેલનો ઘણો આગ્રહ હોવાથી આખરે સ્કૉટલૅંડની કઠિન મુસાફરી કરવાને તે તૈયાર થયો. ઉપર લખેલો બેટ સ્કૉટલૅંડના પશ્ચિમ કિનારા ઉપર છે. તે તદ્દન એક બાજુએ હોવા છતા ઘણો ઉજ્જડ અને વગર પાકનો હોવાથી ત્યાં માણસો હજી સુધી તદ્દન જંગલી સ્થિતિમાં છે. ગયા સૈકામાં તો તેની સ્થિતિ આજના કરતા પણ ઘણીજ ખરાબ હતી, અને મુસાફરી કરવાનો સારો બંદોબસ્ત નહોતો. રસ્તામાં લૂટારાઓ પૈસા લૂટી લેતા હતા અને માણસોને મારી નાખતા હતા પૈસા ખરચવા છતાં પણ વહાણ મળતાં નહોતાં. આવી સ્થિતિમાં ગુરૂ શિષ્ય જવા નીકળ્યા. તે વખતે શિયાળાનો આરંભ હતો તેથી જંગલી મુલકમાં, સમુદ્ર ઉપરની મુસાફરીમાં ઘણીજ અડચણો પડી. આટલી બધી વિપત્તિ છતા પણ જૉન્સને તેને ન ગણકારતાં પોતાને હિબ્રૈડીજ બેટની લોકસ્થિતિ જોવાની જે ઉત્સુકતા હતી તે તેણે તૃપ્ત કરી. બે અઢી મહીના જંગલમાં ફરવામાં તથા ઠેકાણે ઠેકાણે દેખાવો અને સ્થિતિ રીતિ જોવામાં કાઢયા. અંતે એડિનબરોમાં બૉઝવેલના ઘરનો પરોણો થઇને તે દેશના ઘણાક વિદ્વાનોનો સમાગમ અનુભવીને જૉન્સન પોતાના દેશમા પાછો ફર્યો.

ત્યાર પછી તેણે તરત પોતાની મુસાફરીની હકીકત લખીને પ્રસિદ્ધ કરી. તેમા તેણે તે દેશ સંબંધી કંઇક નવી શોધો પ્રસિદ્ધ કરી છે એવું નથી; પણ ઠેકાણે ઠેકાણે જે જે તેના જોવામા આવ્યું હતુ અને જે જે વિશેષ લક્ષમાં રાખવા જેવું તેને માલૂમ પડયું તે તે તેણે સમર્થક તથા ચિત્તવેધક રીતિથી વાચનારાઓને જણાવ્યું છે. એ પુસ્તકની હજી સુધી ઘણીજ પ્રખ્યાતિ છે; અને તે વેળાએ કેટલાક દિવસ સુધી વિદ્વાન લોકોના સંભાષણમાં તે સંબંધી વાતચીત

ચાલતી હતી. સ્કૉટલૅંડના કેટલાક દુરાગ્રહી અને અજ્ઞાન લોકોને આ લખાણુ તદ્દન નાપસંદ થયાથી તેઓએ કેટલાક કાળ સુધી જૉન્સનના ઉપર ગાળોનો વરસાદ વરસાવ્યો હતો; તેનુ એક મોટું કારણ એવું થયુ હતું કે, સ્કૉટલેંડની વનશ્રીનું વર્ણન કરતા પોતાની નજરમા તે દેશનો જે ઉજ્જડ ભાગ આવ્યો હતો તેનું વર્ણન બધા માણુસોને ખુલ્લી રીતે જાહેર કરી દર્શાવ્યુ હતું એ હતું.

પ્રકરણ ૧૪ મું.

શેકસપિયરની આવૃત્તિ–રાજ્યપ્રકરણી લેખ.

જૉન્સને ત્યાર પછી શેકસપિયરની નવી આવૃત્તિ કાઢી. શેકસપિયરનો વૃત્તાન્ત મેળવવા માટે અને તેના નાટકોમાં જે હજારો દુર્બોધ સ્થળો છે તે સુબોધ કરવા માટે આજ સુધી મોટા મોટા વિદ્વાનોએ ઘણો ઉદ્યોગ કર્યો છે; પણુ તેમા કહેવા જેવો હજી સુધી કઇ યશ મળ્યો નથી. જૉન્સનનો પરિશ્રમ એ સર્વેમાં છેવટનો હતો. આ આવૃત્તિનાં ઘણા ખરા ગ્રાહકો અગાઉથીજ થયા હતાં, પણુ એ સમય દરમ્યાન વર્ષાસનનો પ્રકાર બની આવ્યાથી જૉન્સને ઉપલું કામ ઘણા વર્ષો સુધી લબાવ્યુ. તેના મિત્રો તેને વારંવાર તે પૂરૂ કરી નાખવાની સૂચના કરતા હતા; અને તે પણુ પોતાનું આળસ કાઢી નાખવાનો વખતો વખત મનોનિગ્રહ પણુ કરતો હતો પણુ કંઇ વળતું નહોતું. છેવટે તે વેળાના એક કવિએ તેને ઘણો ઠપકો આપ્યો, ત્યારે જૉન્સને સારી પેઠે જાગતા થઇને, પોતાનુ આળસ દૂર કર્યું, આ કવિ ચર્ચિલ નામનો હતો* આટલામાં એટલુ કામ કર્યું કે નવ વર્ષથી જે

* ચર્ચિલ દૂષણો ઉપર કાવ્ય રચવામા મોટો હોશિયાર હતો. જૉન્સનને જે ઠપકો આપ્યો હતો તે આ–

કામ એવુંને એવું પડેલું હતું તે તરત એક વર્ષમાં પૂરૂં કર્યું. આ ગ્રન્થ વિષે વધારે કહેવા જેવું કઇ નથી. પહેલાંની ટીકા ઉપર કેટલીક જગ્યાએ વધારે નોટ છે, અને એક ઘણી મોટી પ્રસ્તાવના છે. તેમાં શેક્સપિયરના ઉપર કેટલાક વિદ્વાનો જે આક્ષેપ મૂકે છે તેનું યુક્તિથી ખડન કરીને તેના ગુણનો યથાર્થ પરિચય આપ્યો છે.

આગળ એક ઠેકાણે લખી ગયા છીએ કે, તે વેળાએ ઈંગ્લાંડમાં રાજકીય મોટી ગરબડ મચી રહી હતી, અને તેથી એક મોટી રાજ્યક્રાન્તિ પણ થઇ હતી. તે રાજ્યક્રાન્તિ તો જગત પ્રસિદ્ધજ છે. એનો શતસાંવત્સરિક મહોત્સવ ગઇ સાલમાજ અમેરિકામાં થયો. તે ક્રાન્તિ પૂર્ણ થઇને ઈંગ્લાડનો બીજા મહાદ્વીપમાથી પોતાની વસાયત ઉપરનો કબજો જ્યારે છોડી દેવો પડયો અને પહેલાં કેવળ અન્યાયથી કરેલી લડાઇનુ છેવટ જ્યારે ઘણુંજ અપયશ ભરેલુ આવ્યુ, ત્યારે બધા માણસોનાં મન ઘણાંજ સ્તબ્ધ થઇ ગયા હતા એવા પ્રસગમાં કેટલાક દેશહિતેચ્છુ કહેવાતા પુરૂષો લોકોને ઉત્તેજિત કરવા માટે આગળ પડયા; અને તેઓએ એવી ગડબડ મચાવી દીધી કે રાજ્યરૂપી વહાણુ મોટા તોફાનમા આવીને કોઇ ખડક ઉપર જઇને અથડાશે અથવા તેનુ શું થશે તે કહી શકાતું નથી. એવા પ્રસગે રાજાના પ્રધાને જૉન્સનની મદદ લઇને લોકપક્ષની જોડે ટક્કર મારવાનો વિચાર કર્યો. જૉન્સનના વિચારો નાનપણથીજ રાજપક્ષની તરફમાં હતા, તેમજ કેટલાક વર્ષ થયાં

He for subscribers baits his book,
And takes your cash, but where's the book?
Nor matter where, wise fear, you know,
Forbids the robbing of foes;
But what? is! serve our private ends,
Forbids the cheating of our friends!

રાજ્યમાંથી પગાર પણ મળતો હતો તેથી આ કામ તેણે ઘણી ખુશીથી કરવાનો સ્વીકાર કર્યો. અમેરિકાના બળવાખોરોએ પોતાની રાજનિષ્ઠા દૂર કરીને પોતાની સ્વાતંત્ર્યતાનું જાહેરનામુ જ્યારે દુનિયાની આગળ વાંચી સંભળાવ્યું, અને રાજાનુ પ્રજાની સાથે શુ કર્ત્તવ્ય કર્મ છે, તે તેઓએ સ્પષ્ટ રીતે કહી દેખાડયું, ત્યારે જૉન્સને પોતાના રાજ્યનો પક્ષ લઇને ઉપલા જાહેરનામાના જવાબમા એક પત્ર પ્રસિદ્ધ કર્યો. તે વેળાએ " જુનિયલ " ની સહીથી પત્ર લખનારો કોઈ નવો થયો હતો; તેના ખડનને માટે જૉન્સને કેટલોક વખત સુધી હાથમા કલમ પકડી હતી. આના સિવાય બીજાં પણ કેટલાંક લખાણો આવા પ્રકરણમા તેણે પ્રસગાનુસારે લખ્યા હતાં, પણ આ પ્રખ્યાત પડિતે રાજ્યવિષય ઉપર કદિ પણ વિચારો કર્યા નહોતા; અને તેના ઉપર તેનુ ધ્યાન નહોતું તેથા તે લખાણો સરાસરી વિચારના છે. તેમા યુક્તિના કરતા ભાષાસૌન્દર્ય અને આવેશથી ભરેલા ગુણોજ વધારે જોવામા આવે છે.

પ્રકરણ ૧૫ મું.

કવિચરિત્ર.

જૉન્સનનો સર્વથી છેલ્લો અને સર્વથી ઉત્તમ ગ્રન્થ કવિચરિત્રનો છે, સને ૧૭૭૭ માં લંડનના ચાલિસ મોટા મોટા પુસ્તકો પ્રકટ કરનારાઓએ એક જગ્યાએ એકઠા થઇને વિચાર કર્યો કે આજ સુધી નામાકિત જેટલા અગ્રેજી કવિઓ થઇ ગયા છે, તેમના કાવ્યોની એક નવી આવૃત્તિ કાઢવી. આ પોતાનો વિચાર તેઓએ જૉન્સનને જણાવ્યો અને તેની જોડે એવો ઠરાવ કર્યો કે દરેક કવિની પ્રસ્તાવના તરીકે એનું ટુંકુ ચરિત્ર તેણે લખી આપવુ. સકલ્પ મૂળનો આટલોજ

હતો કે, પ્રત્યેક કવિનો વૃત્તાન્ત પહેલાં ટુંકામાં આપ્યા પછી તેના પ્રસિદ્ધ પ્રસિદ્ધ ગ્રન્થો ઉપર થોડી ઘણી ટીકા આપવી. આ કામ કરવાને માટે જૉન્સનને દોઢસો પાઉન્ડ આપવાને તેઓએ કબૂલાત કરી. આ પ્રમાણે બન્ને પક્ષ સમત થયા પછી જૉન્સને પોતાના કામમા હાથ નાખ્યો. આ વખતે તેની ઉમ્મર સુમારે ૭૦ વર્ષની હતી. આટલી વૃદ્ધાવસ્થામાં હોવા છતાં તેની શરીરપ્રકૃતિ એટલી દઢ હતી અને મનની સર્વ શક્તિ એટલી તીક્ષ્ણ હતી કે જુવાનીમાં લખેલા ગ્રન્થોમા અને છેવટના પુસ્તકમાં કઇ પણ અન્તર જોવામા આવતુ નથી. વૃદ્ધાવસ્થામા ઘણા માણસોથી કોઇ જાતનુ કામ કરવાનુ બનતું નથી, સ્મરણશક્તિનો તો લોપ થઇને બુદ્ધિ પણ સારી ચાલતી નથી અને જીવ દુઃખથી અને કાળજીથી થાકી ગયાથી ચિત્ત ઉલ્હાસવાળુ ન રહેતાં ઉદાસપણાને પ્રાપ્ત થયેલું હોય છે; પણ જૉન્સનમા આ વિકારમાંનો એક પણ વિકાર નહોતો. ગ્રન્થ રચવામાં તેની જે પહેલાની ત્વરા હતી તેવીજ ત્વરાથી આ ગ્રન્થ તેણે લખ્યો હતો. તેની સ્મૃતિ એવી તો હતી કે ઠેકાણે ઠેકાણે ઉતારા કરવામાં તેણે પુસ્તકો પણ ન જોતાં કેવળ યાદદાસ્તથીજ લખ્યા હતા. બીજાને તેવો ગ્રન્થ લખવો પડે તો પહેલાથી ઘણી તૈયારી કર્યા પછી પણ પુસ્તકો જોવાને માટે સર્વદા પોતાની પાસે રાખવાં પડે છે, પણ જૉન્સનને તેની કઇ પણ ગરજ પડી નહોતી. કોષ રચવાનો પ્રચંડ ઉદ્યોગ જેમ તેણે એકલાએ પૂરો કર્યો હતો, તે પ્રમાણે અથવા તેથી પણ સહેલાઇથી અંગ્રેજી કવિનાં જીવન વૃત્તાન્ત અને તેમના કાવ્યનું વિવેચન પણ તેણે કરી નાખ્યું. આ વિષય તેનો દરરોજનો પરિપાઠનો તથા અત્યંત વહાલો હોવાથી ફક્ત શબ્દ રચનામાંજ જે કંઇ વખતુ લાગ્યો હશે તેજ લાગ્યો છે; બાકી વિવેચન કરવાની પદ્ધતિ તો તેની પહેલેથીજ સિદ્ધ થયેલીજ હતી. આવી રીતે કવિઓનું ચરિત્ર વર્ણન

સુમારે ત્રણ ચાર વર્ષમાં પૂરૂં કરી એમાં મૂળના સકલ્પ કરતાં પણ વિષય ઘણો વધ્યાથી જૉન્સનને મૂળની રકમના કરતા વધારે પૈસા પુસ્તક પ્રકટ કરનારાઓએ પોતાની મેળે મોકલી આપ્યા.

કવિચરિત્રનો ગ્રન્થ જૉન્સનના બધા ગ્રન્થોના શિરોભાગ તરીકે ઠર્યો છે, તેની ભાષાપદ્ધતિ તેના બીજા ગ્રન્થો કરતા સહેલી અને સરળ છે. તેનુ કારણ એ હતુ કે વીસ વર્ષથી તેના હાથથી કલમ છૂટીને તે સંભાષણ કરવા લાગ્યો હતો. આ વીસ વર્ષમાં ઈંગ્લાડમા આખી વિદ્વન્મંડળીમાં તેનું પ્રમુખત્વ થયું હતું, અને તેઓના કાવ્યાદિ ગ્રન્થ ઉપર તેના જે મતો હતા તે ઘણાખરાએ સ્વીકાર્યા હતા. તે પોતે કવિ હતો અને પચાસ સાઠ વર્ષની તેને પોતાને સારી રીતે માહિતી હતી, તેથી કવિના ઉપર યથાસ્થિત વિવરણ કરવામા તેના જેટલી યોગ્યતાવાળો બીજો એક પણ કવિ નહોતો. કાવ્ય અને ચરિત્ર રચના એ તેની પસદગીના વિષયો હતા. તેના ઉપર તેણે ઘણો વિચાર કર્યો હતો. આ સર્વ કારણથો કવિચરિત્ર ઘણું સારૂ થયું; અને તેથી તેની પ્રખ્યાતિ હજી પણ ચાલે છે. ડાયડેન, પોપ વગેરે કવિના ગુણદોષના વિવેચનમાં અને તેના વૃતાન્ત કથન વગેરે પ્રકારમા જેવું તેનુ લખાણ છે તેવુ બીજે ક્યાય પણ મળતું નથી.*

---

* કવિચરિત્રની યોગ્યતા નીચલા વાક્યોથી જણાશે

The lives of the poets are, on the whole, the best of Johnson's works. The narratives are entertaining as any novel. The remarks on life and on human nature are eminently shrewed and profound. The criticisms are often excellent, and, even when grossly and provokingly unjust, well deserve to be studied.

Macaulay.

પ્રકરણ ૧૬ મું.

છેવટની હકીકત.

કવિચરિત્રનો ગ્રન્થ ઈ. સ. ૧૭૮૧ માં પૂરો કર્યા પછી જૉન્સનનો વૃત્તાન્ત ઘણોખરો દુઃખદાયક છે. તેના આયુષ્યના જે ત્રણ ચાર વર્ષ બાકી હતાં તે ઇષ્ટમિત્રનો વિયોગ અને દુઃખ તથા વૃદ્ધાવસ્થાનો ક્લેશ સહન કરવામાં ગયાં તેના મિત્રમંડળમા ગોલ્ડસ્મિથ, ગૅરિક તથા બીજા કેટલાક તે અરસામા મરણ પામ્યા. આ સિવાય તેણે પોતાના ઘરમા જે કેટલાક નિરાશ્રિત સ્નેહીઓને કેટલાક વર્ષ સુધી જગ્યા આપી તેમની રક્ષા કરી હતી તેમાંથી કેટલાક મરણ પામીને તેનુ ઘર માણસ વિનાનું થઇ પડયુ હતું. થ્રેલ નામના એક શ્રીમાન અને સંભાવિત ગૃહસ્થે જૉન્સનને પંદર વર્ષ સુધી પોતાના ઘરમા રાખ્યો હતો, તથા તેની અને તેની સ્ત્રીની પોતાના ઉપર ઘણીજ ભક્તિ જોઇને, જૉન્સન પહેલી પંક્તિનો નિઃસ્પૃહ તથા કોઇની પરવા રાખનારો નહિ હોવા છતાં તેના ઘરનો હમ્મેશનો પરોણો થઇને આટલા દિવસ સુધી રહ્યો હતો, તે પણ આ વખતે મરણ પામ્યો. જૉન્સન પોતાનાં વૃદ્ધાવસ્થાના આટલા વર્ષ સુધી આ ઠેકાણે સુખમાં રહ્યો હતો, પરતુ તેનુ આ સુખ કાયમ રહ્યું નહિ. ઘર ધણીનો દાબ ગયાથી તેની ઘરવાળી જ્યારે સ્વતંત્ર થઇ પડી, ત્યારે જૉન્સને તેનો વર ઉપરનો પ્રેમ લયને પ્રાપ્ત થયલો જોયો; તેની વૃત્તિ જલદીથી ચંચળ થયાથી તે તેને દુશ્મનની પેઠે જોવા લાગી. એવો પ્રકાર જોતાજ જૉન્સને પોતાનો ખટલો ઉપાડયો; અને પોતાના ઉદાસીના આખરના દિવસો ગાળવા માટે બીજુ ઘર બદલ્યુ; તે ગયો એટલે થ્રેલબાઇએ નિર્ભય થઇને પોતાનો મનોરથ પૂરો કર્યો. એક ઇટાલીયન સારંગીવાળા ઉપર તેનું

મન બેઠું અને થોડા કાળમાં બન્નેનો વિવાહ થયો. આ કામથી તેની લંડનમાં ઘણીજ અપકીર્તિ થવાથી તેને દેશનો ત્યાગ કરવો પડ્યો; પછી તે પોતાના નવા વરના દેશમા જઇને સુખથી રહેવા લાગી આ સર્વ વૃત્તાન્ત જાણવાને જૉન્સન જીવ્યો નહોતો. તેનો શરમ-ભરેલો બીજો વિવાહ સાંભળ્યાથી તેનુ મન તેના ઉપરથી ઘણુંજ ખાટું થઇ ગયુ હતું, અને તેનુ નામ સુદ્ધાં લેવાનું પણ તેણે છોડી દીધું હતું. આવી સ્થિતિમા જૉન્સનના આખરના દિવસ ગયા. તે છેવટે શરીરમા ઘણોજ વધી પડ્યો હતો, તેથી મોટાપણાને લીધે જે જળોદર થાય છે, તેણે તેનો અન્ત આણ્યો. તે સમયના લંડનના પ્રખ્યાત ચાર ડૉક્ટરો કંઇ પણ પૈસા ન લેતા તેની દવા દારૂ કરતા હતા; તથા તેઓના અનુમતથી તેણે પોતાના શરીર ઉપર મોટા સખ્ત શસ્ત્ર-પ્રયોગ પણ ઘણીજ ધીરજથી સહન કર્યો હતો; પરંતુ તેનાથી કંઇ પણ આરામ થયો નહિ. આખરે ઇ. સ. ૧૭૮૪ ની સાલમાં જૉન્-સનનુ મરણ નીપજ્યુ. તેની પછવાડે તેના સંબંધીમાંથી એક સાવકી છોકરી માત્ર હતી, એ તેની સ્ત્રીના પહેલા ઘરની હતી. તેણે પોતાની સઘળી વસ્તુઓ અને સુમારે પંદર હજારનો અવેજ પોતાના સીદી ચાકરને નામે કર્યો હતો તેને આ ચાકર પોતાના એક પ્રિયમિત્રે નજર કર્યો હતો, તેથી જોન્સનનો તેના ઉપર ઘણો પ્રેમ હતો; તથા ચાકરે પણ પોતાના માલેકની ઘણા વર્ષ સુધી એકનિષ્ટાથી ચાકરી કરી હતી.

જોન્સનની અંત્યેષ્ટિ ક્રિયા વેસ્ટમિનિસ્ટર નામના વિખ્યાત દેવળમા થઇ હતી. એ ઇંગ્લાંડના મોટા મોટા નામાંકિત થઇ ગયેલા પુરૂષનુ કબ્રસ્થાન છે. આ પ્રસંગે જૉન્સનના બાકી રહેલા ઇષ્ટમિત્રો અને બીજા મોટા મોટાં માણસો એકઠા થયાં હતાં. હમણાં સેન્ટપાલ નામના વિખ્યાત દેવળમાં મોટા મોટા કીર્ત્તિમાન પુરૂષનાં જે પુતળાં ઉભાં કર્યાં છે; તેમાં જૉન્સનની પ્રતિમા સર્વથી આગળ સ્થાપી છે.

જેણે પોતાની દેશી ભાષાનુ દેવું ફીટાડીને તેને વ્યવસ્થિત તથા સુસબદ્ધ કરી હતી તથા પોતાના ચિરસ્થાયી ગ્રન્થોથી તેની શોભા આણી હતી અને પોતાના ઘણાક ગુણથી તથા વિશેષ નિર્મળ આવ-રણથી જે સ્વદેશને તેમજ સમગ્ર જગતને ઉદાહરણરૂપ થઇ પડયો હતો, તે મહાપડિતને ઉપરનુ માન યથાયોગ્ય રીતે મળેલુ છે એમ કોઇ પણ સુજ્ઞ માણસ કબૂલ કર્યા વિના રહેનાર નથી.

પ્રકરણ ૧૭ મું.

જૉન્સનનું શરીર, પોશાક, વિક્ષિપ્તપણાના પ્રકાર અને ખોડ.

પાછલા ૧૬ પ્રકરણ સુધીમા જૉન્સનની હયાતી સુધી થયેલુ વૃત્તાન્ત કહેવામા આવ્યુ છે. હવે તેના સ્વભાવનુ વર્ણન કરીએ છીએ એટલે તે કેવી જાતનો માણુસ હતો, તેની વર્તણુંક કેવી હતી, તેના મનમા ધાર્મિક ભાવના કેવા પ્રકારની હતી વિગેરે વિષયનુ સામાન્ય રીતે નિરૂપણ કરીએ છીએ

પહેલા શરીરનુ વર્ણન કરીએ; પહેલા ઘણી જગ્યાએ કહેવામાં આવ્યુ છે કે જૉન્સન શરીરમા ઘણોજ મજબૂત હતો. તેનો બાંધો ડીગણો અને સારો ભરાવદાર હતો આ શરીર સપત્તિ તેણે પોતાની કમાઇથી એટલે કે તાલીમ, કસરત વગેરે કરીને સપાદન કરી હતી એમ નહોતું; પરતુ વંશપરપરાથી આવી ઉત્તમ શારીરિક અવસ્થા ચાલી આવતી હતી. તેનો બાપ પણ તેના જેવોજ બળવાન હતો. અને કાકો તો એક અખાડાનો ઉસ્તાદ હતો. જૉન્સનના શરીરનો દેખાવ કઇ મોટો ભપકાબંધ નહોતો. પેટ મોટું હતું અને મોટી ફાદ નીકળેલી હતી. પગ વાંકા હતા તેથી ચાલતાં તે જરા વાંકો

ચાલતો હતો. તેનો ચહેરો નાનપણમાં ઘણોજ સુન્દર હતો, પણ પછી શસ્ત્રક્રિયાનો પ્રયોગ થયાથી અને એક આંખની દૃષ્ટિ ઓછી થયાથી તે આગળ જતાં કદરૂપો દેખાતો હતો; તે છતાં તેની મુખમુદ્રા ભવ્ય હોવાથી, વિદ્યાના તેજથી અને શરીરના ભરાવાને લીધે વિશેષ શોભા આપતી હતી.

પોશાકની ટાપટીપ ઉપર જૉન્સનનું બિલકુલ લક્ષ નહોતું. તેને ઠાઠમાઠનો હમ્મેશાં તિરસ્કાર હતો, તેથી કપડા લત્તાં જેવાં મળે તેવાં તેને ચાલતાં હતાં. ઘરનો સરસામાન પણ એવો સાદોજ હતો. હાલમાં અંગ્રેજ લોકોમાં ઘરના ફરનીચરનો જેવો ભભકો જોવામા આવે છે, તેવો તેને ત્યાં નહોતો; પણ કેવળ કામ ચલાઉ વસ્તુજ તે વધારે રાખતો હતો. તેને સરકારમાંથી જે નિયમિત પગાર મળતો હતો તે તેના જેવા એકલા માણસને ઘણો હતો; તોપણ વગર કામના એશઆરામમાં તેણે કદિ પણ ખર્ચ કર્યું નહોતું. આ ખર્ચ કેમ થતું નહોતું એ વિષે પાછળ કંઇક કહી ગયા છીએ; અને વિશેષ હકીકત આગળ આપવામાં આવશે. આવી રીતે જૉન્સનનું વર્ત્તન એક રીતે જોતાં પ્રાચીનકાળના તત્ત્વજ્ઞાનીના જેવું હતું. એટલે તે સ્વભાવથીજ નિસ્પૃહ હોઇને જે ભાગ્ય પ્રમાણે મળતું તેના ઉપર સંતુષ્ટ રહેતો હતો.

જૉન્સન કુદરતી રીતે સ્વછંદી હતો, અને તે ઉમ્મરમાં આવ્યો ત્યારથી એટલો સ્વતંત્ર હતો કે તેનાથી વધારે કોઇકજ હોય; તેથી તેનો સ્વભાવ વિલક્ષણ થયો હતો. આ સર્વનું અહિંયાં વર્ણન કરવું એ કેટલાકને કદાચિત્ ઠીક લાગશે નહિ. મોટા માણસની એવી વાતો પ્રકટ કરવી એ ઠીક નહિ; અને તેનો કંઇ ઉપયોગ પણ નથી. તેમજ મોટા માણસોના ચરિત્રનો લાભ એવી સુક્ષ્મ વાતથી નષ્ટ થઇને તેના ઉપરનો પૂજ્યભાવ ઉઠી જાય છે, એવું કેટલાકોને લાગશે;

પણ આ વિચાર ખોટો છે. ચરિત્રમાં મનુષ્ય સંબંધીની સર્વ રીતની માહિતી આવવી જોઇએ. જે વાતથી તેનું ગૌરવ થાય તેનું વર્ણન કરવું જેમ જરૂરનું છે, તેમજ જેના યોગે તેનું હીનત્વ આવે તે પણ નિષ્પક્ષપાતથી કહેવું જરૂરનું છે. કોઇ પણ માણસ સર્વગુણસંપન્ન તથા સર્વ દોષરહિત હોતો નથી. દોષ નિરૂપણથી તેની ખરેખરી કીર્ત્તિની યથાર્થતા કોઇ રીતે ઓછી થનાર નથી. આ વાત ધ્યાનમાં રાખીને ગ્રન્થકારના સબંધમાં જે બનાવ હવે આવનાર છે તે વાચનારે વાંચવા જોઇએ.

પાછળ એક ઠેકાણે કહી ગયા છીએ કે જૉન્સનને એક જાતનો આશ્ચર્યકારક મગજનો રોગ થયો હતો. આ રોગ વંશમાં પરંપરાથી ચાલ્યો આવતો હતો. તેને લીધે તેની વૃત્તિ સર્વદા ઉદાસ રહેતી હતી, અને તેનુ ચિત્ત એટલુ બધું ઉદ્વિગ્ન રહેતું કે, તેને પોતાના જીવનનો પણ કંટાળો આવતો હતો. આ રોગથી તેનો સ્વભાવ ઘણોજ ચીડીઓ થયો હતો, અને તેને ભ્રમિષ્ટપણું લાગ્યું હતું. આ ભ્રમિષ્ટપણાના ઘણાક પ્રકાર બોઝવેલે પોતના જીવનચરિત્રમાં લખ્યા છે, તેમાંથી કેટલાક અહિં આપીએ છીએ. અર્ધાંગવાયુમાં ફસાએલા માણસના શરીરના અવયવ જેમ પોતાની મેળે હાલે છે, તેમ જૉન્સનનુ ડોકું હાલતું હતું; હાથ પગના ચાળા થતા હતા. એ હાલચાલ તેનાથી બંધ કરાતી નહોતી. ભરેલી સભામાં કોઇ વખતે તેના શરીરની બેશુદ્ધિ થઇને તે મોટેથી કવિતા બોલતો અને પોતે એકલો હોય તો તે કલાકના કલાક સુધી પોતાની મેળે મોટેથી બોલતો ઉભો રહેતો હતો. રસ્તામાં ચાલતાં ચાલતાં આજૂબાજૂના કઠેરા ઉપર હાથ નાખ્યા સિવાય તેને ચેન પડતુ નહોતું; અને એક કઠેરો ભૂલેલો જણાતો તો તે પાછો ફરીને વળી એકવાર તે વિધિ પૂરી કરતો હતો. ખાવાના ટેબલ ઉપર ફળફળાદિ મૂક્યાં હોય તેમાંથી જ્યારે

નારંગીના ઉપર હાથ પડતો હતો, ત્યારે જૉન્સન તેની છાલ ફેકી નહિ દેતાં ઘણી સાવચેતીથી પોતાના કોટના ખીસામા રાખતો હતો. તેનું પછી તે શુ કરતો હતો તે કઇ જાણવામા આવ્યુ નથી.

ઉપલાં ઉદાહરણો ઉપરથી વાંચનારને જૉન્સનના ભ્રમિષ્ટપણાની વૃત્તિ વિષે કલ્પના થશે. પોતાની આ વ્યથાનું આગળ જતા શું પરિણામ થશે તેની તેને ઘણી બીક રહેતી હતી. આ રોગ તેને કોઇ કોઇ વખતે ઘણોજ માલૂમ પડતો; અને કોઇ વખત જતો રહેલો જણાતો હતો. જ્યારે તે પ્રબળ થતો હતો, ત્યારે તેની વિપત્તિનો કઇ પાર રહેતો નહોતો. ઇન્દ્રિયજ્ઞાનમા પણ તે વખતે વિકાર પહોચતો હતો. તેની મા ઘણા ગાઉ દૂર હોવા છતા જાણે તે પોતાને હાક મારે છે એવું તે સ્પષ્ટ સાભળતો હતો. રસ્તા ઉપરના ઘડિયાળની આગળ કલાકના કલાક સુધી ઉભો રહેવા છતા કેટલા વાગ્યા છે, તેનો પણ નિશ્ચય તેનાથી થઈ શકતો નહોતો, પણ સર્વથી મોટો દુખનો બનાવ એ હતો કે આ ભ્રમિત અવસ્થા સ્થાયી થઇને પોતે ગાડો થશે કે શુ તેની તેને ઘણીજ ધાસ્તી લાગતી હતી, પરતુ તેના અને લોકોના સુભાગ્યે એવો ભયકર બનાવ બન્યો નહિ.§

ઉપરના વ્યાધિથી કડકપણું અને આળસ આ અવગુણો જૉન્સનમા બળવાન થયા હતા તે પહેલેથી નિસ્પૃહ તો હતોજ અને આ મગજનો રોગ તેને ઘણુ કરીને હમ્મેશાનો થઇ પડયો હતો તેથી

§ મગજરોગ પ્રાચ્ય રાષ્ટ્રમા કેટલો છે ? અથવા મૂળનો કે કેમ એ વિષયની કઈ પણ માહિતી નથી. ઇગ્લંડની હવામા જો તે ઉત્પન્ન થતો હોય તો અહિ તે નહિ હોવો સભવે છે. ઇગ્રેજી કવિઓમાથી ઘણાકોને ઉપલા વિકારની નડતર હતી. જાનસને એક વેળાએ કોઇને કહ્યુ હતુ કે, હુ આખી ઉમ્મર સુધી દીવાનો હતો.

તેનો મૂળનો સ્વભાવ ઉત્તેજિત થયો હતો. એ સિવાય હલકા લોકોમાં ગયાથી રોગ થયો હોય તો તે દેખાડવો નહિ, કોઇએ અપમાન કર્યું હોય તો તેનો પ્રતીકાર ખૂલ્લી રીતે એકદમ ન કરતાં સમય જોઇને હસતા હસતા પોતાના દુશ્મનના દાંત પાડવા—વગેરે મોટા મંડળમાં સભ્યતાના જે પ્રકાર છે તે બિલકુલ તે જાણતો નહોતો; જવાબ હમ્મેશા તેજ સમયે તે રોકડોજ આપતો હતો. કોઇ કોઇ વેળાએ તો ઘણાજ પરિચયવાળા મિત્રને પણ તે સંતાપનો હતો; તથા તેને કડવાં વેણ બોલવામાં પણ તે સંકોચ કરતો નહોતો. બોઝવેલના આખા ચરિત્રમાં જૉન્સનની કડક તબીયતના ઉદાહરણો છે; અને તેથી ખુદ એ બન્નેને અણબનાવ પણ ઘણી વખતે થતો હતો. ઉપલી મનોવિકૃતિનું બીજું પરિણામ જૉન્સનનું સુસ્તપણું છે. આ અવગુણ તેનામાં મૂળથી હતો, તે ઉપરના વિકારના યોગથી દૃઢ થયો હતો. રોગી મનુષ્યને જેમ કામનો કંટાળો આવે છે અને સ્વસ્થ પડી રહેવું ગમે છે, તે પ્રમાણે તેને પણ સર્વદા થતું હતું; પણ પાસે પૈસા નહિ હોવાથી તથા અપવાસ થવાનો વખત આવ્યાથી તેને ઘણી વખત જાગ્રત થઇને નિત્ય નિર્વાહની કંઈ પણ તજવીજ કરવી પડતી હતી. એવું થતા થતાં રાજ્ય તરફથી જૉન્સનને જ્યારે પેન્શન મળ્યું ત્યારે તેની રોજની ચિંતા જતી રહી, અને તેની સ્વભાવ વૃત્તિ ઘણીજ પ્રબળ થઇ. એટલે શું પૂછવું! બપોરના બે વાગે તો શેઠ ઉઠવા લાગ્યા, પછી તે સમયે મ્હોં ધોઇને ખાવા બેસવું, રાત્રિનો પ્રકાર પણ તેના જેવોજ હતો. એક વખત બહાર નીકળ્યા કે ફરવુંજ ફરવું. આખી રાત્રિ સુધી રસ્તામાં ફરવું; એકવાર કોઇ મિત્ર તેને ઘેર મળવા આવ્યો, તો આખી રાત્રિ ગપ્પાંજ ચાલ્યાં કરવાનાં; જો વાચવાની કે લખવાની લહેર આવી તો આખી રાત્રિ તેમાંજ ચાલી જતી.

જૉનસનના સ્વભાવ ઉપરથી તે ગાંડો, ઉચ્છૃંખલ અને નિસ્પૃહી

છે એવું તે જીવ્યો ત્યાં સુધી ઘણા માણસોનું ધારવું હતું. તેની ચાલાક બુદ્ધિ સર્વને કબૂલ કરવીજ પડશે, પણ ઉપરનો વિચાર ઘણું કરીને સર્વમાં મજબૂત થઇ ગયેલો હોવાથી તેના દરરોજના મિત્રમંડળ સિવાયના ઘણાજ થોડા માણસો તેને ચ્હાતા હતા. બૉઝવેલે જે વિસ્તારવાળું ચરિત્ર લખ્યું છે તેનો મૂળ હેતુ એજ હતો કે પોતાના મિત્રનો તથા ગુરૂનો સ્વભાવ લોકોને જે વિલક્ષણ પ્રકારનો લાગ્યો છે તે દૂર કરવો. આ હેતુ તેનો કેટલો સિદ્ધ થયો છે તે વિષે તેનો ગ્રન્થ વાંચ્યાથી ખાત્રી થશે.

પ્રકરણ ૧૮ મું.

સ્વભાવ, દયા, અભિમાન અને સત્યપ્રીતિ.

જેણે મનુષ્ય સ્વભાવનું અવલોકન અમસ્તું ઉપર ઉપરનું કર્યું હશે, તેના લક્ષમાં મનુષ્યનું બહારનું અને અન્દરનું સ્વરૂપ ઘણીક વખતે તદ્દન જૂદું હોય છે, એમ આવ્યા સિવાય રહ્યું નહિ હોય. કેટલાક માણસો દેખીતા ઘણાજ ઉગ્ર હોય છે; પણ અન્તઃકરણના ઘણાજ કોમળ હોય છે, અને કેટલાક બોલનારા મીઠા હોય છે પણ તેની કૃતિ તદ્દન વિપરીતજ હોય છે. જૉન્સન આમાંના પહેલા પ્રકારનો મનુષ્ય હતો. તેની મુદ્રા અને આચરણ એટલાં બધાં વિલક્ષણ હતાં કે, તેના ઘણાજ વ્હાલા મિત્રોને પણ તેની જોડે વધારે ઓછું બોલવાનો ભય જણાતો હતો. તેની વૃત્તિ કેટલી કડક હતી તથા તે કેટલો નિસ્પૃહ વક્તા હતો તે વિષે પાછળ ઘણું લખી ગયા છીએ, તે ઉપરથી આ વાતની ખાત્રી સહેલાઇથી થશે; આમ હોવા છતાં પણ તેનું અન્તઃકરણ કેટલું કોમળ હતું તેના દાખલા તેના ચરિત્રમાં

સેંકડો છે. તેની માબાપના ઉપરની ભક્તિ, સ્ત્રીના ઉપરનો પ્રેમ, મિત્રના ઉપર સ્નેહપૂર્વક નિષ્ઠા, આશ્રિત તથા સેવકનો આદર, પ્રાણી માત્રના ઉપર દયા વગેરેનાં ઉદાહરણો દેખાડવામાં આવે તો એક બીજું પુસ્તકજ થાય, તેથી ઉપલી જૂદી જૂદી વૃત્તિઓ માત્ર ટૂંકામાં નિરૂપણ કરીએ છીએ. જૉન્‌સનનો બાપ તેની નાની વયમાં મરણ પામ્યો હતો પણ તેની મા ઘણી ઉમ્મરે પહોંચી હતી. તેણી જ્યારે પ્રૌઢ વયની થઈ હતી ત્યારે તે મરણ પામી હતી તે આગળ લખી ગયા છીએ. તેના ઉપર જૉન્‌સનની ભક્તિ કેટલી હતી તે પાછલા ચરિત્ર ઉપરથી તથા વિશેષે કરીને રાસેલાસના ગ્રન્થની રચનાના પ્રસંગમાં વાચનારના ધ્યાનમાં આવીજ હશે. તે સિવાય તેના ગ્રન્થમાં કેટલીક જગ્યોએ આજ વૃત્તિ પ્રગટ થયેલી જોવામાં આવે છે.+ પોતાની

+ પોપ કવિની મા જૉન્‌સનની માતા જેટલી ઉમ્મરે મરણ પામી હતી, તથા પોપની પણ જૉન્‌સનની પેઠે તેના ઉપર ઘણી ભક્તિ હતી તે વિષે ઉપલા કવિના ચરિત્રમા જૉન્‌સને લખ્યું છે કે —

"In the next year he lost his mother not by an unexpected death, for she lasted to the age of ninety-three, but she did not die unlamented The filial piety of Pope was in the highest degree amiable and exemplary, his parents had the happiness of living till he was at the summit of poetical reputation, he was at ease in his fortune, and without a rival in his fame, and found no diminution of his respect or tenderness. Whatever was his pride, to them he was obedient, and whatever was his irritability, to them he was gentle. Life has, among its soothing and quiet comforts, few things better to give than such a son."

સ્ત્રી ઉપર તો જૉન્સનનો એટલો પ્રેમ હતો કે તેના મરણથી તેને અપાર દુઃખ થયું, અને આખર સુધી તે શાંત થઇ શકયો નહિ. તેણે સંસાર સુખ માત્ર સાત આઠ વર્ષ સુધી ભોગવ્યું હતું. ત્યાર પછીના ત્રીસ બત્રીસ વર્ષ તેણે વિધુરાવસ્થામાં ગાળ્યાં હતાં, તોપણ તેના અન્તઃકરણમા તેની પ્રિય સ્ત્રીની મૂર્તિ એટલી દઢ ઠસી ગઇ હતી કે અન્ત સુધી તેના સ્મરણથી તે ગદ્દગદિત થતો હતો તેના મરણનો દિવસ વ્રત પ્રમાણે પાળીને તે દિવસે અપવાસ કરતો હતો; અને વારવાર તેના નામથી પ્રાર્થના કરતો હતો મિત્રોની પણ તેવીજ વાત હતી, તેની જોડે એક વખત સ્નેહ થયો તો તેના ઉપરનો પ્રેમ કદિ તૂટતો નહોતો. હરેક રીતે તેને તે ઉપયોગી થઇ પડતો હતો. સંકટ સમયે તેની મદદે દોડતો હતો. તેને સદુપદેશ આપતો, તેની વતી સિફારસ લગાડતો, તેને કોઇએ અપમાન કર્યું હોય તો તેની તરફેણમા થઇને તે અપમાન દૂર કરવાની તજવીજ કરતો હતો. કોઇ પ્રસગે તેઓની જોડે કંઈ ઝઘડો થતો હતો તો જલદીથી તેનો પાછો મેળાપ કરી દેતો હતો, જૉન્સનનો સ્નેહ પર-પરાએ આગળ વધતો હતો. એટલે સ્નેહીના સગા વહાલા તથા ચાકરોપર પણ તેનો પ્રેમ થતો હતો. પાછળ લખી ગયા છીએ કે સીદી ચાકરના નામ ઉપર જૉન્સને પોતાની સઘળી દોલત અને સઘળો સરસામાન મૃત્યુ પત્રમા લખીને આપ્યો હતો. તે એવા પર-પરાના સબંધથીજ હતો. જૉન્સનનો એક મિત્ર અમેરિકામા ઘણા દિવસ સુધી જઇને રહ્યો હતો અને ત્યા રહેતી વેળાએ ઉપલા સીદીને તેણે વેચાતો લીધો હતો, પછી તે સ્વદેશમા આવ્યો ત્યારે તેણે પોતાના મિત્ર જૉન્સનને તે સીદી ભેટ આપ્યો. તેના નવા શેઠે તેને ખ્રિસ્તી ધર્મમા દીક્ષા આપી અને તેના વિદ્યાભ્યાસ તરફ પણ તેણે ઘણુ લક્ષ આપ્યુ આવી રીતે બીજા કેટલાક માણસોને જૉન્સને પોતાના ઘરમાં

આશ્રય આપ્યો હતો; અને સામાન્ય રીતે કોઈ પણ દુઃખી અથવા ગરીબ નજરે પડે તો તેના ઉપર તે દયા કરતો હતો. સારાશ કે મોટા માણસોમાં અત્યંત શોભાદાયક જે દયાશીલતા છે, અને જે ખ્રિસ્તી ધર્મમા મુખ્ય ફરજ ગણવામા આવી છે તે જૉન્સનમા પૂર્ણ હતી.

માનીપણું પણ જૉન્સનમાં પૂર્ણ હતું. માની પુરૂષનુ લક્ષણ એ છે કે બીજાએ કરેલી અવજ્ઞા અથવા બીજાની આગળ પોતાની ગરીબાઈ દેખાડવી એ તેનાથી લેશમાત્ર પણ બનતું નથી. પહેલાનો પ્રતીકાર કર્યા સિવાય તે કદિ રહી શકતો નથી; અને બીજો પ્રસંગ આવે તે કરતા મરવુ સારૂ છે એવુ તેને જણાય છે જૉન્સનના વર્તનમા ઉપલા ગુણો ઘણાજ હતા. એક વખતે કોઇએ પોતાની મેળે કંઇક પૈસા તેને આપ્યા હતા તે તેણે લીધા નહિ; અને તેનો તેણે ઘણો ધિક્કાર કર્યો હતો. તે પોતે યાચના કરવાને માટે ઘણોજ શરમાતો હતો તે ઉઘાડુજ છે. બાપના મરણ પછી તેના માથા ઉપર સંસાર પડયો અને પોતાની તથા પોતાના કુટુમ્બના માણસોની તજવીજ કરવાનુ જ્યારે તેના ઉપર પડયુ, ત્યારે તેણે જે નિશ્ચય કર્યો હતો તે તેની લખેલી ડાયરી ઉપરથી જણાય છે. તેણે આ ગરીબાઇ કોઇની આગળ ન દેખાડતા, "હું મ્હારી પોતાની મહેનત ઉપર પૈસા કમાઇશ. ગરીબાઇને લીધે મન નિરૂત્સાહી તથા દુર્બળ થવા દઇશ નહિ, તેમ પેટ ભરવાને માટે કોઈ પણ જાતનુ દુરાચરણ કરીશ નહિ" આ સંકલ્પ નાની ઉમ્મરમા જૉન્સને દૃઢ કર્યો હતો. તેની હિમ્મતનુ તથા સાત્વકપણાનુ આ કંઇ થોડુ પ્રમાણ નથી; વળી એવું પણ જણાતું નથી કે પોતાનો ટેક આખર સુધી તેણે ઉલ્લંઘન કર્યો હોય. એ ઉપરથી તેનામા ધૈર્ય કેટલું હતું; અને સ્વાભિમાનનો ગુણ તેનામા કેવો જાગૃત હતો એ સહેલાઇથી ધ્યાનમા આવે તેમ છે. ખરી રીતે જોતા જણાય છે કે જૉન્સન લોકોને

કદિ પણ ધિક્કારતો નહોતો, પૈસાના સંબંધમાં જોતાં તો તેની જીંદગીનો અર્ધાથી વધારે કાળ ગરીબાઇમાં ગયો હતો; તોપણ બીજા સામાન્ય માણસો લોકનિંદાથી જેમ અકળાય છે; તેમ તે કદિ પણ અકળાયો નહોતો. તેનો ને લૉર્ડ ચેસ્ટરફીલ્ડનો જે પ્રસંગ બન્યો હતો તે પહેલાં વિસ્તારપૂર્વક લખી ગયા છીએ; તેમજ થ્રેલની વૃત્તિને સહન કરવાથી તેના ઘરમાં હવે પોતાનો ભાર રહેશે નહિ તે સમજતાંજ તે ઘર છોડીને બીજી જગ્યાપર જઇને રહ્યો હતો એ પણ આગળ જણાવી ગયા છીએ. આવી વૃત્તિનાં ઉદાહરણો તેના ચરિત્રમાં તથા ગ્રન્થમાં ઘણાં છે.+

જૉન્સનનો બીજો એક મોટો ગુણ સત્ય પ્રીતિનો હતો; તેને સત્યપર કુદરતી ચાહ હતો. તેમજ જૂઠું બોલવું, છેતરવું એ તેને ઘણુંજ તિરસ્કારવાગ્યુ હતું. "**चित्ते वाचे क्रियायांच म तामेकसत्यता**" આ મહાવાક્યનુ લક્ષણ તેના ઉપર સર્વ રીતે લાગુ પડે છે. તેના ઘણાક ચરિત્રકારોએ વૃત્તાંત લખી રાખ્યાં છે, પણ ઉપલા વાક્યમાં જેથી કરીને વિરોધ આવે એવો એક પણ અક્ષર તેના નાના સરખા ભાષણમાં પણ મળશે નહિ. જેવું તેને લાગતું તેવું તે કહી દેતો હતો; અને જે બોલતો તે પ્રમાણે તેનુ આચરણ રાખતો હતો. "**हितं मनोहारि च दुर्लभं वचः**" આ વચન પ્રમાણે લોકોને કડવું

+ ઉપરના જેવું એક ઉદાહરણ ટાબલરની છેવટે છે. છેલ્લા એટલે ૨૦૮ મા નિબંધમા જૉન્સને પુસ્તક સમાપ્ત કરીને લોકોપર ઘણો કડાકો નાખ્યો છે. પહેલું અવતરણજ નીચલા વાક્યથી શરૂ થયું છે.

"Begone, ye blockheads! Horaditus cries, And leave my labours to learned and wise By will, by knowledge, studious to be read, I scorn the multitude, alive and dead."

લાગે એવું બોલવાનો પ્રસંગ તેને વારંવાર આવતો હતો. તે સભ્ય માણસોની રીતિથી અજાણ્યો હતો. તેનું વર્ત્તન વિરૂદ્ધ તથા ફીસાદખોરના જેવું હોવાથી પહેલાં તેના વિષે ઘણો ઉહાપોહ થયો હતો; તેનું કારણ આજ હતું. આથી તેના ગ્રન્થો ઘણા જણને અરૂચિકર થયા હતા. હમણાં પણ તે બધાને પ્રિય થઇ પડયા હોય એમ નથી. સામાન્ય રીતે બોલવા ચાલવામાં જૉન્સનનું ઉપલા ગુણ ઉપર એટલું લક્ષ હતું કે, તે જાણે કોર્ટમાં પ્રતિજ્ઞા લઇને સોગન ઉપર જુબાની આપતો હોયની, એવો તેના એક મિત્રનો લેખ છે.

પ્રકરણ ૧૯ મું.

બુદ્ધિ, કલ્પનાશક્તિ અને તર્કશક્તિ.

હવે જૉન્સનના બુદ્ધિબળ વિષે કંઈક લખીએ છીએ; તે આટલો બધો વિખ્યાત શાથી થયો? કયી માનસિક શક્તિ તેનામાં અત્યન્ત પ્રબળ હતી, આ વિષે નક્કી કરવું જોઇએ. માનસિક શક્તિના બે પ્રકાર છે. એક તર્ક એટલે વિવેચનશક્તિ અને બીજી કલ્પનાશક્તિ. પહેલીના યોગથી મનુષ્યને સત્યાસત્યનુ વિવેચન કરતા આવડે છે, તથા વાદવિવાદ કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે. બીજીથી અદૃષ્ટ અથવા અવાસ્તવ પદાર્થને પણ યથાસ્થિત ભાવનાથી મનોગત કરાય છે; તથા તેથી યથાસ્થિત વર્ણન કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે. પહેલી શક્તિનો ઉત્કર્ષ તત્ત્વજ્ઞાની અંદર દીઠામાં આવે છે; અને બીજી કવિમાં જોવામાં આવે છે. હવે તે શક્તિ જૉન્સનમાં કેટલી હતી તેનુ નિરૂપણ કરવામાં આવે છે.

પહેલી કલ્પનાશક્તિ. આનું વાસ્તવ્ય જૉન્સનમાં હતું એ તેના

કાવ્ય તથા તેની એક નવલકથા અને તેણે જે નાટક રચ્યું છે તે ઉપરથી સર્વના ધ્યાનમા આવશેજ. તે સિવાય તેના ચરિત્રમા બોઝવેલે તેના બધા ભાષણુનો જે સગ્રહ આપ્યો છે, તે ઉપરથી કલ્પનાશક્તિ જણાય છે. **જૉન્સનમાં સમયોચિત ભાષણ કરવાની શકિત કંઈ અજાયબ ભરેલી હતી.**† તેણે એક વખત કોટિક્રમ શરૂ કર્યો એટલે કોઇનુ પણ ત્યા ચાલતું નહોતું, અને તેથી મોટા મોટા કુશળ બોલનારાઓ પણ તેની સામે બોલતા ડરતા હતા. કોઇ પણ પૂર્વપક્ષ લઇને તેની જોડે કૌશળથી વાત કરવા લાગે તો તે પોતાનુ વિનોદરૂપ શસ્ત્ર ઉચકીને તેનુ બોલવુ એવુ તો હસી કાઢવા જેવુ કરી નાખતો હતો કે તેના મનમાં આવતું કે હુ આ શા માટે બોલ્યો આ ચાતુર્યનુ બીજ પણ કલ્પનાશક્તિજ છે. તેણે ઘણીક જાતના જ્ઞાન મેળવીને બહુશ્રુતપણું સારૂ મેળવ્યુ હતું. જેની પાસે કલ્પનાશકિતનુ ઉત્તમ સાહિત્ય હોય છે, તેને પોતાના પ્રતિપક્ષના ઉપર વાદ કરવાનુ બહુ ફાવે છે. કલ્પનાશકિત ગોલ્ડસ્મિથ વગેરે ગ્રન્થકારમા જેવી જોવામા આવતી હતી તેવી જોન્સનના ગ્રન્થનાં અથવા ભાષણમા જણાતી નથી. તેનામા સગીત, નાટય, ચિત્રવિદ્યા અને કવિતાનુ મર્મજ્ઞાન નહોતુ *

† આવા સભાષણો પ્રસ્તુત ચરિત્રના દ્વિતીયખડમા આપવામા આવ્યા છે

* જૉન્સનનુ મિત્રમડળ તે વેળાના ઉત્તમ ગાયક, ઉત્તમ નટ, ઉત્તમ ચિત્રકાર અને ઉત્તમ કવિ હતા તે અનુક્રમથી બર્ની, ગૅરિક, રેનૉલ્ડસ અને ગોલ્ડસ્મિથ હતા આ ચારેમાથી પહેલાનો કસબ મહાપડિતને બિલકુલ માલૂમ પડતો નહોતો બીજા અને ત્રીજાની કુશળતા ઉપર કઈક ચાહ હતો, અને ચોથાના ગુણની માત્ર પૂર્ણ પારખ હતી તેથી તેની પ્રશસા વારવાર તેના મુખમાંથી નીકળતી હતી, આના કરતા પણ તેજસ્વી તો અગ્રેજી ભાષામા કવિરત્ન ગોલ્ડસ્મીથ છે પણ તેનુ યથાર્થ જ્ઞાન જૉન્સનને નહોતુ એ સર્વત્ર પ્રસિદ્ધજ છે.

તર્કશક્તિ જૉન્સનમા વધારે પ્રબળ હતી. તેની બુદ્ધિ કુદરતી ઘણી સૂક્ષ્મ હતી. પહેલાંથીજ તત્વશોધ ઉપર સર્વદા પ્રવૃતિ થયાથી સત્યાસત્યનો વિચાર કરવામાં તેણે કુશળતા મેળવી હતી; તે એટલી બધી હતી કે તેની જોડે કોઇએ વાદ કર્યો તો તેમાં તેને જરા ગુચવણ કરતો જોતો કે તે તેને તરત ઉડાવી નાંખતો. જેમ રૂપીઆ પારખતાં સરાફ ખોટા રૂપીઆ ઝટ ફેંકી દે છે, તેમ કોઇએ ગમે એટલી હિકમતથી ખોટુ પ્રમાણ લખાણમા કે ભાષણમાં ઘુસાડી દીધેલું હોય; તોપણ તે તરત તેને બહાર કાઢી નાંખતો હતો. બૉઝવેલનો ગ્રન્થ જેણે આખો વાચ્યો હશે તેને આ વાતની ખાત્રી થઇ હશે. સેંકડો જાતના વાદ પ્રસગાનુસારે નીકળેલા, પણ જૉન્સને પાડિત્ય, પોતાની કલ્પના અને તર્કશક્તિવડે તે રદ કર્યા છે! બૉઝવેલના જેવા પૃચ્છક અને જૉન્સનના જેવો વક્તા પછી વિષય વૈચિત્ર્યમા શુ ઓછાપણું હોય! બૉઝવેલ વર્ષમા બે વાર પોતાના દેશમાંથી લડનગા આવતો હતો, તેના આવવાનો મુખ્ય ઉદ્દેશ જૉન્સનનુ ભાષણ સાભળવાનો હતો. એવા પ્રસગમા બને તેટલો વખત જૉન્સનની સોબતમા તે રહેતો હતો, અને જેમ બને તેમ જૉન્સનને બોલવાનો પ્રસગ વધુ આવે એવુ તે બોલતો હતો; અને તેમ તેમ જૉન્સનના ભાષણનો પ્રવાહ વધુ ને વધુ ચાલતો હતો. તેથીજ વિવિધ પ્રકારના વિષયો જેમ કે કાવ્ય, શાસ્ત્ર, તત્વજ્ઞાન, ધર્મ, લોક વ્યવહાર, રાજતત્ર અથવા સામાન્ય સસાર ઉપર પણ જૉન્સન જેવા પડિતના અત્યત હૃદ્ગત વિચાર બહાર આવી શકયા છે, અને તેથીજ એ ખરો ગ્રન્થ માત્ર ચરિત્ર રૂપેજ નહિ પણ વિવિધજ્ઞાનનો તથા મનોરજનના એક ભંડાર રૂપજ બની રહેલો છે.*

* બર્ક આવું કહે છે —

Johnson appears greater in Boswell's book than in his own.

બોઝવેલના ગ્રન્થ ઉપરથી જૉન્સનની પ્રખર તર્કશક્તિ ઉત્તમ રીતે પ્રકટ થઇ છે. આ ખરૂં છે કે જૉન્સન જેમ મોટો વક્તા હતો તેમ કંઇક આગ્રહી તથા ગર્વિષ્ટ પણ હતો, તેથી તેનાં ભાષણો એ પુસ્તકમાં જે આવ્યાં છે તે સર્વે યુક્તિને અનુસરતાંજ છે એમ નથી. કોઇ કોઇ વખતે વાદવિવાદમાં આવીને અપ્રમાણ વાત પણ તે બોલી જતો હતો; અને પોતાનો પક્ષ ખોટો હોવા છતાં પણ તે ખરા જેવો દેખાડવાનો યત્ન કરતો હતો.+

પ્રકરણ ૨૦ મું.

અંગ્રેજી રાષ્ટ્રના જૉન્સનમાં પ્રતિબિંબિત થવાનાં કારણો, નિશ્ચય, અભિમાન, દયા, ધૈર્ય, સ્વદેશ પ્રેમ.

જૉન્સનને પોતાના રાજ્યના પ્રતિનિધિ તરીકે માન્યો હોય તો પણ ચાલે એમ છે. સામાન્ય રીતે અંગ્રેજોનો જે સ્વભાવ જોવામા

તે પ્રમાણેઃ—

"His conversation, which was one of the most powerful instruments of his extensive inference was artificial dogmatical, sententious, and pregnant, adopted with the most admirable versatality to every subject as it arose, and distinguished by an almost unparallelled power of serious repartee"

Sir James Mackintosh,

+ ગોલ્ડસ્મિથે કહ્યું છે —

"There is no arguing with Johnson, when his pistol misses fire, he knocks you down with the butt end of it"

આવે છે તે તેનામાં પણ જણાતો હતો. એવા માણસો દરેક રાજ્યમાં હોય છે, કેમકે મનુષ્યને જન્મથી લઇને સ્થળ વિષેનો સંસ્કાર સહજમાં વળગે છે. જેનામાં સ્વદેશ પ્રીતિ પ્રબળ હોય; અને બીજા દેશના સંસ્કાર કદિ લાગેલા ના હોય તો મૂળપ્રકૃતિ જેવીને તેવીજ કાયમ રહે છે. જોન્સનનો પ્રકાર પણ તેવોજ હતો. ઇંગ્લાંડનો ધર્મ, ઈંગ્લાંડની રાજ્યવ્યવસ્થા, અંગ્રેજી રિવાજો, અંગ્રેજી વિદ્યા વગેરે સર્વ કંઇ અત્યુત્તમ છે; એવો તેનો મૂળથી ગ્રહ થયો હતો. તે છેવટ સુધી જેમનો તેમ રહ્યો હતો. તેમાં લંડન શહેર ઉપર તો તેને એટલો બધો ચાહ ઉત્પન્ન થયો હતો કે તે છોડીને ઈંગ્લૅંડમાંના પ્રાંતોમાં ફરવાની પણ તેને ઇચ્છા થતી નહોતી. પોતાના દેશમાંથી ફક્ત બેજ વાર તે બહાર નીકળ્યો હતો. એક વખત સ્કૉટલૅંડમાં બૉઝવેલની જોડે ગયો હતો; અને બીજી વખત પારિસમાં થ્રેલની સાથે ગયો હતો. આમાંની પહેલી મુસાફરી તો તેના પોતાના દેશનીજ કહેવી જોઇએ, બીજીજ માત્ર ખરેખરી બહારની છે, પણ તેનો જૉન્સને જાણવા જેવો કંઇ ઉપયોગ કર્યો નહોતો. તે પારિસના દેખાવો જોવાને જ ગયો હતો. તેના જેવા વિદ્વાન તથા શોધકે આવા પ્રસંગમાં જે ઔત્સુકતા પ્રકટ કરવી જોઇએ તથા જે જીજ્ઞાસા તેને લાગવી જોઇએ તેવો પ્રકાર તેની તે વખતની નોંધ બુકમાં નજરે પડતો નથી; એટલુંજ નહિ પણ જોન્સન ત્યાંના લોકોની જોડે ઘણું બોલ્યો પણ નહિ. તેને ફ્રેંચ ભાષા જો કે આવડતી હતી પણ તેને બોલવાનો અભ્યાસ નહિ હોવાથી બોલ્યો નહિ. પછી તેવા માણસમાં સ્વદેશ માટે સર્વ જાતના સંસ્કાર પરિપૂર્ણ કેમ પ્રતિબિંબિત ન થાય?

એક વખત જે કાર્ય કરીશ એવું કહ્યું, તે કાર્ય કર્યા સિવાય રહેવું નહિ; આ ગુણ જોન્સનમાં કેટલો પૂર્ણ હતો તે લક્ષમાં આવ્યું હશે. જોન્સનનો સ્વભાવ જો કે મૂળથીજ આળસુ હતો તેમાં વળી મગ-

જના રોગથી તે પીડાતો હતો. તે સિવાય તેને ગરીબાઇ પણ એટલી હતી કે જેમ તેમ કરીને પ્રત્યેક દિવસ તેને પસાર કરવો પડતો હતો, છતા પણ આવી વિપત્તિમાં જેણે ૨૫ વર્ષ ગાળ્યા; અને કોઇની આગળ પોતાની ગરીબાઈ ન દર્શાવતાં અથવા કોઇની તાબેદારી કબૂલ ન કરતા કેવળ કષ્ટમાંજ આટલાં વર્ષો સુધી તેણે પોતાના માણસોનુ પોષણ કર્યું ! પચીસ વર્ષ સુધી એક સરખી કલમ ચલાવ્યા કરવી, પછી લખવાપર મન લાગે કે ન લાગે, પ્રકૃતિ સારી હોય કે ન હોય, ગૃહ સબધી અડચણ પડો કે દુઃખ પડો, ગમે તેમ થાઓ તોપણ કલમની ગતિ રોકવી નહિ: અને વળી વર્તમાનપત્રના જેવા ક્ષણિક મહત્વના વિષય ઉપર લખવાનુ ન હોવા છતા શબ્દ સમૂહથી ભાષાની વ્યવસ્થા કરવી, નિબધોની રચના કરવી, સર્વમાન્ય કવિના ગુણદોષનુ વિવેચન કરવુ—એ કેટલુ મુશ્કેલ છે તે કહેવાની જરૂર નથી. આ ગુણનુ પ્રબળ અગ્રેજ પ્રજામા કેટલુ હશે તેની કલ્પના આવા ચરિત્રો ઉપરથી વાચનારે કરી જોઇએ. આ ગુણ એ પ્રજામા ન હોત તો આજ સુધીમા સકટો વિકટ પ્રસગો તેનાપર ગુજરવા છતા તેમાથી પાર પડીને આ દેશનુ આધિપત્ય આટલે દૂર આવીને આ પ્રજા મેળવી રાકી હોતજ નહિ. આટ્લ ટિક મહાસાગરના દૂરના એક ખુણામા પડી રહેલો ઇંગ્લેંડનો બેટ, જે બે હજાર વર્ષની પહેલા તો કોઇના જાણવામા પણ નહોતો, તે બેટ આજ જે વૈભવના શિખર ઉપર ચઢેલો છે; અને આખી દુનિયાના વિદ્યા, કળા, કૌશલ્યના ધામરૂપ બની રહેલો છે તે ઉપલા કિમતી ગુણનોજ પ્રભાવ છે !

. બીજો ગુણ અભિમાન. અભિમાન એટલે બીજાની તરફથી થએલી અવજ્ઞા સહન નહિ કરતાં પોતાના પરાક્રમનેજ સર્વદા અવલંબન કરવાની સાહજિક વૃત્તિ. આ ગુણ ઉપર કહેલા ગુણનો અનુષંગી છે,

અને તે પણ ઉન્નતિ કરવામાં ઘણોજ જરૂરનો છે. જૉન્સનમા એ ગુણ કેટલો હતો અને કયા કયા પ્રસંગમાં તે પરિપૂર્ણ રીતે પ્રકટ થયો હતો તે પાછળ લખી ગયા છીએ. તેણે પોતાની ઉમેદના દહાડા ગરીબાઇ તથા કષ્ટમાં કાઢયા તેનુ કારણ એ ગુણજ છે. તે ઘરમાંથી બહાર પડીને પહેલાં જે નિશાળના ઉપરીના હાથ નીચે કેટલાક દિવસ રહ્યો હતો, તેના હાથ નીચેજ 'જી હજુરીઓ' બનીને જો તે બેસી રહ્યો હોત અથવા તો સેક્રેટરી ઑફ સ્ટેટનો વડિલો મળ્યા પછીથી તેની ઇચ્છા પ્રમાણે જો તે વર્ત્યો હોત તો, મધ્ય વયમાં વેઠવી પડેલી મુશ્કેલી જતી રહીને તે આરામથી રહી શકત, પણ જે મનુષ્યો તેજસ્વી હોય છે તેમનાથી ધનવાનો કે મોટા લોકોની તાબેદારી વેઠી શકાતી નથી; તેમ જૉન્સન પણ ઘણોજ નિસ્પૃહ હોવાથી અને પોતે મનનો બળવાન હોવાથી મોટા લોકોનાં મન 'જી સાહેબ' કહીને હરી લેવાનુ તેનાથી બનતું નહિ. તે સિવાય બીજો ચમત્કાર તેનામા એ હતો કે બીજાની આગળ હાથ લંબાવવામાં તેને જેટલો કંટાળો હતો, તેટલોજ બીજાને આશ્રય આપવામાં તેની ઉત્કંઠા હતી. તે કષ્ટમાં રહીને ઘણી મુસ્કેલીથી પોતાનો નિર્વાહ કરતો હતો; છતાં પણ પોતાના ઇષ્ટ મિત્રના સમાચાર જાણવાને સર્વદા તત્પર રહેતો હતો. પછી તો તે કેટલાક નિરાશ્રિત માણસોને પણ પોતાના ઘરમાં રાખીને તેમને સર્વ રીતે સુખી રાખવાની સહનશીલતા અને ઉદારતા દર્શાવતો હતો. જૉન્સન અને તેના રાષ્ટ્રનો આ બીજો સાધારણ ગુણ છે. ઈંગ્રેજોને પોતાના સબંધમાં કેટલુ અભિમાન છે તથા સ્વતંત્રતાને તેઓ કેટલા ચાહે છે, તે અહિં વિસ્તારીને લખવાની જરૂર નથી. બીજા દેશોની પેઠે તેઓમાં પણ દરેક પ્રકરણમાં એકબીજા વચ્ચે મતભેદ હોય છે અને નિરંતર રાજ્યપ્રકરણમાં કલહ ચાલે છે, છતાં સંકટની વેળાએ સર્વે એક થઇને આખી પૃથ્વીને પણ

તેઓ ગજાવી મૂકે છે. આ બનાવ ઉપરથી તેમના સ્વાભિમાનનું સ્વરૂપ કોઇના પણ ધ્યાનમાં ઉતરશે. પરરાજ્યની વાત તો એક બાજૂએ મૂકો, પણ પોતાના રાજાનો જુલમ પણ સહન ન થઇ શકવાથી તેને પણ એક સમયે ગર્દન માર્યો હતો તથા એકને નસાડી મૂક્યો હતો. તેમના દેશમાં અમેરિકાના પ્રજાસત્તાક રાજ્યના સરખો સ્વતંત્રતાનો વાવટો ઉડે છે અને મોટાથી લઇને નાના સુધી સર્વ કોઇને પોતાની મરજીમાં આવે તે મુજબ લખવા તથા બોલવાનો સંપૂર્ણ અધિકાર છે.

ત્રીજો ગુણ દયાનો છે. આ ગુણના સંબંધમાં જૉન્સનના ચરિત્રમાં આગળ લખી ચૂક્યા છીએ. તે બહારથી જો કે ઉગ્ર અને ઉદ્ધત જણાતો હતો, પણ તેનું અંતઃકરણ અત્યંત દયાર્દ્ર હતું. **परदुःखेन दुःखिता विरलाः** એવું જે કહેલું છે તે અહિં લાગુ પડે છે. કોઇપણ માણસે તેના આગળ દુઃખ પ્રકટ કર્યું, તો તે યથાશક્તિથી તેનું સંકટ નિવારણ કરતો હતો. જે નિરાશ્રિત તથા દુર્બળ હોય તેમને માટે તેનું ઘર ધર્મશાળાના જેવું હતું, એવું તેના એક મિત્રે કહ્યું છે. તે પોતે થ્રેલના ઘરમાં હમ્મેશના પરોણાના જેવો રેહેતો હતો, ત્યારે પણ તેના ઘરમાં થોડું ઘણું મંડળ ભરાયલું હોય ને હોયજ. તેના પેન્શનમાંથી કેટલાકનો હમ્મેશનો નિર્વાહ ચાલતો હતો; પોતે એટલો તો આળસુ હતો કે બાર બાર ને બે બે વાગ્યા સુધી પથારીમાંથીજ ઉઠતો નહોતો, પણ છાપખાનાવાળા કદાચિત્ જો એમ કહેતા કે જો આજે વિષય આવશે નહિ, તો બીબાં ગોઠવનારને કામ નહિ મળ્યાથી તેમને આપવાસ પડશે, તો તે તરતજ ઉઠીને કામપર લાગતો હતો. એનુ નામ વિખ્યાત થયું હતું અને મોટા મોટા માણસોની જોડે તેને ઓળખાણ હતું તેથી તે પોતાના મિત્રોને માટે અથવા તેમની તરફથી બીજાઓને સેંકડો વખત સિફારસપત્રો આપતો હતો; તેમાંના ઘણા પત્રો બૉઝવેલે લખેલા ચરિત્રમાં જોવામાં આવે છે.

ચોથો ગુણ ધૈર્ય. ધૈર્ય બે પ્રકારનું છે. એક માનસિક તથા બીજું શારીરિક. માનસિક ધૈર્ય એટલે એક વખત જે સંકલ્પ કર્યો તેમાં પછી ગમે તેટલી અડચણો આવે તોપણ તેને પૂર્ણ કરવો અને જે પોતાના મનના પ્રમાણુસિદ્ધ સત્ય જણાય તે બેધડક બોલી દેખાડવું, લોક મતના અંધપરંપરાના ન્યાયને નહિ અનુસરતાં કેવળ સ્વતંત્ર બુદ્ધિથી તત્વશોધવાનો યત્ન કરવો ઇત્યાદિ છે. આ ગુણ જૉન્‌સનમા કેટલો હતો તે આગળ કહી ગયા છીએ. હવે બીજું જે શારીરનુ ધૈર્ય એટલે કે શરીરના બળપર આધાર રાખીને અડગ રહેવું. આ ગુણ તેનામાં પૂર્ણ હતો એવું કહેવામાં હરકત નથી. તે લશ્કરી ખાતામાં કદિ પણ દાખલ થયો નહોતો, માત્ર એકજ વખત લંડનમા છાવણીમાં રહીને નિશાન મારવાનો કંઇક અભ્યાસ તેણે કર્યો હતો; તોપણ એક ખરા સીપાહીનો મુખ્ય ગુણ જે ધૈર્ય તે તથા સમયસુચકતા હોય તે તેનામાં ઘણો હતો. તે શરીરે સારો મજબૂત હતો તેથી મારામારી કરવાની આવતાં પણ તે પાછો પડતો નહોતો. બોઝવેલના ગ્રન્થમા લખ્યું છે કે એક વખત મધ્યરાત્રિએ જૉન્‌સન પોતાના નિત્યક્રમ પ્રમાણે જાગતો બેઠો હતો; એટલામાં એકદમ તેના બારણામાં કોઇએ મોટા અવાજો કરવા માંડયા; તે સાંભળતાં સઘડીમાંનો મોટો ચીપીઓ તથા સઘડી ખોતરવાનો લોઢાનો સળીઓ લઇને તેણે દરવાજો ઉઘાડયો. જૂએ છે તો દરવાજો ઠોકનારા ચોર નહોતા પણ કૉલેજના બે સ્નેહીઓ હતા. પછી તેમની સાથે બહાર ફરવા નીકળી પડીને ધીંગામસ્તી કરતો કરતો છેક પહોર દહાડો ચઢયે તે ઘેર આવ્યો હતો. તે પ્રમાણે બોઝવેલની જોડે સ્કૉટલૅંડમાં પણ તેણે જે મુસાફરી કરી હતી તેમાં પણ ઘણીક વેળાએ સમુદ્રમાં વરસાદ આવીને હોડી ડૂબી જાય એવા પ્રસંગો આવ્યા હતા તથા ઇંગ્લૅંડમાં બન્નેના મરી ગયાના સમાચાર સુદ્ધાં વર્તમાનપત્રમાં જાહેર થયા હતા, પણ આવા પ્રસંગમાં

જાન્સન જરા પણ ડર્યો નહોતો. બોઝવેલ જો એરે પ્રસગે ભય દેખાડતો, તો તે ઉલટો ગુસ્સે થતો હતો. તેના મિત્રમંડળમાં બોકલાર્ક નામનો એક ખાનદાન ગૃહસ્થ હતો. તે જ્યારે પોતાના ખેતીવાડીના બંગલામાં જઇને રહેતો હતો ત્યારે જૉન્સન તેના ઘરમાં આતિથ્યનો અનુભવ કરવા માટે કોઇ કોઇ વખતે જતો હતો. એ પ્રસંગનુ વર્ણન કરતાં બોકલાર્કે પોતાના મિત્રોને કહ્યું હતું કેઃ મ્હારા દરવાજા ઉપર એક મોટો કુતરો પાળેલો હતો, તે એવો મોટો હતો કે હોશિયાર ચોરને પણ કરડયા વગર રહે નહિ, પણ જૉન્સન તેની કંઈ પણ દરકાર રાખતો નહોતો. એક વેળાએ બન્ને વચ્ચે બાઝાબાઝી થઇ; કુતરો તેના શરીર ઉપર ધસી આવ્યો અને એ કુતરાના માથા ઉપર જૉન્સને બે ઠોસા લગાડીને તેને નસાડી મૂક્યો હતો. છેવટના કલેશ દાયક મદવાડમાં પણ જૉન્સને ધૈર્યવૃત્તિ ધારણ કરી હતી. પેટમાંનુ પાણી કાઢવા માટે તેણે ઘણી વેળા શસ્ત્રપ્રયોગ કરાવ્યા હતા. એ સમયે ડૉકટરો પણ ભય રાખતા હતા; પણ તે પોતે તો બિલકુલ ભય કરતો નહોતો; તેમજ તેનુ મૃત્યુ પણ ઘણુંજ શાન્તિથી થયુ હતું. આ ગુણ પણ જૉન્સનના દેશમાં અગ્રેજોમાં ઠીક નજરે પડે છે. આ બે રીતની ધીરજ અગ્રેજ લોકોમા કેટલી છે તે વિષે તેમનો ઇતિહાસ જ નહિ, પણ આખી દુનિયાનો ઇતિહાસ સ્પષ્ટ રીતે કહે છે.

સ્વકીય તથા સ્વદેશ વિષે પ્રેમ—આ વૃત્તિ જૉન્સનમાં જેમ બળવાન હતી તેમજ તેના દેશબંધુઓમાં પણ તેવીજ જોવામાં આવે છે. સ્વકીય વિષે પ્રેમ એટલે માબાપ વગેરે વડિલ માણુસો ઉપર ભક્તિ, ઇષ્ટ મિત્રો પ્રત્યેનો સ્નેહ વગેરે છે અને સ્વદેશ પ્રીતિ એટલે પોતાના રાજાના ઉપર નિષ્ઠા, ધર્મ વિષે પૂજ્ય બુદ્ધિ અને સામાન્ય રીતે સર્વ ઉપર યોગ્ય મમતા એ છે. ઉપલી જૂદી જૂદી વૃત્તિયો જૉન્સનમાં કેવી હતી તે આગળ જણાવી ગયા છીએ; હવે

એ તેના રાષ્ટ્રમાં છે કે નહિ તે માત્ર લખવાનુ રહ્યું છે. પહેલી સ્વકીય વિષેનું ખેંચાણ ઇંગ્લૅંડમાં કેટલું છે તે વિષે બીજું કંઇ પણ ન કહેતાં—homey hearth–ઇત્યાદિ શબ્દમા કેટલો પ્રેમ એકઠો થયો છે તથા અંગ્રેજી કવિતામાં તે વિષે કેટલું સહૃદયત્વ હોય છે એ ઉપરથી આનો ખ્યાલ આવશે. તેમજ કોઇ પ્રખ્યાત મનુષ્યનું ચરિત્ર વાંચ્યાથી તેમાં પણ ઘણુ કરીને, ઉપરનો પ્રકાર નજરે પડશે. અગ્રેજો સર્વ દેશમાં જાય છે પણ ત્યાં પોતાનો ધર્મ છોડતા નથી; તેઓ ચીનમાં જઇને ચીના બનતા નથી, તેમજ હિન્દુસ્તાનમાં આવીને હિન્દુ અગર મુસલમાન બનતા નથી. પોશાક પણ તેમનો હોય છે તેજ રાખે છે. તે ઉપરથી સિદ્ધ થાય છે કે, તેઓ પોતાના દેશ તથા રીત રિવાજ ઉપર અપાર પ્રેમ રાખે છે. તેમજ તેઓ પોતાનાં માબાપપર પણ અપૂર્વ સ્નેહ રાખે છે.

બીજુ સ્વદેશ વિષે પ્રેમ તેનું સ્વરૂપ આગળ આપી ગયા છીએ. તે ઉપરથી જણાશે કે દરેક બાબતમાં અગ્રેજ લોકોનુ પોતાના દેશપર જે અભિમાન જણાય છે તથા કોઇ રીતે દૂષણ સાંભળતાં જ તેમના પગની આગ માથામાં જઇ પહોંચે છે, એજ તેમની સ્વદેશભક્તિનું સત્ય દર્શન છે.

પ્રકરણ ૨૧ મું.

દોષોનો ઉલ્લેખ–તોછડાઇ–દુરાગ્રહ.

પાછલા પ્રકરણમાં જૉનબુલ અને તેના દેશ બધુંઓના ગુણોનું કેટલુક વર્ણન કરેલુ છે, હવે તેના અવગુણનું પણ વર્ણન કરવું જોઇએ. મનુષ્યોમાં જેમ ગુણદોષ થોડા કે વધુ પ્રમાણમાં હમ્મેશાં સાથે રહેલા હોય છે, તે પ્રમાણે રાષ્ટ્રમાં પણ હોય છે એ વાત ખૂલ્લીજ છે.

આગળ કહી ગયા છીએ કે, નિશ્ચય તથા અભિમાન આ ગુણો જૉન્સનમાં ઘણા પ્રમાણમાં હતા, તે તેના દેશમાં પણ જોવામાં આવે છે. આ ગુણનો અનુષંગી દોષ એ તોછડાઇ છે. નિસ્પૃહપણાથી ચાલવાની તથા કોઇની પણ દરકાર ન કરતાં સ્વતંની હિમ્મત ઉપરજ દરરોજ રહેવાની જેને ટેવ પડી હોય છે તેની પ્રકૃતિ કંઇક તપેલી રહે છે. કોઇની પણ તાબેદારીમાં ન રહેવાથી, તેની ગરજ નહિ પડ્યાથી અર્થાત્ કોઇને વિનંતિ કરવાની જરૂર નહિ પડ્યાથી એકલપેટાનો તથા તોછડાઇનો અવગુણ તેમા સામેલ થાય છે. જૉન્સન વિષેનાજ ઉલ્લેખમાં પહેલાં ઘણી વખત કહ્યું છે કે, કોઇ ગમે તેટલો મોટા અધિકારવાળો હોય અથવા તેનો ઘણો ઓળખીતો હોય, તોપણ વખત આવ્યાથી તે પોતાની તોછડાઇનો ભાવ પરિપૂર્ણ રીતે પ્રકટ કરતો હતો તથા તેનો સ્વભાવ ઘણોજ સજ્જન હોવા છતા પણ તેની એવી પ્રકૃતિને લીધે લોકો તેનાથી દૂર રહેતા હતા. સામાન્ય રીતે અગ્રેજ લોકોનો દેશ યૂરોપથી અલગ પડવાને લીધે તેમનામાં બેપરવાઇ તથા તોછડાઇનો ગુણ જેવો જણાય છે તેવો યૂરોપના અન્ય દેશોમાં જણાતો નથી. જો કે આવી વૃત્તિથી તે દેશનુ કેટલેક અશે ભલુ પણ થયુ છેજ, છતા તે વૃત્તિ દોષરૂપ ગણાય છે એમા તો સદેહ નથી.

બીજો એક મોટો દોષ ઉપર લખેલા ગુણથી ઉત્પન્ન થાય છે તે દુરાગ્રહ છે. બોઝવેલનું લખેલુ ચરિત્ર વાંચનારને જૉન્સન જેવા મોટા તથા યુક્ત બુદ્ધિના માણસમા પણ કેટલોક વિલક્ષણ દુરાગ્રહ હતો, તે સ્પષ્ટ જણાય છે અને તે વાંચનારને અતિશય આશ્ચર્યચકિત કરે છે એશિયાખડને દૂર રાખો તથા અપ્રસિદ્ધ રાષ્ટ્રની વાતને છેટે રાખો, તોપણ ફ્રાન્સ તથા સ્કૉટલૅડના જેવા પાસેના દેશ તથા ગ્રીક રોમના જેવા બધા અર્વાચીન સુધરેલા દેશના મૂળ સ્તંભ તથા જગત પ્રસિદ્ધ રાષ્ટ્રો પણ એ મહાપડિતના તડાકામાથી બચ્યાં નથી.

સર્વ ઉપર વખતો વખત તેના વાક્શસ્ત્રનો તીવ્ર પ્રહાર થયો છે. ગ્રીક તથા રોમન લોકોના સબંધે જૉન્સને એક સમયે એવો મત પ્રદર્શિત કર્યો હતો કે તે સામાન્ય રીતે જોતાં જંગલી જ હોવા જોઇએ, કેમકે તેઓના છાપખાનાં નહિ હોવાથી જ્ઞાન પ્રસાર કરવાનું સાધન તેમને સાધ્ય નહોતું. સ્કૉચ તથા ફ્રેન્ચ સંબંધે પણ તે સર્વદા ઘણો જ તિરસ્કાર પ્રકટ કરતો હતો. તે કહેતો હતો કે આ લોકોના જેવા ગદા લોકો બીજા કોઇ પણ નથી. આ ભયંકર આરોપનુ કારણ એટલુંજ થયું કે તે પારિસમાં હતો ત્યારે એક ફ્રેન્ચ ચાકર જમીન ઉપર થુંકીને તે થુકથી પોતાના બુટ સાફ કરતો જૉન્સનની નજરે પડયો હતો; તેમજ એડિનબરોના હૉટલમાં તે ઉતર્યો હતો ત્યાં તેણે ખાડ માગી તો એક ચાકરે હાથમાં લાવીને તેને આપી. આથી જૉન્સનને એટલો બધો ગુસ્સો ઉપજ્યો કે તેને તે નોકરને ઉંચકીને બારીમાથી નીચે નાંખી દેવાની ઇચ્છા થઇ!' હિનિશ્યિન જાતિના માણસો પ્રાચીનકાળમાં મોટા નામાંકિત નાવિકો હતા અને જ્યારે હોકાયત્રની માહિતી અજ્ઞાનાવસ્થામા હતી તથા સમુદ્રના નકશા વગેરેનુ બિલકુલ સાધન નહોતું, એવા સમયે આખા ભુમધ્ય સમુદ્રમા ફરતા હતા. બ્રિટનના જેવા દૂર આવેલા બેટોમાં તેમનો વ્યવહાર ચાલતો હતો. આ ઉપરથી તો તેમના નાવિક જ્ઞાનનુ તથા હિમ્મતનુ ઘણુંજ આશ્ચર્ય લાગે છે! પણ એવા લોકો સુદ્ધા જૉન્સનના સપાટામાથી બચ્યા નથી. એક પ્રસંગે તેમની નાવિક વિદ્યાનાં કોઇ વખાણ કરતો હતો તે સાભળીને જૉન્સને કહ્યું "કેમ! તેની મોટી તારીફ કરો છો કે? કુતરાં તરતાં નથી કે?" ચીના જંગલી છે કે સુધરેલા એ વિષય સબંધી એક પ્રસગે ગુરૂ શિષ્યમાં વાદવિવાદ ચાલ્યો હતો. બૉઝવેલ આ બીચારા પ્રાચ્ય રાષ્ટ્રની તરફદારી કરીને બોલ્યોઃ "ચીનની જાતિ જ્ઞાનસપન્ન છે." ગુરૂએ

તરત તેના આંખમાં કાજળ નાખીને તેનો ભ્રમ દૂર કર્યો, "અરે ભાઇ, વાસણો બનાવવાની કળા તે જાણે છે ખરા !" બીજા એક પ્રસંગે હિન્દુસ્તાનનો પ્રસિદ્ધ સેનાપતિ સર એ કુટૂએ તરતમાં હૈદરઅલીનો પરાભવ કરીને મદ્રાસ ઇલાકાને બચાવ્યો હતો. તેના ઘરમાં ભોજન સમયે અરેબીઅનોની વાત નીકળી. કુટૂને અરબસ્તાનમાંથી આવ્યાને ઘણો સમય થયો નહોતો, તેથી રસ્તામાં તે દેશની સ્થિતિ જે પોતે નજરે જોઇ હતી તેની તારીફ કરીને પ્રાચ્ય દેશની પ્રસિદ્ધ પ્રમાણિકતા તથા શૌર્યનું તે વર્ણન કરતો હતો. એ વર્ણન આપણા પાશ્ચિમાત્ય પંડિત શિરોમણિને સહન નહિ થયાથી તેણે તેની નિંદા કરી ! આ બધી જૂના સમયની વાતો થઇ. નવા જગતમાં અંગ્રેજોએ વસાવેલુ એક મોટું રાજ્ય છે, એ અમારા વાંચનારાઓમાંથી ઘણા જાણતા હશે. આ રાજ્ય જૉન્સનના વખત સુધી ઇંગ્લૅંડના તાબામાં હતું, પણ તેની હયાતીના છેલ્લા દિવસોમાં વસાયત કરનારાઓએ ઈંગ્રેજોના કરની બાબતમાં તકરાર કરી તેથી છેવટે યુદ્ધનો પ્રસંગ આવ્યો હતો, તે છતાં વસાયત કરનારાઓ નહિ ડગતાં તેઓએ મોટી હિમ્મતથી પોતાનો બચાવ કરીને ઇંગ્લૅંડનો પરાભવ કર્યો આ બનાવ જૉન્સન મૃત્યુ પામ્યો તેના એક વર્ષ પૂર્વે બન્યો હતો, ત્યારથી યુનાઇટેડ સ્ટેટ્સ (સંયુક્ત સંસ્થાન) આ નામનુ અમેરિકાનુ નવું રાજ્ય સ્થાપિત થયું હતું. સ્વાતંત્ર્ય તથા ઉન્નતિ આ બે સંબંધથી જોતા તેના જેવું રાજ્ય આજે આખા ભૂમંડળમાં એક પણ નથી એવી તેની સર્વત્ર કીર્ત્તિ છે, તથા વૉશિંગ્ટન, ફ્રાંકિસન એના જેવા જગત્માન્ય પુરૂષો જૉન્સનના વખતમાં સ્વદેશને ભૂષિત કરતા હતા, પણ કંઇજ નહિ, એક રાજનિષ્ઠાનું જ તત્વ જૉન્સનના હૃદયમા પૂર્ણ ઠસી ગયુ હતું. ન્યાયપક્ષના સંબંધી અભિમાન, ગુણિજનોના સંબંધી પૂજ્યબુદ્ધિ વગેરે સર્વ વૃત્તિઓ તેનામાંથી એક ક્ષણમાંજ લીન થઇ ગઇ. તેણે

પોતાની કલમના સામર્થ્ય ઉપર રાજ્યક્રાન્તિના પ્રસંગમાં અન્યાયની તરફદારી પ્રકટ કરી હતી, એ આગળ લખી ગયા છીએ. અમેરિકન લોકો વિષે જૉનસનમાં મોટો દુરાગ્રહ હતો. ઈંગ્લૅંડનું વીરત્વ ચારે બાજૂએ ગાજતું હતું તેથી માત્ર તેનું નામ નીચું પડયું, તે તેને મુદ્દલે પસંદ નહિ પડવાથી તે તેના ઉપર નિત્ય હોઠ પીસતો હતોઃ— "તેને બાળી નાખવું જોઇએ"—"એક મૃત્યુની શિક્ષા સિવાય બાકીની કોઇ પણ સજા અમે તેને આપીએ તેને માટે તેઓએ અમારો ઉપકાર માનવો જોઇએ" આવા ભયંકર તથા ક્રૂરતાના વાક્યો તેના મુખમાંથી તે લોકોના સંબંધી સર્વદા સંભળાતાં હતા. અમેરિકનનુ નામ નીકળતાં જ તે ક્રોધથી લાલપીળો થઇ જતો હતો. એક વખતે તેણે કહ્યું હતું કે—" આખી દુનિયાને હુ મિત્ર પ્રમાણે ગણું છુ, માત્ર અમેરિકનોનેજ નથી ગણતો." ઉપલા ઉદાહરણોથી અમારા વાંચનારાઓના લક્ષમાં સહજ આવશે કે જૉનસનના વિચાર પ્રમાણે જે જે ગુણો પ્રશંસનીય ગણાય તે સર્વે ગુણો તેના રાષ્ટ્રમાં છે.

પ્રકરણ ૨૨ મું.

ચરિત્રમાંથી બોધ—સર્વદા ઉદ્યોગ—ગૃહાચાર.

પાછલા પ્રકરણોમાં જૉનસનનુ ચરિત્ર કથન અને સામાન્ય રીતે તેના સ્વભાવનું વર્ણન તથા અંગ્રેજોના ગુણોનુ વર્ણન કર્યું. હવે આ ચરિત્રમાંથી કેટલીક મહત્વની વાતો શીખવા જેવી છે તે સ્પષ્ટ રીતે જણાવવાની જરૂર છે; કેમકે તેમ કર્યાથીજ ચરિત્ર લખવાનો મૂળ ઉદ્દેશ સિદ્ધ થાય છે.

જૉનસનના સમગ્ર ચરિત્રનું અવલોકન કર્યાથી પહેલી મોટામાં મોટી વાત એ ધ્યાનમાં આવે છે કે જૉનસન એ પુસ્તક વેચનારનો છોકરો થઇને

જે અપ્રતિમ યોગ્યતાને પામ્યો, તે તેની વિશાળ બુદ્ધિનુંજ ફળ છે. પણ એ ઉન્નતિમાં બુદ્ધિ કરતાં નિશ્ચયનું બળ વિશેષ કારણભૂત થયું છે એવું કહેવું જોઈએ. એ બળ જેને અનુકૂળ નથી તે પછી ગમે તેટલો તીક્ષ્ણ બુદ્ધિનો હોય તોપણ તે બુદ્ધિ તેને કઇ પણ કામમાં આવતી નથી. હવા સિવાય અગ્નિ જેમ નિર્બળ થાય છે તેમજ તેજસ્વી બુદ્ધિ હોય પણ દઢ નિશ્ચય ન હોય તો તે કેવળ નિરૂપયોગી થાય છે. જે કામ હાથમાં લીધું હોય તે પૂર્ણ કરવામાં એવા દઢપણાથી વળગી રહેવું જોઇએ કે, તે જરૂર સિદ્ધ થવુંજ જોઇએ. એવા નિશ્ચયનો માણસજ વિખ્યાતીને પામે છે, જૉનસને કહેલું છે કે મોટાં મોટાં કામો થાય છે તે માત્ર બુદ્ધિ સામર્થ્યથી જ થતાં નથી; પરંતુ સતત ઉદ્યોગ અને ધૈર્ય બળથીજ થાય છે. અગ્રેજી જેવી પરિપક્વ ભાષાનો કોષ કરવાનું પહેલવહેલું કામ માત્ર એકજ માણસને માટે કેટલુ બધુ કઠિન છે? એ કામ કરવાને માટે કેટલા બધા સાહસની અને ધૈર્યની જરૂર હતી? કેટલો બધો શ્રમ કરવાની જરૂર હતી? જો એવું મોટું તૈયાર થયેલુ પુસ્તક કોઇને માત્ર વાચવા યાતો ઉતારોજ કરવા આપ્યુ હોય તો તેને કેટલો બધો બોજો તે ગણશે? આમ છતા તે પણ કોષ જૉનસને પુરો કર્યો હતો; અને વચમા ઘણાં કષ્ટો તથા દુઃખ આવ્યાં તોપણ તેનાથી તે દૂર થયો નહિ. તેની ગરીબાઇમાં તેણે એક કાવ્ય રચ્યું, એક નાટક સપૂર્ણ કર્યું; અને તેના ગ્રન્થમાં ઉત્તમ ગણાયલા રાબલરનાં બસો પ્રકરણો લખ્યા! આટલુ કરીને પણ તે થાકયો નહિ. કોષ તૈયાર કરીને ગ્રાહકોના હાથમાં જઇને તે પડયો તથા તેના આખા રાષ્ટ્રના અભિમાનનુ તથા હર્ષનું કારણ તે થયો; પણ કોષકારની અવસ્થા કેવી? ઇગ્રેજી ભાષારૂપ સમુદ્રમાં જો કે તે બધે ફર્યો હતો અને મુસાફરી કરતો કરતો જ્યાંથી નીકળ્યો હતો ત્યાં પાછો આવી પહોંચ્યો હતો; આટલો મોટો ડુંગર ચઢયો ને

ફર્યો છતાં પણ તેના હાથપગની ગાંઠો જેવીને તેવીજ રહી હતી. આવી વિપત્તિમાં જૉન્સને આટલા મોટા મોટા ગ્રન્થો રચ્યા તથા પોતાનું સઘળું આયુષ્ય વિદ્યા સંપાદનમાં અને વિદ્યા પ્રસાર કરવામાં ખર્ચ્યું, એ શું કંઇ થોડા આશ્ચર્યનો વિષય નથી? આ ચરિત્રમાંથી સર્વ લોકોએ સર્વદા ઉદ્યોગ કરવાનો ઉપદેશ લેવો જોઇએ.

જૉન્સનના ચરિત્ર ઉપરથી બીજી શીખવાની વાત એ છે કે તેની રીતભાત માયાવાળી હતી; સ્ત્રી ઉપર તેનો બહુ પ્રેમ હતો, તેમ નોકર ઉપર પણ ઘણો પ્રેમ હતો. વળી મિત્ર ઉપર પણ તે ઘણો સ્નેહ રાખતો હતો તથા દુખી ગરીબ માણસ ઉપર તેનું ઘણું હેત રહેતું. માબાપની ઉપર પોતાની ફરજ અદા કરવામાં આ ચરિત્રથી ઘણો જ બોધ લેવા જેવો ઉપદેશ મળે છે. જૉન્સન પોતાનો ગુજારો કરવા માટે લંડનમા આવીને રહ્યો હતો, અને તેની કીર્ત્તિ તો બધા વિદ્વન્મંડળમાં જો કે ગાજી રહી હતી તોપણ તેણે પોતાની માની કદિ પણ અવગણના કરી નહોતી. પહેલાંની પેઠેજ તેના ઉપર તે ઘણી ભક્તિ રાખતો હતો અને તેની ભક્તિ આખર સુધી જેવીને તેવીજ હતી. તે છેવટ સુધી તેના નામથી પ્રાર્થના કરતો હતો.

દ્વિતીય ખંડ.

પ્રકરણ ૧ લું.

જૉન્સનના વાદવિવાદ.

સેમ્યુઅલ જૉન્સન આઠ નવ વર્ષની ઉમરનો હતો ત્યારે એક દિવસે તેની માતાએ તેને ધર્મ પુસ્તકમાંની ચાર કડીઓ ગોખવાને માટે એક સ્થાને બેસાડયો તથા તે તૈયાર ન થાય ત્યાં સુધી એ સ્થાનેથી ઉઠવું નહિ એવી આજ્ઞા કરી તેની માતા તે સ્થળેથી મેડા ઉપર ચાલી ગઇ.

માતા મેડા ઉપર જઇ પહોંચી કે તુરતજ સેમ્યુઅલ પણ તેની પાછળ પાછળ ઉપર ગયો. સેમને ઉપર આવેલો જોઇ તેની માતાએ પ્રશ્ન કર્યો:—"સેમ! મ્હેં ના કહ્યું હતું તો પણ તું શા માટે ઉપર આવ્યો?"

સેમ્યુઅલે ઉત્તર આપ્યો કે:—"મ્હેં આપે સોંપેલા શ્લોકો તૈયાર કર્યા છે." આમ કહી તે શ્લોકો ઝડપથી બોલી ગયો! બહુ બહુ તો તેણે એ શ્લોકો બે વખત જ વાંચ્યા હશે!!

• જૉન્સન પોતાની દશ વર્ષની ઉમરે લૅટિન ભાષા શીખવા લાગ્યો આ ભાષા તેને હંટર નામના એક શિક્ષકે શીખવી હતી. આ ગુરૂના સંબંધમાં જૉન્સન પોતાની પ્રૌઢાવસ્થામાં જણાવે છે કે:—"તે ઘણોજ

નિર્દય હતો. તેની નિર્દયતાનું કાંઈ વાસ્તવિક કારણ જણાતું નહોતું. તે અમને નિર્દયતાથી સોટીઓના સપાટા લગાવતો. આળસ તથા અજ્ઞાન વચ્ચે શું ભેદ છે તે એ કદાપિ સમજી શક્યો હોય એમ જણાતું નથી. પોતે નહિ શીખવેલી બાબતનો પ્રશ્ન એ વિદ્યાર્થીને કરતો અને તે પ્રશ્નનો ઉત્તર જો વિદ્યાર્થી તરફથી મળતો નહિ તો પણ એ શિક્ષા કર્યા સિવાય રહેતો નહિ. તોપછી વિદ્યાર્થીની બેદરકારીને લીધે કોઇ શીખવેલી બાબતના પ્રશ્નનો ઉત્તર તેને ન આવડે તો તે શિક્ષા કર્યા સિવાય રહેજ શાનો ? આમ હોવાથીજ તે પોતાના આળસ તથા વિદ્યાર્થીના અજ્ઞાન વચ્ચેનો ભેદ સમજી શક્યો નહોતો."

આમ છતાં પણ જૉન્સન આ હંટર સાહેબનો ઘણો આભાર માને છે. તેના મિત્ર લોંગ્ટને એક દિવસે તેને એવો પ્રશ્ન કર્યોઃ-"તમે લૅટિન ભાષાનુ આવું ઉત્તમ જ્ઞાન ક્યાંથી પ્રાપ્ત કર્યું ?"

આ પ્રશ્નના ઉત્તરમાં જૉન્સને જણાવ્યું કેઃ-"મ્હારા ગુરૂએ મને શિક્ષા કરવામાં કોઈ પણ પ્રકારે પાછી પાની કરી નહોતી; તેથી કરીનેજ અત્યારે આપને મ્હારૂ જ્ઞાન ઉત્તમ લાગે છે. જો મ્હારા એ ગુરૂએ મને શિક્ષા કરી ન હોત તો મને કાંઇ પણ આવડતું ન હોત."

હેક્ટર કરીને જૉન્સનનો સહાધ્યાયી સ્નેહી હતો. તે એવું કહેતો કેઃ-"શાળાની અંદર જૉન્સનને જે શિક્ષણ મળતું તે બોલવા ઉપરથી અથવા તો બીજા વિદ્યાર્થીને રમત કરાવવા ઉપરથી મળતું હતું. તેનો સ્વભાવ ઘણોજ આળસુ હોવા છતાં જ્યારે જ્યારે તે ધ્યાનપૂર્વક કાર્ય કરવા બેસતો ત્યારે પોતાનું કાર્ય પૂર્ણ કરીને જ ઉઠતો. તે વખતે તેની સાથે મહેનત કરવામાં કોઇ હરિફાઇ કરી શકે તેમ નહોતું."

મનુષ્યના ગુણાવગુણ બાલ્યાવસ્થામાંથીજ જણાઇ આવે છે, એવું જે કહેવામાં આવે છે તે સર્વથા સત્ય છે. જૉન્સને પોતાની

બુદ્ધિમત્તાથી પોતાની વૃદ્ધાવસ્થામાં જનસમાજને જેમ આશ્ચર્ય પમાડયું હતું, તેમજ બાલ્યાવસ્થામાં પણ તેણે પોતાના જ્ઞાનના બળથી વિદ્યાર્થીવર્ગને તથા શિક્ષકવર્ગને આશ્ચર્ય ચકિત કરી દીધા હતા. વળી તે પોતાના વર્ગના પ્રત્યેક વિદ્યાર્થીને અભ્યાસ કરવાના કાર્યમાં સહાયતા કરતો. તેની બાલ્યાવસ્થાની ઉત્તમ બુદ્ધિની સાક્ષિને માટે આ કાંઇ થોડું નહોતું. બાલ્યાવસ્થામાં જે બાળકોની બુદ્ધિ આવી હોય છે તેઓ ભવિષ્યમાં માનવ જાતિના ભુષણરૂપ થયા સિવાય રહેતા નથી. પોતાના વિદ્યાર્થી જીવનના સમય સબધી વાતચીત કરતાં તેણે પોતાના મિત્ર બોઝવેલને કહ્યું કે.—" હું આટલો બધો હોશિયાર છું—જોન્સન આટલો બધો હોશિયાર છે એમ કહીને મ્હારા મિત્રોએ કદાપિ મ્હારી સ્તુતિ કરી નથી, પરંતુ અમુક ગૃહસ્થ જૉન્સન જેટલો વિદ્વાન છે, એમ તેઓ હમ્મેશાં કહેતા."

યુવાન અવસ્થામાં જ જૉન્સનના મન ઉપર ધર્મ ભક્તિના સંસ્કારો ઉત્તમ પ્રકારના પડયા હતા એમ દેખાય છે. ઈ. સ. ૧૭૩૬ના સપ્ટેબર માસની ૭ મી તારીખે તેણે સ્વહસ્તે એક ઠેકાણે એવું લખી રાખ્યું છે કે—" આજે મને અઠ્ઠાવીસમુ વર્ષ બેઠું. આ વર્ષ મ્હારૂં એવું પસાર થાઓ કે જેથી અંતકાળે તથા પાપ પુણ્યના ન્યાયને દિવસે મને સુખ શાંતિની પ્રાપ્તિ થાય! આ વિનતિ હું તને પ્રભુ ઇશુ ખ્રિસ્તના નામથી કરૂં છું. આમિન!" આ ભક્તિના ઉદ્‌ગાર તરૂણ મનુષ્યના અંતઃકરણને સત્ય રીતે ભુષણપ્રદ છે.

જૉન્સન બાલ્યાવસ્થાથી જ ઘણો રસિક હતો, તથા તેને શૃગાર ઘણો પ્રિય હતો. આમ છતાં તેની તારૂણ્યાવસ્થામા તેના હાથે કોઈ પણ પ્રકારનુ કુકર્મ થયુ નથી એમ તેનો મિત્ર હેક્ટર ખાત્રીપૂર્વક જણાવે છે. તે કહે છે કે:—" જૉન્સનને દારૂ પીવાનું જબરૂં વ્યસન હતું, તોપણ દારૂ પીને તે તેની સમગ્ર જીંદગીમાં ભાગ્યેજ

એકાદ વખત કરતાં વિશેષ સમય બેભાન બની ગયો હશે."

પોતાની આડત્રિસ વર્ષની વયે જૉન્સને ઇંગ્રેજી ભાષાનો કોષ લખવાની શરૂઆત કરી. એવામાં ડૉકટર આદામ એ નામનો એક તેનો મિત્ર તેને મળવા ગયો ત્યારે આદામે આશ્ચર્યતાથી પ્રશ્ન કર્યો:—"મી. જૉન્સન! તમે જે કામ માથે ઉપાડયું છે તે તો ઘણુંજ મોટું છે; આપ એટલા બધા શબ્દોની વ્યુત્પત્તિ કેવી રીતે મેળવી શકશો?"

જૉન્સને ઉત્તર આપ્યો:—"ઓહો! એમાં તે શું છે? આ કબાટો ભરેલાં છે. સિવાય વેલ્સ ભાષાની કહેવતોનું પુસ્તક જે ગૃહસ્થે પ્રસિદ્ધ કર્યું છે તે વેલ્સ શબ્દોની વ્યુત્પત્તિ આપનાર છે."

આદામે કહ્યુ:—"એ તો ઠીક; પરન્તુ આવું મહાન કાર્ય ત્રણ વર્ષમાં કેવી રીતે પૂર્ણ થઇ જશે."

જૉન્સને દૃઢતાથી કહ્યું:—"તે માટે મને લેશ માત્ર પણ શકા નથી. હું ત્રણ વર્ષમાં આ કાર્ય પૂરું કરીશ."

આદામે પ્રશ્ન કર્યો:—"પરન્તુ ફ્રેંચ ભાષાનો સપૂર્ણ કોષ તૈયાર કરવાને માટે ચાલીસ પંડિતોને ચાલીસ વર્ષ લાગ્યા હતાં, એ તમે જાણો છો ને?"

જૉન્સને કહ્યું:—"હા, તે સત્ય છે, પણ તેનું પ્રમાણ આ પ્રમાણે છે; જુઓ! ચાલીસને ચાલીસે ગુણીએ તો સોળસેં અને ત્રણ એકુ ત્રણ એટલે એટલે ત્રણ ઇંગ્લીશ બરોબર સોળસેં ફ્રેંચ!!"

જૉન્સનનો કોષ ઉત્તમ થયો છે તથા જૉન્સન જાતે જ તે છપાવનાર છે એવું જાણવામાં આવ્યા પછી, કીર્ત્તિના લોભથી લૉર્ડ ચેસ્ટરફિલ્ડે તેને આશ્રય આપવાનો વિચાર કરી જૉન્સનને એક પત્ર લખ્યો હતો. તેનો ઉત્તર જોન્સને ઘણોજ વિચિત્ર આપ્યો હતો. તેણે એવું લખ્યું હતું કે:-"મુરબ્બી શ્રી! મ્હેં જ્યારે પ્રથમ આપની મુલાકાત લીધી

ત્યારે આપનાં પ્રેમપૂર્ણ વાક્યોથી મને ઘણોજ આનંદ થયો; પરંતુ પુનઃ જ્યારે હું આપનાં દર્શન કરવા આપને બંગલે આવ્યો ત્યારે મને કોઇએ અંદર પ્રવેશ સુદ્ધાં કરવા દીધો નહિ ! આ વાતને આજે સાત વર્ષ થઇ ગયાં છે. આ મુદત દરમિયાન મ્હેં અતિશય શ્રમ વેઠીને, અનેક અડચણોને ઓળગીને મ્હારો ગ્રંથ છપાવવાની તજવીજ કરી છે. આ કામમાં મને કોઇએ કશી સહાય કરી નથી અથવા તો આશ્રય આપવા સંબધી કોઇએ એક વચન સુદ્ધાં કહ્યું નથી; આથી કરીને હુ આપની આગળ મ્હારાં દુઃખો રડું છું એમ ધારશો નહિ; પરંતુ મ્હારૂં કોઇ પણ મનુષ્ય આટલું બધુ અપમાન કરશે એવું મ્હે કદાપિ ધાર્યું નહોતું, તથા અદ્યાપિ પર્યંત મને આશ્રયદાતા મળ્યો પણ નહોતો. આશા સ્વપ્નમાંથી જાગ્રત થયાને આજ કાલ કરતા ઘણા દિવસ થયા છે. એજ, તસ્દી માટે ક્ષમા કરશો.”

પોતાનો ઇંગ્રેજી ભાષાનો કોષ તૈયાર કરતા કરતાં જૉન્સને તેનાં કેટલાક પૃષ્ઠો પોતાના મિત્ર ડૉકટર બિચને જોવા માટે મોકલી આપ્યાં હતા તે સાથે તેણે એક પત્ર આ પ્રમાણે લખ્યો હતો કેઃ—

“ વિ વિ. મ્હારા કોષના જે પૃષ્ઠો હાલમાં મ્હારી પાસે છે, તે આજ રોજ તમને અવલોકનાર્થે મોકલી આપુ છુ. એ આપને પસંદ પડે અગર ન પડે તોપણ તે માટે મને કાંઈ લખી જણાવશો નહિ, એ વિનતિ છે. પ્રેમાવિર્ભાવમાં વૃદ્ધિ કરશો. ”

આ પત્ર ઉપરથી અનેક અનુમાનો કાઢી શકાય છે. પ્રથમ તો એજ કે પોતાનો કોષ તદ્દન ભૂલ વિનાનો છે એવી જોન્સનને સંપૂર્ણ ખાત્રી હોવી જોઇએ; તથા બિચનામા શુદ્ધાશુદ્ધની પરીક્ષા કરવાની શક્તિ નથી એમ જાણતો હોવો જોઇએ, યા તો ખરી તથા ખોટી જો કોઇએ અશુદ્ધિ દર્શાવી તો તેને સુધારવાને તેનો બિલકુલ વિચાર હોવો જોઇએ નહિ. કોઇની પણ સૂચના ઉપરથી પોતાનો લેખ ફેરવવે

નહિ એવો જો જૉન્સનનો નિશ્ચય હોય તો કોઇ ખરા દોષ બિચે દર્શાવ્યા હોત તો તેથી કરીને જૉન્સનને તેના ઉપર ખોટું લાગત, એ સિવાય તેનુ અન્ય કાંઈ પરિણામ આવત નહિ; આમ જોવા જઇએ તો તેનો પત્ર તેના વિચાર પ્રમાણેજ છે એમ સ્પષ્ટ માલૂમ પડી આવે છે. જે વાતનો ઉપયોગ થતો નથી અથવા કરવાનો નથી તેનો સ્વીકાર પણ શા માટે કરવો, એમ કદાચ તેની ધારણા હશે.

આ પ્રકારની એક વાર્તા પણ છે. એક નૌકા તોફાન થવાથી બૂડવા લાગી. અદરના સર્વ મનુષ્યો રૂદન કરવા લાગ્યા, પરંતુ એક મનુષ્ય તેમા એવો કુભકર્ણની માફક નિદ્રામા પડ્યો હતો કે, તે લોકોનો અતિશય ગરબડાટ હોવા છતા જાગ્રત થયો નહિ. તેને નિદ્રાધીન જોઇ પાસે ઉભેલા એક મનુષ્યે તેને ઉઠાડીને કહ્યુ: "અરે ! તમે સૂઇ કેમ રહ્યા છો ! આ સર્વે લોક બૂડી મરવા લાગ્યાં ને ? ! ઉઠો-ત્વરાથી ઉઠો."

તે મનુષ્યે જાગ્રત થયા પછી પોતાને ઉઠાડનાર મનુષ્ય તરફ અતિશય ક્રોધ પ્રદર્શિત કરતાં કહ્યુ: "હેં મૂર્ખાએ મને શા માટે જાગ્રત કર્યો ? હું જાગ્રત થયો તેથી કરીને આ નૌકા બૂડ્યા વિના ઓછીજ રહેનાર છે ! જો મને જાગ્રત કર્યો ન હોત તો જળ સમાધિ લેતા સુધી હુ સુખેથી આનદની નિદ્રામા સ્વસ્થ રહ્યો હોત ! હવે ડૂબતા સુધી મ્હારા આત્માને ફિકર થયા કરવાની કે નહિ ? ! આ ફિકરનુ કારણ તે ત્હારી મૂર્ખતાજ છે." જૉન્સનનો અભિપ્રાય પણ આ નિદ્રાધીન મનુષ્યના જેવોજ જણાય છે. અસ્તુ.

બોઝવેલે જૉન્સનનુ જે ચરિત્ર લખ્યુ છે તે ગ્રથ ઘણો મોટો છે. તેમા જૉન્સનનો પત્રવ્યવહાર તથા તેના વાગ્ચાતુર્યનો કોટિક્રમ આપવામાં આવેલો છે. તે ઉપરથી તેની સમયોચિત બોલવાની તથા

વાદવિવાદની શૈલી તથા હાથમાં લીધેલો પક્ષ સ્થાપિત કરવાની શક્તિ એ સર્વે ઉત્તમ પ્રકારે દેખાઇ આવે છે. વાચકોના મનરંજનાર્થે તેવી કેટલીક બાબતો હવે આપવામાં આવે છે.

જૉન્સન એક સમયે પુણ્ય પાપ સબંધી વાતચિત કરતા બોલ્યો હતો કેઃ—" **કૃત્યનું સારા ખોટાપણું કૃત્યના સ્વરૂપ ઉપરથી સમજવું નહિ પણ તેના હેતુ ઉપરથી સમજવું જોઈએ.** ધારો કે એક ભિખારી ચાલ્યો જાય છે, તેના માથામા મારવાના હેતુથી મ્હે ઘણાજ જોરથી તેના તરફ એક રૂપિયો ફેંકયો; આ રૂપિયો તેણે ઝીલી લીધો તથા તેનું અનાજ લાવીને ખાધું. આથી કરીને મ્હારા રૂપિયાથી તેનું સારૂ થયુ એ સત્ય છે, પરંતુ તેને દુઃખી કરવાનુ પાપ તો મ્હારા માથા ઉપર આવ્યા સિવાય રહેજ નહિ; કારણુ કે હેતુ પાપમૂલક હતો. આજ પ્રમાણે **ધર્મનાં કૃત્યો પણ જો આપણે હેતુપૂર્વક ન કરીએ તો તે આપણને કદાપિ ઉપયોગી થઇ પડે નહિ.** "

એક સમયે એક આઇરિશ મનુષ્ય પાસે બેસીને મનુષ્યના કાળા પણા સબંધી જૉન્સન વાદવિવાદ કરતો હતો, તે સમયે તેણે કહ્યુ: " મનુષ્યના કાળાપણાના ત્રણ કારણો કહી શકાય. કાળા લોક કાતો આપણા વંશજ હોવા જોઇએ, કાંતો ઇશ્વરે પ્રથમથીજ કાળા તથા ગોરા એવા બે પ્રકારના લોકો નિર્માણ કર્યા હોય એમ ધારી શકાય અથવા કાતો ઉષ્ણુતાને લીધે મનુષ્યની ચામડી કાળી પડી જતી હોવી જોઇએ." આ સંબધી પ્રાણીવિદ્યાવેત્તાઓએ પુષ્કળ વાદવિવાદ કર્યો છે પણ તેનું સત્ય કારણ અમુકજ છે, એવો નિશ્ચય થઈ શક્યો નથી.

એક સમયે બોઝવેલ આગળ તેના એક મિત્રે કહ્યું કેઃ ' આપ અમુક નાટકને ખરાબ કહી શકો છો ખરા, પરંતુ તમને નાટક

લખતાં તો આવડતું નથી.' આ વાત બોઝવેલે જૉન્સનને કહી સંભળાવી, ત્યારે તેણે કહ્યું કે: "નહિ નહિ, એ માણસનું કહેવું તદ્દન અયોગ્ય છે. તમને નાટક લખતા ન આવડતું હોય તોપણ ખોટાને ખોટું કહેવામાં કાંઇ હરકત નથી સુતારે જો મેજ ખરાબ તૈયાર કર્યું હોય તો તેને ખરાબ કહેનારને પોતાને મેજ બનાવતાં આવડવું જોઇએ એવો કાંઇ નિયમ નથી; કારણ મેજ કરવુ એ એમનો ધંધો નથી."

ઇંગ્લૅંડની રાજ્યવ્યવસ્થામાં એવો એક સિદ્ધાન્ત છે કે રાજાના હાથથી કદિ પણ અન્યાય થતોજ નથી. આ સબંધી જૉન્સન અને તેના મિત્ર ગોલ્ડસ્મિથ વચ્ચે એક દિવસે વાતચીત ચાલી. ગોલ્ડસ્મિથે આગ્રહ પૂર્વક એવું કહ્યુ કે: "જે નીતિની દૃષ્ટિથી ખોટું હોય તે રાજ્યવ્યવહારની દૃષ્ટિથી ખરૂં ઠરી શકે નહિ. માટે રાજાને હાથે પણ સ્વાધિકારને લીધે ખોટૂં થવાનો સંભવ છે, એમ કહેવાને હરકત નથી."

આ ઉપર જૉન્સને ઉત્તર આપ્યો કે:–"અરે કાંઇક વિચાર તો કરી જુઓ; આપણી રાજ્યવ્યવસ્થામાં રાજા એટલે સર્વથી શ્રેષ્ઠ, સર્વથી મોટો એમ મનાય છે. તેની યોગ્યતા બીજા બધાના કરતા ઘણી વધારે હોય છે. તેની તપાસ કરવાનો અધિકાર કોઇને પણ હોતો નથી. આથી કરીનેજ રાજાના હાથે અપરાધ થતો નથી એમ કહેવાય છે. રાજાને હાથે અપરાધ થાય તોપણ તેની તપાસ કરવાનો બીજાને અધિકાર નથી તોપછી તેને હાથે અપરાધજ થતો નથી એમ કહેવુ શુ ખોટુ છે?"

બીજી એક વખતે બોઝવેલે જૉન્સનને કહ્યુ "મ્હારા પિતા તમારા કરતા વૃદ્ધ નથી; તેમજ તે સભ્ય ઉત્તમ પ્રકારના છે; છતાં તેમના કરતાં તમારા સહવાસમાં રહેવુ મને વધારે સારૂં લાગે છે તથા

મ્હારો વખત આનંદમાં જાય છે, એનું શું કારણ ? ”

જૉન્સને ઉત્તર આપ્યો: “ હુ સર્વ લોકોમાં ખુલ્લા મનથી રહું છું; તેમના વિચારો કેવા છે તે જોઉં છુ તથા તે પ્રમાણે હું મ્હારા મતમાં પરિવર્તન કરી તેમના સહવાસમાં રહું છુ. તમારા પિતા આ દેશના એક ખુણામાં ન્યાયાધીશ છે અને તેઓ અસલી વિચારનેજ પકડી રાખનારા છે. બીજું કારણ એવુ છે કે, પિતા પુત્રને ઘણું કરીને બરોબર ગોઠતું નથી; કારણ પિતા પુત્રના ઉપર પોતાનો હુકમ ચલાવવાનુ ઇચ્છે છે ત્યારે પુત્ર સ્વતંત્ર રીતે વર્ત્તવાનું ઇચ્છે છે.”

બોઝવેલે કહ્યુ: “ મ્હારા પિતા મને વકિલ થવાને માટે વારવાર આગ્રહ કરે છે પરંતુ તે મને પસંદ નથી. ”

જૉન્સને કહ્યુ “ અરે ! તમારે તે માટે ભય રાખવાનુ કાંઇ કારણ નથી. તે બહુ બહુ તો તમને ‘ વકિલ થા. ’ એટલુજ કહેશે, પરંતુ તે કામમા તમારી પાસે વધારે મહેનત કરાવવી એ તેમના હાથમા નથી. તમને ખબર છે કે, ઘોડાને પાણી પાવા લઇ જવાને માટે એક મનુષ્ય બસ છે; પરંતુ તેને પાણી પીવડાવવાને માટે વીસ માણસો યત્ન કરે તોપણ તેની પીવાની ઇચ્છા ન હોય તો તે સર્વે નિષ્ફળ નીવડે. તમે પિતાની ઇચ્છાનુસાર નહિ વર્તો તેથી તેમને ખોટુ લાગશે એ વાત ખરી છે, પરંતુ તેથી કરીને બીજુ કાંઇ થવાનુ નથી. વ્યવહાર ચલાવવાને માટે ઉપયોગી હોય તેટલુ કાયદાનું જ્ઞાન સંપાદન કરવાને માટે તેઓ જો તમને આગ્રહ કરે તો વ્યાજબી છે એમ કહેવું જોઇએ ”

પછી બીજા એક પ્રસંગે વાત નીકળતા જૉન્સને કહ્યુ “ દયા એ મનુષ્યનામા સ્વભાવથી–મૂળથી જ હોય છે એમ નથી. કારણ બાળકો ઘણા જ ક્રૂર હોય છે, તે પ્રમાણે જંગલી લોકો પણ ઘણા ક્રૂર હોય છે. દયા એ તેમનામા પછીથી ઉત્પન્ન થાય છે તથા તે

વિચારથી તેમજ અભ્યાસથી વૃદ્ધિ પામે છે. પ્રાણી દુઃખમાં આવી પડી તરફડતું નજરે પડે છે તો મનને લાગણી થાય છે એ વાત સત્ય છે, પરંતુ તે સમયે આપણા મનમાં દયા હોય છે એમ નથી. **જ્યાં સુધી આપણી ઈચ્છા દુઃખી પ્રાણીને દુઃખ મુક્ત કરવાની ન હોય ત્યાં સુધી આપણા હૃદયમાં દયા નથી એમ ચોક્કસ સમજવું.** કોઇ એકાદ સ્થળે આપણે ભોજન કરવા જવાનું હોય છે અને વખત વીતી ગયો હોય છે ત્યારે આપણે ગાડીવાળાને ગાડી ત્વરાથી હાંકવા સૂચના કરીએ છીએ; તે ઘોડાને ઉપરા ઉપરી ચાબકો મારે છે અને જ્યારે આપણી નજર ઘોડાને થતી શિક્ષા તરફ જાય ત્યારે આપણા મનને ખોટુ લાગે અને આપણા હૃદયને દુઃખ થાય એ વાસ્તવિક છે; પરતુ જ્યા સુધી આપણે આપણા સ્વાર્થને તિલાંજલિ આપી ઘોડાને શિક્ષા થતી અટકાવીએ નહિ ત્યા સુધી આપણું હૃદય દયાર્દ્ર છે એમ કહી શકાય નહિ ' '"

એક સમયે મનુષ્યની ઉચ્ચતા નીચતા સંબધી વાતચીત ચાલતાં ડેમ્પસ્ટરનો મત એવો પડયો કે, 'ગુણ મનુષ્યને સમજવા માટે સપત્તિ તથા પદ્વિનુ કાઇ ધોરણુ નથી. તેની યોગ્યતા તેની અક્કલ ઉપરથીજ વધારે ઓછી માલૂમ પડી આવે છે.'

આ ઉપરથી જૉન્સને કહ્યુ કેઃ—" જો મનુષ્ય જગલી હોઇ જગલમા એકલો રહેતો હોય તો તે સબધે તમારૂ કહેવું કદાચિત શોભી શકે; પરંતુ આપણા સુધરેલા જ્ઞાન સપન્ન લોકોમાં આપણે સર્વ પ્રકારે એક બીજા ઉપર અવલબીને રહેલા છીએ; બીજા મનુષ્યો આપણુને સારા કહે ત્યારેજ આપણુને સુખ થાય છે એવી આપણી સ્થિતિ છે. વળી એ પણ જૂઓ કે, આપણા સુધરેલા લોકોમા ફક્ત બાહ્ય સ્વરૂપ ઉપરથીજ મનુષ્યને માન મળે છે. આ ધોરણુ અજ્ઞાન મૂલક છે એમ તમારે કહેવુ હોય તો કહો, પરંતુ જે રીત સાધારણ

છે તે મ્હેં કહી છે. આપણું મોટુ દેવળ જો કોઇ અકસ્માતને લીધે પડી જઇ તેની ધૂળ થઇ જાય તો તે ધૂળના એકાદ કણુ માટે આપણા મનમા કાંઇ પણ લાગણી થશે? કાંઈ જ નહિ. તેજ પ્રમાણે મનુષ્યની સુખાવસ્થાનુ પણ છે; સામાન્ય લોકમા તમને પૈસા જેવા ઉપયોગી થઇ પડશે તેવા સદ્‌ગુણો ઉપયોગી થઇ પડવાના નથી. ફક્ત જીવવાને માટે જ ખાવુ પીવુ હોય તો એક મનુષ્યને માટે એક વર્ષના ત્રીસ રૂપિયા બસ છે. અર્થાત્ તે એટલી રકમમાથી કોઇ પણ રીતે પેટભર અન્ન મેળવી શકશે, કોઇ સ્થળે ટાઢ, તાપ ન લાગે એવી જગ્યા પણ તેને નિવાસ માટે મળશે અને જો તેને જોઇએ તો ચામડા જેવા જાડા અને લઠ્ઠ કાપડનુ અંગરખું પણ તે મેળવી શકશે. હવે જે કાંઇ એથી વિશેષ ખર્ચ થાય તે અન્ય કારણસરજ થતો ખર્ચ કહી શકાય

જેની પાસે વિશેષ દ્રવ્ય છે તે કદાચિત જેની પાસે થોડુ દ્રવ્ય છે તેના કરતા વિશેષ સુખી નહિ હોય, પરંતુ તેના અન્ય પણ કારણો છે. **દ્રવ્યનો જો ઉત્તમ પ્રકારે ઉપયોગ કરવામાં આવે તો સુખ પ્રાપ્તિ થયા સિવાય રહે નહિ.** વાસ્તવિક રીતે જોતા દ્રવ્યનો સ્વતઃસિદ્ધ ઉપયોગ કાંઇ નથી **યોગ્ય ખર્ચ પુરતું પોતાની પાસે રાખી બાકીનું જો ગરીબોને દાનમાં આપવામાં આવે તો અવશ્ય સુખ મળે છે. તે સિવાય સુખ મળવું અસંભવ છે.** મનુષ્યને કોઇ નવી વાત કહેવાની ઘણી હોંશ હોય છે તથા કોઇ પણ વિષયના અસત્ય પક્ષ તરફથી બોલવા જતા તેને માટે અનેક ગપ્પા મારતા આવડવું જોઇએ. આ માટે હુ બાલ્યાવસ્થામા બહુધા અસત્યપક્ષનો સ્વીકાર કરી વાદ કરતો અને તેથી મને અનેક પ્રકારની અવનવી કલ્પનાઓ ચલાવવી પડતી હતી. ઉદાહરણ તરિકે, ચોરી કરો. ચોરી કરવી એ અપરાધ છે એમ શા માટે ધારવું?

આપણે જાણીએ છીએ કે લોકો પાસે જે, વિશેષ સંપત્તિ એકઠી થાય છે તે કોઇ પણ પ્રકારનાં અન્યાય ભરેલાં કૃત્યો કર્યા સિવાય એકઠી થતી નથી! જો આ વાત સત્ય છે તો આવી અયોગ્ય પ્રકારે પ્રાપ્ત કરેલી સંપત્તિનો કોઇ એક મનુષ્યને સ્વેચ્છાથી ઉપભોગ કરવા દેવો એ શુ યોગ્ય છે કે? ખુલ્લુ જ છે કે, યોગ્ય નથી. ત્યારે હવે એવી સંપત્તિ ચોરવી એમાં શુ દોષ તથા એમાં શુ પાપ? વળી બીજુ એમ ધારો કે દ્રવ્યના સાપ્રત માલિકને દ્રવ્યનો ઉપયોગ યોગ્ય રીતે કરતા આવડતો નથી તથા બીજો એક તેનો ઉપયોગ ઉત્તમ પ્રકારે કરી જાણે છે તોપછી આ બીજાએ જો એવા ધનવાનનુ ધન ચોર્યુ તો તે સારૂં કર્યું એમ શા માટે ન સમજવુ? પરતુ ચોરી કરવી એ ઘણુ ખરાબ છે એવું સકળ દુનિયાના અનુભવમા આવ્યુ છે; અને તે એટલા સુધી કે ચોરને ફાસીની શિક્ષા કરવામા પણ કોઇ પ્રકારે સંકોચ રાખવામાં આવતો નથી. હુ અતિશય દરિદ્રો હોઇ જ્યારે આ શહેરમા ફરતો હતો, ત્યારે દરિદ્રાવસ્થા એ ઘણીજ ઉત્તમ છે એ હુ મહામહેનતથી સિદ્ધ કરતો હતો; આમ છતા હુ છેકજ કગાળ છુ એવુ મ્હારા મનમા આવી મને ખોટુ લાગ્યા સિવાય રહેતુ નહિ. દારિદ્ર એ ખરાબ નથી, એમ સિદ્ધ કરવાને જે વાક્યો આપ કહો છો તે ઉપરથીજ દારિદ્ર એ ઘણુજ ખરાબ અને દુખપ્રદ છે એવુ સ્પષ્ટ થાય છે. 'તમે પુષ્કળ સંપત્તિ પ્રાપ્ત કરો એટલે તમને સુખ થશે' એવુ લોકોને શીખવવાને માટે કોઇને મહેનત કરવી પડે છે કે?"

એક સમયે વાતપર વાત નીકળતા જૉન્સને કહ્યુ: "સર્વ મનુષ્યોમા શાળાનો વિદ્યાર્થી એ સુખી જીવ છે."

બોઝવેલે પ્રતિપક્ષ કર્યો કે "સર્વે મનુષ્યોમાં મોટી ઉમ્મરનો મનુષ્યજ સુખી હોય છે."

આ ઉપર જૉન્સને ઉત્તર આપ્યો કે: "અરે ! જન સમાજમાં મોટા મનુષ્યની હડધૂત થાય છે તેના કરતાં વિદ્યાર્થીને શાળામાંજ ચાર ફટકા સહન કરવા પડે છે, એ વિશેષ કઠિન નથી. મનુષ્યને પોતાની આબરૂ કેવી રીતે વધે તેની દિન પ્રતિદિન વિશેષ ચિંતા કરવી પડે છે." જૉન્સનની આ કથા અક્ષરસઃ સત્ય છે.

ઇ. સ. ૧૭૬૩ ના જુલાઇ માસની ૨૬મી તારીખે હવા ઘણીજ ઠંડી થઇ ગઇ હતી. તે સમયે બોઝવેલ જૉન્સન પાસે ગયો તથા કહેવા લાગ્યો કે "આજે આવી હવા હોવાને લીધે તેમજ વિશેષ ઠંડી પડવાને લીધે કાંઇજ સૂઝતું નથી, કાંઇ કામ થતું નથી તથા પ્રકૃતિ પણ બગડી છે."

આ ઉપર જૉન્સને ઉત્તર આપ્યો કે: "એ સઘળુ કાલ્પનિક છે તથા વૈદ્યોએ એ કલ્પનાનો સૃષ્ટિમાં વધારો કર્યો છે. માછલા જેવી રીતે પાણીમાંજ રહે છે તેજ પ્રમાણે મનુષ્યો હવામા રહે છે, એટલે જેટલા જોરથી હવા તેના શરીરને ઉપરથી દબાવે છે તેટલાજ જોરથી અંદરની હવા તેનુ વજન પકડી રાખે છે. જેને ગૃહની બહાર કામ કરવુ પડે છે, તેને આવી ખરાબ હવાથી કાઇ નુકશાન થાય છે ખરૂં. સારી માફક હવા હોય છે તે સમયે ગૃહ બહાર જેવુ કામ થાય છે તેવું કામ ખરાબ હવા હોય છે ત્યારે થતું નથી, એ સત્ય છે. તથાપિ સુતાર, લુહાર વગેરે ગૃહમાજ કામ કરનારા લોક વૃષ્ટિ પડતી ન હોય તથા હવા સ્વચ્છ હોય એવે સમયે જેવું કામ કરી શકે છે તેવુજ કામ વૃષ્ટિ પડતી હોય છે ત્યારે તથા હવા ઠંડી થઇ ગઇ હોય છે ત્યારે કરી શકે છે એ નિસદેહ છે. જેની પ્રકૃતિ ઘણી નાજુક હોય છે તેમનેજ આવી હવાથી ગૃહમાં પણ ચેન પડતું નથી, સાધારણ પ્રકૃતિના મનુષ્યોને તો એથી કશુજ થતું નથી."

હવે આ પ્રકરણ ઘણુંજ વિસ્તૃત થવાથી તેને પૂર્ણ કરીએ

છીએ. આ સમયે જૉન્સનની ઉમ્મર ચોપન પંચાવન વર્ષની હતી. તેનું આગળનું ચરિત્ર ઘણુંજ મનોહર છે જે હવે પછીનાં પ્રકરણો ઉપરથી સ્પષ્ટ થશે.

પ્રકરણ ૨ જું.

સેમ્યુઅલ જૉન્સન.

જૉન્સનનો મિત્ર બોઝવેલ પ્રવાસે ગયો હતો, એમ પાછળ જણાવવામાં આવ્યુ છે તે પ્રવાસેથી ઈ. સ. ૧૭૬૬ ના ફેબ્રુઆરી માસમાં લડન પાછો આવ્યો. ભેટ થવાથી ઉભય મિત્રોને અપૂર્વ સતોષ થયો. જૉન્સન બાલ્યાવસ્થાથીજ ધાર્મિક હતો તથા જેમ જેમ તે મોટો થતો ગયો તેમ તેમ તેની ધાર્મિક વૃત્તિનો વિકાસ થતો ગયો. તેણે એક સમયે કહ્યુ "લોકહિતનાં કામો કરીને જેઓ કટાળી ગયા છે અથવા તો જેનામા લોકહિત કરવાનુ સામર્થ્ય નથી તેમને પોતાના દિવસો વ્યતિત કરવા માટેજ મઠનો મુખ્ય ઉપયોગ છે. નહિ તો મને લાગે છે કે, મઠની આવશ્યકતા નથી. લોકોપયોગી કાર્યો કરવા એ આપણુ મુખ્ય કર્ત્તવ્ય છે. તે પૂર્ણ થયુ એટલે આપણો આત્મા છેવટે ઉત્તમગતિ કેવી રીતે પામે એ વિષય પ્રત્યે આપણે આપણુ લક્ષ્ય લગાડવુ જોઇએ, પરતુ તરૂણ મનુષ્યોએ અન્ય કાર્યોનો ત્યાગ કરી મુક્તિ પ્રાપ્તિના ઉદ્યોગમા પ્રવૃત્ત થવુ એ આવશ્યક નથી તેમ યોગ્ય પણ નથી."

ગોલ્ડસ્મિથ નામનો એક નામાંકિત ઈંગ્રેજી ગ્રથકાર જૉન્સનના મિત્રમડળમાં હતો. તે અને બોઝવેલ બન્ને એક દિવસે તેને મળવાને માટે તેને ત્યા ગયા, ત્યારે ગોલ્ડસ્મિથે જૉન્સનને કહ્યું· "જે

પ્રમાણે પૂર્વે નાટકો તરફ આપનુ વિશેષ લક્ષ્ય હતું તે પ્રમાણે હવે કેમ નથી જણાતુ ?"

જૉન્સનઃ–"હા; તમારૂ કહેવું સત્ય છે, મનુષ્યની ઇચ્છાઓનું વય-પરત્વે પરિવર્તન થાય છે. આ આયુષ્ય માર્ગ જે જે પ્રમાણે આપણે ઓળંગતા જઇએ છીએ તેમ તેમ જે વસ્તુ એક સમયે આપણને અતિપ્રિય હોય છે તે બીજી વખતે તદ્દન નિરસ લાગે છે. પછી તેનુ કારણ તેનો વિશેષ સહવાસ કહો કે તેનાથી બીજુ ઉત્તમ મળી આવે છે તેથી એમ થાય છે એમ કહો."

બોઝવેલે કહ્યુ: "પરતુ હવે આપ કાંઇ લખતા કેમ નથી?" ગોલ્ડસ્મિથે બોઝવેલના કથનને અનુમોદન આપતા કહ્યુ· "હા, સત્ય છે; આપે કાંઇ પણ અવશ્ય લખવુંજ જોઇએ."

જૉન્સને ઉત્તર આપ્યો "હવે નહિ, તેમ મ્હારે લખવુંજ જોઇએ એમ નથી. મનુષ્યને એકાદ કાર્ય જેટલુ કરતા આવડતું હોય છે તેટલુ તેણે કરવુજ જોઇએ એવુ નથી તેણે પોતાના આયુષ્યનો કેટલોક ભાગ ફક્ત પોતાના હિતને માટે પણ કાઢવો જોઇએ. પુષ્કળ લડાઇઓમા વીરત્વ દર્શાવી આવ્યા પછી જો કોઇ શૂરો પુરૂષ સ્વસ્થ-તામા પોતાનો સમય વ્યતિત કરવાને નોકરીનો ત્યાગ કરી કોઇ એકાંત સ્થળે–કોઇ ગામડામા–જઇને નિવાસ કરે તો તેને દોષ દેવો એ યોગ્ય નથી. કોઇ મોટા શહેરમા અમુક વૈદ્ય પુષ્કળ કામકાજ કરીને સ્વસ્થતાને માટે જો કોઇ ગામડામા જઇને રહે અને ઓછુ કામ કરે તોપછી તેને દોષ દેવાય નહિ. આમ છતા હુ સભાષણથી બની શકે તેટલુ જનહિત કરૂં છુંજ."

બોઝવેલે આશ્ચર્યતાથી કહ્યુ "આપને લખવામા વિશેષ આનદ લાગતો નથી. એ માટે મને ઘણું આશ્ચર્ય લાગે છે!"

જૉન્સને ગભીરતાપૂર્વક ડાવકે મુખે ઉત્તર આપ્યો: "ભલે લાગો!"

જોન્સનના ચરિત્રમાં જે કેટલીક મુખ્ય બાબતો છે તે પૈકીની એક બાબત ઇ. સ. ૧૭૬૭ ના ફેબ્રુઆરી મહિનામા બની છે. તે આ પ્રમાણે છે.

જૉન્સન ઘણોજ વિદ્વાન છે એવી પ્રસિદ્ધિ વિલાયતમા ચારે દિશાએ થઇ રહી હતી અને તે એટલા સુધી કે, તે સમયે ત્રીજો જ્યૉર્જ રાજા ત્યાંની ગાદી ઉપર હતો તેને પણ જૉન્સનની મુલાકાત કરવાની ઇચ્છા થઇ. ઑલ્ડ બકિંગહામ નામના રાજવાડામા એટલે કે જ્યાં રાજા નિવાસ કરે છે ત્યા એક ઓરડામા એક મોટું પુસ્તકાલય હતું. આ પુસ્તકાલયમાં જૉન્સન વાચવાને માટે અને અભ્યાસ કરવાને માટે જતો હતો. આ પુસ્તકાલયનો મુખ્ય નોકર બર્નાર્ડ નામનો એક ગૃહસ્થ હતો. તેને બોલાવીને રાજાએ એવુ કહ્યું કેઃ–પુનઃ જ્યારે જૉન્સન પુસ્તકાલયમા આવે ત્યારે પોતાને તુરતજ ખબર આપવી આ આજ્ઞા પ્રમાણે એક સમયે જ્યારે જૉન્સન આવીને વાચવામા અને વિચાર કરવામા મગ્ન હતો તે સમયે તેને કાઇ પણ સમાચાર ન જણાવતા બર્નાર્ડે ધીમેથી રાજાને જઇ જૉન્સનના આગમનના સમાચાર નિવેદન કર્યા. રાજા પુસ્તકાલયમા આવી ગુપચુપ ઉભો રહ્યો. જૉન્સન વિચારમગ્ન અવસ્થામા હતો. બર્નાર્ડે તેની પાસે જઇને તેના કાનમાં કહ્યુ કેઃ "સરકાર બહાદુરની સ્વારી પધારી છે!" આ શ્રવણ કરતાજ જૉન્સન આશ્ચર્ય પામી ઉભો થયો. રાજા તેની નિકટ ગયો કે જૉન્સને ઘણાજ માનપૂર્વક તેનો સત્કાર કર્યો. રાજા પણ અત્યત પ્રેમપૂર્વક તેની સાથે વાતચીત કરવા લાગ્યો. આમ તેમની અનેક વાતો થઇ ગયા પછી રાજાએ જૉન્સનને પ્રશ્ન કર્યોઃ "હાલમાં તમે શુ લખો છો?"

જૉન્સને ઉત્તર આપ્યો કેઃ "કાઇજ નહિ. કારણકે હુ જે કાઇ જાણતો હતો તે મ્હેં જનસમાજને નિવેદન કરી દીધુ છે. મ્હારે પુન

ગ્નાન પ્રાપ્તિ કરવાને માટે હવે વિશેષ વાચવું જોઇએ."

આ ઉત્તર ઉપરથી રાજાએ કહ્યું "પરંતુ તમે તો ખાસ કરીને કોઇની વાતને તથા કોઇના મતને અનુસરીને લખતા નથી. જે લખો છો તે બધુ પોતાની કલ્પનાથીજ લખો છો."

જૉન્સને ઉત્તર આપ્યો "કદાચિત તેમ પણ હશે, પરંતુ ગ્રંથકાર તરિકે મ્હારૂ જે કર્ત્તવ્ય હતું તે હું કરી ચૂક્યો છું."

રાજાએ કહ્યું: "સત્ય છે. તમે જ્યારે આટલુ બધુ ઉત્તમ લખો છો ત્યારે મને પણ એમ જ લાગે છે કે, તમે તમારૂં કર્ત્તવ્ય કરી ચૂક્યા છો; હવે કાઇ કરવાનુ બાકી રહ્યું નથી." આ ઉપરથી જૉન્સનના લેખાદિ માટે રાજાનો કેવો અભિપ્રાય હતો તે સુદ્ધાં સ્પષ્ટ રીતે સમજી શકાય છે.

પોતાના રાજા તરફથી આટલુ બધું માન મળવુ એ મનુષ્યને અત્યંત ભૂષણપ્રદ છે. આવા માન આગળ મનુષ્યને બીજુ બધુ સાધારણ જણાય છે. જૉન્સન પોતે આ હકીકત પોતાના મિત્રમંડળમાં અતિશય આનદમા આવી જઇને કહેતો હતો.

વકિલના ધધા સબધે એક દિવસે વાત નીકળી ત્યારે બોઝવેલે જૉન્સનને કહ્યું: "મ્હારૂં ધારવુ એમ છે કે વકિલનું કામ કરવામાં અત્યત નીતિમાન મનુષ્યને કોઇ કોઇ વખત મોટી અડચણો આવી પડે છે, એ સત્ય છે કે નહિ?"

જૉન્સને ઉત્તર આપ્યો: "તે કેવી રીતે વારૂ? જો તેણે પોતાનું કામ યોગ્ય રીતે બજાવ્યું, તો કોઇ પણ પ્રકારની અડચણ તેને નડે નહિ જેમ ફાવે તેમ ગપાષ્ટકો હાંકીને પોતાના કુળને ફસાવવો નહિ તથા ન્યાયાધિશ આગળ અસત્ય વાત કહેવી નહિ એટલે થયુ?"

બોઝવેલે કહ્યું: "પરતુ જે પક્ષ અસત્ય છે એવુ જાણવા છતા તેનો પક્ષ લઇ તકરાર કરવામાં પોતાના મનમા લાગણી થાય કે નહિ?"

જૉન્સને ગંભીરતાથી કહ્યું:–" પક્ષ સત્ય છે કે અસત્ય છે, તેનો નિર્ણય કરવાનું કામ ન્યાયાધીશનુ છે. વકિલનું નથી; એટલે અમુક પક્ષ અસત્ય છે એવું ન્યાયાધીશે ઠરાવ્યા સિવાય તે પક્ષને અસત્ય કહી શકાય નહિ. વકિલે જે સત્ય વાત હોય તે ન્યાયાધીશને નિવેદન કરવી, એટલુ જ તેનુ કામ છે. પોતાનો પક્ષ અશક્ત છે, એવું વકિલના મનમાં આવવાનું જો કોઇ મુખ્ય કારણ હોય તો તે પ્રમાણોની નિર્બળતા સિવાય અન્ય એક પણ નથી. પરંતુ એટલુ બસ નથી; કારણ, જે પ્રમાણો ઉપરથી એકાદ વાત સબંધી વકિલના મનની ખાત્રી થતી નથી તે પ્રમાણો ઉપરથી તે વાત સબધી ન્યાયાધીશના મનને પણ ખાત્રી થાય નહિ એમ કાંઈ કહી શકાય કે ? ઠીક ત્યારે; જો આવી ન્યાયાધીશની ખાત્રી થઇ તો પછી વકિલનો મત ભ્રાંતિ ભરેલો હતો તથા ન્યાયાધીશે કર્યું તે સત્યજ કર્યું છે એમ કહેવાય નહિ ? ન્યાય ચૂકવવો એ ન્યાયાધીશનુ કામ છે. અમુક પક્ષ અસત્યજ એમ જો વકિલને લાગે તો તેણે તે મત ઉપર અવલંબીને રહેવુ નહિ; તેણે તો જે સત્ય વાત હોય તે ન્યાયાધિશને કહી સંભળાવવી અને તે ઉપરથી ન્યાયાધીશનો જે નિશ્ચય થાય તે સત્ય સમજવો જોઇએ એટલુ જ વકિલનુ કામ છે."

બોઝવેલે પ્રતિપક્ષ કરતાં કહ્યુ:–" અરે પણ મનમા ખરેખરો આવેશ ન હોય અને ઉપરનો આવેશ દર્શાવીને બોલવુ, અથવા તો વાસ્તવિક રીતે પોતાનો મત એકજ પ્રકારનો હોય અને બીજો ભિન્ન મત પ્રદર્શિત થાય એવુ બાપણુ કરવું એ અત્યંત નીતિમાન વકિલના અંતઃકરણને માટે દોષાસ્પદ ન કહેવાય કે? હોય એક અને બતાવવુ બીજુ એ અસત્યવાદ ન કહેવાય કે ? વળી આવા અસત્યાચરણો ન્યાય સભામા જે મનુષ્ય કરે તે અન્ય લોકો પ્રત્યે યા તો પોતાના સ્નેહી સ્વજનો પ્રત્યે ન કરે, એમ આપણાથી કદાપિ ધારી શકાય ? "

જૉન્સને મિત્રનું સમાધાન કરવા કહ્યું:—" કોણ પોતાનાં સ્નેહી સ્વજનો સાથે એ પ્રમાણે વર્ત્તે? આપણે સર્વે જાણીએ છીએ કે વકિલનો જે આવેશ હોય છે તે સ્વાભાવિક હોતો નથી, ખરિદ કરેલો હોય છે; એટલે તે માટે અસીલે પૈસા ભરેલા હોય છે. જ્યારે આ સત્ય વાત સર્વે જાણે છે ત્યારે પછી વકિલના ઉપર અસત્યાચરણનો દોષ કેવી રીતે આવી શકે? તે આવેશ તેમજ સકળ આચરણો પ્રસંગવશાતજ હોય છે. તે પ્રસગ ગયો કે પુનઃ વકિલ પોતાના મૂળ સ્વભાવ પ્રમાણે વર્ત્તે છે. તે સર્વ સ્થળે પોતાની વકિલાતનો સ્વભાવ રાખતો નથી. પૈસા પ્રાપ્ત કરવાને માટે એકાદ કસરતબાજ મનુષ્ય નીચું માથુ તથા ઉંચા પગ કરી પોતાના હાથથી ચાલે છે તે શુ વારંવાર સાધારણ ચાલવામાં પણ તે પ્રમાણે ચાલે છે ખરો?"

આ સમય સુધીમા જૉન્સનનાં પુષ્કળ પુસ્તકો પ્રસિદ્ધ થઇ જવાથી તે મોટો વિદ્વાન છે એમ સર્વેને લાગતું હતું. છેવટે તેની આ પ્રસિદ્ધિને પરિણામે લંડનની એક નવીન પાઠશાળામાં તેને પ્રાચીન ઇતિહાસના મુખ્ય ગુરૂની જગ્યા મળી. આ પ્રકાર ઇ. સ. ૧૭૬૯ માં બન્યો.

બોઝવેલની ઓળખાણના એક ગૃહસ્થે પ્રથમ પત્નીના પરલોકવાસથી પુનર્લગ્ન કર્યું તેથી બોઝવેલે તેને કહ્યું:—" અરે! તમે આ યોગ્ય કર્યું નહિ. તમે પુનર્લગ્ન કર્યું તે ઉપરથી પ્રથમ સ્રીની અગત્ય તથા તેના તરફ તમારી પ્રીતિ કેટલી હતી તે સઘળુ દેખાઇ આવે છે!"

જૉન્સને કહ્યું: "આમ કેમ કહો છો? મને લાગે છે કે તેણે પુનર્લગ્ન કર્યું તેથીજ પૂર્વેની પત્નીનો તથા તેનો અરસપરસ કેટલો પ્રેમ હતો તે સ્પષ્ટ દેખાઇ આવે છે; જો તેણે પુનર્લગ્ન કર્યું ન હોત તો તેણે પોતાની પરલોકવાસિની પત્નીનુ અપમાન કર્યું છે એમ કહી શકાત. કારણકે એ જો દ્વિતીય સબધ ન કરત તો, પ્રથમ પત્નીએ

તેને સુખ આપ્યું નહિ, તેથીજ એ બીજી સ્ત્રી કરતો નથી એવું સહજ અનુમાન થાત; પરતુ હવે તેણે લગ્ન કર્યું એ ઉપરથી તો સ્પષ્ટ થાય છે કે એની પ્રથમ પત્નીએ એને અતિશય સુખ આપ્યું છે, તે સુખના ઉપભોગથી તેણે આ દ્વિતીય સંબધ કર્યો છે."

"રૂશિયા દેશની લોક સખ્યા દિવસે દિવસે વધતી જાય છે, તેથી કાળે કરીને એક સમયે તે રાજ્ય મોટું થશે." એવું કોઇએ કહ્યું તે સાંભળી જૉન્સને કહ્યુ:-"તે લોકો હાલ જે સખ્યામાં છે તેના કરતાં વધારે થશે એમ લાગતું નથી. વર્તમાન સમયમા જેટલાં બાળકો તેમને થાય છે તેથી વિશેષ ભવિષ્યમા થવાનાં નથી. લોકોમાં પ્રજોત્પત્તિ અધિક કરવાનો ઉપાય અદ્યાપિપર્યંત મળી આવ્યો હોય એવું મ્હારા સાંભળવામા આવ્યું નથી."

બોઝવેલે કહ્યું: "પણ દેશમાંની લોક સંખ્યા કોઇ કોઇ સમયે વધારે ઓછી થાય છે કે નહિ?"

જૉન્સને ઉત્તર આપ્યો: "હા, પરતુ તેનાં કારણો અનેક છે. તે પૈકી એક-કેટલાંક કારણોથી લોકો દેશ ત્યાગ કરી ચાલ્યા જાય છે; બીજુ લડાઇઓમા લોકો મૃત્યુ પામે છે અથવા તો કોઇ એકાદ ભયકર રોગ ચાલુ થવાથી અનેક મનુષ્યો તેનાં બલિદાન થઈ પડે છે; બાકી બાળકોના જન્મનુ જે પ્રમાણ છે તે તો ઘણુ કરીને સરખુ જ હોય છે."

બોઝવેલે જણાવ્યુ કે:-"પરતુ હવે તમે આપણા દેશ સંબધીજ વિચાર કરી જુઓ. આટલા બધા ખેડૂતો કોઇ એક જમીનદારની સત્તામા પરાધીન થઇ પડયા હોય ત્યા પ્રજોત્પત્તિ થવામાં ઓછુ પ્રમાણ હોય નહિ કે શુ?"

જૉન્સને કહ્યું: "ના, બિલકુલ ન હોય. ધાન્ય જેટલુ ઉત્પન્ન થવાનુ તેટલુ જ થાય છે તથા તે જેટલા માણસોને પુરૂં પડવું

જોઇએ તેટલા માણસોને પૂરૂં પડે છે. એમાં કદાપિ ઓછા વત્તાપણું થતું નથી. અર્થાત્ સઘળા ખોરાકના પદાર્થોની સરાસરી બરોબર હોય છે. તે એકદમ બગડતી નથી. લોકો ગમે તેવી કલ્પના કરો પરંતુ જીવ વ્યાપારનું પ્રમાણ બદલાવું એ ઘણું જ અશક્ય છે, એ ખાસ ધ્યાનમાં રાખવું જોઇએ."

બોઝવેલે પ્રશ્ન કર્યો: "પરંતુ જમીનનો કર અતિશય વધારી દઇને જમીનદાર લોકો પોતાના ખેડૂત વર્ગને દુઃખી કરે છે તે શું ખરાબ ન કહેવાય કે?"

જૉન્સને ઉત્તરમા કહ્યુ: "હા, ઘણુંજ ખરાબ કહેવાય, પરંતુ તેથી કરી સમગ્ર દેશને દુઃખ થતું નથી. ફક્ત થોડાજ ખેડૂતોનાં કુળોને નુકશાન થાય છે. ખેતી કરતા અન્ય વ્યાપારમા પુષ્કળ ફાયદો થાય છે એવું તે વર્ગને માલૂમ પડી આવ્યુ છે તેથીજ તેઓ વ્યાપાર કરે છે. આમ થવાથી જમીન નકામી પડે છે અને પછી જમીનને માટે ખેડૂતો મળે એ હેતુથી જમીનદાર લોકો ટૅક્સનો દર ઓછો કરે છે. જમીન એ એક વ્યાપારનો માલ છે. વાણિયાને કિંમત આપી માલ લેવો તેજ પ્રમાણે ખેડૂત લોકો જમીનદારોને ટૅક્સ ભરી જમીન લે છે. આ કરતાં વિશેષ તેમનો સબંધ હોતો નથી બીજા પાસેથી જે ટૅક્સ મળવાનો હોય છે તે કરતા ઓછો ટૅક્સ લઇને જમીનદાર પોતાની જમીન આપતો નથી, એ ખેડુતવર્ગ સારી રીતે સમજે છે."

એક સમયે સ્ત્રી સુખની વાત ચાલતી હતી તે સમયે એક જણે એવુ કહ્યું કે, અમુક ગૃહસ્થની પ્રથમ પત્ની મૃત્યુ પામ્યા પછી તે મનુષ્યે તરતજ પુનર્લગ્ન કર્યું. આ વાત શ્રવણ કરી જૉન્સને કહ્યુ. "બરોબર છે અનુભવ અને ઇચ્છાનુ યુદ્ધ થયુ તેમાં અતે ઇચ્છાનો જય થયો!"

આયર્લાંડમા અનાજ દેશાવર નહિ મોકલવા સબધીનો કાયદો

થયો છે, આથી કરીને તે દેશના લોકોને અનાજ પુષ્કળ મળવા લાગ્યું એવું કોઈએ કહ્યું ત્યારે સર થૉમ્સ રૉબીન્સને જણાવ્યુ કેઃ–"હા તે સત્ય છે, પરંતુ તેથી કરીને ઈંગ્લૈંડના અનાજના વ્યાપારને નુકશાન થયુ નહિ કે?"

એક વખત મરણોત્તર (મરણ પછીની) સ્થિતિ સબંધી વાતચિત ચાલતી હતી ત્યારે જૉન્સને બોઝવેલને કહ્યુંઃ–" અહા! પરમેશ્વરની આપણા ઉપર કૃપા છે એવો પૂર્ણ ભરોસો, સત્યનો વિચાર તથા સુખોત્પાદક કલ્પના એ સર્વે અશરીર આત્માના સુખનાં મુખ્ય સાધનો છે."

બોઝવેલે ઉત્તર આપ્યો કેઃ–"મરણ થયા પછી પ્રાપ્ત થનાર સુખનુ વર્ણન શાસ્ત્રમા સવિસ્તર કરવામા આવ્યુ નથી, એ સત્ય છે. તો તે સબધી કાંઇ કલ્પનાઓ કરવામાં ચિતા જેવું છે કે શુ?"

જૉન્સને કહ્યુંઃ–'એમા ચિતા જેવુ શુ છે? અન્ય શાસ્ત્રો ઉપરથી આપણને આ વિષય સબધી જે હકિકત મળી છે તે શક્ય છે તથા જે હકીકત ધર્મશાસ્ત્રમાં સૂચવી છે તે સત્ય છે."

બોઝવેલે આનદથી કહ્યુ–"ત્યારે તો મનુષ્યના અત પછી તેનો પુનઃજન્મ થાય છે એ શાસ્ત્રસિદ્ધ વાત છે અને તેને જ્યારે આપણે સત્ય માનીએ છીએ તોપછી મૃત્યુ પશ્ચાત્ પુનર્જન્મ રૂપમાં આપણો આપણા મિત્રો સાથે મેળાપ થાય એ પણ એક આનદની વાત કહેવાય."

જૉન્સને કહ્યુંઃ–"પરતુ એટલુ ધ્યાનમા રાખવુ કે ત્યા (સ્વર્ગ લોકમા) આપણી સાંપ્રત સ્થિતિ કાયમ રહેતી નથી આ આપણું વિષયાધીન શરીર નષ્ટ થઇ ત્યા આપણો આત્મા રહે છે, એટલે પછી આપણા અનેક મિત્રો સાથેનો આપણો સબધ તુટવાનોજ વળી ઈંદ્રિયજન્ય સુખ પ્રાપ્તિને માટે આપણે આ લોકમા જે જે સબધ

જાણીએ છીએ તેની ત્યા શી જરૂર છે ? દુષ્ટ માણસોમાં પણ કેટલાક સદ્‌ગુણો હોય છે તેથી કરીને આપણુ હિત સાધી લેવાને આપણે તેવા મનુષ્યોના સ્નેહને સપાદન કરીએ છીએ એવા મનુષ્યોની મૃત્યુ પશ્ચાત્ કોઈ પણ પ્રકારે આવશ્યકતા રહેતી નથી આ લોકમાં આપણે કેટલાક દુષ્ટ મનુષ્યોને સારા સમજી તેમની સાથે સ્નેહ રાખીએ છીએ; પરતુ મરણ પછીથી તે શુદ્ધ અને પવિત્ર દુનિયામા એ સર્વેના સત્ય સ્વરૂપ આપણે જાણી શકીએ છીએ, તેથી આપણે તેમના સ્નેહની સ્વર્ગલોકમાં કાંઇ પણ પરવા કરતા નથી આપણા પરલોકવાસી સ્વજન પરિજનોનો આપણા મૃત્યુ પછી આપણી સાથે મેળાપ થાય છે એમ કેટલાક મનુષ્યોનુ ધારવુ છે, પરતુ મરણ પછી આપણો કોઈની સાથે કાંઇ પણ સબધ રહેતો નથી પરલોકમા તો પાપ પુણ્યનો સબધજ આપણી સાથે કાયમ રહે છે ''

એક સમયે જુગાર રમવા સબધી વાત નીકળી હતી તે સમયે કેટલાકે એવો મત દર્શાવ્યો કે જુગાર રમવો એ ઘણું ખોટુ છે. આ મતની વિરૂદ્ધમા જૉન્સન બોલ્યો કે—'' પરતુ જે મનુષ્યને આ રમત બરાબર આવડતી નથી તેની સાથે એ રમત રમવી એ કાંઇ મોટો અપરાધ નથી. પ્રત્યેક મનુષ્ય પોતાને ચાલાક સમજે છે તથા હિકમતથી બીજાને ફસાવવા ચહાય છે તેમા જે બુદ્ધિવાન હોય તે ફાવી જાય છે ત્યારે બાકીના નિરાશ થઇ એક બીજાનુ મ્હોં જોયા કરે છે ત્યારે લોકોએ શુ કરવુ ? આ તો અક્કલની વાત છે ''

અર્સ્કિને કહ્યું:—'' જો એવો અજ્ઞાન મનુષ્ય રમવા બેસે તો તેને મૂર્ખજ ગણી શકાય, પરતુ તમે તેમા ચાલાક હો ને તેની સાથે રમો તો તમે અપ્રમાણિક છો એમ કહી શકાય નહિ ? ''

જૉન્સને પ્રતિ મત દર્શાવતા કહ્યું:—'' ઠીક, ત્યારે હુ એમજ પ્રશ્ન કરૂં છુ કે, એક મડળીમાના દરેક મનુષ્યે કોઈ એક પ્રકાર કરવાનો

નિશ્ચય કર્યો. હવે તે મંડળીમાંનાજ કોઈ એક મનુષ્યે તે પ્રકાર ત્વરાથી કરી નાખ્યો તો તેથી શું એ તેનો ભયંકર અપરાધ થયો કહેવાય કે? સ્પાર્ટાના પ્રજાસત્તાક રાજ્યની અંદર એવો એક નિયમ હતો કે, ચોરી જો પ્રકાશમાં ન આવે તો તેને કોઇ અપમાનાસ્પદ માનતું નહિ જે વાતને દુનિયામાં સારી તરિકે કોઇ કબૂલ કરે નહિ, તે વાતને જો કોઈ મંડળી સારી ગણે તો હું તેની સ્તુતિ કરૂં છું એવો અર્થ નથી, પરંતુ મ્હારા વચનોનું તાત્પર્ય એટલુંજ છે કે, અમુક વાત કરવી એવો નિશ્ચય એકાદ મંડળી સર્વાનુમતે કરે અને પછીથી તે વાત તે મંડળીમાંનોજ એકાદ મનુષ્ય વિશેષ ચાતુર્યથી સારી રીતે કરે તો તેથી કરીને તે દોષી થતો નથી.'

બોઝવેલે આશ્ચર્યતાથી પ્રશ્ન કર્યો—"ત્યારે તો આપનો મત એવો જણાય છે કે જુગાર રમીને પાંચ પચાસ હજાર રૂપિયા મેળવનાર મનુષ્ય અપ્રમાણિક નથી તેમજ મૂર્ખ પણ નથી!"

જૉન્સને ઉત્તર આપ્યો.—"હા જુગાર રમનાર મનુષ્યને હું અપ્રમાણિક ગણતો નથી તે મંડળીમાંનો મનુષ્ય નથી, તેથી તેના હાથે કોઇને કદાપિ ફાયદો થાય નહિ એ હું કબૂલ કરૂં છું જુગાર રમવાથી એકના પૈસા બીજા પાસે જાય છે, પરંતુ તેથી કરીને વચમાં કોઇને કાંઈ ફાયદો થતો નથી બીજા વ્યવહારોથી અનેકના પેટનું પોષણ થાય છે અને પૈસા અહિંથી ત્યાં જતાં વચમાં કેટલાકનું હિત સધાય છે."

દ્વંદ્વયુદ્ધ એ સશાસ્ત્ર છે કે અશાસ્ત્ર છે એવો એક દિવસે બોઝવેલે જૉન્સનને પ્રશ્ન કર્યો. ત્યારે જનરલ અગલથાર્પ નામનો શૂરો અને વૃદ્ધ યોદ્ધો ત્યાં આગળ બેઠો હતો તેણે તરતજ બોઝવેલના મુખ તરફ દૃષ્ટિ કરી પ્રશ્ન કર્યો—"હું તમનેજ એમ પૂછું કે, જો કોઈ તમારૂં અપમાન કરે તો તમે તેને શું કરો એ કહો જોઉં?"

બોઝવેલે ઉત્તર આપ્યોઃ-" મ્હારે તેની સાથે ઘણીજ તકરાર કરવી પડે "

ગોલ્ડસ્મિથે કહ્યું.-" ઠીક ત્યારે, નિકાલ થઇ ગયો. હવે અન્ય ઉત્તરની શુ જરૂર છે ? "

જૉન્સને કહ્યુ -" નહિ ' નહિ ' એટલા ઉત્તરથી નિકાલ થયો નથી. આપણા પુછવાથી તેમણે ઉત્તર આપ્યો કે ' મ્હારે તેની સાથે તકરાર કરવી પડે ' આટલા ઉપરથી તો તે શુ કરે એટલુજ માત્ર આપણી સમજમાં આવ્યુ. પરતુ એ યોગ્ય છે કે અયોગ્ય છે તેનો કાંઈ નિર્ણય થયો નહિ "

બોઝવેલ બોલી ઉઠયોઃ-" હા, મ્હારો પ્રશ્ન એજ છે '

જૉન્સને કહ્યુ -" ઠીક ત્યારે, જુઓ સાભળો, મનુષ્ય જે પ્રમાણે અધિકાધિક સુધરતો જાય છે તેમ તેમ તેને ચીડવવાના સાધનો અધિકાધિક વધતા જાય છે, તથા તેનુ મહત્વ કેટલીક વખત એટલુ બધુ થઈ પડે છે કે તેથી કરીને કેટલીક વખત તેના પ્રાણનો પણ નાશ થાય છે, પરતુ જો વાસ્તવિક રીતે જોઇએ તો તેમા કાંઈ હોતું નથી સુધરેલા લોકોમા ક્રોધાગ્નિને સળગતા વિશેષ વિલબ થતો નથી આ બાહ્ય સુધારણા જે લોકોમા પ્રવેશી શકી નથી તે લોકોમાનો જો કોઈ એકાદ પોતાના પાડોશીને એમ કહે કે,-' તુ ખોટુ બોલે છે, ' ત્યારે તે તેને કહેશે કે ' તુજ ખોટુ કહે છે ' આથી વિશેષમા કદાચિત જો તેને કોઇ થપ્પડ મારે તો તે તેને પણ એક થપ્પડ મારે એટલુ જ બનવાનુ. પરતુ સુધરેલા ગણાતા કોઇ એક મનુષ્યને જો આટલુજ કહેવામા આવે તો તે પોતાના મનથી પોતાનુ ભયકર અપમાન થયેલુ સમજ્યા સિવાય રહેતો નથી આથી કરીને તે ઘણો જ ગુસ્સે ભરાય છે તથા પોતાના અપમાનનુ બરોબર વેર લેવાનો નિશ્ચય કરે છે આવા પ્રકારમા જે કોઇ દ્વંદ્વયુદ્ધ

કરતો નથી તેને જ્યારે તેનો આપ્તવર્ગ તિરસ્કાર કરે છે ત્યારે તેણે દ્વંદ્વયુદ્ધ કરવુ જોઇએ સ્વસરક્ષણ માટે બીજા સાથે લડવુ એ કદાપિ અશાસ્ત્ર ગણાતું નથી જો કોઇ દ્વંદ્વયુદ્ધ કરે છે તો તે પોતાના શત્રુનુ ફક્ત હાડવૈર મનમા લાવીને જ કરે છે એમ નથી, પછી તે સ્વસરક્ષણ માટે કરે છે એટલે પોતાના ઉપર જે કલક બેઠુ છે તે દૂર થાય અને પોતાનો કોઇ તિરસ્કાર કરે નહિ એમ ધારીને જ તે એ કૃત્યમા હાથ ઘાલે છે જે સુધારાના યોગથી મનુષ્ય આવા વિચિત્ર વિચારવાળો થાય છે તેવો માત્ર કહેવાનોજ સુધારો ન થાય તોજ સારૂ પરતુ જ્યા સુધી લોકોની સમજ આવી છે ત્યા સુધી તો યોગ્ય પ્રસગે મનુષ્યે દ્વંદ્વયુદ્ધ કરવુ એજ યોગ્ય છે'

એક સમયે મદ્યપાનની વાત નીકળતા એક મનુષ્યે એવુ કહ્યુ કે—' મદ્યપાનના યોગથી આપણા મનની સકળ ચિતા દૂર થાય છે તોપછી આ કારણને લીધે મનુષ્યને દારૂ પીવા દેવો એમા શુ દોષ છે ? '

આ ઉપર જૉન્સને ઉત્તર આપ્યો કે—' હા, તે જો કદાચિત તમારી પક્તિનો હોય તો તો કાઇ હરકત નથી, કારણ પ્રતિબધ કરવાથી કાઈ પરિણામ આવતુ નથી '

ગોલ્ડસ્મિથ, જૉન્સન વગેરે મિત્રો જ્યારે એક સમયે ભોજન કરવા બેઠા હતા ત્યારે ગોલ્ડસ્મિથે એવુ કહ્યુ કે—" લોકો જેમ જેમ વધારેને વધારે સુખ ભોગવતા જાય છે, તેમ તેમ તેઓ વધારે ને વધારે અશક્ત થતા જાય છે

આ ઉપર જૉન્સને જણાવ્યુ કે—" અરે ! તમારૂ કહેવુ મને બરોબર લાગતુ નથી ઇગ્લૅડમા અત્યારે જેટલા ઉચ્ચ લોકો છે તેટલા પૂર્વે નહોતા આથી કરીને હાલની પ્રજા અશક્ત નીકળી છે એમ જો થોડો સમય કબૂલ કરતા હો તોપણ મને એ સત્ય જણાતું નથી

કારણ સર્વ રાષ્ટ્રોમાં વિશેષ સુખ ભોગવનાર લોકો કેટલા થોડા મળી આવે છે તે જુઓ આપણા સિપાહીને દરરોજ પાંચ સાત આના પગાર મળે છે. આટલા નજીવા પગારમા તેઓ કેવી રીતે સુખ ભોગવી શકે? ઘણા ખરા લોકનુ આજ પ્રમાણે છે. જો યદાકદાચિત થોડા ગરીબોને થોડુ ઘણુ સુખ મળે છે તો તેથી કાંઇ નુકશાન ન થતા ઉલટુ હિત થાય છે, અર્થાત્ તેઓ બળ મેળવી શકે છે તથા તેમનાં કુટુબો વધે છે, આથી કરીને સુખના ઉપભોગથી અર્થાત્ ઍશઆરામથી કોઈ પણ રાષ્ટ્રનુ નુકશાન થતુ નથી એમ મ્હારૂ ધારવુ છે કારણ ઍશઆરામ દુનિયામાં સર્વેને પ્રાપ્ત થતો નથી, ઘણા થોડાનેજ પ્રાપ્ત થાય છે એવુ મ્હે પૂર્વે જ કહ્યુ છે દેશમા વિવિધ પ્રકારના અનેક કારખાના ચાલુ થવાને લીધે તથા વ્યાપારની વૃદ્ધિ થવાને લીધે લોકોનુ વીર્ય ઓછુ થાય છે, એ હુ કબૂલ કરૂ છુ એટલે લોકોનુ લક્ષ બીજી વાતો ઉપરથી ઉઠી જઇ તેઓ પૈસા પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિમા પડે છે તથા તેમ કરવા-માજ પોતાનુ ભૂષણ માને છે વળી વિશેષમા કારખાનાઓથી કેટ-લાક લોકોની શારીરિક સ્થિતિ પણ બગડે છે તથા તે બગાડ એટલો બધો ગભીર થાય છે કે, તેના શરીરની જ ફક્ત સ્થિતિ જોઇને તે કેવા પ્રકારનો ઉદ્યોગ કરે છે તે ચતુર પુરૂષ તુરત કહી શકે છે. કેટલાક એવા પ્રકારના વ્યવસાય છે કે તેમા મનુષ્યને પોતાના અન્ય અવયવો કરતા કોઇ એકજ અવયવનો વધારે ઉપયોગ કરવો પડે છે આમ બને છે એટલે મનુષ્યનામા સહજ જ અશક્તિ આવે છે, પરતુ ઍશઆરામને લીધે આવતી નથી."

ગોલ્ડસ્મિથે એક નવીન નાટક રચ્યુ હતુ તથા આ નાટકનો ખેલ નાટયગૃહમાં થનાર હતો તે જોવાને રાજા આવનાર હતો, તે સંબધી વાત ચાલતી હતી ત્યારે ગોલ્ડસ્મિથે કહ્યુંઃ—" હા જો કે

નામદાર સરકારની સ્વારી પધારશે તો સારૂ થશે, પરંતુ તેથી કરીને મ્હારૂ કાંઈ હિત થવાનુ નથી ”

જૉન્સને સ્મિત કરી કહ્યું-“ અરે તમારૂ નહિ તો નામદાર સરકારનુ હિત તો થશે ! આ બેદરકારીમા કાઇ સાર નથી. સાપ્રત સ્થિતિમા અધિકારીઓને ખુશી કરવાનો યત્ન કોણ નથી કરતુ ? ”

એક વખતે મડળી બેઠી હતી ત્યારે બોઝવેલે કહ્યુ-“ આટોહિટીમા લોકોના ખોરાક માટે વૃક્ષો ઉત્પન્ન થાય છે અર્થાત્ તેઓ એક પ્રકારના વૃક્ષના ફળોનો પોતાના આહાર તરિકે ઉપયોગ કરે છે અને તેથી કરીને તે આપણી આહાર બનાવવાની રીતભાત ઉપર ઘણાજ હસે છે રાધવુ, ખાડવુ, દળવુ, વીણવુ એ વગેરે પ્રકારો એમને ઘણા નવિન જણાય છે ”

જૉન્સને કહ્યુ-“ સુધરેલા લોકોના સુખની વાત જો કોઈ જગલી મનુષ્યો આગળ કરવામા આવે તો તેઓ હસ્યા વિના રહેજ નહિ. જે લોકોને રહેવાને માટે ગૃહો હોતા નથી એટલે કે, જેઓ ગૃહ સિવાય રહે છે તેમને જો તમે એમ કહો કે-“ હુ ઈંટો ઉપર ઈંટો મડાવી એવી ભીત બનાવડાવુ છુ કે વાસની સાથે વાંસ બધાવી એવુ છાપરૂ બનાવડાવુ છુ કે તે કામ કરતા કરતાં લોકો પાલેખમાથી નીચે પડી કેટલીક વખત મૃત્યુ પામે છે ” તો તેઓ આવા પ્રકારની ગૃહ બાંધવાની રીતને અવશ્ય ધિક્કારવાના જ ! તોપણ જે લોકોને ગૃહો છે તેમના કરતા ગૃહ વિનાના લોકો વિશેષ સુખી છે, એમ કહી શકાય નહિ વૃક્ષો ઉપર થતા ફળોના આહાર કરતા આપણો આહાર ઘણો ઉત્તમ છે ”

ઈ સ. ૧૭૭૪ મા જૉન્સન લિશ્વિડિઝ વગેરે જોવાને માટે પ્રવાસે નીકળ્યો. આ પ્રવાસે નીકળી તે ઘણે ઠેકાણે ફર્યો. તેના પ્રવાસ સબધીનુ એક જૂદુજ પુસ્તક છે, કે જે ઘણું જ ચિત્તાકર્ષક છે. તેના

લંડનમાં પરત આવ્યા પછી તુરત જ ઇ. સ.૧૭૭૫ ના માર્ચ માસની ૨૧ મી તારીખે બોઝવેલ પણ સ્કૉટલૅંડમાંથી લંડન પરત આવ્યો.

જે ન્યાયાધીશ હિંદુસ્તાનમા જાય છે તેને ત્યાં જઇ વ્યાપાર કરવાની શુ ફિકર છે, એવી વાત નીકળી ત્યારે જૉન્સને કહ્યુંઃ– “અરે, ભલ ભલા લોકો જ્યારે પોતાની મરજીમા આવે તેટલી સંપત્તિ મેળવે છે ત્યારે પછી ન્યાયાધીશે પણ શા માટે ન મેળવવી ?”

બોઝવેલે ઉત્તર આપ્યોઃ–“ પરંતુ તેનો પગાર ઘણો મોટો હોવાથી તેનુ લક્ષ્ય સરકારી કામ સિવાય બીજા વિષય ઉપર કેવી રીતે લાગે ?”

જૉન્સને કહ્યુ કે.–“ કોઇ પણ ન્યાયાધીશ પોતાનુ સઘળુ લક્ષ્ય સરકારી કામમા દઇ શકે જ નહિ અને સરકારી કામ કરવા ઉપરાંત જો તેને અવકાશ મળે તોપછી તેણે પોતાની ઇચ્છાનુસાર પોતાના ફાયદા તરફ લક્ષ્ય આપવુ એ યોગ્યજ છે ”

ડેવિસે કહ્યુ.–“ ત્યારે તો ન્યાયાધીશે વિમાવાળા પણ બનવુ કેમ ? તે કચેરીમા જાય તે સમયે તેણે રસ્તે એકાદને ઉભો રાખીને કહેવુ કે “ અરે જરા ઉભા રહો આ જે ચાર પાચ વહાણ નીકળ્યાં છે એટલાનો વિમો ઠરાવી લ્યો અને પછી જાઓ ! ”

જૉન્સને ઉત્તર આપ્યો.–‘ વાહ ! તમે તો કાલે ઉઠીને એમ કહેશો કે, ન્યાયાધીશને ગૃહ સુદ્ધા ન જોઇએ, કારણ કે તે કચેરીમા જતો હોય ને કોઇ તેને એમ કહે કે ‘ તમારા ગૃહમા આગ લાગી છે ’ તો તે સરકારી કામને એક બાજુ ઉપર મૂકી બંબાવાળાને જલદી બોલાવવાના કામમા ગુંથાશે ! જે ન્યાયાધીશ પાસે જમીન હોય છે તે પોતે નહિ તોપણ પરંપરાએ ધાન્યનો વ્યાપાર કરે છે એમ સમજવુ જોઇએ, એટલુ જ નહિ પરંતુ તે જમીનનો વ્યાપાર કરે છે એમ કોઇ કહે તો પણ ચાલી શકે આનંદ પ્રાપ્તિ અર્થે ન્યાયાધીશ

ગઞ્જીફો યાતો સોગટાં રમે તો તે પણ ભયંકર અપરાધી ગણાય નહિ, કારણ સકળ લક્ષ્ય એકજ વિષય પ્રતિ હોવુ એ સર્વથા અસંભવિત છે. મનુષ્યનુ એકજ કાર્ય પ્રતિ લક્ષ્ય કેટલુ હોય છે એનો જો હિસાબ જોઇએ તો આશ્ચર્ય ઉત્પન્ન થયા સિવાય રહેજ નહિ. 'હું ફક્ત ન્યાયજ કરીશ તથા બીજુ કાઇ જ નહિ કરૂ' એવા કરાર ઉપર ન્યાયાધીશની જગ્યા ભાગ્યેજ કોઇ સ્વીકારશે."

બોઝવેલ બોલી ઉઠયો:-"જે સર્વ માન્ય ન્યાયાધીશ હોય તે પોતાના હોદ્દાના કાર્ય સિવાય બીજુ કાઈ પણ કાર્ય કરતો નથી"

જૉન્સને ઉત્તર આપ્યો.-"તમારૂ કહેવુ વ્યાજબી નથી પ્રત્યેક મનુષ્યનુ ચિત્ત એકજ પ્રકારની પ્રકૃતિમા સ્થિર રહેતું નથી"

જૉન્સન ઇ સ ૧૭૭૫ મા થ્રેલની સાથે ફ્રાન્સ દેશ જોવા ગયો હતો ત્યાથી પરત આવ્યા પછી પોતાની મડળીમા એક દિવસે કહેવા લાગ્યો.-"ફ્રાન્સ દેશમા મોટા લોકો ઍશઆરામ ભોગવે છે ત્યારે અન્ય લોકો અતિશય દુઃખ સહન કરે છે. ઇંગ્લૅડમા મધ્યમવર્ગના લોકો સુખ ભોગવે છે તેવો પ્રકાર ફ્રાન્સમા બિલકુલ નથી. પારિસ શહેરની દુકાનો ઘણીજ ગરીબ અવસ્થામા છે. ઇંગ્લૅડની તુરગમા જેવા પ્રકારનુ અન્ન પહોચાડવામાં આવે છે તેવાજ પ્રકારનુ અન્ન ત્યા બજારમા વેચાય છે હવા પાણીને જો એક બાજુએ મુકીએ તો ફ્રાન્સ દેશ સ્કૉટલૅડ કરતા પણ ઘણોજ ખરાબ છે ફ્રાન્સમાં ઇશ્વરે અનેક સુખોત્પાદક વસ્તુઓ નિર્માણ કરી રાખી છે, પરતુ ત્યાના લોકો જેવા પ્રકારનો ઉદ્યોગ કરવો જોઇએ તેવો નહિ કરતા હોવાથી તેમને સુખની પ્રાપ્તિ થતી નથી જો ઉદ્યોગ સબધી જોવા જઇએ તો તે લોકોના કરતા સ્કૉટલૅડના લોકો વિશેષ ઉદ્યોગી છે."

જૉન્સન ઘણો સાદો પોષાક પહેરતો હતો. આથી કરીને ફ્રેચ લોકોને ઘણું આશ્ચર્ય લાગતુ. એવા આશ્ચર્યચકિત થનાર પૈકીના

એક જણે એક દિવસે કાંઈ પ્રસંગોપાત જૉન્સનને કહ્યું:–" આપે ફ્રેંચ નાટ્યગૃહમાંના ઉત્તમ નાટકકારનો પોષાક હજુ સુધી જોયો હોય એમ જણાતું નથી!"

જૉન્સને ઉત્તર આપ્યો:–" શુ? નાટકકારનો પોષાક? મ્હેં તે અનેક વખત જોયો છે! પરંતુ નાચનારાં કૂતરાના જેવાં કેટલાંક ચિત્રો જે પ્રમાણે મેજ ઉપર મૂકવામા આવે અને તેમનાં આડાં અવળાં મ્હોં જોઇને જેવું હસવુ આવે તેના કરતાં હુ નાટકકારને વિશેષ ઉત્તમ સમજતો નથી."

ઉપર્યુક્ત મનુષ્યે પુનઃ કહ્યું:–" પરંતુ નાટકકાર બીજાઓના કરતાં ઘણા સારા હોય છે એમ આપને નથી લાગતુ કે?"

જૉન્સને કહ્યું:–" બરોબર છે, પણ કેટલાક કૂતરા બીજા કૂતરાઓના કરતાં ઉત્તમ રીતે નાચતા નથી કે?"

ડૉક્ટર બર્નીની સાથે વાત કરતા કરતા જોન્સન એક દિવસ બોલી ઉઠ્યો કે–" બાળકો પ્રૌઢ થાય તે પૂર્વે તેમને ડાહ્યાં કરવાનો યત્ન કરવો એ વ્યર્થ છે ધારો કે બાળક પાચ વર્ષનુ થાય અને એટલી ઉમ્મરમા તેને પુષ્કળ જ્ઞાન પ્રાપ્ત થાય તો તેના જ્ઞાનનો શું ઉપયોગ? તેનો જે વખતે યોગ્ય ઉપયોગ કરવાનો છે તે સમય પ્રાપ્ત થતાં પૂર્વેજ કદાચિત તે પોતાના જ્ઞાનને ભૂલી જાય અને શિક્ષકનો સમય તથા શ્રમ એ સર્વે નકામાં થઈ પડે. ફળ જેટલુ ત્વરાથી પાકે તેટલુ વધારે સારૂ એમ લાગે છે ખરૂ, પરંતુ તે અકાળે જલદીથી પક્વ થયાથી ફાયદો ન થતાં ઉલટી હાનિ થાય છે"

વહાણ ઉપરની નોકરી સબંધીની વાત નીકળતાં જૉન્સને કહ્યું કે.–" વહાણ એ તુરંગ કરતાં પણ વધારે ખરાબ છે. વહાણ ઉપરની હવા કરતાં તુરંગમાંની હવા, મડળી તથા સર્વે પ્રકારની વ્યવસ્થા વધારે સારી હોય છે. મનુષ્યને જ્યારે જમીન ઉપર રહેવાનુ સ્થાન

મળતું નથી ત્યારેજ તે વહાણ ઉપર રહેવાનું સ્વીકારે છે."

ઓઝવેલે પ્રશ્ન કર્યોઃ—"ત્યારે કોઈ પિતા પોતાના પુત્રને વહાણ ઉપરનુ કામ શીખવે તો એ નિર્દયતા કહેવાય કે?"

જૉન્સને ઉત્તર આપ્યોઃ—"હા, જે પિતાનુ મન મ્હારા જેવું હોય તેને એ કામ નિર્દયતાપૂર્ણ લાગ્યા સિવાય રહેજ નહિ. સમુદ્રની મુસાફરીનાં દુઃખોથી અજ્ઞાન હોવાને લીધેજ મનુષ્ય પ્રથમ વહાણ ઉપર નોકરી સ્વીકારે છે અને એક વખત એનો સ્વીકાર કર્યા પછી તે એમાંથી છૂટી શકતો નથી આ એક કાર્યનુ તો શુ પણ અન્ય દરેક વાતનુ જોવા જઇએ તો આજ પ્રમાણે છે"

એક વૈદ્ય હતો તેણે વારંવાર પોતાના ધર્મને બદલ્યો. આમ કરવાથી તેની પ્રતિષ્ઠાને હાનિ પહોચી અને તેનો ધંધો પડી ભાંગ્યો, એવુ કોઇએ કહ્યુ તે સાભળી ઓઝવેલે પ્રશ્ન કર્યો—"ધર્મનો તેમજ વૈદકનો અરસ્પરસ શુ સબધ છે?"

આ પ્રશ્નનો જૉન્સને ઉત્તર આપ્યો કેઃ—"કેમ સબધ નથી? જે વાત સર્વે જાણે છે તે સબધી જો કોઈ મનુષ્ય ગાંડપણથી વર્તે, તો જે વાત તે જાણતો ન હોય તે સબધી તે ગાંડપણથી વર્તે અર્થાત્ વિલક્ષણપણાથી વર્તે જ એવો સશય લોકોને કેમ ન આવે? જો કોઈ એક સારો વૈદ્ય હોય અને તે અભક્ષ્યાભક્ષ્ય કરે તો તેની પાસે કોઇ પણ મનુષ્ય જાય નહિ તથા તેને કોઇ બોલાવે પણ નહિ, તથાપિ અભક્ષ્યાભક્ષ્ય કરે એટલે ઉત્તમ દવા કરતાં આવડે નહિ એમ નથી. મનુષ્યનો મૂળ ધર્મ જો ખરાબ હોય અને તેને જો તે અવલબીને રહે તો તો તેના ધધામાં નુકશાન આવે નહિ પરતુ જો એ પોતાનો ધર્મ બદલે તો નુકશાન થવા ઉપરાંત તેની પ્રતિષ્ઠાને પણ હાનિ પહોંચે"

બીજા એક વૈદ્ય સબંધી વાત નીકળી હતી તે સમયે ડૉકટર

ટેલરે કહ્યુ:–" તે કોઇને સારો જણાતો નથી, તેથી મ્હેં કેટલાક લોકોની સાથે વાદવિવાદ કરીને તેના સબધી ખાત્રી કરી આપી છે."

જૉન્સને ટેલરને જણાવ્યુ:–" અરે ! પણ તમે યાદ રાખો કે, એવા લોકોની ખાત્રી કરવાથી તે વૈદ્યને તો કાંઇ લાભ ન થતાં ઉલટુ નુકશાનજ થશે. કેવી રીતે તે જુઓ, જેની જેની તમે ખાત્રી કરી હશે તે તે મનુષ્યને તમારા ઉપર જરૂર ગુસ્સો આવ્યો હશે તથા તે વૈદ્યને કદાપિ બોલાવવો નહિ એવો તેણે નિશ્ચય કર્યો હશે. આ તમારા વાદવિવાદમાં જો કદાચ તે લોકોનુ કહેવુ સત્ય ઠર્યુ હોત તોજ કદાચિત્ તે વૈદ્યને ફાયદો થયો હોત અને તેથી આવો દુરાગ્રહ તમે ના કર્યો હોત તો તે લોકો તે વૈદ્યને એક વખત પણ બોલાવત "

એક ન્યાયાધીશે એક કેસમાં છેકજ અન્યાય ભરેલો ચુકાદો કર્યો હતો આ સબધી એક મનુષ્યે એક પુસ્તક છાપ્યુ હતુ, તે સબધી વાત ચાલી રહી હતી એ સમયે જૉન્સને કહ્યુ.–" અહા ! ખરી રીતે જોવા જતા તો એ પુસ્તકથી ન્યાયાધીશને કાઇ પણ ખોટુ લાગનાર નથી. કારણ એ કૃત્ય તેણે પોતાની અક્કલ પ્રમાણે પ્રમાણિકપણાથી ઇશ્વરનુ સ્મરણ કરીને કર્યુ હોવુ જોઇએ અગર તો જાણી જોઇને અન્યાયથી કર્યુ હોવુ જોઈએ હવે જો તેણે એ કૃત્ય સત્યને સ્મરીને યથાતથ્ય કર્યુ હશે તો તેનો મનોદેવતા જ તેનુ રક્ષણ કરશે. અર્થાત્ ' મને જ ન્યાય પ્રમાણે યોગ્ય લાગ્યુ છે તે મ્હે કર્યુ છે, દુનિયા ગમે તેમ કહે ' આમ વિચારીને તે સ્વસ્થ રહેશે, અને જો કદાચ તેણે અન્યાય કર્યો હશે તો ' ચાબુક મારી તે ખૂબ લાગી ' એમ તેના મનમાં આવી તેને સતોપ થશે.

' આ સવાદો ઇ. સ. ૧૭૭૬ સુધીના છે તે સમયે જૉન્સનની ઉમર ૬૭ વર્ષની હતી

પ્રકરણ ૩ જું.

સેમ્યુઅલ જૉન્સન–ચાલુ.

એક સમયે લગ્ન સંબંધી વાત નીકળી હતી. એ સમયે બોઝવેલે કહ્યું: "શ્રીમંત સ્ત્રીની સાથે લગ્ન કરવા કરતાં ગરીબ સ્ત્રી સાથે લગ્ન કરવુંજ વધારે સારૂ છે. કારણ કે જો શ્રીમંત સ્ત્રી પુષ્કળ દ્રવ્ય લઇ ને ગૃહમાં આવે છે તો તેનુ ખર્ચ પણ અપાર હોય છે તથા જે ગરીબ સ્ત્રી હોય છે તે સાધારણ સ્થિતિમાં રહેવાનુજ વિશેષ પસંદ કરે છે."

આ સાંભળી જૉન્સને કહ્યુ: "તમારી ધારણા છેકજ ભૂલભરેલી છે. શ્રીમંત સ્ત્રી શ્રીમંતાઇમાંજ મોટી થયેલી હોવાથી પૈસાનો કેવી રીતે યોગ્ય ઉપયોગ કરવો એ તે સારી રીતે સમજતી હોય છે, પરંતુ જે સ્ત્રીનુ જીવન કંગાલ અવસ્થામાં પસાર થયેલુ હોય છે તેને જો લગ્ન પછી એકાએક પૈસાની પ્રાપ્તિ થાય છે તો એ પૈસાનો સદુપયોગ કેવી રીતે કરવો એ તે સમજી શકતી નથી; અને આમ હોવાથીજ તે જે ખર્ચ કરે છે એ ખર્ચનો શુમાર રહેતો નથી. તે એકાએક પૈસાની પ્રાપ્તિ થવાથી ઉચ્છૃંખલ બની જાય છે."

ઇ. સ. ૧૭૭૬ ના માર્ચ માસની અઠ્ઠાવીસમી તારીખે કેટલીક આમતેમની વાતચીત થયા પછી બોઝવેલ બોલ્યો: "મ્હારાં બાળબચ્ચાં ઘણે દૂર છે તેથી તેઓ દુઃખમાં તો નહિ હોય ને? એવો સંશય ઉત્પન્ન થઇને મ્હારા મનને અસ્થિર કરી મૂકે છે. તો તે માટે શુ કરવું?"

બોઝવેલ પ્રતિ દૃષ્ટિ કરી જૉન્સને કહ્યુ: 'અરે! જો તમે બીમાર છો એવો સંશય લાવીને તમારા બાળબચ્ચાં દુઃખી થાય તો તમે તેમને મૂર્ખ ધારો કે નહિ?"

મરે નામનો એક જૉન્સનનો સ્નેહી હતો. તેણે એક સમયે એમ કહ્યું કે "પ્રાચીનકાળના તત્ત્વજ્ઞાનીઓ ભિન્ન ભિન્ન પંથના હતા તોપણ તેઓ અરસ્પરસ ઘણાજ ખુલ્લા મનથી વાદવિવાદ કરતા હતા."

જૉન્સને કહ્યું: "હા, તમારૂ કહેવું સત્ય છે; પરતુ તેનુ કારણ એ છે કે, તેઓ પોતાના ધર્મ માટે દુરાગ્રહ કરતા નહોતા. જે વાત ઉપર આપણુને પૂર્ણ વિશ્વાસ બેઠો હોય છે તેજ વાતનુ જો કોઇ ખડન કરે છે તો આપણુને ક્રોધ આવ્યા સિવાય રહેતો નથી. મનુષ્ય કેટલાંક કારણોને લીધે એકાદ વાતને નિશ્ચયપૂર્વક સત્ય સમજે છે તથા તે ઉપર તેનો વિશ્વાસ બેસે છે. આ વિશ્વાસનુ પ્રમાણ એટલુ બધુ હોય છે કે જેથી કરીને તેના ચિત્તને એક પ્રકારના સ્વાસ્થ્ય સુખની પ્રાપ્તિ થાય છે. આવી અવસ્થામાં તેણે જે વાત ઉપર વિશ્વાસ મૂક્યો છે એ વાત અસત્ય છે એમ જો કોઇ સિદ્ધ કરવાનો યત્ન કરે તો સહજજ તે ઉપરનો તેનો વિશ્વાસ ઓછો થતો જાય છે, અને આમ થાય છે એટલે તેનું સ્વાસ્થ્ય સુખ પણ ઓછુ થયા સિવાય રહેતું નથી આમ હોવાથી તે મનુષ્યને પોતાનાથી વિરૂદ્ધ મતવાળા મનુષ્ય ઉપર શામાટે ક્રોધ ઉત્પન્ન ન થાય? તમારા શાસ્ત્રમાં અમુક વાત દર્શાવેલી છે તે સત્ય નથી એવુ જો તમે કોઈ ધર્મ-ભોળા મનુષ્યને કહો તો તે તમારા ઉપર અવશ્ય ક્રોધે ભરાશેજ, કારણકે જે આધારો ઉપર તેનુ મન સ્વસ્થ હોય છે તે આધારને તમે હલાવ્યા જેવું થાય છે."

મરે બોલ્યો: "જે વાત સત્ય અને હિતોત્પાદક છે એમ આપણે સમજીએ છીએ, તેજ વાતને જો કોઈ અસત્ય તથા ખરાબ કહેવા લાગે તો તેવા મનુષ્ય ઉપર આપણે ક્રોધે નહિ ભરાતાં ઉલટુ તેની અજ્ઞાનાવસ્થા માટે આપણા મનમાં દયા ઉત્પન્ન થાય છે એમ મને લાગે છે."

જૉન્સને કહ્યું: " જે ઉત્તમ તથા હિતોત્પાદક વાત આપણી ધ્યાનમાં હોય છે તે લોકોને દર્શાવવી એ લોકોના હિતનું તથા અત્યંત સ્તુત્ય કૃત્ય છે. તેમાં ફક્ત પરહિત બુદ્ધિજ છે, એમાં કાંઈજ સંશય નથી; પરંતુ આવી બુદ્ધિ ફક્ત તમારાજ અંતઃકરણમાં છે. જેને તમે તે વાત કહો તેને જો તમારો વિચાર કેવા પ્રકારનો છે તેની ખબર ન હોય તો તમારી વાતનો શું ઉપયોગ ? એમ ધારો કે, હાથમાં લાકડી લઇને એક દીવાનો મનુષ્ય હમણાંજ અત્રે આવે તો તમને તેનું મન અવ્યવસ્થિત થયેલું જોઈ તમારા મનમાં તેના સંબંધી દયા ઉત્પન્ન થાય એ યોગ્ય છે, પરંતુ પ્રથમ તેના હાથમાંની લાકડીને દૂર ફેંકી દીધા પછીજ તમે તેના ઉપર દયા કરો ! અર્થાત્ તાત્પર્ય એ કે પ્રથમ તમે સ્વસંરક્ષણ કરો ! અને ત્યાર પછી દયા દ્રષ્ટિ કરો. જે વાદવિવાદથી પોતાનું કોઇ પણ પ્રકારે અહિત થવાનો ભય નથી તે વાદવિવાદથી મનુષ્યને ક્રોધ આવેજ નહિ. કોઈ પારકાનો પુત્ર ફાંસીએ જશે કે કેમ એ સંબંધી હું છેકજ શાંત ચિત્તથી ઇચ્છામાં આવશે તેટલું બોલીશ; પરંતુ જો અન્ય કોઇ મનુષ્ય મ્હારા પુત્રની ફાંસીએ જવાની ચોક્કસ વાત કરે તો તે મ્હારાથી સાંભળી શકાય નહિ. મને તે સંબંધી ચિંતા થાયજ. "

બોઝવેલે પણ પોતાનો મત દર્શાવતાં કહ્યું: " સત્ય છે, જુઓ, મ્હારી પત્ની ઉત્તમ, પ્રમાણિક અને પતિવ્રતા છે એમ મ્હારૂં ધારવું છે તથા તેના ઉપર હું નિઃસીમ સ્નેહ રાખું છું. આમ હોવાથી મ્હારો આત્મા પણ હરનિશ આનંદમાં રહે છે તથા શરીર સુખી રહે છે; છતાં જો કોઈ મનુષ્ય મ્હારી પત્ની ઉત્તમ પ્રકારની નથી, અપ્રમાણિક છે તથા દુરાચારી છે એવું મને સમજાવવાનો યત્ન કરે તો તેના ઉપર મને ક્રોધ આવ્યા સિવાય રહેજ નહિ. કારણ તેનાં વચનોથી મ્હારા સુખને હાનિ પહોંચવાની શંકા મ્હારા મનમાં ઉત્પન્ન થાયજ."

મરે બોલ્યો: "પરંતુ એવી ખોટી શકાથી શુ? સત્ય તો સત્યજ રહે છે. સાચાને આંચ આવતીજ નથી."

જૉન્સન બોલ્યો: "હા, તે સત્ય છે; પરંતુ જે સત્ય છે તેને સત્ય તરિકે સ્થાપિત કરવાને માટે પણ ઘણો ત્રાસ પડે છે. ધારો કે તમે સત્ય રીતે નિરપરાધી હોવા છતાં પ્રત્યેક અઠવાડીએ તમારા ઉપર કોઇ એક પ્રકારનો એક આરોપ લાવીને તમને જો ન્યાયાધીશ આગળ ઉભા કરવામાં આવે તો પ્રત્યેક પ્રસંગે તમે નિરપરાધી છો એવું સિદ્ધ કરી શકવાને માટે તમે શક્તિવાન થશો કે?"

અન્ય એક પ્રસંગે બોઝવેલે જૉન્સનને કહ્યું કે: "એવી એક કલ્પના કરો કે, એક ઉત્તમ મનુષ્ય છે. તે મનુષ્યની પુત્રીને કોઇ લફંગાએ ફસાવવાથી તે છોકરી અનીતિ ઉપર ચડી ગઇ છે, પરંતુ બહારનુ કોઇ મનુષ્ય આ વાત જાણતું નથી તોપછી આવી પુત્રીને તેણે પોતાના ગૃહમાં રહેવા દેવી કે નહિ યા તો જો તે તેને પોતાના ગૃહમાં રહેવા દે તો તે લોકોને ફસાવવાના કારણભૂત થયો, એમ થાય કે નહિ? અર્થાત્ જો તે સત્ય હકીકત પ્રકટ ન કરે તો એકાદ ઉત્તમ કુળનો અજાણ્યો મનુષ્ય તે છોકરીની સાથે લગ્ન કરે; અને આ લગ્ન કરનાર પુરૂષને તેણે ફસાવ્યો એમ જ કહી શકાય."

જૉન્સને કહ્યું: "પિતા ફસાવવાના કારણ રૂપ ગણી શકાય એમ લાગતું નથી કારણકે તેની પુત્રી તેના ગૃહમાં છે અને જો તેની સાથે કોઇ લગ્ન કરે તો તે વાત ભાગ્ય પ્રમાણે બની એમ કહેવું જોઇએ; પરંતુ જો લગ્ન કરનાર મનુષ્ય તે છોકરીની સાથે પોતે લગ્ન કરવુ કે કેમ એ સંબંધી તે છોકરીના પિતાને પ્રશ્ન કરે તો તેણે સત્ય કારણનો ઉલ્લેખ ન કરતાં ફક્ત તેને લગ્ન કરવાની ના પાડવી, અથવા જો તે પિતાને બીજી પુત્રી હોય અને તે પોતાની બહેનનો સકળ વ્યવહાર જાણતી હોય તો પિતાએ પોતાની દુરાચારી પુત્રીને

ગૃહમાં ન રાખવી એજ ઉતમ છે. જુઓ, આપણી હાલની સ્થિતિ આવી છે કે, આપણે જેમ આપણી પ્રતિષ્ઠા સાચવવાનો યત્ન કરીએ છીએ તેમ લોકોની પ્રતિષ્ઠાનુ રક્ષણ થાય એ સંબંધી પણ વિચારવું જોઇએ. જો કોઈ મનુષ્ય પોતાના અથવા તો પોતાનાં સંતાનોના દુર્ગુણો પોતે જાતેજ લોકોને ન જણાવે તો તેથી તે અપ્રમાણિક યા તો અપ્રતિષ્ઠિત મનુષ્ય છે એમ કહી શકાય નહિ."

ગ્રંથાવલોકન એ જ્ઞાનપ્રાપ્તિનો એક સર્વોત્તમ માર્ગ છે. તે સબંધી વાતચીત નીકળતાં જૉન્સને કહ્યુ કેઃ—"મનુષ્યને જે વિષય પ્રિય હોય છે તે વિષય સંબધીનુ વાચન જો તે વાંચે છે તો તેની તેના મન ઉપર અધિક અસર થાય છે, પરતુ જે વિષય મનુષ્યને અપ્રિય હોય છે તે જો એ વાંચે છે તો તેનુ અર્ધુજ લક્ષ્ય તે વિષય ગ્રહણ કરવા પ્રતિ લાગે છે." વળી જૉન્સન બોલ્યો કેઃ—"જો કોઇ મનુષ્ય એકાદ પુસ્તક મધ્ય ભાગમાંથી વાંચવા માંડે અને તે તેને પ્રિય લાગે તો તેણે મધ્ય ભાગનો ત્યાગ કરી શરૂઆતથી વાંચવા લલચાવુ નહિ, કારણ કે જો પ્રથમથી વાચવાની શરૂઆત કરે તો કદાચિત તેનું મન તે પુસ્તક ઉપરથી બિલકુલ વિરક્ત થઇ જવાનો સભવ રહે છે."

એક સમયે જૉન્સનને બોઝવેલે એમ કહ્યુ કેઃ—"હુ એક સ્થળે મિજબાનીમાં ગયો હતો. ત્યાંની વ્યવસ્થા ઉત્તમ પ્રકારની હતી. આમ છતાં જમનાર વ્યક્તિઓ પૈકી કોઇએ પણ ધ્યાનમાં રાખવા જેવી ચર્ચા કરી નહિ."

જૉન્સને જણાવ્યુઃ—"અરે વિશેષ ચર્ચા ન થઇ એજ સારૂ થયુ, એકત્ર થઇ ભોજન પાણી લેવાથી સ્નેહ વૃદ્ધિગત થાય છે અને મમતામાં પણ વધારો થાય છે. આવા પ્રસગે વિશેષ વાર્તાલાપ ન થાય એજ ઉત્તમ છે; કારણ વાદવિવાદનું પરિણામ એ આવે છે કે

જેથી કરીને ઘણાખરાના મતો એક બીજાથી ભિન્ન ભિન્ન પ્રકારના થઇ પડે છે. જો ગપ્પા ચાલે છે, તો જેનામા વાચાળતા નથી હોતી તેને શાત બેસી રહેવુ પડે છે અને તેથી કરીને તેને પણ કાઇક ખોટુ લાગે છે. આથી કરીને આવા મેળાવડાઓમાં વિશેષ વાદવિવાદ યા તો ગામ ગપાટા ન થાય એજ સારૂ છે ”

જૉન્સન એક દિવસે રાત્રે સ્ટ્રૉટહામ જવા નીકળ્યો ત્યારે ટેલરે તેને કહ્યુ—“ અરે ! જો તમે અત્યારે જશો તો ચોર લોકો તમને લૂટી લેશે આવે પ્રસગે તમારે ચોરને ગોળી મારવી પડશે જો મને લૂટવાને કદાચિત ચોર આવે તો હુ લૂટાઉ પણ ગોળીબાર ન કરૂ.”

જૉન્સને કહ્યું—“ હુ આ સબધી તમારાથી જૂદા મતનો છુ જો મને લૂટવાને ચોર આવે તો હુ તેમને તત્ક્ષણ ઠાર માર્યા સિવાય રહુ નહિ પ્રથમ તેને લૂટવા દઈ પછીથી અધિકારીની મદદથી ચોરનો પત્તો મેળવી તેને શિક્ષા કરાવવી એ મને યોગ્ય લાગતુ નથી. કેમકે તેમ કરાવવાથી કદાચિત દોષવાન મનુષ્યને બદલે નિર્દોષ ફસાઇ જાય એવો સશય રહે છે, જેથી ચોરને તેના કૃત્યનો બદલો તેના કાર્ય પ્રસગેજ આપી દેવો મને તો યોગ્ય લાગે છે, કારણ કે તેમ થાય તો પછીથી ઉપલો સશય રહેજ નહિ મને તો આ પક્ષ ઉત્તમ લાગે છે.”

એક સમયે જૉન્સન અને બોઝવેલ વાતચીત કરતા બેઠા હતા એવામાં કોઇ ત્રીજો ગૃહસ્થ ત્યા આગળ આવીને બેઠો. તેણે જૉન્સનને પ્રશ્નોપર પ્રશ્નો પૂછ્યા—“ આપે શુ કર્યું ? આપે શુ કહ્યુ ? ” આવા પ્રકારના પ્રશ્નો પૂછી પૂછીને તેણે જૉન્સનને ઘણોજ કટાળો આપ્યો. આથી કરીને જૉન્સને અતિશય કટાળી જઇ ક્રોધે ભરાઇ તે ગૃહસ્થને કહ્યું:—“ આવા પ્રશ્નો મને બિલકુલ પસદ નથી. વળી આવા પ્રશ્નો કરવા એ પ્રતિષ્ઠિત મનુષ્યને શોભતું નથી એ શુ તમે જાણતા નથી ? ‘ શુ ’ અને ‘ શા માટે ’ એનાથી મને ત્રાસ આપશો

નહિ. આ શું ? ગાયની પૂછડી લાંબી કેમ ? ભેંસના શિંગડા મોટાં કેમ ? એવા એવા નિર્જીવ પ્રશ્નો પૂછવાથી સામા માણસને કંટાળો ન આવે કે ? "

આવનાર ગૃહસ્થે શરમાઇ જઈ ઉત્તર આપ્યોઃ–" મુરબ્બી શ્રી ! આપ સારા સ્વભાવના હોવાથીજ આપને આટલુ પૂછવાનુ મ્હારૂ ધૈર્ય ચાલ્યુ, નહિ તો ચાલત નહિ. "

જૉન્સને જણાવ્યુઃ–" મને તમે સારો સમજો છો તેથીજ તમારે મ્હારી આગળ આવા મૂર્ખ બનવુ એ વ્યાજબી નથી. "

એક સમયે નાલિસ નામની બાઇ સાથે જૉન્સનને કેટલીક ચર્ચા ચાલ્યા પછી તે બાઇએ કહ્યુ કે' સ્ત્રીઓ કરતાં પુરૂષોને વધારે સ્વતંત્રતા મળી છે એ અયોગ્ય છે, એમ મ્હારા મનમાં લાગ્યા સિવાય રહેતુ નથી. વળી આ સ્વતત્રતાને લીધે પુરૂષોને ઘણા માનની પ્રાપ્તિ થઈ છે, એ પણ તેમને એકલાનેજ શા માટે થાય ? સ્ત્રીઓને પણ શા માટે માનની પ્રાપ્તિ ન થાય ? "

જૉન્સન બોલ્યો·—"સ્ત્રી તથા પુરૂષ એ બન્નેમાંથી કોઇ એકને તો માનની પ્રાપ્તિ થવીજ જોઇએ. પ્રખ્યાત કવિ શેક્સપિયરે એક ઠેકાણે એમ જણાવેલુજ છે કે—જો બે વ્યક્તિઓ ઘોડેસ્વાર થાય તો તેઓ પૈકીની એક પાછળજ હોવી જોઇએ. "

નાલિસે નિરાશ થઈ જઇ કહ્યુઃ–" ત્યારે સ્વર્ગલોકમાં તો સ્ત્રી પુરૂષની બરોબરી થશેજ એમ મ્હારૂ ધારવું છે. "

બોઝવેલ બોલ્યોઃ—" બાઈ સાહેબ ! હવે તો તમે બહુ દૂર પહોંચી ગયા ! સ્વર્ગલોકમા ફક્ત સ્ત્રીપુરૂષોની તો શુ પરંતુ દેવદૂતોની અને આપણી બરોબરી થશે એમજ શા માટે નથી કહેતાં ? સ્વર્ગ-લોકમાં આપણે સર્વે કદાચિત સુખી થઇશુ એવી કલ્પના સત્ય હશે, પરતુ સર્વેને સરખુજ સુખ મળી શકે નહિ. મનુષ્ય પોતાની યોગ્યતા

પ્રમાણે સુખી થાય એટલે બસ છે એકાદ ઉત્તમ ગાડીવાન અને સર આઇઝેક ન્યૂટન એ બન્ને સ્વર્ગલોકમાં સુખી થશે પરંતુ સુખ વત્તા ઓછા પ્રમાણુમાંજ રહેવાનુ, સમાન રહેવાનુ નહિ."

જૉન્સને પણ બોઝવેલનાં વચનોને ટેકો આપતાં કહ્યું:–"સત્ય છે. સુખનુ પ્રમાણુ બહુધા એક સરખુ રહેતું નથી."

ઍશઆરામ ભોગવવાનું જોન્સનના મત પ્રમાણે ઉત્તમ હતું. તે સબંધી વાતચીત ચાલતી હતી એવામા એક પ્રસગે તેણે કહ્યું:– "તમે જે પૈસા ઍશઆરામમાં ખરચો છો તેજ પૈસામાંથી ગરીબ લોકોનું હિત થયા સિવાય રહેતું નથી. ભિક્ષા પ્રમાણે જો ગરીબને પૈસા મળે તો તે અવશ્ય આળસુ બને પરતુ જો આપણે આપણા ઍશઆરામને માટે તેની પાસે કોઈ વસ્તુ તૈયાર કરાવીએ અને તે બદલ તેને યોગ્ય કિમત આપીએ તો તે અધિક ઉદ્યોગી થાય. આવી રીતે ગરીબને પૈસા પહોંચાડવા કરતાં નિષ્કામ ધર્મ કરવામાં અધિક સદ્દગુણ છે તે સત્ય છે, પરતુ આ બીજા માર્ગમા પણ એક પ્રકારનુ હિતજ છે."

સિર્વાદ નામની બાઈ બોલી ઉઠી:–"ત્યારે તો દેશમાંના કેટલાક મનુષ્યો કે જેઓ દુર્ગુણી હોય છે તેમના દુર્ગુણો સર્વે લોકોના હિતના કારણભૂત થાય છે એવુ જે માંદિવિહલી* નામના ગ્રથકારનુ કહેવુ છે તેનુ જ આ તાત્પર્ય હોય એમ લાગે છે."

જૉન્સને જણાવ્યુ:–"હા બરોબર છે. પરતુ એ ગ્રથકારે પોતાનો મત પ્રતિપાદન કરતાં એક ભૂલ કરી છે, તે એ છે કે, તેણે પોતાના

---

* માદિવિહલી ગ્રથકાર એક ડચ વૈદ્ય હતો તે ઈ સ ૧૭૬૦ ના અરસામા ડૉર્ટમા જન્મ્યો હતો તે લડન શહેરમા આવીને રહ્યો હતો ત્યાં આગળ તેણે કેટલાક ગ્રથો પ્રસિદ્ધ કર્યા હતા. તેમા '**મધુમક્ષિકાની વાર્તા**' એ નામનો ગ્રથ ઘણો જ પ્રખ્યાત છે. તે ગ્રથમા તેણે ઉપર દર્શાવેલા મતનુ પ્રતિપાદન કર્યુ છે

પુસ્તકમાં દુર્ગુણ અને હિતની વ્યાખ્યા આપી નથી. જે વસ્તુઓથી સુખની પ્રાપ્તિ થાય છે તે સર્વે વસ્તુઓનો તે દુર્ગુણોમાં સમાવેશ કરે છે. નીતિ સબધી તેનો મત ઘણો સંકુચિત દ્રષ્ટિવાળો છે. સુખ એજ એક પ્રકારનો દુર્ગુણ છે એમ તેને લાગે છે તથા તે એમ ધારે છે કે, સંપત્તિ એજ સર્વે પ્રજાના સુખનુ કારણ છે, પરંતુ તેની આ ધારણા સત્ય નથી. વસ્તુતઃ જોવા જતાં સુખ એ કાંઇ દુર્ગુણ નથી. છતાં આ સસારમાં કેટલાક પ્રકારના સુખોમાં સાક્ષાત્ દુર્ગુણો છે એ કાંઈ ખોટુ નથી, પણ તેનાથી મનુષ્ય દૂર રહી શકતો નથી એટલે આ દુનિયામા સદ્ગુણ અને સુખ એ બન્નેની—સગતિ અખડ રહેતી નથી. તે સ્વર્ગલોકમાં બરોબર રહેશે, એવી આશા છે માંદિવિડલીએ એક દારૂડીઆનુ ઉદાહરણ લીધુ છે તથા તે જણાવે છે કે, દારૂડીઓ મનુષ્ય જે પૈસા દારૂ પીવામા ખરચે છે તે દેશમાના બીજા લોકોના ઉપયોગમાં આવે છે એ સત્ય છે. પરતુ આ પૈસાથી દારૂ બનાવનાર કલાલ વગેરે મનુષ્યોનુ જે કાંઇ ભલુ થાય છે તેની તુલના દારૂડીઆ મનુષ્યના કુટુબનાં દુખો સાથે કરી જુઓ, એટલે સત્ય શુ છે તે લક્ષ્યમાં આવશે કોઇ પણ એકાદ સારી કે ખોટી વાતને સમજવાનો આજ ઉત્તમ માર્ગ છે. જે કાર્યમાં ખરાબ કરતાં સારૂ તત્વ વધારે જણાય તેનેજ સારૂ સમજવુ જોઇએ અને સારા કરતાં ખરાબ વધારે જણાય તેને ખરાબ સમજવુ જોઇએ. આજ નિયમ આપણે દુર્ગુણને પણ લગાડી જોઈએ. દુર્ગુણોથી પણ કોઇ કોઇ વખતે સારૂ પરિણામ આવે છે ખરૂ, પરતુ જો સહજ સૂક્ષ્મ વિચાર કરી જોવામાં આવે તો તે પ્રકાર પ્રત્યક્ષ દુર્ગુણથીજ નથી ઉત્પન્ન થયો એમ લાગશે. એક ઉદાહરણ લઈએ. એક ચોરે એક ગૃહસ્થનુ દ્રવ્ય ચોરીને, જેને તેનો ઉપયોગ કરતાં સારી રીતે આવડતું હતું તેને આપી દીધુ. આમાથી દુર્ગુણને લીધે સારો પ્રકાર ઉત્પન્ન થયો એમજ ફક્ત દેખાઈ

આવે છે, પરતુ આ એક પ્રકારની ભ્રાંતિ છે. આ જે સારૂ પરિણામ થયુ તે ચોરી કરવાના દુર્ગુણને લીધે થયુ નથી, પરતુ તે દ્રવ્ય ફક્ત એકની સત્તામાથી કાઢી લઇ બીજાની સત્તામા સોંપવાથીજ થયુ છે. માદિવ્હિલીનું પુસ્તક મ્હેં લગભગ ચાળીસ પચાસ વર્ષ પૂર્વે વાચ્યુ હતુ. તેનુ મને કાઇ પણ આશ્ચર્ય લાગ્યુ નહોતું, પણ તેથી મને દુનિયાના અતર્ગત પ્રકારનુ વિશેષ જ્ઞાન થયુ હતુ તમે ગમે તેમ કહો પણ મનુષ્યમા સકળ સુખનો આધાર તેના સદ્‌ગુણો ઉપરજ અવલબીને રહેલો છે. સ્પાર્ટામા સર્વે લોકોનો મત એવો થઈ ગયો હતો કે, ચોરી કરવામા કાંઈ હરકત નથી. માત્ર તે કોઇની જાણમા ન આવે એટલે થયુ, તેથી ચોરી કરે તે દોષિત ગણાતો નથી, પણ ચોરી કરેલી પકડાઇને તેના ઉપર સાબિતી થાય તે દોષવાન અને મૂર્ખ ગણાય છે, એટલે કે ચોરી કરવી એ ત્યા અપરાધ ગણાતો નથી. આથી કરીને ચોરીને લીધે લોકોને દુખ પડયા સિવાય રહે ખરૂ કે? ત્યાના લોકોને એથી કાંઈ પણ સુરક્ષિત જણાતુ નહિ વળી જ્યા સરક્ષણ નથી ત્યા સુખ પણ ક્યાથી હોઇ શકે? સત્ય સિવાય લોકોમા જૂટજ એકઠુ રહી શકે નહિ અને વ્યવહાર પણ ચાલે નહિ હાલજ આપણે એકાએક કોઇના ઉપર ભરોસો મૂકી શકતા નથી તો આ કરતા દસગણું અસત્ય વધી પડે ત્યારે શુ પરિણામ આવે? એકમેકની સાથે સસર્ગ હોવાથી તથા એક બીજાની માહિતી એક બીજાને હોવાથી મનુષ્યો એકત્ર રહે છે સર યોમ્સબ્રૌન એક દિવસે બોલ્યો હતો કે.—નરકમાં પડેલા મહાપાપી મનુષ્યો શુ અસત્ય વચનો ઉચ્ચારે છે? નહિજ! તેઓ અસત્ય ભાષણ કરતા નથી. આ વાતની સાબિતી માટે તેને પૂછતા તેના ઉત્તરમા તેણે કહ્યુ હતુ કે, જો તેઓ પણ પરસ્પરમાં અસત્ય બોલે તોપછી તેમને સર્વને રહેવાની એ નરક નામની જગ્યા પણ રહી હોત નહિ ”

એક સમયે વાત નીકળતા જૉન્સને કહ્યુ.—" પોતાના સબધી પોતે શુદ્ધ અને પ્રતિષ્ઠિત રીતે બોલવુ, એમ જો મનુષ્યના મનમા આવે તો તેણે જે વાત તદ્દન સત્ય હોય તેજ કહેવી જોઇએ. હુ રિચમડ તરફ ગયો હતો અથવા હુ છ ફુટ ઉચો છુ એવી જો ખરી વાત કોઇ કહે તો પહેલી વાત લોકોની પ્રત્યક્ષ સાક્ષી ઉપરથી સત્ય ઠરશે અને બીજી વાત પણ તરતજ માપ લેવાથી સાચી છે કે ખોટી તે સમજાઈ આવશે. આની વાતો મનુષ્ય જો ખાત્રીથી કહે તો તેમા કાઇ હરકત નથી, પરતુ હુ શાણો છુ એમ તે ખાત્રીથી કહી શકે નહિ અથવા મ્હારામા અમુક ગુણ ઉત્તમ છે એમ પણ જણાવી શકે નહિ. સાચે સાચી આત્મનિન્દા કરવી એ પણ એક આત્મસ્તુતિનોજ પ્રકાર છે, 'લોકો મને ગમે તેટલો ખરાબ કહે તો પણ ચાલશે' આવો મત એ આત્મનિન્દાથી સ્પષ્ટ જોવામા આવે છે. મતલબ કે આવા પ્રકારની આત્મનિન્દાથી તો ઉલટો આત્મસ્તુતિને શરમાવનારો દોષ મનુષ્યના માથા ઉપર આવે છે"

આ ઉપરથી બોઝવેલ બોલ્યો—" પોતાના દોષ લોકોના મનમા પૂર્ણ રીતે પ્રવેશ કર્યાની ખાત્રી થવાને લીધે પણ કદાચિત આત્મનિન્દા કરવા સબધી મનુષ્યની પ્રવૃત્તિ થવાનો સભવ છે, કારણ કે લોકોએ હલકો પાડવા કરતા પોતે પોતાની જાતેજ હલકા પડવુ એ સારૂ છે એમ મનુષ્યને લાગે છે."

એક સમયે જૉન્સન બોલ્યો:—"ઇસ્ટ ઈન્ડીઝમા સર્વ રાષ્ટ્રો છેકજ જગલી છે."

આ ઉપર બોઝવેલે પ્રશ્ન કર્યો—" ચિના લોકો સિવાયને ?

જૉન્સને જણાવ્યુ:—" ના, ના, તે સુદ્ધાં."

" ત્યારે શુ તેમનામા કળા કૌશલ્ય નથી ?"

" હા, માત્ર તેઓ કાચનાં વાસણોજ બનાવી જાણે છે ?"

બોઝવેલે કહ્યું:—"તેઓમાં લેખનની પદ્ધતિ છે તે તમે જાણતાજ હશો ?"

જૉન્સને તુરતજ જણાવ્યું-"તે સત્ય છે, પરંતુ લેખનપદ્ધતિમા મૂળાક્ષરો ક્યાં છે ? અન્ય સર્વે રાષ્ટ્રોએ પોતાની લેખનપદ્ધતિની સગવડ માટે પોતપોતાના મૂળાક્ષરો કરી લીધા છે, પરંતુ ચિના લોકોએ* આ સબધી હજુ કાઇજ કર્યું નથી"

બોઝવેલ બોલ્યો:—"પરતુ તેમની ભાષામાં અસખ્ય મૂળાક્ષરો હોવાથી તેમના ગ્રથોમાનો જ્ઞાનભડાર પણ મોટો છે."

જૉન્સને પોતાની ચાતુરી દર્શાવતા કહ્યુ:-"હશે, પરતુ તેમની ભાષા કે જે ઘણી કઠિન કહેવાય છે તે ફક્ત તેમની આવી અજ્ઞાનતાને લીધેજ કઠિન થઇ ગઇ છે એકાદ વૃક્ષને કોહાડીથી કાપી પાડી નાખવા કરતા પથ્થરો મારીને પાડી નાખવામાં ઘણો શ્રમ લાગે કે નહિ ?"

જૉન્સન મળતાવડા સ્વભાવનો, નિરભિમાની અને ઉત્તમ પ્રકારનો મનુષ્ય હતો આમ છતા મનુષ્ય માત્રમા દોષ પણ હોય છેજ. જો તેમ ન હોય તો મનુષ્યને મનુષ્ય નહિ પણ દેવજ ગણી શકાય. જૉન્સનનુ મન આટલુ બધુ વિશાળ હોવા છતાં કેટલીક વખત તેની વૃત્તિ ઘણી વિલક્ષણ પ્રકારની થઈ જતી હતી. તે '**કવિચરિત્ર**' નામના પુસ્તકને લખવાના વિચારમા હતો લૉર્ડ માર્ચમોન્ટ નામના ગૃહસ્થને પોપ કવિ સબધીની પુષ્કળ માહિતી હતી, પરતુ જૉન્સનનો અને તેનો બિલકુલ પરિચય નહોતો જેથી બોઝવેલ જાતે તે

ચિની ભાષામા મૂળાક્ષરો નથી પ્રત્યેક વસ્તુ અને પ્રત્યેક ક્રિયા પ્રદર્શિત કરવાને તેમની લેખન પદ્ધતિમા કટલીક ચોક્કસ નિશાનીઓ છે તેથી જેટલી વસ્તુ અને જેટલી ક્રિયાઓ તે સર્વે તેમની ભાષાના મૂળાક્ષરો કહેવાય છે'

માણસને જઇને મળ્યો અને તેને કહ્યું કેઃ–" પોપ કવિ સંબંધીની માહિતી જો આપ કૃપા કરીને જૉન્સનને આપશો તો હું આપનો ઘણોજ આભારી થઇશ "

લૉર્ડ માર્ચમોન્ટે ઉત્તર આપ્યો કે–" ઠીક છે, જૉન્સન ઘણા મોટા માણસ છે, માટે હું જાતેજ તેમને ત્યાં જઇને કાલે એક વાગ્યે તેમને મળીશ, તથા પોપ કવિ સંબંધીની સઘળી હકીકત કહીશ. આ મ્હારો સંદેશો તમે તેમને કહેજો."

આ વચનોથી બોઝવેલને ઘણો આનંદ થયો આ આનંદદાયક વર્તમાન જૉન્સનને કહી સંભળાવવા તે તેના ઘર તરફ જવા લાગ્યો ત્યાં જઈ તેણે જૉન્સનને સર્વ હકીકત કહી સંભળાવી. આથી કરીને જૉન્સન ખુશી થવાને બદલે ઘણો ક્રોધે ભરાયો કારણ તેણે બોઝવેલને લૉર્ડ માર્ચમોન્ટને ત્યાં જવાને કહ્યું નહોતું. જૉન્સને ક્રોધપૂર્ણ સ્વરે બોઝવેલને કહ્યું:–" આવતી કાલે હું શહેરમાંજ રહેવાનો નથી તોપછી મુલાકાત ક્યાંથી થશે ? મને પોપ કવિની માહિતીની જરૂર નથી "

આ વચનો શ્રવણ કરવા શ્રેલબાઇ ત્યાં આગળ હાજર હતી તે બોલી ઉઠી –" આપ **'કવિચરિત્ર'** લખવાના છો તથા આપને પોપ કવિની માહિતીની જરૂર છે એમ વિચારી બોઝવેલે પોતાના કાંઈ પણ સ્વાર્થ સિવાય આટલી બધી ખટપટ કરી, નહિ તો તેને શું જરૂર હતી ? "

જૉન્સન પૂર્વવત્ સ્વરેજ બોલ્યો:—" શું ? મને જરૂર હતી ! નહિ ! બિલકુલ નહોતી ! જ્ઞાનની વૃષ્ટિ થાય તોજ હું લાંબા હાથ કરીને તેને ઝીલી લઉં ! પણ તેને માટે હું આટલો બાધો. ત્રાસ ભોગવું નહિ ! "

એક દિવસે લૉર્ડ ગ્રેહામ નામના સરદારે એક ગૃહસ્થની અતિ

સ્તુતિ કરીને કહ્યુ:—" તે લોકોની સ્વતત્રતાને માટે ઘણું લડનારો હતો."

આ સાભળી જૉન્સને સહજ સ્મિત કરી કહ્યુ:—" મહાશય ! તે ગૃહસ્થ તરૂણ હતો. તરૂણ મનુષ્યો સ્વભાવિક રીતેજ સ્વતત્રતાને વિશેષ પસદ કરે છે, પરતુ તે ક્યા સુધી ? પોતાના ધારવા પ્રમાણે પોતાનો સર્વ કાર્યભાર સ્વતત્રતાથી ચલાવવાને પોતે સપૂર્ણ સ્વતત્ર નથી, એવી તેની ખાત્રી હોય ત્યા સુધીજ ! પોતાની જાતને બને તેટલી સ્વતત્રતા મળે એમ પ્રત્યેક મનુષ્ય ઇચ્છે છે, પરતુ બીજાઓની સ્વતત્રતાને માટે તે કદાપિ તેમ ઇચ્છતો નથી કારણ કે જે રીતે તે વિશેષ સ્વતત્રતા પ્રાપ્ત કરે છે તેજ રીતે બીજાની સ્વતત્રતા ઓછી થવી જોઇએ દેશમાના વ્યાપારી લોકો સ્વતત્ર થઇને રાજ્ય કાર્યભાર ચલાવે એવુ આપણા મનમા કદાપિ આવતુ નથી "

આ વચનો શ્રવણ કરી રમ્સે નામનો એક ગૃહસ્થ ત્યા આગળ બેઠો હતો તે બોલ્યો—" તમે ગમે તેમ કહો પરતુ ઘોટાળા કરતા વ્યવસ્થા સારી એ સ્પષ્ટ છે "

આ ઉપર જૉન્સને જણાવ્યુ કે—" હા ઘોટાળા કરતા વ્યવસ્થા સારી છે એ નિસશય છે, પરતુ શ્રેષ્ઠ અને કનિષ્ઠ એવો ભેદ હોયા વિના વ્યવસ્થા રહેજ નહિ "

ગોલ્ડસ્મિથ ગ્રથકાર સબધે જૉન્સન એક સમયે એવુ બોલ્યો કે—" હાથમા હૉલ્ડર ન હોય એવે સમયે તેના જેવો મૂર્ખ બીજો કોઇ નથી તથા હાથમા હૉલ્ડર હોય એવી સ્થિતિમા તેના જેવો ડાહ્યો બીજો કોઈ નથી."

બોઝવેલે એક સમયે જૉન્સનને કહ્યુ કે " તમને જો એકાદ મોટી નોકરી હોત તો ઘણું સારૂ કારણ કે હાલ તમને જે પેન્શન મળે છે તે ઘણુજ થોડુ છે "

આ ઉપર જૉન્સને ઉત્તર આપ્યો કે.—" આ સબધી હુ કોઇને

પણ દોષ દેતો નથી તથા અન્યને દોષ દેવો યોગ્ય પણ નથી મને આ જે મળ્યુ છે તેથીજ મને અતિ આશ્ચર્ય થાય છે. સાધારણ પ્રકારનો વિચાર કરી જોતા મને જે પેન્શન મળ્યુ છે તે યોગ્યતા કરતા અધિક છે એમ મ્હારૂ ધારવુ છે. વિના માગ્યે જે મળ્યુ તે ખરૂ. મ્હે મોટા લોકોને કદાપિ ' હાજી ! હાજી !' ના શબ્દોથી મોહિનીની જાળમા ફસાવ્યા નથી તેમણે મને બોલાવવા મોકલ્યો, ત્યારે પણ હુ તેમની પાસે ગયો નથી જેથી તેમણે પણ હવે મને બોલાવવાનુ મૂકી દીધુ છે. તેઓને મ્હારી સપૂર્ણ ખાત્રી થઈ છે અને હુ પણ તેમને સારી રાતે ઓળખી ચૂકયો છુ "

આ વચનો શ્રવણ કરી બોઝવેલ બોલ્યો—તમે કહો છો તે મને યોગ્ય લાગતુ નથી કારણ જો તમે તેમની પાસે ગયા હોત તો તમારા વાગ્ચાતુર્યથી તેઓ અવશ્ય પ્રસન્ન થયા હોત "

જૉન્સને કહ્યુ —" નહિ, નહિ, તમારી માન્યતા ભૂલ ભરેલી છે ! અધિકારીઓનુ અર્થાત્ મોટા લોકોનુ અને તેમની સ્ત્રીઓનુ કોઈ ખડન કરે છે તો તે તેમને ગમતુ નથી " જૉન્સનના આ વચનો અક્ષરશ. સત્ય છે

બોઝવેલે કહ્યુ:—" મને આપના વચનોથી હમ્મેશા અત્યત સતોષ થાય છે. "

જૉન્સને કહ્યુ —" હા, પરતુ જો તમે મોટા અધિકારી હોત તો તમને પણ આટલો સતોષ ભાગ્યેજ થાત, કારણ કે એવુ હોય તો પછી તમે તમારી યોગ્યતાનાજ અભિમાનમાજ ફર્યા કરો ! "

એક સમયે સજ્જનપણા સબધી વાતચીત ચાલતી હતી તે પ્રસગે બોઝવેલે જૉન્સનને કહ્યુ.—" આપ મહાતત્ત્વવેત્તા, મ્હારા પરમ મિત્ર અને સન્માર્ગ દર્શાવનારા છો "

આ ઉપર જૉન્સને ઉત્તર આપ્યો.—" હુ સારો મનુષ્ય છું એમ

જાણી મને અતિ સંતોષ થાય છે. હું હમણાં સારો મનુષ્ય છું એટલે એજ કે હું પરમેશ્વરનો ભય રાખું છું, રાજાને સન્માન આપું છું, કોઇનું ખરાબ થાય એવી મ્હારા મનમાં કલ્પના સુદ્ધાં આવતી નથી, હું તો મનુષ્ય માત્રનું ભલું થાય તેવાજ યત્નો કરૂં છું "

બોઝવેલ એક દિવસે સહજ જ એવું બોલ્યો કે'—"ઘરફાડું ચોરોને રાત્રિ દિવસ અતિશય ભય લાગ્યા કરે છે."

જૉન્સને નિરાકરણ કરવા કહ્યું.—"સત્ય છે. જ્યારે તે ચોરી કરવાને માટે ઘરમાં પેઠેલા હોય છે ત્યારે તેને ઘરધણી મારી નાખશે એવો ભય લાગે છે અને બહાર નીકળે છે ત્યારે ફાંસીને માંચડે ચડવાનો ભય લાગે છે."

"ઈ. સ. ૧૭૭૨ ના ઑગસ્ટ માસની ત્રીસમી તારીખે પ્રાતઃ-કાળે બોઝવેલનો પિતા મૃત્યુ પામ્યો. આ વર્ત્તમાન તેણે તરતજ જૉન્સનને જણાવ્યા આથી જૉન્સનને પણ ઘણો શોક થયો કેટલાક દિવસ પછી તેણે બોઝવેલને એક પત્ર લખ્યો તેનું તાત્પર્ય આ પ્રમાણે હતું —

"પ્રિય મિત્ર!

સવિનય નિવેદન કે, તમારા તિર્થસ્વરૂપ પિતા મૃત્યુ પામ્યા એ જો કે મહા અનિષ્ટ પ્રસંગ બન્યો છે, પરંતુ તમારા દુઃખને થોડે ઘણે અંશે દૂર કરવાને માટે આ સ્થળે કાંઇક લખવું મને પ્રસંગા-નુસાર યોગ્ય જણાય છે. તેઓ તદ્દન વૃદ્ધ થઇ ગયા હતા અને મૃત્યુ કયારે આવી પહોંચશે એનીજ તેઓ ચિંતા કર્યા કરતા હતા તેઓ મહા ધાર્મિક હતા અને કેટલાંક વર્ષોથી તે પરલોક સંબંધી વિચાર કર્યા કરતા હતા. તેઓ વિચારવાન નહોતા એમ તમારા મનમાં આવતા તમને કદાચિત ખોટું લાગશે. તેમની તમારા ઉપર મમતા હતી એમાં તો સંશય નથી; પરંતુ તેઓ તમારાપર લાડ

નહોતા કરતા એ પણ તમારે કબૂલ કરવું પડશે. સાધારણ પ્રીતિ પ્રાપ્ત કરવી એ કેટલેક અંશે મનુષ્યને સ્વાધીન હોય છે, પરંતુ લાડ પૂર્ણ કરવા જેટલું આકર્ષણ લાવવુ એ મનુષ્યને સ્વાધીન નથી તથા ઉપેક્ષાને લીધે કે અણુસમજને લીધે જ્યારે તેમના મનમાં તમારા પ્રત્યેનુ આકર્ષણ નાશ પામ્યુ હતું ત્યારે પછી તેને પુનઃ જાગૃત કરવાનુ તેમના સ્વાધીન નહોતુ. માટે એક બીજાના દોષ બદલ તમે અરસ્પરસને ક્ષમા કરો અને એક બીજાનું હિતચિંતન કરો, એટલુજ રહ્યું છે.

તેમણે પોતાની જીંદગીની છેવટની વ્યવસ્થા કેવા પ્રકારે ઉતારી છે તે જાણુવાની મને ઉત્કટ આકાંક્ષા છે.

તમને હવે નવિન સ્થિતિ પ્રાપ્ત થઈ છે, માટે હવે તમારે નવિન કામો કરવામાં મન લગાડવું પડશે. કૉલી નામનો એક કવિ હતો તેણે એવું કહ્યું છે કેઃ—સંસાર એ ઉત્તમ પ્રકારના કાવ્ય જેવો છે. આવા પ્રકારના કાવ્ય સંબંધી એક મુખ્ય નિયમ એવો છે કે, તેની પ્રસ્તાવના ઘણી સાદી હોય તો તેના અવલોકનથી વાંચનારને કાવ્યના આગળના ભાગમાં કાંઇક પ્રકારનુ વિલક્ષણ માધુર્ય જણાય નહિ. તેજ પ્રમાણે તમે તમારા સંસારની શરૂઆત એવી રીતે કરો કે તેમાં ડોળ દમામ નહિ રાખતાં ખર્ચનુ પ્રમાણ બને તેટલુ ઓછુ રહે. ડોળ દમામ તથા ખર્ચ વધાર્યા વધે છે અને ઘટાડયાં ઘટે છે, પરંતુ એક વખતે તેને વધાર્યા પછી ઘટાડતાં ઘણી અડચણ પડે છે, માટે પ્રથમથીજ ધ્યાન આપીને ચાલવું એ ડાહ્યા મનુષ્યનું કર્ત્તવ્ય છે. વળી તમારા માથે કોઇનુ ઋણ રહેવા દેશો નહિ, તેનો નિકાલ ત્વરાથીજ કરી નાખજો.

પરમાર્થ પ્રતિ લક્ષ્ય આપતાં એવું માલૂમ પડે છે કે, સંસારમાં વર્ત્તવાની જે પદ્ધતિ આજે કેટલીક પેઢીઓથી ચાલી આવી છે અને જે પ્રકારોને વંશપરંપરાથી આપણે ઉત્તમ પ્રકારના માનતા આવ્યા

છીએ તે સર્વ વ્યર્થ થાય છે, પરંતુ સહજ સૂક્ષ્મ વિચાર કરી જુઓ એટલે દારિદ્રતાથી કેટલું બધું દુઃખ સહન કરવું પડે છે, કેટલા પાપ થાય છે, પરોપકાર કરવામાં કેટલા બધા વિઘ્નો આવીને ઉપસ્થિત થાય છે તથા સદાચારમા કેટલો બધો સંકોચ થાય છે એ સમજી શકાય તેમ છે. આ સમજ આવતા પરલોકના અનંતકાળ સુધીના સુખની પ્રાપ્તિને માટે આ લોકના પ્રકારો પ્રતિ કેટલું લક્ષ્ય આપવું જોઇએ એ તમે ઉત્તમ પ્રકારે સમજી શકશો.

જૂના નોકર ચાકરો ઉપર પ્રેમ રાખજો. તમારા ગુમાસ્તાઓની અને કારખાનામા કામ કરનારાઓની પ્રીતિ પ્રાપ્ત કરજો, તેમને કઠોર વચનોથી, વિના કારણના રૉફથી અથવા તો નકામો સંશય લાવી ત્રાસ આપશો નહિ પ્રેમાવિર્ભાવમા વૃદ્ધિ કરજો. એજ વિનતી

લી. તમારો પરમમિત્ર

સેમ્, જૉન્સન."

આ પત્ર કેટલો બધો સરળ અને બોધક છે! ખરેખર, જૉન્સનની બુદ્ધિ વિશાળ હતી અને તેનો સ્વભાવ પરહિતેચ્છુ હતો.

સંભાષણ કરવા સંબંધી એક સમયે વાત નીકળી હતી તે સમયે જૉન્સને કહ્યું:—"ઉત્તમ પ્રકારનું સંભાષણ કરવાને માટે ઉત્તમ પ્રકારના જ્ઞાનની જરૂર પડે છે. વિષયનું જ્ઞાન જોઇએ, એ પ્રથમ વાત, ભાષા એવી સ્પષ્ટ અને માર્મિક હોવી જોઇએ કે જે મનમાં આવે તે સ્પષ્ટ રીતે સિદ્ધ કરી શકાય, આ બીજી વાત; યોજના જોઇએ—એટલે કે સંભાષણ એવી રીતે કરવું જોઇએ કે તે રીત ઘણા ખરાના જાણવામાં આવી હોવી જોઇએ નહિ, આ ત્રીજી વાત, સમયસૂચકતા એ ચોથી વાત, તથા સર્વથી મોટી અને મુખ્ય વાત એ હોવી જોઇએ કે ગમે તેટલી વખત આપણો પ્રયત્ન વ્યર્થ જાય તો પણ યશ પ્રાપ્તિ થાય ત્યા સુધી પ્રયત્ન કરવાનો દૃઢ નિશ્ચય હોવો

જોઇએ. જો આટલી વાતો ઉપર બરોબર ધ્યાન આપવામાં આવે તો મનુષ્યનુ સભાપણુ અવશ્ય મનોરમ થાય.”

જૉન્સન પોતાના નોકરો ઉપર તથા પોતાની આસપાસના પ્રાણીઓ ઉપર ઘણી મમતા રાખતો હતો બાળકો તો તેને પોતાના પ્રાણથી પણ વિશેષ વ્હાલા લાગતા હતા. તેમને તે મિઠાઇ આપીને વારવાર ખુશી કરતો હતો તેણે એક બિલાડીને પાળી હતી તથા તે બિલાડીનુ નામ હાડસ રાખ્યુ હતુ. આ બિલાડી ઉપર જૉન્સન ઘણીજ માયા રાખતો હતો અને તે માયા એટલી બધી હતી કે પોતાની બિલાડી માટે જોઇતો સામાન જૉન્સન નોકર પાસે નહિ મગાવતા સ્વત બજારમા જઇને લઈ આવતો હતો. તેનો આમ કરવાનો આશય એ હતો કે, બિલાડીના કામકાજથી કટાળી જઇને કોઇ નોકર તેના તરફ ક્રોધ કરે નહિ તથા દ્વેષભાવ રાખે નહિ એક દિવસે તે બિલાડી જૉન્સનના અગ ઉપર તેની છાતી સુધી ચડી ગઇ. જૉન્સન તેના શરીર ઉપર તથા તેની પૂછડી ઉપર હાથ ફેરવતો હતો, તથા આનદપૂર્વક વાતચીત કરતો હતો એવામાં બોઝવેલે તેને કહ્યુ --
“વાહ ! આ આપની બિલાડી ઘણી પ્રિય લાગે એવી છે.”

જૉન્સને ઉત્તર આપ્યો.—“અરે આતો શુ પરતુ પૂર્વે મ્હારી પાસે જે બિલાડીઓ હતી તે મને આના કરતા પણ અધિક પ્રિય લાગતી હતી”

આમ કહીને જૉન્સને પોતાની છાતી ઉપરથી બિલાડીને હાથમા લઇ તેના મુખ પ્રતિ દૃષ્ટિ કરી દૃષ્ટિ કરતાની સાથેજ જૉન્સનને એમ માલૂમ પડયુ કે, બિલાડીને પોતાના શબ્દોથી ખોટુ લાગ્યુ છે. આથી કરીને તેણે પુન ભૂલી ગયા જેવો ઢોગ કરી કહ્યુ:—“પરતુ આ બિલાડી ઘણીજ દેખાવડી છે કેમ ખરૂ ને ! મને તો ઘણી મનોહર જણાય છે ! એનુ અંતઃકરણ પણ કેટલુ બધુ કોમળ છે તે જુઓ !!”

કેટલાક સમય પૂર્વે બોઝવેલ અને જૉન્સન હિબ્રિડિઝના પ્રવાસે
ાયા હતા તે પ્રવાસ સબંધી વાતચીત નીકળતાં જૉન્સને કહ્યું કેઃ–
એ પ્રવાસથી મ્હારા મનમાં અનેક પ્રકારની કલ્પના ઉત્પન્ન થઇ.
ેટલી બધી કલ્પનાઓ પૂર્વે મને કદાપિ ઉત્પન્ન થઈ નહોતી.
ળી આ પ્રવાસમાં મનુષ્ય જીવનની એક નવિન સ્થિતિ મ્હારા
ેવામાં આવી. ”

આ વાકયો સાભળી બોઝવેલે પ્રશ્ન કર્યો:–“ત્યારે પુનઃ એક
ખત એ પ્રવાસ કરવાનુ તમને પ્રિય થઈ પડશે કે ? ”

જૉન્સને માથુ ધૂણાવી કહ્યુ:–“ ના, તે પ્રવાસે પુનઃ જવાની
હારી ઇચ્છા નથી હવે તો તે પ્રવાસ જૂનો થઇ ગયો ! હવે પુનઃ
્વાથી શુ સાર્થક ! બાવ્હિના નામનો એક ઇટાલિયન ગ્રંથકાર થઈ
યો તે એવુ કહેતો કે, મનુષ્ય જે વાંચે છે તે દૃષ્ટિથી જોવાની
ની ઇચ્છા થાય છે, પરંતુ જે જુએ છે તેનુ વર્ણન વાંચવાનું કોઇને
ણ પ્રિય થઇ પડતું નથી. પ્રત્યક્ષ જોવુ અને વર્ણન વાંચવુ એમાં
ાટલુ અતર છે. વર્ણનના વાચનથી તે વસ્તુના દર્શન કરવાની ઇચ્છા
ાય છે અને જો તે વસ્તુજ નજરે પડે છે તો તે ઇચ્છાની તૃપ્તિ થાય છે. ”

બોઝવેલ બોલ્યો:–“ જે દેશ પૂર્વે કદાપિ જોયો નથી. તે એક
ખત જઇને જોવો એવી મને ઘણી ઇચ્છા છે. મનમાં આવે છે કે,
ુર્કસ્તાન જોવુ. આપણા ધર્મ કરતા તેમનો ધર્મ ઘણા જૂદાજ
કારનો છે. ”

જૉન્સને કહ્યુ:–“ વિચાર કરવા જેવા અને શોધપાત્ર બે ધર્મ
. એક ખ્રિસ્તિ ધર્મ અને બીજો મુસલમાની ધર્મ. તુર્કસ્તાનની ધર્મ
ેવાયની બીજી બધી બાબતો અજ્ઞાનતાથી ભરેલી છે, એમ કહીએ
ા કાઇ ખોટું નથી. ”

મનુષ્યની સદાચરણ વૃત્તિ ઉપર જૉન્સનને બિલકુલ વિશ્વાસ

નહોતો. એક સમયે વાત ચાલતાં તેને બોઝવેલે પૂછ્યું:—“ ઉત્તમ મનુષ્ય કોને કહેવો ? જે સ્વભાવથીજ નીતિમાન છે તે કે જેણે પોતાની સકળ દુર્વાસનાઓને દાબી રાખી પોતાનુ મન પોતાને સ્વાધીન કર્યું છે તે ? ”

જૉન્સને ઉત્તર આપ્યો:—“ જેણે પોતાની સઘળી દુર્વાસનાઓ ઉપર જય મેળવ્યો છે તેને ધન્ય છે, તેનુ સામર્થ્ય વિશેષ હોવુ જોઇએ એમાં કાંઈ સંશય નથી, પરંતુ આથી કરીને તે ઉત્તમ છે એમ કહી શકાય નહિ. બે મનુષ્યો છે. એકને બિલકુલ હાથજ નથી તથા બીજો પ્રમાણિક છે આવી સ્થિતિમાં જો મ્હારે દ્રવ્ય મૂકવુ હોય તો હુ જેને બિલકુલ હાથ નથી એટલે જેની પાસે ચોરવાનુ સાધન નથી તેની પાસે મૂકીશ. અત્યંત પ્રમાણિક મનુષ્ય પાસે મૂકીશ નહિ. ”

એક સમયે સહજ વાતચીત ચાલતાં જૉન્સને કહ્યું કે:—“ જેટલી રાખી શકાય તેટલી હિંમત રાખો, આવક કરતાં ખરચ ઓછું કરો દરવર્ષે થોડુ ઘણું દ્રવ્ય તો સિલ્લકે રાખો જ. આમ કરવાથી તમને કદાપિ દુઃખ વેઠવાનો પ્રસંગ આવશે નહિ ”

મૃત્યુના ભય સંબંધી વાત નીકળી ત્યારે જૉન્સને એક સમયે જણાવ્યુ કે:—“ કેટલાક લોકોને એમ લાગે છે કે તેઓ પોતે પવિત્ર છે, તથા ઈશ્વરના નિર્વિવાદ સિદ્ધાંત પ્રમાણે પોતાને મોક્ષ મળ્યા સિવાય રહેશે નહિ. આમ હોવાથી તેઓને મૃત્યુનો ભય હોતો નથી; પરંતુ કેટલાકને એમ લાગે છે કે પોતે અમુક નિયમિત રીતથી વર્તશે તોજ પોતાને મોક્ષ પ્રાપ્તિ થશે. તે સિવાય થનાર નથી; અને તેવા પ્રકારનું નિયમિત વર્તન પોતાના તરફથી થતું નથી એવુ તેનુ મનજ તેને કહે છે, તેથી કરીને તેને મૃત્યુનો ઘણો ભય લાગે છે. આજ મત ખરો છે. ”

હમ્મેશાં સત્યજ બોલવું અગર તો પ્રસંગવશાત્ ખોટુ બોલીએ

તોપણ ચાલે એ સબંધી વાદવિવાદ ઉપસ્થિત થયો ત્યારે જૉન્સન બોલ્યો કેઃ—“ સત્યનો ત્યાગ કદાપિ કરવો જોઇએ નહિ એ સામાન્ય નિયમ છે, કારણ કે તેથી કરીને મનુષ્યને એક બીજાનો વિશ્વાસ રહે છે તથા આ વિશ્વાસના પરિણામે સુખ પ્રાપ્તિ થાય છે. આવી સુખ પ્રાપ્તિથી થતો આનંદ આપણને હમ્મેશાં થયા કરે તેથી કરીને સત્ય વચનોથી આવી પડતાં સંકટો શાંતિથી સહન કરવાં જોઇએ. તોપણ આમાં કાંઇક અપવાદ છે. ઉદાહરણ જુઓ. કોઈ લડવૈયો હાથમાં તરવાર લઇને આવ્યો તથા અમુક માણસ ક્યે રસ્તે થઇને ગયો છે તે આપણને પૂછવા લાગ્યો, તો એવા સમયે અસત્ય બોલવામાં પાપ નથી, કારણ કે પ્રત્યેક મનુષ્યનું બની શકે તેટલું સંરક્ષણ કરવું એ આપણું કર્ત્તવ્ય કર્મ છે. ”

એક દિવસે એક વાચાળ ન્યાયાધીશ પોતાના કામની વિસ્તૃત હકીકત જૉન્સનને કહેતો હતો. આ હકીકત ક્યારે સંપૂર્ણ થાય એમ જૉન્સન વિચાર્યા કરતો હતો, પરંતુ વિશેષ વિસ્તાર પામવા લાગી. ત્યારે તો તે ઘણોજ કંટાળી ગયો તથા તે કાંઇ બોલવાની તૈયારીમાં હતો એવામાં ન્યાયાધિશે પોતાની હકીકતને પૂર્ણ કરતા કહ્યું:—“ અને પછી મ્હેં એ ચારે જણને કાળા પાણીની સજા કરી. ”

આ વાક્ય સાંભળતાંજ જૉન્સન બોલી ઉઠયોઃ—“ હું સત્યજ કહું છું કે તેમની સાથે હું પાંચમો હોત તો ઘણું સારૂં થાત ! હું આ કટકટના કંટાળામાંથી મુક્ત થયો હોત ! ” કેવો મર્મભેદક ઉત્તર !

જૉન્સનનું હૃદય કેટલું બધું દયાર્દ્ર હતું તે જણાવવાને માટે ફક્ત એકજ ઉદાહરણ બસ થઈ પડશે. એક દિવસે રાત્રે તે ઘણો મોડો પોતાને ઘેર આવતો હતો એવામાં એક ઘણી થાકી ગયેલી રોગીણી સ્ત્રી તેની નજરે પડી. આ સ્ત્રી જોતાંજ જૉન્સનના હૃદયમાં ઘણી દયા ઉત્પન્ન થઈ તથા તે એ સ્ત્રીને પોતાને ત્યાં લઈ આવ્યો.

ઘેર આવ્યા પછી તેને એમ માલૂમ પડયુ કે એ સ્ત્રી ઘણીજ દુરાચારી તથા મૂર્ખ છે. આમ છતાં તેણે તેનો તિરસ્કાર ન કરતાં પોતાના ખરચે ખાનપાનની સામગ્રી આપી, ઔષધ પાણી આપ્યુ તથા બોધ આપીને તેને સન્માર્ગ ઉપર લાવવાનો યત્ન કર્યો.

જૉન્સન પોતાની ૭૫ વર્ષની ઉમ્મરે જ્વરને આધીન થઇ પડયો તે સારો થયો નહિ. તે ઘણો ધાર્મિક હતો તથા મૃત્યુનો તેને ઘણો ભય લાગતો હોવાથી આ છેવટના મદવાડમા તેનુ મન પરલોક સંબંધીનાજ વિચારો કર્યા કરતુ હતું. તેને પોતાના બચવા સબધીની જ્યારે બિલકુલ આશા ન રહી ત્યારે તેણે પોતાના સર જોશિયા રૅનોલ્ડ નામના એક મિત્રને કહ્યુ કેઃ—"મ્હે તમારી પાસેથી ત્રણસે રૂપિયા ઉછીના લીધા છે તે હવે પાછા આપવાનુ મ્હારામાં સામર્થ્ય નથી, જેથી તે બદલ મ્હને ક્ષમા કરો. ધર્મશાસ્ત્ર વાંચતા જાઓ અને રવિવારે કોઇ પણ સાંસારિક કાર્ય કરો નહિ એ ત્રણ પ્રકારનુ દેવું મ્હને આપો."

સર જોશિયા બોલ્યોઃ—"ઠીક છે, આપ્યુ."

જૉન્સનનો અતકાળ સમીપ આવી પહોચ્યો. દુઃખ અસાધ્ય થઇ પડયુ છે, એમ વૈદ્યોએ જણાવ્યુ. આવા સમયે જૉન્સને અન્ન ઘણુંજ થોડું લેવાનો ક્રમ રાખ્યો. મૃત્યુ સંબધીના તેના સકળ ભયનો નાશ થયો. તેનું મન શાંત થઇ પરલોક પ્રતિ વધ્યુ તેણે સ્વસ્થચિત્તે પોતાના ઇષ્ટ મિત્રની છેવટની રજા લીધી અને ત્યાર પછી એકાગ્ર અંતઃકરણે ઇશ્વરની પ્રાર્થના કરી પ્રાણ ત્યાગ કર્યો. આવી રીતે ઇ. સ. ૧૭૮૪ના ડિસેંબર મહિનાની ૧૩ મી તારીખે સેમ્યુઅલ જૉન્સન મૃત્યુ પામ્યો.

આ મહા પુરૂષ કેટલો વિદ્વાન, કેટલો બધો બુદ્ધિવાન અને કેટલો બધો દયાળુ હતો એ તેના આ સંક્ષિપ્ત ચરિત્ર ઉપરથી કાંઇક સ્હમજી

શ્લાઘ્ય તેમ છે તેણે અનેક ગ્રંથો લખ્યા છે, તે હજી પણ પંડિત માન્ય છે. તેની લેખનશૈલી ઉત્તમ હતી. જે પક્ષ હાથમાં લે તે ઉત્તમ પ્રકારે સ્થાપિત કરવામાં તે પાછી પ્હાની કરતો નહિ.

વાદવિવાદ કરવામાં જૉન્સનની સમયસૂચકતા કેટલી હતી તે આ ખંડથી વાચકોની જાણમાં લાવી આ ચરિત્રની સમાપ્તિ કરીએ છીએ.



ચાર્લ્સ બ્રૅડલો.

पिबन्ति नद्यः स्वयमेव नाम्भः स्वयं न खादन्ति फलानि वृक्षाः।
नादन्ति शस्यं खलु वारिवाहाः परोपकाराय सतां विभूतयः॥

ભાગિરથી, યમુના, બ્રહ્મપુત્રા વગેરે નદીઓમાંનુ અપાર મધૂર જળ કાંઈ તેઓ પોતે પીતી નથી; પરંતુ તેનો ઉપયોગ તૃષાતુર લોકોની તૃષા શાંત કરવામાં, સ્નાન કરનારના શરીરના મળ દૂર કરવામાં અને ખેડૂતોના ખેતરોમાં અનાજ પેદા કરવામાંજ થાય છે. આમ્રવૃક્ષ જેવાં તરૂવરો અમૃત રસમય ફળોનો ભાર માત્ર બીજાઓને માટેજ ઉપાડે છે. સમુદ્રના ક્ષાર જળને વરાળરૂપે ગ્રહણ કરીને મેઘ તેને મધૂર કરીને તેનો ઉપયોગ સર્વ ક્ષેત્રો ઉપર માત્ર ખેડૂતોનો શ્રમ સફળ થવા માટેજ કરે છે. તેજ પ્રમાણે સતજનોની સર્વ વિભૂતિઓ પરોપકાર માટેજ છે. ઈંગ્લાંડની પાર્લામેંટના ૬૭૦ સભાસદ સર ચાર્લ્સ બ્રૅડલોનો સમાવેશ પણ એજ વર્ગમા થાય છે. વાચક ક્ષણભર એવો વિચાર કરશે કે બ્રૅડલો સાહેબ કોણ અને આપણે કોણ ? સુધારાના સર્વોચ્ચ શિખર પર બિરાજેલા સમૃદ્ધિશાળી ઇંગ્લૅંડ દેશના રાજસુત્રો જેના હાથમા છે એવી જે પાર્લામેંન્ટ—તેના સભાસદ બ્રૅડલો સાહેબ અને અમે મદ- ભાગ્ય આર્યભૂમિના હતવીર્ય પુત્રો વચ્ચે શો સબંધ ? આ સાહેબે આપણા સબધી શામાટે ફિકર રાખવી જોઇએ ? તથા લાબા પ્રવા- સનો શ્રમ સહન કરીને તેમણે આપણા દેશની મુલાકાત શામાટે લેવી જોઇએ ? પરંતુ જેના હૃદયમાં બિલકુલ સ્વાર્થ નથી એવા પુરૂષો સ્વભાવથીજ સજ્જનતાવાળા અને પરોપકારી હોય છે. જગતમાં એવા પુરૂષોજ મહાત્મા અને પૂજ્ય છે. બ્રૅડલો સાહેબે હિંદને માટે પાર્લા-

મેંન્ટમાં ચલાવેલી મનુષ્ય લડતને જેઓ જાણે છે તેઓ ખાત્રીપૂર્વક કહી શકશે કે તેઓ મહાપુરૂષ હતા. વળી એક કવિએ કહ્યુ છે કેઃ—

किमत्र चित्रं यत्संतः परानुग्रहतत्पराः ।
नहि स्वदेहशैत्याय जायन्ते चन्दनद्रुमाः ॥

"સત્પુરૂષો પરોપકાર કરવામાં તત્પર હોય છે એમાં શુ આશ્ચર્ય છે ? કાંઈ નહિ, કારણકે ચન્દનનાં વૃક્ષો કાંઈ પોતાના દેહની શીતળતા કરવાને જન્મતા નથી."

બ્રૅડલો સાહેબ લડન શહેરના પૂર્વ પ્રાતમાં તા. ૨૮ સપ્ટેબર ઈ. સ. ૧૮૩૩ ને દિવસે જન્મ્યા. તેમના પિતા એક વકિલના કારકુન હતા. તેમની આવક એટલી થોડી હતી કે તેમાથી તેમનો ન્હાનો સંસાર ચલાવવાની ઘણી હરકત પડતી હતી. બ્રૅડલો સાહેબને તેમની સાત વર્ષની ઉમરે તેમના પિતાએ વિદ્યાલયમાં મૂકયા. જ્યા તેમણે માત્ર બાર વર્ષની ઉમર સુધીજ અભ્યાસ કર્યો, અને પછી જે વકિલને ત્યા તેમના પિતા કારકુન હતા તેનીજ ઑફીસમા તેઓ બાર વર્ષની ઉમરે નોકરી રહ્યા. આ જગ્યાએ તેમણે બે વર્ષ કામ કર્યું, ત્યાસુધીમા તેમણે પોતાના અક્ષરો બહુ સુધાર્યા અને કાયદાનુ પણ થોડુ ઘણું જ્ઞાન પ્રાપ્ત કર્યુ ચૌદ વર્ષની ઉમરે તેમને બંદર ઉપર કારકુનની નોકરી મળી ત્યા તેમને વિશેષ કામ નહિ હોવાથી તેઓ જો આજુબાજુમા કોઇ સ્થળે કોઇ મહાત્માનો ઉપદેશ થવાનો હોય યાતો કોઇ વિદ્વાન વ્યક્તિનુ કોઇ વિષયપર વ્યાખ્યાન થવાનુ હોય તો ત્યાં જતા હતા. તેમના પિતા ઘણા ધાર્મિક હતા, એટલુજ નહિ પરતુ કુટુબ સહિત પ્રાર્થનામંદિરમા જવાનો તેમનો નિયમ હતો. પિતાની આ વૃત્તિની અસર પુત્રપર પણ થઈ અને તેના પરિણામે બ્રૅડલો સાહેબ પોતાની બાલ્યાવસ્થામાજ શ્રદ્ધાળુ અને ધર્મિષ્ઠ બન્યા. દર રવિવારે ધર્મ સંબંધી શિક્ષણ આપવાની શાળામાં શિક્ષકનુ કાર્ય તેમણે કરવા

માંડયુ, પરંતુ આવો ક્રમ ઘણા દિવસ સુધી ટક્યો નહિ. ત્યાંના ધર્મ-ગુરૂના મનમાં કેટલાક નવિન લોકોને ધર્માધ્યક્ષના હાથે દીક્ષા અપાવવાનો સમારંભ કરવાનો વિચાર થઇ આવ્યો. તે સમયે બ્રૅડલો સાહેબ ઘણા હોંશિયાર અને પોતાના કર્ત્તવ્યમા નિપૂણ હોવાથી તેમનાપર પણ તેવો અનુગ્રહ થાય એવો તેમનો વિચાર હતો તેથી તેમણે તેમને ધર્મગ્રંથમાંના કેટલાક મુખ્ય ભાગનું અધ્યયન કરવા કહ્યું. દર્શાવેલા ભાગનુ અધ્યયન કરવાથી બ્રૅડલો સાહેબના મનનુ સમાધાન થયુ નહિ તેથી તેમણે બીજા ધર્મગ્રથોનુ અધ્યયન કરવા માડયુ, તથા એ ગ્રથોમાંથી તેમને જે ભાગ સમજાતો નહિ તે ભાગ તેઓ ધર્મગુરૂ પાસે સમજવા જતા, પરંતુ જ્યારે ધર્મગુરૂ પણ એ ભાગ બરાબર સમજાવી શક્યા નહિ ત્યારે "शेषं कोपेन पूरयेत्" એ ન્યાયે તેઓએ બ્રૅડલો સાહેબના પિતાને જઈને એમ સમજાવ્યુ કે તેઓ તો પાખડી છે, તથા તેઓ પોતાના વર્ત્તનથી બીજાઓને પણ બગાડશે એમ કહી તેમને ત્રણ માસ સુધી શિક્ષકના કામપરથી દૂર કર્યા. આ સમય દરમ્યાન બ્રૅડલો સાહેબે ઘણા ઉપદેશકોના ભાષણો સાભળ્યા અને ત્યારથી તેમના મનમા "**સ્વતંત્ર વિચારો**" નાં બીજ રોપાયા, પરંતુ આટલુ કરીનેજ ધર્મગુરૂ સ્વસ્થ બેસી રહ્યા નહિ. તેમણે તેમના પિતાશ્રીને કહીને તેમને પોતાના ધર્મમતનો નિશ્ચય કરવાને માટે ત્રણ દિવસનો અવકાશ આપ્યો, અને આ ત્રણ દિવસના અવકાશની અદર જો તેઓ પોતાના પાખંડીમત (') નો ત્યાગ કરે નહિ તો તેમને ઘરમાથી તેમજ નોકરી ઉપરથી દૂર કરવાનો ભય દર્શાવ્યો, પરંતુ કોઈ પણ પ્રકારે બ્રૅડલો સાહેબ ગભરાયા નહિ. તેમણે પોતાના મતનો ત્યાગ નહિ કરતા ઘર તેમજ નોકરીને તિલાંજલિ આપી. આ પ્રમાણે નાની ઉમરમાં તેઓને સંસારસાગરમાં ઝંપલાવવાનો પ્રસંગ આવી પડયો—લંડન જેવા શહેરમાં એક અત્યંત દારિદ્ર

પુરૂષ પ્રમાણે ફરવાનો તેમના ઉપર પ્રસંગ આવ્યો. ખીસ્સામાં એક પાઈ નહોતી, ખાવાને અન્ન નહોતું તથા રહેવાને જગ્યા નહોતી. આવા સમયે એક ગૃહસ્થે બ્રૅડલો સાહેબને નોકરી મળે ત્યાંસુધી તેમને પોતાને ત્યાં રહેવાની વ્યવસ્થા કરી આપી. પછી તેમણે આસપાસના લોકોને કોલસા પૂરા પાડવાનુ કામ માથે લીધુ, પરતુ આ ધધો પણ નિર્વિઘ્ને ચાલ્યો નહિ. તેમના ગ્રાહકો પૈકી એક હૉટેલવાળી બાઈ હતી. તેની હૉટેલમાં ઘણીજ રસોઈ બનતી હતી એટલે તેને ત્યા ઘણા કોલસાનો ઉઠાવ થતો હતો. તે ગ્રાહકને લીધે દર અઠવાડીએ ૧૦ શિલિગ નફામાં મળતા હતા, પરંતુ પોતાને કોલસા પૂરા પાડનાર માણસ તો નાસ્તિક છે એવી વાત ઉડતી ઉડતી જ્યારે એ સ્ત્રીને કાને પહોંચી ત્યારે તેણે તેમની પાસેથી કોલસા લેવાનુ બધ કર્યુ અને તેથી કરીને એ વ્યાપાર પણ બંધ પડયો. બ્રૅડલો સાહેબે આથી ધીરજ રાખીને બીજા ઉદ્યોગની તપાસ કરવા માંડી. "સ્વતત્ર વિચાર" (Free thought) ના અનુયાયી મડળમા તેમના ઘણા સ્નેહીઓ થયા હતા. તેઓ પૈકી એક કમરપટ્ટા, વાજીત્રો વગેરેનો વ્યાપાર કરતો હતો. તેણે બ્રૅડલો સાહેબને પોતાના ગુમાસ્તા બનાવ્યા અને માલના વેચાણ પ્રમાણે મજુરી આપવાનુ ઠરાવ્યુ, પરતુ માલ ખપે કે ન ખપે તોપણ બે વખતના ભોજનની વ્યવસ્થા તો તેણે પોતાને માથે લીધી. આ પ્રમાણે આખો દિવસ કામ કરીને રાત્રે તેઓ કૉફીખાનામા જતા હતા. તે સમયે લડન શહેરમા સાધારણ પ્રકારના લોકોને માટે જમવાનુ સ્થાન એજ હતું અને ત્યા હમ્મેશા કોઇ પણ પ્રકારનો વિષય ઉપસ્થિત કરીને તે ઉપર એકત્ર થયલા લોકો સાથે વાદવિવાદ કરતા હતા. બ્રૅડલો સાહેબનું વાકચાતુર્ય પ્રથમ આજ સ્થળે પ્રસિદ્ધિમા આવ્યુ અને ત્યારથી જે તેમને પ્રસગ આવ્યે ઉપદેશ તથા ભાષણ કરીને મડળના મતને ફેરવવાનો નાદ લાગ્યો. આ સમયેજ તેમણે ફ્રેચ વગેરે

ભાષાનો અભ્યાસ શરૂ કર્યો. એટલામાં કેટલીક નજીવી બાબતોમાં તેમને ચાર પાંચ પાઉંડનુ દેવુ થયુ. તેમનુ ચિત્ત આથી કરીને ઘણું ચિંતાતુર બની ગયુ. તેમના મતાનુયાયી માણસોએ ૫ ડ કરીને એ દેવુ વાળવાનો વિચાર કર્યો, પરંતુ તે વાત જ્યારે તેમના જાણવામાં આવી ત્યારે તેમને વધારે લાગણી થઇ તથા એ દેવાને જલદીથી દૂર કરવાનો પ્રયાસ તેમણે કરવા માડયો. તેઓ જેને ત્યાં રહેતા હતા ત્યાંથી કશુ કહ્યા વિનાજ તેઓ ચાલી નીકળ્યા. રસ્તે ફરતાં ફરતા તેમની નજરે એક મ્હોટી જાહેરખબર પડી જેમાં લખ્યું હતું કે ઇસ્ટ ઇંડીઆ કંપનીના લશ્કરી ખાતામા જોડાનારને શરૂઆતમાજ બક્ષિસ તરીકે સાડા છ પાઉંડ મળે છે. બ્રૅડલો સાહેબને પોતાનુ દેવુ દૂર કરવાનો આ સારો યોગ જણાયાથી તેઓ તરતજ દર્શાવેલે સ્થળે હાજર થયા. ત્યા તેમને ઘણી આશાઓ અપાઇ, પરંતુ પ્રથમ ઇસ્ટ ઇંડીઆ કંપનીમા નોકરી આપવાનુ કહી છેવટે તેમને વિલાયતી પલટણમાંજ રાખ્યા. તેમને આથી ઘણુ ખોટુ લાગ્યુ અને તેમણે તે સામે સખ્ત વાંધો લેવા ઠરાવ કર્યો પરંતુ લશ્કરી સીપાહિઓની પરિક્ષા કરનાર ડૉક્ટરે તેમને સમજાવવાથી છેવટે શાંત થયા. તેમની સાથે બીજા જે માણસો નીમાયા તેઓ સુશિક્ષિત નહોતા. તેઓ બધા કજીયાખોર અને લુચ્ચા હતા. એ સર્વની સાથે બ્રૅડલો સાહેબને આયર્લાંડ જવુ પડયુ. એ સર્વ મંડળમા બ્રૅડલો સાહેબનાં વસ્ત્રોજ કાંઇક સારા હતા, જેથી બીજા માણસોને તે યોગ્ય લાગ્યાં નહિ. તેમની સમજ એવી હતી કે નોકરી મળતાંની સાથેજ માણસે પોતાના સારા કપડા–લત્તા વેચી નાખી તેની આવકમાથી દારૂ અને તમાકુ ખરીદ કરી પોતાના સાથીઓ સાથે તેનો ઉપભોગ કરવો જોઇએ. બ્રૅડલો સાહેબે તેમ ન કરવાથી તેમના સાથીઓને ગુસ્સો આવ્યો અને તેઓ તેમની મશ્કરી કરવા લાગ્યા. એક સમયે તેમણે બ્રૅડલો સાહેબની

પોટલી છોડી જોઈ તો તેમાં એક અરબ્બી અને એક ગ્રીક પુસ્તક જણાયાથી તેઓ સર્વને ઘણું આશ્ચર્ય લાગ્યુ ! તેમણે એ પુસ્તકોના દડા બનાવી તેને પગથી આમતેમ ફેંકવા લાગ્યા. બ્રૅડલો સાહેબનામાં સિપાહીગિરીનુ ચાતુર્ય થોડુ હોવાથી તેઓ આ અયોગ્ય વર્ત્તનને અટકાવી શક્યા નહિ. મહામુશિબતે તેમને પોતાના પુસ્તકો જીર્ણ અવસ્થામાં પાછા મળ્યા. આ પ્રસગની યાદગિરી માટે છેવટ સુધી તેમણે એ પુસ્તકો પોતાની પાસે સાચવી રાખ્યાં હતાં. આ સફરમાં એક વખત તોફાન નડવાથી કપ્તાને સૈનિકોને કેટલીક બક્ષીસ આપવાનુ કહીને તેમની મદદ મેળવી, પણ પાછળથી કામ થઇ રહ્યા પછી કપ્તાન ફરી ગયો અને માત્ર બે ચાર તોફાની સૈનિકોનેજ થોડી ઘણી બક્ષિસ આપી ! બ્રૅડલો સાહેબને આ કાર્ય પસદ નહિ પડવાથી તેમણે વહાણમાના સર્વ સૈનિકોને એકત્ર કરી કપ્તાનનો તિરસ્કાર કરવા માડયો. તેમણે એટલુ તો જુસ્સાથી અસરકારક ભાષણ કર્યુ કે એ ભાષણ સાભળતાજ સર્વ સૈનિકોના આશ્ચર્યની સીમા રહી નહિ તથા તેઓ સર્વે બ્રૅડલો સાહેબની પ્રશંસા કરવા લાગ્યા બ્રૅડલો સાહેબે કપ્તાનને ચેતવણી આપી કે "આ હકીકત '**ટાઇમ્સ**' પત્રમા લખી મોકલી મુખ્ય અધિકારીઓનુ ધ્યાન ખેચ્યા સિવાય હુ રહેનાર નથી." છેવટે કપ્તાન બ્હી ગયો અને તેણે કબૂલ કરેલી બક્ષિસની રકમ સર્વે સૈનિકોને વહેંચી આપી. આ પ્રસગને લીધે સર્વે સૈનિકોનો બ્રૅડલો સાહેબ સાથે ઘણો પ્રેમ બધાયો. તેઓ હમ્મેશા 'મદ્યપાનનિષેધ' વિષય પર વ્યાખ્યાન આપતા, પરતુ સિપાહીગિરી યોગ્ય ગુણો તેમનામાં નહિ હોવાથી કવાયતની ટાપટીપ તેઓ શીખી શક્યા નહિ. એ ટાપટીપ તેમને ઘણી કટાળાભરેલી લાગતી. ભાલો, તરવાર વગેરે તેમને પસદ નહોતા, ઘોડાપર બેસવાની પણ તેમને મોટી પચાત હતી, પરતુ માત્ર એક વખતે દ્વંદ્વયુદ્ધમાં તેમણે પોતાના એક સોબતીના

અભિમાનને દૂર કર્યું. ત્યારથી બીજા સર્વ સૈનિકો તેમનાથી બહુ બ્હીને ચાલતા. સર્વ સૈનિકોમાં તેઓજ સુશિક્ષિત હોવાથી તેઓ કોઇને પત્ર વગેરે લખી આપતા હતા તો કોઇને થોડી ઘણી કાયદાની વાતો સમજાવતા હતા. આ કામગિરીના બદલામાં તેમને પોતાનો સામાન સાફ કરવાની કે ઘોડાની ખિદમત કરવાની ઉપાધિ રહેતી નહિ. પલટણમાં એક એવો નિયમ હોય છે કે એક ગામથી બીજે ગામ જવા પહેલા બીજા મુકામને માટે લાકડાની તજવીજ પહેલે ગામેજ કરી લેવી પડે છે. બ્રૅડલો સાહેબ આ નિયમ જાણતા નહોતા તેથી એક સમયે બીજા મુકામે જઈ પહોચતા તેમને લાકડાંની ઘણી પચાત થઈ પડી. આમતેમ ફરતા કશી વસ્તુ હાથ ન આવવાથી આ સાહેબે એક કૂતરાનુ પાજરૂ હતું તેમાથી કૂતરાને છોડી મૂકી બાળવા માટે પાંજરૂ લઈ આવ્યા ! પછીથી તેમની પલટણ ડબ્લિન જઈ પહોચી. ત્યાં આગળ પોતાનું પરાક્રમ દર્શાવવાનો સાહેબને સારો સુયોગ મળી આવ્યો. ત્યા તેઓ 'મદ્યનિષેધક' મ ડળી તરફથી હમ્મેશા ભાષણ કરતા હોવાથી દિવસે દિવસે કેટલાક મ્હોટા લોકોની સાથે તેમની ઓળખાણ થઈ આ કાર્યમાં તેમને બીજા સૈનિકો ઘણી મદદ કરતા હતા કેટલાક દિવસ પછી તેમની નિમણુંક કારકુનની જગ્યા ઉપર થઈ. કવાયત વગેરેની કડાકુટમાથી મુક્ત થવાથી તેમને ઘણો સ તોષ થયો. 'મદ્યનિષેધ' સિવાય બીજા પણ કેટલાક વિષયોપર તેઓ વ્યાખ્યાન આપતા હતા તથા શ્રોતાઓ ઉપર તેઓ સારો પ્રભાવ પાડી શકતા હતા, પણ પછી આ પ્રકારના જીવનનો પણ તેમને ક ટાળો આવ્યો. લશ્કરી નોકરીના પ્રતિબ ધમાથી મુક્ત થવાને તેઓ ઘણા આતુર બન્યા પણ કાઈ સૂજ પડી નહિ. આ અરસામાં તેમના પિતાનો પણ કાળ થયો દૈવસયોગ ઇ. સ. ૧૮૫૩ માં તેમની એક માસી મૃત્યુ પામી અને તે પોતાના મૃત્યુપત્રમાં પોતાની સઘળી દોલત પોતાના ભાણેજને આપી જવાથી કેટલીક રકમ

ખરચીને તેઓ લશ્કરી નોકરીના ત્રાસમાંથી છુટયા અને લંડનમાં પાછા આવ્યા. જ્યાંસુધી માસીની દોલત પહોંચી ત્યાંસુધી તો તેમના દિવસ સુખમાં ગયા પરંતુ દોલત પૂરી થતાંજ પાછી મ્હોટી પંચાત આવી પડી. વળી પાછા તેઓ નોકરીના ઉદ્યોગમાં લાગ્યા. પોતાના પિતા જે વકિલને ત્યાં કામ કરતા હતા એ વકિલને ત્યા તેમણે ઘણા ધક્કા ખાધા પરંતુ તેનુ કાઇ પરિણામ આવ્યુ નહિ. એક વખત તેઓ રાજર્સ વકિલ પાસે ગયા તો પોતાની પાસે કારકુનની જગ્યા ખાલી નથી એવો તેણે ઉત્તર આપ્યો, પરંતુ વિશેષમા જણાવ્યુ કે કેટલાક પરચુરણ કામો માટે એક માણસની જરૂર છે. બ્રૅડલો સાહેબે પગાર સબંધી પૂછ્યુ તો એ વકિલે દર અઠવાડીઆના દશ શિલિંગ આપવાનુ જણાવ્યુ. બ્રૅડલો સાહેબે આ નોકરીનો સ્વીકાર કર્યો. તેઓને કાયદાનુ પણ થોડુ ઘણુ જ્ઞાન હોવાથી થોડાજ દિવસમા બુદ્ધિબળ દર્શાવી કારકુનની જગ્યા મેળવી અને ધીમે ધીમે તેઓ મુખ્ય કારભારી થયા. પોતાનુ કામ કરી રહ્યા પછી તેઓ પોતાને મળતા અવકાશમા બીજા કાર્યો કરી પૈસા પેદા કરતા તથા લંડન શહેરના પૂર્વ ભાગમા—ગરીબ લોકોની વસ્તીમા ઉપદેશ કરતા, તેમજ વ્યાખ્યાનો આપતા, પરંતુ આ બાબત પણ તેમના શત્રુઓથી જોઇ શકાઇ નહિ. તેમના નાસ્તિકપણા સબંધી રાજર્સ વકિલ પાસે ઘણા કાગળો આવ્યા, પણ રાજર્સે તે ઉપર લક્ષ નહિ આપતા એ કાગળો લખનારાઓને એવો ઉત્તર આપ્યો કે "મ્હારા કામમા હરકત નહિ આવવા દેતાં તે કાંઈ પણ કરે તેમા મને અડચણ નથી" ત્યાર પછી 'આયકોનોક્લાસ્ટ" એ ઉપનામથી તેમણે લખવાનો વ્યવહાર શરૂ કર્યો તેમના પ્રથમના ઘણાખરા લેખોનો અને વ્યાખ્યાનોનો વિષય ધર્મ પુસ્તકો સબંધીનો હોઇ તેઓ એ પુસ્તકો ઉપર સખ્ત ટીકા કરવા લાગ્યા. આથી તેમના મંડળના મનુષ્યો તેમના ઉપર જેટલો સ્નેહ દર્શાવવા

લાગ્યા તેટલોજ શ્રદ્ધાળુ વર્ગ તરફથી તેમનો તિરસ્કાર થવા લાગ્યો. આમ છતાં દિવસે દિવસે તેમના મંડળની સંખ્યા વધતીજ ગઇ. ગરીબ લોકોને તેમની ન્યાયબુદ્ધિથી બહુ સહાયતા મળતી હોવાથી તેમનો સાહેબના ઉપર અપૂર્વ સ્નેહ હતો. એક વખતે એક વિલક્ષણ પ્રકાર બન્યો અને તેને પરિણામે બ્રૅડલો સાહેબની ઘણી પ્રશંસા થઇ. કેટલાક માણસોએ ફંડ એકત્ર કરીને સર્વેને ઉપયોગી થઈ પડે એવી એક ઇમારત બંધાવી હતી, પરંતુ જે જગ્યાએ આ ઇમારત બાંધવામાં આવી તે જગ્યાના માલિક સાથે કાંઈ લેખી કોલકરાર કરવામાં આવ્યા નહોતા. તેનો ગેરલાભ લઇને ઇમારત તૈયાર થયા પછીથી કેટલાક ક્ષુલ્લક કારણો ઉભાં કરી તેણે ટંટો કર્યો અને એ તૈયાર થએલી ઇમારત ઉપર પોતાનોજ હક્ક છે એમ કહેવા લાગ્યો. ઇમારત બંધાવનારા લોકોએ આથી ગભરાઇને બ્રૅડલો સાહેબની સલાહ લીધી. જ્યારે સમજાવટથી કશુંજ ન વળ્યું ત્યારે બ્રૅડલો સાહેબે એક યુક્તિ ચલાવી સો બસેં માણસો એકત્ર કરી અલ્પ સમયમાંજ ઇમારતને તોડી નાખીને સઘળો સામાન લઈ ન્હાસી જવાનું તેઓને તેમણે સૂચવ્યું. આ સૂચના પ્રમાણે લોકો ઇમારત તોડવા મંડી પડ્યા. આ હકીકત જ્યારે એ જમીનના માલિકે જાણી ત્યારે તે અટકાવ કરવા માટે ત્યાં જાતે આવી પહોંચ્યો, પરંતુ તેને કોઇએ દાદ દીધી નહિ અને માનપૂર્વક તેને વાગે નહિ માટે દૂર ઉભા રહેવાની પ્રાર્થના કરી. બીજી તરફ ઇમારત તોડવાનું કામ ત્વરાથી ચાલતુંજ હતું. પેલો જમીનનો માલિક પોલિસોને બોલાવી લાવ્યો ત્યારે તેમને થતું કાર્ય અટકાવવાનો કાંઇ પણ અધિકાર નથી એવું બ્રૅડલો સાહેબે સ્પષ્ટ રીતે કહ્યું. છેવટે જમીનનો માલિક પોતાના વકિલ પાસે ગયો અને ઇમારત તૂટતી બંધ રખાવવાનો હુકમ કઢાવવાનું કહ્યું. આમ છતાં કાયદાની સઘળી ભાંજગડનો નિકાલ થઈ હુકમ બજાવવામાં આવે તે પહેલાં

તો ઇમારતનો સઘળો સામાન ઉપડી ગયો અને જમીનના માલિકને માટે જમીન ચોખ્ખી કરી સર્વ મંડળ ચાલ્યુ ગયુ.

હવે બ્રૅડલો સાહેબે મિસ હુપર નામની એક કન્યા સાથે વિવાહ કર્યો. જેનાથી તેમને ત્રણ સંતાનોની પ્રાપ્તિ થઇ. તે પૈકી બે કન્યાઓ જીવતી રહી. આ જોડાને કેટલાક સમય પછી અણબનાવ થવાથી બન્ને જૂદા પડ્યાં. એમની પત્ની ઇ. સ. ૧૮૭૫માં મરણ પામી.

ઇ. સ. ૧૮૫૫ ની સાલમાં બ્રૅડલો સાહેબે રાજકીય વિષયો સંબંધી લખવાનુ અને બોલવાનુ શરૂ કર્યું. તેમણે શરૂ કરેલા કાર્યને માટે એ સમય ઉત્તમ પણ હતો. એ સમયે પ્રાકૃત જનોને ઉપયોગી થઈ પડે એવા એક નાયકની ઘણી જરૂર હતી. પૂર્વે જેમણે નાયકપણાનો સ્વીકાર કર્યો હતો તેઓ એક પછી એક પાછા પડયા અને તેમની ખાલી પડેલી જગ્યા મેળવવાને માટે આ સારો સુયોગ છે એમ વિચારી બ્રૅડલો સાહેબે એ દિશામા યત્ન કરવા માડયો. આવા પ્રકારનો કાર્યભાર લેવાનુ સામર્થ્ય તેમનામા હતું. તારૂણ્યાવસ્થા, બળવાન શરીર, ઉત્સાહ, જ્ઞાનસંપન્નતા, તીવ્રબુદ્ધિ, દેશકાળનુ જ્ઞાન, અનુપમ વાક્ચાતુર્ય, અનેક વિષયોનુ જ્ઞાન, અચળ કાર્યનિષ્ઠા વગેરે જે જે ગુણો પ્રજાહિત માટે મુખ્યત્વે જરૂરી ગણાય છે તે સઘળા બ્રૅડલો સાહેબમાં હતા. આ ગુણોને લીધે તેમના શબ્દોનો શ્રોતાઓ ઉપર સારો પ્રભાવ પડતો હતો. બ્રૅડલો સાહેબનું શરીર સૌંદર્યે અનુકૂળ નહોતું. તેમનુ ડોકુ મ્હોટુ, નાક લાંબુ તથા મુખમુદ્રા ઉગ્ર હતાં; છતાં તેમનામા એવી વિલક્ષણ ચતુરાઈ હતી કે જાણે શ્રોતાઓ ઉપર તેમની જાદુઇ અસર થતી !

હવે એક બીજી બાબત બનવાથી બ્રૅડલો સાહેબની પ્રખ્યાતિ વધી ગઈ. રવિવાર એ સંપૂર્ણ વિશ્રાંતિ લેવાનો દિવસ છે તેથી તે દિવસે સર્વ પ્રકારનો વ્યહવાર બંધ કરવો એવી હિલચાલ શરૂ થઇ, અને

પાર્લામૅન્ટની બેઠકમાં એક કાયદો તૈયાર થયો. આ પૂર્વે ઘણાં વર્ષથી આ બાબત માટે લોકોમાં અસ્વસ્થતા ઉત્પન્ન થઇ હતી. ફળો વેચનારી છોકરીઓને ફળો વેચવા દેવાં નહિ, હજામોને હજામત કરવા દેવી નહિ, વર્ત્તમાનપત્રો વેચનારને વર્ત્તમાનપત્ર વેચવા દેવાં નહિ વગેરે પ્રકારનો બીજો ઘણો ત્રાસ થઈ પડયો હતો. આથી કરીને સર્વ લોકોએ સંપ કરીને ન્યાયાધીશોના ગાડીવાનો ઉપર ફરિયાદ કરી; તથા એ લોકોએ એવો મુદ્દો કાઢયો કે ગાડી હાંકવાનો એ ગાડીવાનોનો હમ્મેશાંનો ધંધો છે એટલે હમ્મેશાંનો ધંધો રવિવારે કરવો નહિ જોઇએ તેથી કરીને રવિવારે તેમને ગાડીઓ હાંકવા દેવી જોઇએ નહિ. મ્હોટા લોકોને આથી બહુ હરકત પડવા માડી અને કાયદાની બજાવણી ધીમે ધીમે નરમ પડતી ચાલી, પરંતુ આજ વિષયને પુનઃ મજબૂત કરવાને માટે લૉર્ડ ગ્રેવ્હનર સાહેબે નવો કાયદો કરવાની ખટપટ ચાલુ કરી. આ કાયદો પ્રથમ કરતા પણ વધારે સખ્ત કરવાનો તેમનો વિચાર હતો માત્ર દારૂનું વેચાણ બંધ કરાવીનેજ તેઓ સંતોષ પામ્યા નહિ; પરંતુ ગરીબ લોકો જ્યાંથી ભોજન પ્રાપ્ત કરી શકતા હતા એ દુકાનો પણ રવિવારે બંધ રહેવી જોઇએ એવો તેમનો કટાક્ષ હતો. જેથી જનસમાજમાં ઘણી ચળવળ ચાલવા લાગી. લોકો ખીજવાઇ ગયા. કેટલાકે વ્યાખ્યાનો આપીને તથા કેટલાકે ન્હાના ન્હાનાં પુસ્તકો લખી કાઢીને થતા જુલમનું સ્વરૂપ લોકોને સ્પષ્ટ રીતે દર્શાવવાનો યત્ન કર્યો. હોલીઓક નામના એક ગૃહસ્થે "શ્રીમંતોનો રવિવાર અને ગરીબોનો રવિવાર" એ નામનું એક પુસ્તક પ્રકટ કર્યું. તેની લાખ ઉપરાંત નકલો ટૂંક મુદતમાંજ વેચાઈ ગઈ. જ્યારે પ્રજાજનોનો પોકાર ઉચ્ચ કોટિના લોકો સુધી જઈ પહોચ્યો ત્યારે શ્રીમંતોના ઉપર રસ્તા વચ્ચેજ ધિક્કાર દર્શાવા લાગ્યો. ઈ. સ. ૧૮૫૫ ના જુન માસની ૨૪ મી તારીખે "હાઇડિપાર્ક" નામના વિસ્તીર્ણ બાગમાં કે જે

લંડન શહેરના પશ્ચિમ ભાગમાં છે ત્યાં આગળ આ કાયદાની વિરૂદ્ધ મત દર્શાવનારા ઘણા લોકો એકત્ર થયા. આ પછી બીજે રવિવારે પણ પાછી સભા મળી. આ બીજી સભા મળી ત્યારે પોલિસે એમ જાહેર કર્યુ કે આવા પ્રકારની સભાઓ ભરવી એ કાયદા વિરૂદ્ધ છે, માટે સભા થશે તો અટકાવ કરવામા આવશે. બ્રૅડલો વગેરે ન્યાય વિશારદ પુરૂષોએ એવો મત દર્શાવ્યો કે આવા પ્રકારનુ જાહેરનામુ કાઢવાનો પોલિસ કમિશનરને અધિકાર નથી, તેથી આ વાતનો નિર્ણય કરવાનું મ ડળીએ નક્કી કર્યુ અને જાહેરનામા ચોઢેલાં હોવા છતાં અસખ્ય મનુષ્યો એકત્ર થયાં. પોલિસે પણ હુલ્લડનો સંભવ ધારીને અગાઉથીજ બધી તૈયારી કરી રાખી હતી. પ્રજાજનોને હિંમત આપનારાઓમાં બ્રૅડલો સાહેબે આગેવાન હતા અને આ સભામાં પણ તેમણે હાજરી આપી હતી પોલિસે માણસોને પકડવાની તૈયારી કરી એક સ્થળે પાચ પોલિસના સિપાહી એક મનુષ્યની આસપાસ ફરી-વળી તેને ફટકાવતા હતા આ પ્રકાર તરફ એકાએક બ્રૅડલો સાહેબની નજર ગઇ. વિજળીના વેગથી તેઓ એ સિપાઇઓ પાસે જઇ પહોંચ્યા તથા એક પોલિસના હાથમાનો ડ ડો ખૂચવી લઈ જુસ્સાથી બોલ્યા કેઃ “ હવે આ મનુષ્યને આગળી પણ અડાડી તો તેને હુ જીવતો જવા દઇશ નહિ. ”

આમ થવાથી સિપાહીઓએ માણસને ફટકાવવાનુ બંધ કરી પોલિસ ચોકી ઉપર લઇ ગયા. બીજી તરફ એક પોલિસ સિપાહી બ્રૅડલો સાહેબ પાસે આવ્યો તથા તેમને પોલિસ ચોકી ઉપર આવ-વાનો હુકમ કરી તેણે પોતાનો ડ ડો સાહેબ સામો ઉગામ્યો. સાહેબે તેને તેમ નહિ કરવાનુ કહી જણાવ્યુ કે ‘ ત્હારા કરતાં મ્હારામાં વિશેષ શક્તિ છે.’ એ સિપાહી આ શબ્દો સહન કરી શક્યો નહિ. તેણે બીજા બે સિપાહીઓને ઇશારત કરી, પરંતુ એ ત્રણેની બ્રૅડલો

સાહેબે બરાબર ખબર લઇ નાખી. આ પ્રકારથી સર્વ પોલિસોને ઘણું આશ્ચર્ય લાગ્યુ; લોકો આ જોઇ બ્રૅડલો સાહેબની બહાદુરીનાં વખાણ કરવા લાગ્યા. કેટલાકો ટોપીઓ ઉછાળી કૂદવા લાગ્યા, તો કેટલાક પોતાનો જય અને શત્રુઓનો પરાજય પ્રદર્શિત કરવાને માટે આનંદદર્શક ઉદ્‌ગારો કાઢવા લાગ્યા. આ સર્વ પ્રકારથી સરકારને ઘણો ભય લાગ્યો અને તેમણે તૈયાર કરેલા કાયદાનો અમલ કરવાનુ માંડી વાળ્યુ. પછીથી આ સર્વ પ્રકારમા પોલિસે કરેલા જુલમની તપાસ કરવા માટે એક રૅાયલ કમિશન નીમવામા આવ્યુ. સાહેબે તે કમીશન આગળ અનેક મહત્વની બાબતો દર્શાવનારી જુબાની આપી. જે માટે સાહેબનો પ્રસિદ્ધ રીતે આભાર માનવામા આવ્યો હતો. આ પ્રમાણે લોકોના હક્કોનુ રક્ષણ કરવા માટે લોકો તેમનો કોઈ પણ પ્રકારે વિશેષ સત્કાર કરવાની ઇચ્છા રાખતા હતા, પરતુ સાહેબે એવો પ્રકાર પોતાને પસદ નથી એમ જણાવ્યુ એટલે લોકો શાંત રહ્યા.

ઉપલા બનાવથી લોકોને એક બીજો મ્હોટો ફાયદો થયો. "હાઇડપાર્ક" જેવા વિશ્રાતિસ્થળો માત્ર સરકારનાજ છે કે ત્યાં સાધારણ જનસમાજને પણ રાજકીય પ્રશ્નોની ચર્ચા કરવાને ભેગા મળવાનો હક્ક છે? આ પ્રશ્નોનો નિકાલ થઇ ગયો. આ પ્રસંગે જો લોકો પાછા હઠયા હોત તો આ વાત તેમને વારવાર અડચણકર્ત્તા થઇ પડત. ગયા પચ્ચીસ વર્ષમાં આવા પ્રકારના પુષ્કળ પ્રસંગો બન્યા છે અને તેથી કરીને સાધારણ જનસમાજને પોતાનો મનોભાવ પ્રકટ કરવા માટે સારો અવકાશ અને સારૂ સ્થાન મળે છે. આ સઘળા ઉત્તમ પ્રકારોનો યશ બ્રૅડલો સાહેબનેજ પ્રાપ્ત થયો છે. માત્ર ૨૨ વર્ષની ઉછરતી યુવાનીના સમયે બ્રૅડલો સાહેબે આટલી બધી બુદ્ધિ ક્યાંથી દર્શાવી? તથા તેમનામાં શાતિ, ધૈર્ય વગેરે સદ્‌ગુણો આટલા બધા પ્રમાણમાં કેવી રીતે આવી શક્યા? સત્યજ છે કે

न निश्चितार्थाद्विरमंति धीरः ।

અર્થાત્—ધીર પુરૂષો ધારેલો અર્થ સિદ્ધ કર્યા વિના વિરમતા નથી.

રાજર્સ વકિલ પાસે ત્રણ વર્ષ રહ્યા પછી બ્રૅડલો સાહેબ હાર્વે નામના વકિલ પાસે કેટલાક દિવસ સુધી રહ્યા અને પછીથી તેઓ સ્વતંત્ર ધધો કરવા લાગ્યા. આ સમયે જ તેમણે "સ્વતંત્ર વિચાર" સબંધી કેટલાક લેખો લખવાની શરૂઆત કરી. એ સિવાય લડન તેમજ બીજા સ્થળોમાં પણ વ્યાખ્યાન આપવાને તેઓ વારવાર જતા. બીજે જવા આવવામાં તેમણે જે જે સકટો ભોગવી સમય તેમજ અર્થનો ભોગ આપ્યો તેવો ભોગ ભાગ્યેજ બીજા કોઇએ આપ્યો હશે. બહારગામના માણુસોને ખાસ ભાષણકર્ત્તાને બોલાવવાને લડન જતા ઘણો ખર્ચ ઉઠાવવો પડતો હતો; જેથી બ્રૅડલો સાહેબે આ રીવાજ દૂર કર્યો. સ્થળ અને હેડબીલો (હસ્તપત્રક)ની વ્યવસ્થા શ્રોતાજનો તરફથી થતાંજ તેઓ વ્યાખ્યાન આપવાને તત્પર થતા. તેમના આવા અર્થભોગથી કેટલીક વખત તેમને ઘણું દુઃખ સહન કરવુ પડતું, કેમકે બીજા પ્રાંતમા ભાષણ કરવા જવાનુ થતા પ્રવાસ ખર્ચ તેઓ પોતેજ કરતા. એક સમયે એડનબર્ગમાં ભાષણ આપી રહ્યા પછી તેમની પાસે માત્ર થોડીકજ રકમ બચી. ત્યાંથી તેમને બોલ્ટન મુકામે વ્યાખ્યાન આપવા જવાનુ હતુ. મળસ્કે પાંચ વાગે ઉઠયા તો આશ્રમમા કોઇ જાગ્રત થયુ નહોતુ, તેથી કાંઈપણ ખાધા પીધા સિવાય તેઓ તરતજ સ્ટેશન ઉપર ગયા. ગાડી કરવાને માટે યા તો મજુર કરવાને માટે સાહેબની પાસે પૂરતા પૈસા નહોતા, તેથી તેમણે પોતેજ પોતાનો સઘળો સામાન સ્ટેશન સુધી ઉચકી લીધો. સ્ટેશન ઉપર ગયા તો જે ટ્રેનમા જવાને માટે તેમની પાસે પૂરતી રકમ હતી તે ટ્રેન કાંઇ અકસ્માતને લીધે વખતસર આવી નહિ. એટલામાં મેઇલ ટ્રેન આવી પહોંચી. તેનું ભાડું વિશેષ હોવાથી જે

સ્ટેશનને જવાનું હતું તેની આ તરફના સ્ટેશન સુધીનુંજ ભાડુ નીકળ્યું; જેથી ખાવાપીવાને માટે જે બે ચાર આના સિલીક રાખવાના હતા તે ખરચીને તેમણે ઠેઠનીજ ટીકીટ લીધી. તેઓ પોણા આઠ વાગે બોલ્ટન મુકામે જઇ પહોંચ્યા. તે સમયે સખ્ત ઠંડી પડતી હતી. આઠ વાગે ભાષણ શરૂ થનાર હતું, તેથી તરતજ આશ્રમમા જઇને કપડાં બદલી વ્યાખ્યાન જે સ્થળે કરવાનું હતું ત્યાં જઇ પહોંચ્યા. આ સમયે ભૂખથી અને ઠંડીથી તેમના શરીરની તેમજ મુખમુદ્રાની જે સ્થિતિ થઇ ગઇ હતી તે ખરેખર દયા ઉપજાવે એવી હતી. વ્યાખ્યાન કરવાને માટે જોઇએ એવી વિશાળ જગ્યા નહોતી, તેમજ યોગ્ય પ્રકાશ આવે એવી પણ સગવડ નહોતી, સર્વે પરિસ્થિતિ ત્રાસદાયક હતી. તેમના હાલ આવા પ્રકારના હોવા છતા એક વિરૂદ્ધ પક્ષના માણસે તેમના ઉપર એવો આક્ષેપ મૂક્યો કે "વ્યાખ્યાનો કરી તમે ઘણું દ્રવ્ય મેળવો છો અને મોજ–શોખ ઉડાવો છો !"

બ્રૅડલો સાહેબને આ વાક્યથી ઘણું આશ્ચર્ય લાગ્યુ; અને છેવટે તેમણે જ્યારે બોલ્ટન છોડયું ત્યારે ત્યાંના આશ્રમનુ બીલ ચૂકવવા માટે તેમણે પોતા પાસેની એક કિમતી વસ્તુ વેચી દીધી.

આજ સમયમાં લૅંકેશાયર પ્રાંતમાં વ્યાપાર સબંધી તેમજ ધર્મ સંબંધી વ્યાખ્યાનો આપીને તેમણે ઘણી કીર્તિ મેળવી, પરંતુ કોલસાની ખાણોના પ્રાંતમાં લોકોએ તેમની સાથે ઘણો તિરસ્કારયુક્ત વ્યવહાર ચલાવ્યો. વાયગન ગામના લોકો ધર્મ સંબંધી વ્યાખ્યાન કરનાર વ્યાખ્યાતાનો ઘણો તિરસ્કાર કરતા હતા; એવી તે વખતે તેમની પ્રસિદ્ધિ હતી તેથી કરીને બ્રૅડલો સાહેબે એ ગઢ ઉપર હલ્લો કરીને તેને સર કરવાનો નિશ્ચય કર્યો. પ્રથમ બે વ્યાખ્યાનોની જાહેર ખબર ફેલાવી. વ્યાખ્યાનોનો વિષય "ઇંગ્લૅંડનાં સ્ત્રીપુરૂષો બાયબલથી શું શીખી શક્યાં ?" એ હતો. પહેલે દિવસે વિરૂદ્ધમતના સર્વે યોદ્ધાઓ હાજર

હતા, પરંતુ તે દિવસનું વ્યાખ્યાન શાંતિમાંજ પૂર્ણ થઇ ગયું. બીજે દિવસે જે પ્રકાર બન્યો તેથી જંગલી દેશના લોકોને સત્ય રીતે જોવા જતાં કલંક લાગ્યા જેવોજ બન્યો. મનુષ્યો ઘણી સંખ્યામાં એકત્ર થયાં હતાં. જાણે બધાં માણસો ઇમારત તોડી નાખવાનેજ એકઠાં થયાં હોય એવી તેમની એ દિવસની રીતભાત હતી. વ્યાખ્યાનકર્ત્તા જ્યારે વ્યાખ્યાન કરવા ઉભા થયા ત્યારે લોકો મ્હોડેથી સીસોટીઓ વગાડવા લાગ્યા. સર્વ જગ્યા ચીકાર થઇ ગએલી હોવાથી જે મકાનમાં આ વ્યાખ્યાન થવાનું હતું તે મકાનનાં બારી બારણાંઓ બંધ કરી દેવામાં આવ્યાં હતાં. બ્હારનાં માણસો બારી-બારણાને ધક્કાઓ મારી તોફાન કરી રહ્યાં હતાં. છેવટે તેઓ બારણાં ભાંગી નાખી અંદર પેઠા. મારામારી ચાલવા લાગી. કોઈ પાણી ઢોળવા લાગ્યું. કોઈ ઈંટો ફેંકવા લાગ્યું, છેવટે નિરૂપાયે બ્રૅડલો સાહેબ મહામુશિબતે મકાનની બ્હાર નીકળી આવ્યા. બીજા માણસો પણ તેમની પાછળ બહાર નીકળી કર્કશ અવાજે જેમ ફાવે તેમ બોલવા લાગ્યા. બ્રૅડલો સાહેબ સમજી ગયા કે આ સ્થળે હવે વધારે વખત રોકાવાથી કદાચ જીવનું પણ જોખમ થઇ જશે, તેથી તેઓએ આશ્રમમાં નહિ જતાં બારોબાર સ્ટેશન તરફ ઉપડી જવાનો વિચાર કર્યો, પરંતુ પાસે એક પણ પૈસો નહોતો. સઘળી સિલ્લક આશ્રમમાંજ હતી તેથી તેઓને બીજો એક પણ ઉપાય નહિ હોવાથી આશ્રમમાં ગયા. ત્યાં જતાંજ આશ્રમની માલિક જે સ્ત્રી હતી તેણે તેમને વિના વિલંબે પોતાના આશ્રમમાંથી ચાલ્યા જવાની આજ્ઞા કરી, કારણ કદાચિત્ ઉશ્કેરાયલા મનુષ્યો આશ્રમ ઉપર હલ્લો કરે એવી એ સ્ત્રીને આશંકા હતી. રાત્રિનો સમય થઇ ગયલો હોવાથી આવા સમયે એ સ્ત્રીને કાયદા પ્રમાણે પોતાના આશ્રમમાંથી કાઢી મૂકવાનો હક્ક નથી એ વાત સાહેબ જાણતા હતા, એટલે તેઓ એ સ્ત્રીને કાંઇ પણ ઉત્તર નહિ આપતાં

પોતાના સ્થાને જઈ સુઇ ગયા. તે ગામના અધિકારીઓએ પણ પ્રથમ સાહેબને એવો ભય દર્શાવ્યો હતો કે અમે જોરજુલમથી વ્યાખ્યાન બંધ કરાવીશું. તે સમયે સાહેબે તેમને એવો ઉત્તર આપ્યો હતો કે:–" એવો યત્ન કરી જોજો એટલે પછીથી ખબર પડશે ! "

આવો પ્રકાર બનવા છતાં બ્રૅડલો સાહેબે આ ગામમા વારંવાર આવીને વ્યાખ્યાનો આપવાનો નિશ્ચય કર્યો. તેમના નિશ્ચયનુ ફળ તેમને મળ્યુંજ. આજ વાયગન ગામમાં પછીથી તેઓ એટલા બધા લોકપ્રિય થઈ પડ્યા કે ત્યાંના કેટલાક મનુષ્યોએ સાહેબના મતનો એક સમાજ સ્થાપ્યો. આનુંજ નામ તે દીર્ઘ ઉદ્યોગ ! ! આનુંજ નામ સતત પ્રયત્ન ! જો દૃઢ નિશ્ચયનું બળ હોય છે તો ફળ પ્રાપ્ત થયા સિવાય રહેતુંજ નથી.

विघ्नैः पुनःपुनरपि प्रतिहन्यमानाः
आरब्धमुत्तम गुणा न परित्यजन्ति ।

ભાવાર્થ કે–વારવાર વિઘ્નો નડવા છતાં આરંભેલા કાર્યનો ઉત્તમ ગુણવાળા મનુષ્યો પરિત્યાગ કરતા નથી.

આવોજ પ્રસગ ગર્નસી બેટમાં આવી પડયો હતો. ત્યા આગળ તેમના મતના એક અનુયાયી ગૃહસ્થે જૂદા જૂદા મતનાં પુસ્તકોના ભાગ પાડ્યા હતા. આ માટે તેને વીસ પાઉડનો દંડ કરવામા આવ્યો હતો. તેનો પક્ષ લેવાને માટે બ્રૅડલો સાહેબ જાતે ગયા તથા તેમણે ત્યાંના અધિકારીઓને તેમના અન્યાયપૂર્ણ કૃત્ય માટે પ્રસિદ્ધ રીતે પત્ર લખ્યો અને એ ગામમાં વ્યાખ્યાનો આપવાનો નિશ્ચય કર્યો. આ ઠેકાણે હેંડબીલો છાપવાનુ કામ કોઇ કરનાર નથી એમ સાહેબ પ્રથમથીજ જાણતા હોવાથી તે તો તેઓ પોતાની સાથેજ છપાવીને લાવ્યા હતા, પરંતુ આ હેંડબીલોને ભીંતો ઉપર ચોઢી આવનાર કોઈપણ માણસ મળી આવ્યો નહિ તેથી બ્રૅડલો સાહેબે જાતે હાથમાં

નિસરણી, ગુંદરનો ડબ્બો અને મોટી પીંછી લઇને આ કામ કર્યું. વ્યાખ્યાન આગાઉ લોકો મસ્તી કરવા લાગ્યા; પરંતુ પછી એ મસ્તી થતી શાંત થઈ વ્યાખ્યાન શરૂ થયુ અને કેટલાક સમયસુધી બરાબર ચાલ્યા કર્યું. વળી પાછો બહાર ઘણો ઘોંઘાટ થવા લાગ્યો. આ સમયે શ્રોતાજનોને સ્વસ્થ બેસવાનુ કહી બ્રૅડલો સાહેબ બહાર જવા લાગ્યા. કેટલાક શ્રોતાઓ સાહેબનો જીવ જોખમમાં આવી પડશે એવી આશંકાથી તેમને બહાર જવાની ના પાડવા લાગ્યા; પરંતુ સાહેબે કોઇનું કહ્યુ માન્યુ નહિ. જેવા સાહેબ બહાર નીકળ્યા કે તોફાની લોકો તેમના તરફ પથ્થરો ફેંકવા લાગ્યા, પરંતુ બ્રૅડલો સાહેબને તેમના સદ્ભાગ્યે કાંઈ ઈજા થઇ નહિ તેમજ તેમનુ મન ભય પામ્યુ નહિ આથી કરીને તેમની વીરત્વદર્શક મુખમુદ્રા જોઇ તોફાન કરનાર લોકો ચાલ્યા ગયા અને પછી સાહેબે પોતાનું વ્યાખ્યાન ઉત્તમ રીતે પૂર્ણ કર્યું.

આ પછી બ્રૅડલો સાહેબ પશ્ચિમ પ્રાંત તરફ વળ્યા. ડૅવનપૉર્ટમાં એક સાર્વજનિક બાગમાં એમના ભાષણનો સમારંભ થયો. ભાષણ શરૂ થયા પછી પોલિસ અધિકારીઓએ મના કરવાથી ભાષણ બંધ પડ્યુ. બીજે દિવસે એજ સ્થળની સમીપે આવેલુ એક ખેતર ભાડે રાખી ત્યા ભાષણ આપવાનુ નક્કી કર્યું. ત્યાં પણ વ્યાખ્યાન શરૂ થયા પછી પોલિસના અધિકારીઓએ તેમને પકડ્યા અને ખેતર બહાર લઇ જઇને છોડી દીધા. આમ થતા તરતજ પાછા ખેતરમાં જઇને તેઓ ભાષણ કરવા લાગ્યા. પોલિસ અધિકારીએ ફરીથી તેમને પકડી નજરકેદ કર્યા અને જામિન ઉપર પણ છોડ્યા નહિ. ન્યાયાધીશ પાસે કેસ ચાલ્યો. કોઈ પણ પ્રકારે સજા કરવાનોજ ન્યાયાધીશનો વિચાર હતો, પરંતુ બ્રૅડલો સાહેબે પોતાના કાયદાના જ્ઞાનનો ઉત્તમ પરિચય કરાવી પોતાની જાતને મુક્ત કરી. આ કેસને લીધે તેમની

ઘણી પ્રશંસા થઈ અને ઘણા લોકોએ તેમનો પક્ષ સ્વીકાર્યો. પછીથી તેમણે એક અતિ ચમત્કારિક યુક્તિ ચલાવી. ગામની પાસે એક નદી હતી. એ નદીના પ્રવાહ ઉપર ગામના અધિકારીઓનો અમલ નહોતો. આ વાતની બરાબર તપાસ કરીને સાહેબે વ્યાખ્યાનનાં હેંડબીલો જાહેર કર્યાં. ઘણા લોકો એ સ્થળે અર્થાત્ નદી કિનારે એકત્ર થયા. પોલિસના અધિકારીઓ અડચણ કરવાને તૈયાર થયા. લશ્કરી લોકોને પણ તૈયાર રાખવામાં આવ્યા. હવે શુ બનશે એ જાણવાને લોકો ઘણા આતુર બની ગયા હતા. સખ્ત વરસાદ પડતો હોવા છતાં માણસોની સખ્યામાં વધારોજ થતો ગયો. એટલામાં બ્રૅડલો સાહેબ નદી તરફ વળ્યા અને એક હોડીમાં બેસી નદીના પ્રવાહની વચ્ચે થોડી કોરી જમીન હતી ત્યાં આગળ જઈ પહોંચ્યા. બ્રૅડલો સાહેબ શામાટે ત્યા ગયા એ કોઇ સમજી શકયુ નહિ. છેવટે સાહેબે એ સ્થળેજ ઉભા રહીને વ્યાખ્યાનની શરૂઆત કરી. શ્રોતાજનો સાહેબના વ્યાખ્યાનને સારી રીતે સાંભળી શકતા હતા, છતાં પોલિસ અમલદારો આ વ્યાખ્યાનને અટકાવી શક્યા નહિ; કારણ કે નદીના પ્રવાહ ઉપર તેમનો અમલ નહોતો. લોકોએ આ બનાવથી પોલિસ અમલદારો તરફ ઘણો તિરસ્કાર દર્શાવ્યો અને બ્રૅડલો સાહેબની મુક્તકંઠે પ્રશંસા કરી.

આ સિવાય બીજે પણ કેટલેક ઠેકાણે ધાર્મિક સ્વતંત્ર વિચારોના વ્યાખ્યાનો આપ્યાં હતાં. જેમાં વખતોવખત તેમને અંધશ્રદ્ધાળુ વર્ગ તરફથી તેમજ પોલીસ તરફથી ઘણી હેરાનગતી મળી હતી; છતાં તેમણે ધૈર્યનો ત્યાગ નહિ કરતાં પોતે અંગીકાર કરેલા વ્રતનુ પ્રતિપાલન કર્યું હતું. જેના પરિણામમાં જે સ્થળોમાં તેમની સામે સખ્ત વિરોધ હતો તેજ સ્થળોમાં તેમના સ્વતંત્ર વિચારના મતનો અધિક પ્રચાર થઈ, આજે પણ નવિન વિચારોને અધિક આશ્રય મળતો રહે છે.

ઈ. સ. ૧૮૫૫ની સાલમાં બ્રૅડલો સાહેબે પોતાના વિચારોનો

પ્રચાર કરવાને માટે વિશેષ પરિશ્રમ લેવા માંડયો. આ સમય પછી તેમણે ધર્મ સબંધી પુસ્તકો લખવામાં અને વ્યાખ્યાનો આપવામાં પ્રવૃત્ત રહેવા માંડયુ. રવિવારે ત્રણ વ્યાખ્યાનો આપવાનો તો તેમનો સાધારણ નિમમજ થઈ પડયો હતો. ઈ. સ. ૧૮૫૮માં તમણે ઘણો પરિશ્રમ વેઠયો. આ વર્ષમાં તેઓ લંડન સેક્યુલર સોસાઇટીના અધ્યક્ષ થયા. રેવરડ બ્રુઇન નામના એક ગૃહસ્થ સાથે તેમણે ધર્મ સબંધી વાદવિવાદ કર્યો અને તેથી કરીને તેમના પંથને ઘણી પુષ્ટિ મળી. તેજ વર્ષે 'ઇનવેસ્ટિગેટર' નામનું વર્ત્તમાનપત્ર પણ તેઓ ચલાવવા લાગ્યા; પરતુ આ પત્ર વિશેષ સમયસુધી ચાલ્યુ નહિ. ગ્રાહકો વધારે નહિ મળી આવવાથી પત્રનુ ખર્ચ પૂરૂ થતું નહિ તેથી ઇ. સ. ૧૮૫૯મા તે બંધ કરવુ પડયુ. આ વર્ષમાં પણ તેમણે પોતાના મતના સમર્થન માટે ઘણા વિદ્વાન તેમજ ધર્મગુરૂઓ સાથે વાદવિવાદ કર્યો. શેફિલ્ડમા એક ગૃહસ્થે બ્રૅડલો સાહેબને અજ્ઞાની ઠરાવવા માટે હિબ્રુ ભાષામાં વાદવિવાદ કર્યો, પરતુ બ્રૅડલો સાહેબે એ ભાષાની અદર પણ એટલી બધી વિદ્વતા દર્શાવવાની સાથે પોતાના પક્ષનુ સમર્થન કર્યું કે સર્વ આશ્ચર્ય પામ્યા. ઈ. સ. ૧૮૬૦માં આગગાડીનો અકસ્માત થવાથી તેમને લગભગ પુનર્જીવન પ્રાપ્ત થયા જેવુજ બન્યુ. તે સમયે સુપ્રસિદ્ધ વર્ત્તમાનપત્ર "નેશનલ રિફૉર્મર" શરૂ કરવાની ખટપટ ચાલી. આ પત્રનુ આધિપત્ય ઘણાં વર્ષ સુધી બ્રૅડલો સાહેબના હાથમાં હતું, અને પાછળથી તો તે પત્ર ચલાવવાનો સઘળોજ ભાર બ્રૅડલો સાહેબના માથા ઉપર આવી પડયો હતો. ઈ. સ. ૧૮૬૦-૬૧ના અરસામા ઇટાલીમાં ગૅરિબલ્ડીએ દેશનુ સ્વાતત્ર્ય મેળવવા માટે જે પ્રચડ વ્યુહ રચ્યો હતો તે વ્યુહમાં બનતી સહાય કરવાને માટે બ્રૅડલો સાહેબે પણ ઠેકઠેકાણે વ્યાખ્યાનો આપીને ફડ એકઠું કરવા માડયુ. જે બદલ મહાત્મા ગૅરિબલ્ડીએ બ્રૅડલો સાહેબનો

અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો. આ પછી તેઓ ઘણી વખત ઇટાલીમાં રાજકીય ખટપટ માટે ગયા હતા. એક સમયે તેઓ જ્યારે નેપલ્સમાં હતા ત્યારે તેમની પાસે ઘણા મહત્વના કાગળો આવ્યા હતા. આ હકીકત જ્યારે અધિકારીઓના જાણવામાં આવી ત્યારે તેમણે એ કાગળોને જપ્ત કરવાનો યત્ન ચાલુ કર્યો. બ્રૅડલો સાહેબને આ બાબતની ખબર પડતાંજ તેઓ નેપલ્સનો ત્યાગ કરી વહાણ મારફતે બીજે સ્થળે ચાલી નીકળ્યા. રસ્તે પોપ સરકારનાં કેટલાંક માણસો વહાણ ઉપર આવી પહોંચ્યા અને તેમણે બ્રૅડલો સાહેબને જણાવ્યુ કેઃ–"બ્રિટિશ કોન્સલની ઇચ્છા આપને મળવાની છે," પરતુ કોઈ પણ પ્રકારનો દગો છે એમ સાહેબ સ્હમજી ગયા તેથી તેમણે વહાણમાંથી ઉતરવાની ના પાડી. જો તેઓ ઉતર્યા હોત તો રોમન કાયદાનો અમલ તેમનાપર ચલાવવામાં આવ્યો હોત. પોતાની યુક્તિ ચાલી શકી નહિ તેથી પોપ સરકારનાં માણસોએ સાહેબની પેટીની જડતી લેવાનો વિચાર કર્યો, પરતુ સાહેબે પોતાની પિસ્તોલ હાથમાં લીધી અને તેને સજ્જ કરીને તેઓ પેટી ઉપરજ બેસી રહ્યા. એવામાં વળી વહાણમાનો બીજો એક અમેરિકન ગૃહસ્થ પણ સાહેબની મદદે આવી પહોચ્યો તેથી પોપ સરકારના લોકો નિરૂપાય થઇ ચાલ્યા ગયા.

ઈ સ. ૧૮૫૯ની શરૂઆતમા ફ્રેંચ સરકારની સૂચનાથી ડૉક્ટર સાયમન બર્નાર્ડના ઉપર રાજદ્રોહનો કેસ શરૂ થયો. આ કેસમાં બ્રૅડલો સાહેબે આરોપીનો પક્ષ સ્વીકારી તેને મદદ કરવાથી તેઓ ફ્રેંચ સરકારના પણ વિરોધી થઈ પડયા. તેમની પાછળ હમ્મેશા ફ્રેંચોની દેખરેખ રહેતી હતી. એક દિવસે એક આશ્રમમા તેઓ બેઠા હતા એવામાં એક ફ્રેંચ ડિટેક્ટિવ તેમની પાસે ગયો અને નિદ્રાનો ઢોગ કરી એક મેજ ઉપર પડયો. બ્રૅડલો સાહેબ તેને ઓળખી ગયા તેથી

કડકો સળગાવીને તેના નાક આગળ ધર્યો. આથી પેલો ડિટેક્ટિવ તરતજ ઉભો થઈ ગયો અને કાંઇ પણ બોલ્યા ચાલ્યા સિવાય ત્યાંથી પલાયન કરી ગયો !

ન્યાયમંદિરમાં આવનારા લોકોએ સોગન લઈ જુબાની આપવી જોઇએ એ વિષય સબંધી ઘણી વખતે ચર્ચા ચાલતી હતી, તેનો હવે નિર્ણય થવો જોઇએ એવી બ્રૅડલો સાહેબ તજવીજ કરતા હતા. ઇ. સ. ૧૮૬૦માં એક નાસ્તિક સ્ત્રીએ કેટલાંક કારણોને લીધે ફરિયાદ કરી હતી. તે સમયે તેને ઇશ્વર ઉપર આસ્થા નથી એટલાજ કારણને લીધે ન્યાયાધીશે તેની ફરિયાદ ગાલવા દીધી નહિ. આ પ્રમાણે આજ કારણને લીધે બ્રૅડલો સાહેબની વિરૂદ્ધ એક કેસનો ચુકાદો થયો, તે સમયે સાહેબે ઘણી ચર્ચા ચલાવી, પરંતુ તરતમા તો તેમને યશ મળ્યો નહિ. આમ છતાં તેમણે આ વિષય જારીજ રાખ્યો, જેથી કેટલાંક વર્ષ પછી આ સબંધમાં એક સ્પષ્ટ કાયદો થઇ સર્વ પ્રકારની અડચણ દૂર થઇ.

ઈ સ. ૧૮૬૩ની આખરે બ્રૅડલો સાહેબની પ્રકૃતિ અસ્વસ્થ હોવાથી તેમને "નૅશનલ રિફૉર્મર" પત્રનુ આધિપત્ય થોડા દિવસને માટે છોડી દેવુ પડયુ. આજ અરસામા અમેરિકામા લડાઇ શરૂ થઇ. તે સમયે વ્યાખ્યાનો વગેરે આપીને તેમણે ઘણી મદદ કરી તથા લડાઇને લીધે લંકેશાયર પ્રાંતમાં આવેલી કપાસની મીલોમાં લોકોને માથે જે દેવુ થઇ ગયુ તે દૂર કરવાને માટે સાહેબે પોતાનાં વ્યાખ્યાનોની સઘળી આવક તેમને આપી દીધી. ઈ. સ. ૧૮૬૬માં ટ્રાફલગાર સ્કવેર અને હાઇડપાર્ક એ સ્થળોએ તેમણે અસંખ્ય શ્રોતાઓ આગળ ઘણાં વ્યાખ્યાનો આપ્યાં. તે બન્ને સ્થળે પોલિસ તરફથી ઘણી હરકત આવી પડી તથાપિ કોઇ પણ પ્રકારના ભય સિવાય તેમણે પોતાનું કામ ચાલુ રાખ્યુ અને એવાં સ્થળોએ એકત્ર

થવાનો પોતાનો હક્ક કાયમ કર્યો. આ અરસામાંજ આયર્લંડમાં પ્રજાસત્તાક રાજ્ય સ્થાપન કરવાની ખટપટ ચાલતી હતી. આ કાર્યમાં જે અગ્રેસર તરીકે હતો તેણે એક જાહેરનામાનું લખાણ બ્રૅડલો સાહેબને બતાવ્યુ તેથી સાહેબે તેમાં થોડો ઘણો ફેરફાર સૂચવ્યો. આમ છતાં આ સર્વ કાર્યને ઉપસ્થિત કરનાર બ્રૅડલો સાહેબ છે એવો સરકારને વહેમ પડવાથી તેમણે તેમના ઉપર ગુપ્ત પહેરો રાખ્યો, પરંતુ તેથી બ્રૅડલો સાહેબ બિલકુલ નહિ ડગતાં તે સબધી વ્યાખ્યાનો આપવાનો અને લેખો લખવાનો ક્રમ તેમણે ચાલુજ રાખ્યો. જેમાંના એક લેખ માટે તેમને ગ્લૅડસ્ટન સાહેબ તરફથી અભિનદન દર્શાવનારો પત્ર મળ્યો હતો.

આ અને બીજા કેટલાંક કારણોને લીધે સરકારની બ્રૅડલો સાહેબ ઉપર જે અવકૃપા થઈ હતી તેનુ પરિણામ એ આવ્યુ કે "નૅશનલ રિફૉર્મર" પત્ર કે જે આઠ વર્ષથી પ્રકટ થતું હતું તે પત્રમા હવેથી કોઈની નિદા યા તો સરકાર વિરૂદ્ધ પ્રજાની લાગણી ઉશ્કેરાય એવા લેખો આવે નહિ તે માટે સરકારે ચાર હજાર રૂપિયાના જામીન માગ્યા; પરતુ નાણા આપવાની વાત પોતાને કબુલ નથી અને કોઇની નિદા કે સરકાર વિરૂદ્ધ લાગણી ઉશ્કેરાય એવા લેખો આવશે નહિ એવો સાહેબે ઉત્તર આપ્યો. આ તેમની હીમ્મતની કસોટી થાય એવોજ પ્રસગ હતો. સરકારે આ ઉત્તર સ્વીકાર્યો નહિ. બ્રૅડલો સાહેબ પાસે પૈસાનો પૂર્ણ અભાવ હતો. વળી સરકારને ન્યાયકાર્યમા કુશળ અધિકારીઓની મદદ હતી પણ બ્રૅડલો સાહેબ મુદ્રા અક્ષરમાના "बुद्धिस्तु मागान्ममं" એ ચાણાક્યના વાક્ય પ્રમાણે માત્ર પોતાના બુદ્ધિ વૈભવ ઉપર ધૈર્ય ધારણ કરી ઉભા રહ્યા. તેમના ઉપર ઘણા સમય સુધી કેસ ચાલ્યો. જેમાં બ્રૅડલો સાહેબે પોતાના કાયદાના જ્ઞાનનો ઘણો સારો અનુભવ કરાવ્યો. તેમના

સ્નેહીઓએ પણ તેમને અનેક પ્રકારની મદદ કરી. કેટલાકે તો ફંડ કરીને પૈસા એકઠા કર્યા. કેટલાકે લેખ લખી ઘણા માણસોના મત બ્રૅડલો સાહેબના મતને અનુકૂળ કર્યા. કેટલાકે આ સબંધીની ચર્ચા પાર્લામેન્ટમાં ચાલુ કરી. છેવટે સરકારનો પરાજય અને બ્રૅડલો સાહેબનો જય થયો તથા જે કાયદા પ્રમાણે તેમના ઉપર કેસ ચાલુ કરવામાં આવ્યો હતો તે કાયદો પણ પછીથી રદ કરવામાં આવ્યો. આ સઘળા પ્રકારને લીધે વર્તમાનપત્રોની સ્વતંત્રતા ઉપરનો અંકુશ દૂર થયો. આ બનાવને લીધે બ્રૅડલો સાહેબ ઘણા લોકપ્રિય થઈ પડયા. આ અસાધારણ પ્રયત્ન માટે જૉનસ્ટુઅર્ટ મિલે પણ તેમની ઘણી પ્રશંસા કરી. આ કેસ ચાલુ હતો તે સમયથીજ સાહેબે નોર્થમ્પ્ટન શહેરની તરફથી પાર્લામેન્ટમા મેમ્બર થવાનો પ્રયત્ન શરૂ કર્યો હતો, પરંતુ આ પ્રસંગે તેમને વિજય મળ્યો નહિ. બ્રૅડલો સાહેબે આમ છતાં પોતાનો ઉદ્યોગ પડયો મૂકયો નહિ.

બ્રૅડલો સાહેબને સર્વ પ્રકારે યશ મળ્યો પરંતુ તેમના માથા ઉપર દેવાનો ભાર હવે વધી ગયો હતો જેથી ખર્ચમા ઘટાડો કરવાનુ યોગ્ય ધારી વાર્ષિક દશ હજાર રૂપિયાની આવક છતા દેવાનો ભાર દૂર કરવાને માટે હવે તેઓ ઘણીજ ગરીબાઈથી રહેવા લાગ્યા. આમ છતાં તેમની સ્વાભાવિક ઉદારતા તો કાયમજ રહી હતી. એક સમયે એક ધર્મગુરૂએ તેમના બૈરી છોકરા સબંધી કાંઈ ખોટી હકીકત પ્રસિદ્ધ કરી હતી, તેથી બ્રૅડલો સાહેબે તેના ઉપર ફરિયાદ કરી તે પ્રસિદ્ધ કરેલી હકીકત પાછી ખેંચી લેવાની તેને ફરજ પાડી હતી. એ કેસમાથી નુકશાની તરીકે તેમને એક હજાર રૂપિયા મળ્યા હતા. જેમાથી કેસનું ખર્ચ બાદ કરી બાકીની રકમ તેમણે ધર્મકાર્યમા ખરચી નાખી હતી.

બ્રૅડલો સાહેબ આવી ગરીબ સ્થિતિમા રહેતા હતા એવામાં

ઈ. સ. ૧૮૭૦ના સપ્ટેંબર માસમાં એક ફ્રેંચ સ્ત્રી તેમને મળવાને આવી. આ સ્ત્રીને બ્રૅડલો સાહેબ સાથે પ્રથમની બિલકુલ પિછાન નહોતી, પરંતુ બ્રૅડલો સાહેબની સમાજપ્રીતિ જાણીતીજ હતી, તેથી કરીને એવા ઉદ્દાર પુરૂષની મદદથી તે સમયે ચાલતી લડાઇના કારણથી દુર્દશાને પ્રાપ્ત થયેલા ફ્રેંચ લોકોનો ઉદ્ધાર થશે એમ તેને લાગવાથી તે સાહેબને મળવા આવી હતી. તેની સાથેની વાતચીતથી સાહેબના મનમાં ઘણી સ્ફુર્તિ થઇ આવી તથા અનેક સ્થળોએ સભા ભરીને તેમણે એ વિષય સબંધીની ચર્ચા કરવાનુ ચાલુ કર્યું. આ બધી મહેનતનુ પરિણામ પણ ધાર્યા જેવુજ આવ્યુ. ગ્લૅડસ્ટન સાહેબ જાતેજ ઉપર દર્શાવેલી સ્ત્રીની મુલાકાત લેવા ગયા. પછીથી ફ્રાન્સ દેશમાથી કેટલાક રાજપ્રકરણી પુરૂષોએ આવીને તેમની સાથે ઘણી વાતચીત કરી, પરતુ એ લોકોની ભૂલથી જેવુ પરિણામ આવવુ જોઇએ તેવુ આવ્યુ નહિ. બ્રૅડલો સાહેબે ઉઠાવેલી મહેનત માટે ફ્રેંચ સરકારે તેમનો આભાર માન્યો હતો ઈ. સ. ૧૮૭૧મા ફ્રાન્સ દેશમાં જે બે પક્ષ પડ્યા હતા, તે બન્નેની વચ્ચે સલાહ કરાવવાને માટે બ્રૅડલો સાહેબ જવા નીકળ્યા હતા, પરતુ કેલે શહેર આગળ તેમને અટકાવવામાં આવ્યા. પાછળથી તેમને છોડયા, તેમને પાછા આવવુ પડયુ. ફરીથી કેટલાક માસ પછી પાછા તેઓ તે તરફ જવા નીકળ્યા, પરતુ ત્યારે પણ વિના કારણ અટકાવવામા આવ્યા તથા બે દિવસ સુધી તેમને કેદખાનામાં રહેવું પડયુ. કેદખાનામાંથી છુટીને તેઓ પારિસ ગયા. એ પછી ફ્રાન્સમાં જતા તેમને કોઇ વખતે અડચણ પડી નહિ.

ઈ. સ. ૧૮૭૧–૭૨ મા બ્રૅડલો સાહેબે પોતાના મતનો પ્રસાર કરવા માટે ઘણો યત્ન કર્યો. વિરૂદ્ધ મતના લોકો સાથે વાદવિવાદ કરીને, વિવિધ લેખો લખીને અને અનેક સ્થળોએ નિબંધો વાચીને તથા વ્યાખ્યાનો આપીને તેમણે પોતાના પક્ષને દઢ કર્યો. રાજકીય

વિષયોમાં પણ તેઓ પુષ્કળ ધ્યાન આપતા હતા. બ્રન્સવિક નામના રાજકુટુંબનો વંશપરંપરાનો હક્ક ગાદીપર નથી પરંતુ એ હક્ક માત્ર લોકોની ઇચ્છાને આધીન છે એવુ તેમણે પ્રતિપાદન કર્યું. મ્હોટાં મ્હોટાં અને પ્રખ્યાત સ્થળોએ એ વિષે તેમણે જાહેર વ્યાખ્યાનો આપ્યાં. પ્રિન્સ આર્થરને મોટો હોદ્દો અપાયાથી કેટલાક લોકોના "હાઇડપાર્ક" માં સભા ભરવાના કાર્યમાં સરકારે હરકત કરવાની વાત બ્રૅડલો સાહેબની જાણમાં આવતાજ તેમણે નિર્ભયતાથી પોતાની સહી સાથેની એક જાહેર ખબર પ્રસિદ્ધ કરી. સરકારે તેમને લેખી તાકીદ આપી તથા સભા જબરદસ્તીથી બંધ કરવાનુ જણાવ્યુ. બ્રૅડલો સાહેબે સરકારી અધિકારીઓને લખી મોકલ્યુ કે આવો પ્રતિબંધ અયોગ્ય છે; અને જો તે પ્રતિબંધ કરવામા આવશે તો તેનો પ્રતિકાર થશે. સરકાર આ શબ્દોથી ગભરાઈ અને સભા ભરવાને અર્ધા કલાકનો વિલંબ હતો તે અગાઉજ સભાને હરકત નહિ કરવાનો તેમણે હુકમ કાઢ્યો. આવી રીતે બ્રૅડલો સાહેબે સરકારને અનેક વખત પાછી હઠાવી હતી.

ફ્રાંકો જર્મન લડાઇ થઇ ગયા પછી પ્રજાસત્તાક રાજ્ય સ્થાપન કરવા માટે ઇંગ્લંડ દેશમાં ઘણી હિલચાલ શરૂ થઇ. સર ચાર્લ્સડિલ્ક જેવા પ્રખ્યાત ગૃહસ્થોએ આ પ્રકારમા પોતાનો અનુકૂળ મત દર્શાવ્યો તેથી કરીને આ હિલચાલને વિશેષ પુષ્ટિ મળી. અનેક પ્રકારની નવિન સંસ્થાઓ ઉત્પન્ન થઈ અને તેમણે લોકસત્તાની ધ્વજા ફરકાવવા માડી. છેવટે ઇ. સ. ૧૮૭૩ ના મે માસમાં બર્મિંગહામમા એક સભા એકત્ર થઇ. આ સભામાં લંડન શહેરમાથી પ્રજા તરફથી આઠ અને પ્રાંતમાંથી ચાલીસ પ્રતિનિધિઓ આવ્યા હતા. આ ઉપરાંત જે સમાજ તરફથી પ્રતિનિધિ આવી શકે તેમ નહોતું તે તે સમાજે પોતાનો મત લખી મોકલ્યો હતો. સભાનુ કામ ઉત્તમ પ્રકારે પૂર્ણ થયુ. પ્રજાસત્તાક

રાજ્યના પક્ષમાં ઠરાવ પસંદ થયો, તથા એક મુખ્ય સમાજ સ્થાપવામાં આવ્યો. આ ઠરાવમાં એક ઠરાવ એવો હતો કે પ્રજાસત્તાક રાજ્ય સ્થાપન કરવા માટે સ્પેન દેશમાં ચાલતી ખટપટ આ સભાને પૂર્ણ સમત છે તથા આ સંબધમાં બ્રિટિશ સરકારે પ્રદર્શિત કરેલી અસંમતિ અયોગ્ય છે. આજ ઠરાવમાં સભા તરફથી સ્પેનદેશમાં બ્રૅડલો સાહેબને મોકલવાનો નિશ્ચય કર્યો હતો. બ્રૅડલો સાહેબે આ કામ કરવાની અંતઃકરણપૂર્વક સંમતિ દર્શાવી. માડ્રિડ આગળ જઇ પહોંચતાં રસ્તે રાજપક્ષના લોકોએ તેમને ઘણી હરકત કરી, પરંતુ ધૈર્ય રાખીને તેઓ સુખરૂપ ધારેલે સ્થળે જઇ પહોંચ્યા. ત્યાં આગળ જઈ તેઓ પ્રજાપક્ષના મુખ્ય માણસોને મળ્યા. જ્યાં તેમનું ઉત્તમ પ્રકારે સ્વાગત કરવામાં આવ્યુ. તેમને એક મિજબાની આપવામાં આવી હતી. આ મિજબાની વખતે જે ભાષણો થયાં તેમાં બ્રૅડલો સાહેબની ઘણી પ્રશંસા થઈ તથા સાહેબનો ઉત્તર સર્વ શ્રોતાઓએ ઉત્સુકતાથી સાંભળ્યો. મિજબાની પૂર્ણ થઇ ગયા પછી સર્વ લોકો સાહેબને તેમના આશ્રમ સુધી પહોંચાડી આવવા માટે ગયા. આશ્રમમાં પણ અનેક માણસો તેમની મુલાકાત માટે આવ્યા, એટલુજ નહિ પરંતુ રાત્રિથી માંડીને પ્રભાત સુધી દર્શનને માટે ઉત્સુક તથા વાતચીત કરવાને માટે ઉત્સુક એવાં અસખ્ય મનુષ્યો આશ્રમ પાસે એકત્ર થઈને ઉભાં રહ્યાં. કેટલાંક મનુષ્યો તો ગાયન અને વાદનથી મનને આનંદ આપતાં હતાં, છેવટે મનુષ્યોની ભીડ ઘણી થઈ જવાથી બ્રૅડલો સાહેબ આશ્રમની બહાર આવ્યા અને તેમણે એકત્ર થએલાં મનુષ્યોને દર્શન આપી બેચાર શબ્દો બોલી તેમના કાન તૃપ્ત કર્યા. સૂર્યોદય થતાની સાથેજ મનુષ્યો ધીમે ધીમે ચાલ્યાં ગયાં. તે દિવસે બ્રૅડલો સાહેબે લગભગ એક હજાર માણસો સાથે શેકહૅન્ડ કરી હશે. જૂદી જૂદી સભાઓ તરફથી તેમને માનપત્રો આપવામાં આવ્યાં તથા મ્હોટા મ્હોટા અમીર ઉમરાવો સાથે તેમની

મુલાકાત થઇ. બ્રેડલો સાહેબ જે માર્ગેથી આવ્યા હતા તે માર્ગે થઇને પાછા જાય તો કાંઈ સંકટ આવી પડે એવી આશંકાથી ત્યાના લોકોએ આગ્રહ કરીને તેમને જળમાર્ગે વિદાય કર્યા. આ સર્વ પ્રવાસ સંબધી એક ચમત્કારિક વાત એ છે કે એ સબધીનુ સઘળું વૃત્તાંત આગ્લવર્ત્તમાનપત્રોમા સવિસ્તર નહિ આવતા "ન્યુયૉર્ક હેરલ્ડ" નામના વર્ત્તમાનપત્રમાં આવ્યું.

આ પ્રમાણે બ્રેડલો સાહેબની કીર્તિ ચોદિશે ફેલાઈ ગઈ, છતાં દેવુ દૂર કરવા જેટલી રકમ તેમની પાસે એકઠી થતી નહિ. વ્યાખ્યાનો આપવાથી અને લેખો લખવાથા તેઓને ઘણી રકમ પ્રાપ્ત થતી હતી; પરંતુ દેવાનુ વ્યાજ પણ ઘણું વધારે હતું તેથી જલદીથી દેવુ દૂર થઇ શકે એ અસંભવિત હતું. અમેરિકામા પણ સાહેબનું નામ ઘણું પ્રસિદ્ધ થયુ હતુ તથા ઘણા સમાજ તરફથી તેમને ત્યા જઇને વ્યાખ્યાનો આપવાને માટે વિનતિ કરવામા આવી હતી. પૈસા મેળવવાને આ સારો સુયોગ છે એમ વિચારી બ્રેડલો સાહેબ અમેરિકા ગયા. અમેરિકા જતા પહેલા તેમને એક મોટી મિજબાની આપવામા આવી. તે સમયે જૂદા જૂદા પ્રાતોમાથી તેમના મતાનુયાયી મડળ તરફથી પ્રતિનિધિ આવ્યા હતા. તેમની મારફત સાહેબને માનપત્ર આપવામા આવ્યુ. તે વખતના લોકોના ઉદ્‌ગાર ઉપરથી પોતાના ઉપર પોતાના પક્ષના લોકોનો કેટલો બધો પ્રેમ અને મમતા છે તે વાત સાહેબ સમજી શકયા.

ઇ. સ. ૧૮૭૩ ના સપ્ટેમ્બર માસમા બ્રેડલો સાહેબ ન્યુયૉર્ક જવા નીકળ્યા. ત્યા જઈ પહોચતાની સાથેજ તેમનુ ઉત્તમ પ્રકારે સ્વાગત કરવામા આવ્યુ. ત્યાં તેઓ એક સારામાં સારા પથિકાશ્રમમાં જઇને ઉતર્યા, તથા તેઓએ કપડા બદલીને થોડો ઉપહાર કર્યો ન કર્યો એટલામા તો વર્ત્તમાનપત્રનો ખબરપત્રી તેમની મુલાકાત માટે

આવી પહોંચ્યો. બીજે દિવસે સઘળાં પત્રોમાં એ વિષે સવિસ્તર લેખ લખવામાં આવ્યા અને એક પત્રમાં તો 'ચાર્લ્સ બ્રૅડલો–ઇંગ્લૅંડના ભાવી પ્રેસિડૅન્ટ' એવો અગ્રલેખ (લીડર) લખવામાં આવ્યો હતો. જેમ કેટલાંક વર્ત્તમાનપત્રોએ તેમની પ્રશંસા કરી હતી, તેમ કેટલાંક ધાર્મિક પત્રોએ તેમનો તિરસ્કાર પણ ઘણો કર્યો હતો; પરંતુ એવાં પત્રોએ સાહેબને માટે જે તિરસ્કારયુક્ત શબ્દો લખ્યા તે માટે તેમને પાછળથી ઘણો પસ્તાવો થયો. કારણકે સાહેબને ઘણી સંસ્થાઓ તરફથી આમ ત્રણો આવ્યાં, અને ઘણાં માનપત્રો મળ્યા છતાં આ મુસાફરીથી સાહેબનો હેતુ સફળ થયો નહિ. કેટલાંક કારણોને લીધે અમેરિકાના લોકોના ચિત્ત સ્વસ્થ નહોતા. વળી કયાન્સસ આગળ સાહેબની પ્રકૃતિ પણ અસ્વસ્થ બની ગઈ. આથી કરીને તેઓ ઇચ્છા પ્રમાણે વ્યાખ્યાનો કરી શક્યા નહિ. એવામાં પાર્લામેન્ટ બરખાસ્ત થવાના સમાચાર તેમણે સાંભળ્યા, તેથી તેમા પોતાની ગોઠવણ થાય એ બાબતની તજવીજ કરવાને માટે બ્રૅડલો સાહેબ વિના વિલબે પાછા ચાલ્યા ગયા. તેઓ પાછા જઈ પહોચે તે પહેલાંજ બ્રૅડલો સાહેબની ગેરહાજરીમા તેમના સ્નેહીઓએ સર્વ તજવીજ કરી દીધી હતી. પરિણામે આ બાબતમા પણ કાંઇ યશ મળ્યો નહિ, જેથી બન્ને કાર્યો બગડયાં. અમેરિકામાં તેઓથી વિશેષ વ્યાખ્યાન કરી શકાયાં નહિ અને અહિ પણ તેમનુ કાઈ વળ્યુ નહિ. આમ છતા તેઓ પોતાની માત્ર આવી સાધારણ મુસાફરીથી દશ હજાર રૂપિયાનુ દેવુ દૂર કરી શકયા. તેમને દરેક વ્યાખ્યાનમાંથી ત્રણસેથી ચારસે રૂપિયાસુધીની રકમ મળતી હતી. કેટલાક માસ પછી બ્રૅડલો સાહેબે ફરીથી અમેરિકા જવાનો નિશ્ચય કર્યો અને જવા પૂર્વેજ વ્યાખ્યાનોના દિવસ નક્કી કરી રાખ્યા; પરંતુ ધારેલા સમયે તેઓ અમેરિકા જઈ શકયા નહિ. પાર્લામેન્ટમાં એક જગ્યા ખાલી થઈ હતી તેથી તેઓ રહી ગયા; પરંતુ આ પ્રસગે

પણ પોતાની યોજના નહિ થવાથી તેઓ પોતાના નિશ્ચય પ્રમાણે અમેરિકા ચાલ્યા ગયા. આ મુસાફરીનુ ફળ તેમને પોતાની ઇચ્છાનુસાર મળ્યુ. તેમના અનેક વ્યાખ્યાનો થયાં અને સર્વત્ર તેમની પ્રશંસા થવા લાગી. માત્ર પ્રવાસમાં તેમને ઘણી હરકત પડી. તેમના ઉપરથી ઘણાં ભયંકર સંકટો પસાર થઇ ગયાં. કોઈ કોઈ સમયે બરફના પડવાથી તેઓ ગભરાઇ જતા હતા; તેમજ આઠ આઠ દિવસ સુધી નિદ્રા લેવાનો સમય મળે નહિ એવા પ્રસગો પણ આવતા હતા. આ સર્વ બાબતોથી તેમનુ હષ્ટપુષ્ટ અને મજબૂત શરીર પણ થાકી જઇ વિશ્રાંતિ લેવાને પાત્ર બન્યુ, જેથી તેઓ સ્વદેશમા પાછા આવ્યા.

ઈ. સ ૧૮૭૫ ના ચોમાસામાં બ્રૅડલો સાહેબ ફરીથી અમેરિકા ગયા, પરતુ આ મુસાફરીમા તેમના નાસ્તિકમત માટે ઘણાકોએ તેમની નિંદા કરી અને લોકમત તેમની વિરૂદ્ધ થાય એવા પ્રયત્નો ચાલી રહ્યા સાહેબને આ ખટપટથી કાંઈ વિશેષ નુકશાન થયુ નહિ, કારણ કે તેમના ધર્મ સંબંધી વિચારો પ્રથમથીજ પ્રસિદ્ધ થઇ ચૂકેલા હતા. એ વાર પ્રસગે મ્હોટા મ્હોટા ધર્મગુરૂઓએ અતિ ઉદાર અંતઃકરણથી તેમને સર્વ પ્રકારે આશ્રય આપ્યો, છતા આ મુસાફરીથી બ્રૅડલો સાહેબનુ શરીર ઘણું બગડયુ. તેમના સઘળા વિચારો મનમા ને મનમાંજ રહ્યા. તેમને સન્નિપાતનો વિકાર થયો હોય એમ લાગ્યુ અને તેમનું જીવન ટકશે કે કેમ એ માટે પણ સશય ઉત્પન્ન થયો; પરતુ ન્યૂયૉર્કના લોકોએ તેમની ઘણી સેવા-ચાકરી કરી, તેથી તેઓ આરોગ્ય પ્રાપ્ત કરી શકયા. આમ છતા તેઓ પોતે આપેલા વાયદાઓ પ્રમાણે વ્યાખ્યાનો આપી શકવાને સમર્થ નહોતા. તેથી લગભગ દશ સંસ્થાઓમાં વ્યાખ્યાન આપવાના કરેલા વાયદા તેઓથી પાળી શકાયા નહિ, અને તેથી કરીને તેમને લગભગ પદર હજાર રૂપિયાનું નુકશાન થયું. તેઓ લંડન પાછા આવ્યા તે સમયે સેક્યુલર સોસાઇટીના

સભાસદો તરફથી તેમને સન્માન આપવા માટે એક મ્હોટો સમારંભ કરવામા આવ્યો તથા ફંડ કરીને તેમને બે હજાર રૂપિયાની કોથળી ભેટ આપવામાં આવી.

આ અરસામાં મિસિસ બીસેંટ સાથે તેમને પિછાન થઇ. ઘણી બાબતોમાં આ અસામાન્ય બાઈના વિચારો તેમને મળતા હોવાથી તેમના વચ્ચે ઘાડી મિત્રતા બંધાઈ હતી. પ્રજોત્પત્તિના સંબંધમાં એક ઉપયોગી પુસ્તક પ્રકટ કરવા બદલ તેમનાપર સરકારે આરોપ મૂકી કેસ ચલાવ્યો તેમા મિસિસ બિસેંટ તથા બ્રૅડલો સાહેબે બહુજ હુશીયારીથી પોતાના પક્ષનુ સમર્થન કરી એક કૉર્ટમાં હારી જવા છતાં ઉપલી કૉર્ટમાથી પોતાના પક્ષમાં નિર્ણય મેળવ્યો હતો.

ઇ. સ. ૧૮૭૫ માં બ્રૅડલો સાહેબનુ દેવુ દૂર થતાજ તેમનુ મન ઘણું સ્વસ્થ થયુ. આ દેવુ કેવી રીતે દૂર થયુ એ હકીકત જાણવા જેવી છે. પ્યુબરવિલ નામના એક ગૃહસ્થે પોતાના મૃત્યુપત્રમાં કેટલીક રકમ બ્રૅડલો સાહેબને આપવા જણાવ્યુ હતું. એ ગૃહસ્થ સાથે બ્રૅડલો સાહેબને સ્નેહ નહોતો—સંબંધ નહોતો—પિછાન નહોતી; પરંતુ માત્ર બ્રૅડલો સાહેબની સત્યપ્રીતિ તથા પરોપકારવૃત્તિની કિંમત જાણીનેજ આ ગૃહસ્થે તેમના નામ ઉપર આ રકમ મૂકી હતી, છતાં આ રકમ તેમને વિના અડચણથી મળી નહિ. આ ગૃહસ્થના મૃત્યુ પછી ઉપર જણાવેલા મૃત્યુપત્ર સિવાય બીજા પણ કેટલાંક મૃત્યુપત્રો મળી આવ્યાં આથી કરીને ટંટો ઉપસ્થિત થયો અને છેવટે અરસ્પરસમા નિકાલ થતાં બ્રૅડલો સાહેબને ૨૫૦૦ પાઉંડ મળ્યા. આથી કરીને તેમનુ સઘળું દેવું દૂર થયુ તથા પછીથી અતિ સ્વસ્થચિત્તે વિશેષ ઉત્સાહથી જનહિતનાં કામો કરવાની તેમને સવડ મળી..તેમણે પોતાની ઓછે ભાડે રાખેલી જગ્યા હવે છોડી દીધી અને પોતાની પુત્રી સાથે તેઓ મિસિસ બીસેંટની પાડોસમાં જઇને રહ્યા.

ઈ. સ. ૧૮૭૭ થી ઈ. સ. ૧૮૮૦ સુધી બ્રૅડલો સાહેબના જીવનમાં કાંઈ વિશેષ જાણવાજોગ બનાવો બન્યા નથી. લખવાનુ તથા બોલવાનુ કામ પૂર્વ પ્રમાણે ચાલુજ હતું, પરંતુ કોઈ પણ પ્રકારની ધામધૂમ કરવાનો તેમને પ્રસંગ આવ્યો નહિ. આ સમય પૂર્વે તેમણે જે શ્રમ ઉઠાવ્યો તેના બદલામાં તેમને આટલી સ્વસ્થતા મળી એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ નથી. પ્રજાજનોને તેઓ ઘણા પ્રિય થઇ પડયા હતા. સર્વ પ્રસંગે તેઓ સલાહ વગેરે આપવાને તૈયાર હતા, એટલુજ નહિ, પરંતુ તન, મન તથા ધનથી ગરીબોને સહાય કરવાને પણ તત્પર રહેતા. કોઈ વખતે તેઓ ખેડૂતોને, કોઈ વખતે ખાણમાં કામ કરનારા લોકોને, તો કોઈ સમયે કોઇ બીજા ધંધાના માણસોને મળતા તથા તેમની પરિસ્થિતિનુ અવલોકન કરી પોતાનાથી બની શકે તે પ્રમાણમાં તેમનુ દુઃખ દૂર કરતા. આવી રીતે બ્રૅડલો સાહેબ પોતાના જ્ઞાનનો, પોતાની બુદ્ધિનો તેમજ પોતાના બળનો ઉપયોગ પરોપકારમાંજ કરતા હતા. અનુકૂળ હોય એવા પ્રસગે ખ્રિસ્તીમતનો ફેલાવો કરનારાઓની સાથે તેઓ યુદ્ધ કરવામા પાછા પડતા નહિ. આ ઉપરાત પ્રસગોપાત રાજકીય વિષયોની પણ તેઓ ચર્ચા ચલાવતા હતા. તુર્કસ્તાનની સાથે લડાઇ ચાલતી હતી તે સમયે તુર્ક લોકોને મદદ કરવાના વિચારથી તેમણે હાઈડપાર્કમા એક સભા ભરી હતી. બ્રૅડલો સાહેબની ઇચ્છા લડાઇ ચાલુ નહિ રાખતા સધી કરવાની હતી, તેથી તેમણે બીજી એક સભા એ સ્થળેજ એકત્ર કરી, અને પોતાની ઇચ્છા પ્રમાણે સભાનુ કામ ચલાવ્યુ, પરંતુ સભા બરખાસ્ત થતા પૂર્વે વિરૂદ્ધ પક્ષના લોકોની ઉશ્કેરણીથી કેટલાક માણસોએ મારામારી શરૂ કરી, બ્રૅડલો સાહેબના ઉપર સર્વ પ્રકારના અસ્ત્રોનો પ્રયોગ થયો. આ પ્રસગે તેમનું અતુલબળજ તેમને ઉપયોગી થઇ પડયું. નહિ તો આ ઘણો કટાકટીનો મામલો હતો. તેમના ડાબા હાથ ઉપર જખમ થયો

અને તેથી કરીને કેટલાક સમય સુધી તેઓને ઘણું દુઃખ ભોગવવું પડયું હતું.

તેમણે અત્યાર સુધીમાં ત્રણ વખત પાર્લામૅન્ટમાં દાખલ થવાની તજવીજ કરી તેમાં નિષ્ફળતા મળ્યા છતાં પણ એ દિશામાં તેમણે પોતાનો પ્રયત્ન ચાલુ રાખ્યો હતો. તેમણે વારંવાર નોર્થેમ્પટનમાં જઇને ત્યાંના લોકો સાથે પોતાના પરિચયને દૃઢ કરી પોતાની યોગ્યતાનું તેમને દિગ્દર્શન કરાવ્યુ હતુ. છેવટે ઇ. સ. ૧૮૮૦ માં ચુંટણી થવાનો સમય આવ્યો. આ વખતે ખ્રિસ્તી ધર્મોપદેશકો વગેરે પ્રતિપક્ષિઓ તરફથી ઘણી હરકતો ઉપસ્થિત થવા છતાં બ્રૅડલો સાહેબ ચુંટી કહડાયા. બાર વર્ષસુધી તેમણે જે ઉદ્યોગ ચલાવ્યો હતો એ દીર્ઘતપનુ ફળ તેમને હવે પ્રાપ્ત થયુ.

પરંતુ આટલાથી તેમનુ કર્ત્તવ્ય પૂર્ણ થયુ નહિ. આ મહાપુરૂષના આયુષ્યક્રમમાં કોઇ પણ વાત સરળતાથી અને અનાયાસે થઈ હોય એમ દેખાતું નથી, એમનુ ભાગ્યજ કાઇ વિચિત્ર પ્રકારનુ હતું! અને એમ હતું તેથીજ તેમનો કીર્ત્તિપ્રદીપ આટલો પ્રજ્વલિત રહ્યો છે. જો તેમના સર્વ હેતુઓ અનાયાસેજ સિદ્ધ થયા હોત તો તેમનામાં અલૌકિક ગુણો લોકોના જાણવામાં આવી શકત નહિ અને તેઓ આટલા બધા પૂજ્ય અને માનનીય થઇ પડત નહિ. તેમને પ્રત્યેક પગલુ ભરતાં અડચણ પડતી હતી તેથીજ તેમની હિંમત, તેમની કાર્યક્ષમતા, ઉદ્યોગ, લોક હિતસ્વીતા, બુદ્ધિમત્તા, સાહસિકતા વગેરે ગુણો પ્રકાશ પામ્યા. હજુ પણ તેમની કસોટી પૂર્ણ થઇ નહોતી. લોકોએ તેમની નિમણુંક કરી એ તો કાર્યનુ એકજ અંગ થયુ, પરંતુ પાર્લામૅન્ટના ચાલુ નિયમો પ્રમાણે સોગન લીધા સિવાય ઉમેદ્વારથી સભાસદ થઇ શકાતું નથી. બ્રૅડલો સાહેબ તો નાસ્તિક હતા, તેથી તેઓ સોગન ન લેતાં માત્ર પ્રતિજ્ઞાજ લેવાને તૈયાર હતા. આ સંબંધી

ઘણો વાદવિવાદ થયો પરંતુ કાંઈ નિર્ણય થયો નહિ. કેટલાક સભાસદોએ તો નવો કાયદો કરવાની સૂચના સુદ્ધાં કરી, પરંતુ તેનો સ્વીકાર થયો નહિ. પછીથી "સોગન લેવાજ જોઇએ તેથી સોગન લઉં છું, પરંતુ સોગનનો જે મંત્ર છે તેમાંના અર્થથી હું બંધાવાનો નથી." એમ કહીને સોગન લેવાને પણ તેઓ તૈયાર થયા. આમ થયું ત્યારે નાસ્તિકો સોગન લે તો ઇશ્વરનું અપમાન થયા જેવું ગણાય એમ કેટલાકનું કહેવું થયું. આ ઉપરાંત રાજકુટુંબ સંબંધી તેમણે કેટલાક લેખો લખેલા હોવાથી રાજકુટુંબના સોગન પણ તેઓ લઇ શકે તેમ નહોતું. ગ્લૅડસ્ટન સાહેબ તથા બ્રાઇટ સાહેબ બ્રૅડલો સાહેબના પક્ષમાં હતા, પરંતુ વિરૂદ્ધ પક્ષમાં ઘણા માણસો હોવાથી તેમનું કાંઇ ચાલી શકતું નહિ. એક સમયે બ્રૅડલો સાહેબે પોતાનું શું કહેવું છે તે જણાવવાની રજા માગી. આ રજા તેમને મળી, પરંતુ ભાષણ પૂર્ણ થતાંની સાથેજ તેમને સભાગૃહમાંથી બ્હાર જવાનો હુકમ કરવામાં આવ્યો "થએલો હુકમ અયોગ્ય છે, તેથી હું માન્ય કરતો નથી'" એમ તેમણે સ્પષ્ટ કહ્યું, આથી કરીને તેમને પકડી નજર કેદ રાખ્યા અને બીજે દિવસે છોડી મૂક્યા. પછીથી તા. ૧ લી જુલાઇએ ગ્લૅડસ્ટન સાહેબે એવી સૂચના કરી કે નિમણુક કરેલા સભાસદોની ઇચ્છા હોય તો તેઓ સોગન નહિ લેતા માત્ર પ્રતિજ્ઞા ઉપરજ ચલાવી શકશે. આ સૂચના વિરૂદ્ધ ઘણાએ ભાષણો કર્યા, પરંતુ ઘણામતે આ સૂચના પસાર થઈ અને તેથી કરીને એ સૂચના પ્રમાણે તા. ૨ જી જુલાઇને દિવસે બ્રૅડલો સાહેબ પાર્લામેન્ટના સભાસદ બન્યા હતા. આ સર્વ પ્રકારમાં ત્રણ માસ ચાલ્યા ગયા. આ પ્રમાણે પાર્લામેન્ટ સભામાં જ્યારે વાદવિવાદ ચાલતો હતો તેજ અરસામાં એકી સમયે સમગ્ર દેશમાં ૧૪૦ ઉપરાંત સભાઓ ભરવામાં આવી અને પાર્લામેન્ટમાંથી બ્રૅડલો સાહેબને દૂર કરશો નહિ એવા

હજારો તાર ગ્લૅડસ્ટન સાહેબ પાસે આવ્યા. ગ્લૅડસ્ટન સાહેબ એટલા બધા તારો એકલા વાચી ન શકવાથી લૉર્ડ હાર્ટિંગ્ટન અને હર્બર્ટ ગ્લૅડસ્ટન તેમના કામમાં મદદ કરતા હતા. પાર્લામેન્ટના મકાનની જમીન તારનાં કવરોથી ઢંકાઈ ગઇ. આ પ્રકારથી સર્વને ખાત્રી થઇ કે પ્રજાજનો બ્રૅડલો સાહેબના પ્રક્ષમાં છે.

એમનો પક્ષ સબળ કરવા માટે એક વખત ટ્રાફલગર સ્કવેરમાં પચાસ હજાર માણસોની સભા ભરાઈ હતી. ત્યાં તેમનું તથા બીજા કેટલાક લોકોનું ભાષણ થયુ હતું. તેમની વિરૂદ્ધમા ૬૨ હજાર માણસોની સહીની અને તેમની પક્ષમાં અઢી લાખ માણસોની સહીની અરજીઓ આવી હતી. જુલાઇથી સપ્ટેબર માસ સુધીમાં સભા આગળ બ્રૅડલો સાહેબનાં ૨૨ ભાષણો થયા હતાં.

આ પ્રમાણે પ્રતિપક્ષીઓ તરફથી તેમનો સભામાં પ્રવેશ ન થાય તે માટે અનેક પ્રકારની અડચણો ઉપસ્થિત થઇ હતી, પરતુ આ હિમત બહાદુર વીરપુરૂષે કોઇથી ડરી નહિ જતાં પોતાનો હેતુ પાર પાડયો હતો. આવા ઉદ્યોગી વીરપુરૂષને વિજયદેવી વરમાળ આરોપે એમાં આશ્ચર્ય જેવુ કાઇ છેજ નહિ. આ વિજયદેવીની ગણના સામાન્ય સ્ત્રીઓમાં થતી નથી. સામાન્ય સ્ત્રીઓ તો રૂપ જોઇનેજ ભૂલી પડે છે, બહારના ઠાઠમાઠથી પણ વશ થાય છે, પરતુ વિજયદેવીનો પ્રકાર જૂદોજ છે. તે તો સત્ય પ્રત્યેજ પ્રીતિ દર્શાવે છે, તે તો ખરાભાવને તથા સતત પ્રયત્નના પરાક્રમનેજ પિછાને છે. તેથીજ તે આવા નરવીરના ઉપર પ્રસન્ન થઇ અને તેણે પોતાની વરમાળ આ પરોપકારી વીર પુરૂષને પહેરાવી. અસ્તુ.

જેનો સ્વભાવ દોષજ જોવાનો હોય છે તેવા કોઇ આક્ષેપ મૂકશે કે માત્ર ઉચ્ચપદ પ્રાપ્ત કરવાના લોભથી તેમણે ઈંગ્લૅંડમા શ્રમ

કર્યો અને ધન લોભથી અમેરિકામાં કર્યો, પરંતુ જો વાસ્તવિક રીતે જોવા જઇએ તો આ આક્ષેપ સર્વથા અયોગ્ય છે. આ સ્થળે માત્ર એજ વિચારવાનું છે કે બ્રૅડલો સાહેબે શા હેતુથી પાર્લામૅન્ટમાં પ્રવેશ કરવા માટે આટલો બધો શ્રમ ઉઠાવ્યો ? જો પોતે પાર્લામૅન્ટ સભાના સભાસદ થાય તો તેથી પોતાના દેશબંધુઓની સેવા કરી શકે એજ તેમનો મુખ્ય હેતુ હતો. બાકી તેમની સ્થિતિ એવી હતી કે તેમને દ્રવ્ય પ્રાપ્ત કર્યા સિવાય ચાલે તેમ નહોતું અને તેથી કરીનેજ તેમણે અમેરિકામા દ્રવ્ય પ્રાપ્ત કરવાનો પરતુ તે સાથે લોકહિત થાય એવો યત્ન આદર્યો હતો. વળી જો લોકહિત કરવાનું તેમનુ લક્ષ ન હોય તોપછી આ દેશના હિત માટે આ સાહેબે જે ખટપટ ચલાવી હતી તેનું શુ કારણ ? એક સમયે આપણા દેશની વ્યવસ્થા સબંધી પણ તેમણે અનેક પ્રશ્નો ઉપસ્થિત કર્યા હતા તેનુ શુ કારણ ? તેમ કરવાથી બ્રૅડલો સાહેબને શો લાભ ? તેજ પ્રમાણે હિંદુસ્તાનમાંની કાયદા કરનારી સભામાં લોકનિયુક્ત પ્રતિનિધિનો પ્રવેશ થાય એ માટે જે કાયદાનો ખરડો તેમણે તૈયાર કર્યો હતો તથા એ સબધી વિશેષ માહિતી મેળવવા માટે તેમણે પોતાની શરીર પ્રકૃતિ તરફ લક્ષ નહિ આપતા આ દેશની સફર કરી હતી, તેથી તેમને શુ ફળ પ્રાપ્ત થવાનુ હતું ? આ મહાત્મા બાલ્યાવસ્થાથીજ **परोपकारार्थ मिदं शरीरम्** એ સૂત્ર શીખ્યા હતા અને તેમના સમગ્ર જીવનમાની એકે એક ક્ષણમાં આપણે એ તેમની પરોપકારવૃત્તિનું દર્શન કરી શકીએ તેમ છીએ, આથી કરીને આવા મહાત્મા પુરૂષના ચારિત્ર્ય ઉપર કોઇ પણ પ્રકારનો આક્ષેપ મૂકવો એ પાપનોજ સચય કરવા જેવું છે. એકદરે બ્રૅડલો સાહેબના મૃત્યુથી ઇંગ્લૅંડ, અમેરિકા તેમજ દુર્ભાગી હિંદુસ્તાને એક મહાપુરૂષ કે જેની સ્મૃતિ કદાપિ દૂર થઈ શકે તેમ નથી તેને ગુમાવ્યો છે. સર્વેશ્વર એ મહાત્માના આત્માને શાંતિ આપો !

હવે આપણે આ મહાત્માના ચારિત્ર્યમાંથી શો બોધ ગ્રહણ કરવા જેવો છે તે સંબંધી વિચાર કરીશું અને ત્યાર પછી આ સંક્ષિપ્ત જીવનને સમાપ્ત કરીશું. બ્રૅડલો સાહેબના ઘરની ગરીબ સ્થિતિ, ઉચ્ચશિક્ષણ મેળવવાનાં સાધનોનો અભાવ, કષ્ટમય જીવન, બાલ્યાવસ્થામાંથીજ સંસારના દુઃખોનો અનુભવ, સ્વધર્મ ઉપર શ્રદ્ધા નહિ હોવાથી સગા-વ્હાલાંનો વિરોધ અને અનેક અંધશ્રદ્ધાળુઓ તરફથી થતો તિરસ્કાર, શારીરિક સુંદરતાનો અભાવ, આવી સ્થિતિમાં વકિલના નોકરથી માંડીને ચ્હડતાં ચ્હડતાં તેઓ પાર્લામૅન્ટની સભાના મુખ્ય સભાસદ થયા. જેના મત અને વિચાર પૂર્વે તિરસ્કૃત હોઇ પછીથી માનનીય થઈ પડયા હતા પૂર્વે જેના નાસ્તિકમતનો વટાળ કોલસાને પણ ખપતો નહોતો તેના મતનું રહસ્ય પછીથી સર્વ પ્રજાજનોના હૃદયમાં સ્થાન મેળવી શક્યું. પૂર્વે જેને લાતો મારી તેનો જીવ લેવાને પણ તેના વિરોધીઓ તૈયાર હતા, પરંતુ પછીથી જેની પ્રકૃતિ બગડતાં ખ્રિસ્તના ભક્તો પણ પોતાના પવિત્ર પ્રાર્થનામંદિરમાં તેને આરોગ્ય પ્રાપ્ત થવા માટે પ્રાર્થના કરતા હતા. એવા મહાપુરૂષના આ ચરિત્ર ઉપરથી સુધરેલા દેશોએ પણ ધડો લેવા જેવું છે, તોપછી આપણા જેવી અવનત પ્રજા તો તેમાથી જેટલો બોધ ગ્રહણ કરે તેટલો થોડોજ છે. જે અલૌકિક ગુણોને લીધે આ મહાત્માને યશ પ્રાપ્ત થયો તે ગુણો પૈકીનો જો એકાદ ગુણ પણ આપણા જેવાને પ્રાપ્ત થાય તોપણ આપણી થોડી ઘણી ઉન્નતિ થયા સિવાય રહે નહિ. સ્વતંત્રતા, સત્યનિષ્ઠા, પરોપકારવ્રત, દૃઢ નિશ્ચય તથા સતત પ્રયત્ન એ પુરૂષની કીર્ત્તિરૂપી ઇમારતના મુખ્ય સ્તંભ છે. આ પૈકી એક પણ ગુણ હોય છે તો મ્હોટું કાર્ય થઇ શકે છે; તોપછી આ સઘળા ગુણો હોય તો શું ન થઇ શકે? એવો નિયમજ છે કેઃ—

क्रियासिद्धिः सत्वे भवति महतां नोपकरणे ।

અર્થાત્ હરકોઇ કાર્યની સિદ્ધિ તે કરનારમાં રહેલા સત્વવડે થાય છે નહિ કે બાહ્ય સાધનો વડે.

બીજાના મુખ તરફ જોઇ નહિ રહેતા પોતે પોતાના પ્રયત્ન ઉપરજ અવલંબીને રહેવુ. જે પક્ષની સત્યતા સંબંધી ખાત્રી હોય તેનાથી કદાપિ વિમુખ થવુ નહિ. દેશહિતમા તત્પર રહેવું. એક વખત હાથમાં લીધેલા કાર્યને પૂર્ણ કર્યા સિવાય પડતું મૂકવુ નહિ. આ સર્વ પ્રકારનો ઉપદેશ આ ચરિત્રમાથી મળી આવે છે. આવા પુરૂષના ચારિત્રવાચનથી જ્યારે આટલો બધો આનદ થાય છે તોપછી એવા મહાત્માનાં દર્શનથી કેટલો બધો આનંદ ઉપજે ! પરતુ આપણી આ આશા, આપણા આ ચરિત્રનાયકનો પરલોકવાસ થવાથી હવે પણ થઇ શકે તેમ નહિ હોવાથી તેમના સદ્‌ગુણનું અવલોકન અને અનુકરણ બને તેટલુ આપણે કરવુ જોઇએ. એક કવિએ કહ્યું છે કેઃ—

किं मधुना कि विधुना कि सुधया किं वसुधयाऽखिलया ।
यदि हृदयहारिचरितः पुरुषः पुनरेति नयनयोरयनम् ॥

અર્થાત્ જો મનોહર—ઉત્તમ ચરિત્રવાળો પુરૂષ દૃષ્ટિગોચર થાય તોપછી સ્વાદિષ્ટ મધ, ચદ્રમા, અમૃત કે સંપૂર્ણ પૃથ્વીનુ પણ શુ પ્રયોજન છે ? કાંઈ નહિ.

સમાપ્ત.

ચરિત્રમાળાના સૅટ.

દરેક સૅટનું મૂલ્ય રૂ ૨, પાકાં પૂઠાં રૂ. ૩) પો. માફ.

સં. ૧૯૬૮ નાં પુસ્તકો—કુલ પૃષ્ઠ ૧૭૫૦.

૧, ૨ શ્રી બુદ્ધચરિત્ર અને ઉપદેશ. **૩ થી ૮** ભારતનાં સ્ત્રીરત્નો ગ્રંથ ૧ લો. **૯ થી ૧૨** ભારતનાં સ્ત્રીરત્નો ગ્રંથ ૨ જો.

સં. ૧૯૬૯ નાં પુસ્તકો—કુલ પૃષ્ઠ ૧૫૦૦.

૧૩, ૧૪ ભારતના મહાન પુરૂષો ભાગ ૧ લો. **૧૫** ડૉ. આનંદીબાઈ જોશી. **૧૬ થી ૧૯** ભારતના વીર પુરૂષો. **૨૦ થી ૨૨** ભારતના સત પુરૂષો—ભાગ ૧ લો. **૨૩, ૨૪** જગવિખ્યાત પુરૂષો ભાગ ૧ લો.

સં. ૧૯૭૦ નાં પુસ્તકો—કુલ પૃષ્ઠ ૧૫૧૪.

૨૫ થી ૨૮ ભારતનાં સ્ત્રીરત્નો ભાગ ૩ જો. **૨૯ થી ૩૧** બુકર ટી. વૉશિંગ્ટન. **૩૨, ૩૪** ભારતના મહાન પુરૂષો—ભાગ ૨ જો. **૩૫ થી ૩૬** જગવિખ્યાત પુરૂષો—ભાગ ૨ જો.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય.

કાલબાદેવી રોડ—**મુંબઈ**, અને **અમદાવાદ.**

દુઃખનો બોજો ઘટાડવાનું સાધન.

શ્રેષ્ઠ પુરૂષોના જીવન અને તેમાં પણ દૈવી અંશથી સ્ફુરાયલા નરોનાં જીવન વાચવામાં આવતાં આપણા દુઃખનો બોજો આપણે ન જાણીયે તેવી રીતે આપણાપરથી ઓછો થયા વિના રહેતો નથી. એવે વખતે આપણે તે દુઃખમાંથી જાણે ઉંચકાઇને ઉંચે ચ્હડતા હોઇયે તેમ આપણને લાગે છે.

—જીવનચરિત્ર વિષે ચર્ચામાંથી

સમૃદ્ધિનો ભંડાર.

“ પુસ્તકાલયનો ઉપયોગ એ મ્હોટા શહેરો તથા નગરોમાં રહેનારા મનુષ્યો જે મ્હોટા હક્ક ભોગવે છે, તે પૈકીનો એક મુખ્ય હક્ક છે મફત પુસ્તકાલય એ એક જાતનું સામાજિક દેવળ છે; જમાનાઓના મ્હોટામાં મ્હોટા અવાજો સાંભળવાનું મંદિર છે, સર્વ દેશોમાંથી ભેગા કરેલા ડહાપણનો ભંડાર છે, અને જે તેનો યથાયોગ્ય ઉપયોગ કરે છે તેને તે વગર ખર્ચે ઉચ્ચ કેળવણી પૂરી પાડે છે ” જ્યાંસુધી આ સત્ય પીછાનાશે નહિ અને જ્યાંસુધી દરેક શહેર તથા દરેક ગામમાં મફત પુસ્તકાલયો સ્થપાશે નહિ, ત્યાંસુધી આપણે કાંતો જંગલીજ ગણાવા જોઇએ; અને બહુ તો જંગલીપણામાંથી સહજ જ આગળ વધેલા ગણાવા જોઇએ.

‘સ્વરાજ્ય’ ને શાસન